Regd. No. M/d. By South 54
Licence No.: 37

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૩૮ : અંક : ૧૭

# પ્રબુદ્ધ જીવન

મુંબઇ, ૧ જાન્યુઆરી, ૧૯૭૭, શનિવાર
વાર્ષિક લવાજમ રૂા. ૧૦, પરદેશ માટે શિલિંગ : ૩૦

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ ૦-૫૦ પૈસા

તંત્રી : ચીમનલાલ ચકુભાઈ શાહ

## ☆ વિનાશનો પંથ ☆

હજી બીજું વિશ્વયુદ્ધ પૂરું થયું ન હતું અને જર્મનીની છેલ્લી શરણાગતિ થઇ ન હતી, તે પહેલાં જ, 'મિત્ર રાજ્યો' વચ્ચે ઠંડા યુદ્ધની શરૂઆત થઇ ગઇ. રશિયન લશ્કર વેગથી જર્મનીમાં આગળ વધી રહ્યું હતું તેને અટકાવવા ચર્ચીલે, રુઝવેલ્ટને ચેતવણી આપી, પણ રુઝવેલ્ટને સ્ટેલીન તરફ કાંઇક પક્ષપાત હતો - ચર્ચીલ કરતાં સ્ટેલીનના કહેવા ઉપર વધારે ધ્યાન આપતા - એટલે ચર્ચીલની ચેતવણી પ્રત્યે દુર્લક્ષ થયું. પરિણામે ચારે "મિત્ર રાજ્યો" ના દળો બર્લીન પહોંચ્યા. પૂર્વ જર્મની રશિયાના કબજે ગયું અને બર્લિનના ભાગલા થયા. આ રીતે ઠંડુ યુદ્ધ શરૂ થયું તે વધતું ગયું. તે વખતે અણુબોમ્બ અમેરિકા પાસે જ હતો અને અમેરિકા માનતું હતું કે બીજા કોઇ કદાચ અણુબોમ્બ પ્રાપ્ત નહિ કરી શકે. થોડા વર્ષોમાં રશિયાએ અણુબોમ્બ પ્રાપ્ત કર્યો. રશિયાની લશ્કરી તાકાત વધતી ચાલી. ૧૯૪૯માં ચીન સામ્યવાદી થયું. થોડાં વર્ષો રશિયા–ચીન વચ્ચે મૈત્રી રહી. સામ્યવાદનો ભય વધ્યો. અમેરિકાના વિદેશમંત્રી જોન ફોસ્ટર ડલાસ સામ્યવાદના કટ્ટર વિરોધી હતા. સામ્યવાદને આગળ વધતો ખાળવા તેમણે શકય સર્વ પગલાં લીધાં. ચીન સામે વિયેટનામને યુદ્ધક્ષેત્ર બનાવ્યું. યુરોપમાં અમેરિકા અને પશ્ચિમ યુરોપના રાજ્યો સાથે મળી રશિયા સામે 'નેટો' નું જબરજસ્ત લશ્કરીતંત્ર ખડું કર્યું. રશિયાએ પૂર્વ યુરોપના સામ્યવાદી દેશો સાથે મળી વોરસો કરારથી મોટું લશ્કરીતંત્ર ખડું કર્યું. બે મહાસત્તાઓના આ સંઘર્ષથી દૂર રહી, નહેરુએ બિન-જોડાણની વિદેશનીતિ અખત્યાર કરી અને દુનિયાના અણવિકસિત અને વિકસતા દેશોને આ નીતિ અપનાવવાની સલાહ આપી.

'નેટો' અને 'વૉરસો' ની લશ્કરી હરીફાઇ આગળ વધતી રહી, અંતે અમેરિકાને પોતાની વિદેશનીતિ બદલવી પડી. સામ્યવાદી દેશો સાથે સંઘર્ષનો માર્ગ છોડી સમાધાન અથવા સહઅસ્તિત્વની નીતિ સ્વીકારવી પડી. નિકસન - કિસિન્જરની જોડીએ આ નીતિ છ વર્ષથી અમલમાં મૂકી છે. વિયેટનામ છોડવું પડયું. ચીનને રાષ્ટ્રસંઘમાં પ્રવેશ આપ્યો. રશિયા અને ચીન વચ્ચે ફાટ પડી તેનો લાભ લીધો. હવે કાર્ટર પ્રમુખ થયા અને નવા વિદેશમંત્રી આવ્યા છે. 'નેટો' અને વૉરસો' વચ્ચે હરીફાઇ કાંઇ ઓછી થશે?

આ હરીફાઇ ઓછી થવાને બદલે વધશે એવા ચિહનો જણાય છે. વર્તમાનમાં 'નેટો' અને 'વૉરસો' ની લશ્કરી તાકાત કેટલી છે? 'ટાઇમ' મેગેઝિનના તા. ૧૩-૧૨-૭૬ ના અંકમાં છેલ્લા આંકડા આ પ્રમાણે છે :

| | નેટો | વૉરસો |
|---|---|---|
| ભૂમિદળ - સૈન્ય | ૧૧,૭૫,૦૦૦ | ૧૩,૦૫,૦૦૦ |
| રણગાડીઓ - ટેન્ક | ૧૧,૦૦૦ | ૨૬,૫૦૦ |
| આર્ટીલરી | ૬,૨૦૦ | ૬,૩૦૦ |
| હવાઇ - જહાજો | ૨,૯૬૦ | ૫,૩૦૦ |
| અણુશસ્રો (Nuclear Warheads) | ૭,૦૦૦ | ૩,૫૦૦ |

આ ઉપરથી જણાશે કે અણુશસ્રો સિવાય, બીજી બધી બાબતોમાં રશિયાની સરસાઇ છે. અમેરિકાના લશ્કરી વડાઓ – 'પેન્ટેગોન' અમેરિકાને અને યુરોપમાં પશ્ચિમી રાજ્યોને ગંભીર ચેતવણી આપે છે કે 'નેટો' ની લશ્કરી તાકાત વધારવામાં નહિ આવે તો રશિયા અચાનક આક્રમણ કરે ત્યારે તેનો સફળ સામનો કરી શકાશે નહિ. અમેરિકા અને પશ્ચિમી દેશો ભયભીત દશામાં રહે છે. ચિન્તા વધતી જાય છે. Concern is mounting રશિયા આક્રમણ કરશે? To be sure there is nothing in the State of East-West relations that would make a soviet attack likely. But western strategists cannot afford to rule out the possibility of a sudden change in Moscow's policy. અત્યારે ભયનું કારણ નથી પણ ભયનો કોઇ ઉપાય નથી—અણવિશ્વાસમાંથી ભય પેદા થાય છે અને તે પરસ્પર છે. સામાની નબળાઇ દેખે અથવા નબળાઇ માને તો લાભ લેવાનું મન થઇ જાય. ભયના માર્યા ઉતાવળ કરી બેસે. વ્યકિતના વર્તનમાં હોય છે એવું જ પ્રજાના વર્તનમાં-કદાચ તેથી વિશેષ. અત્યારે આવી બાબતમાં પ્રજામતની કાંઇ ગણના નથી. સત્તા પર બેઠેલ બેચાર મુખ્ય વ્યકિતઓ ઉપર માનવજાતનું ભાવિ અવલંબે છે.

રશિયામાં શું બને છે તેની પૂરી માહિતી કોઇને મળતી નથી; તેથી અધૂરી માહિતી ઉપરથી અટકળો બાંધી દોટ મૂકાય છે, તેથી ભય વધે છે.

લશ્કરી વડાઓને લશ્કરી તાકાત વધારવા સિવાય બીજો કોઇ માર્ગ સૂઝે નહિ એ તેમની પ્રકૃતિમાં છે. લશ્કરી શસ્ર–સરંજામ બનાવવામાં પડેલ કંપનીઓ આ વાતને ઉત્તેજન આપે છે. તેમનો સ્વાર્થ છે, તે માટે મોટી લાંચો આપે છે. લોકહીડના ભ્રષ્ટાચારે આ ખુલ્લું પાડયું. શસ્રાસ્ત્રો વધે તેમ ભય ઘટવાને બદલે વધે છે. પૂરા સંરક્ષણ માટે પૂરતી સામગ્રી છે એવી ખાતરી કોઇ દિવસ થાય જ નહિ.

હવે પછીનું યુદ્ધ બહુ જ ટૂંક સમયનું, કદાચ કેટલાક કલાકો પૂરતું જ હશે એમ મનાય છે. બે વિશ્વયુદ્ધો પેઠે ૪-૫ વર્ષ યુદ્ધ ચાલે તો અંતે અમેરિકા અને પશ્ચિમી દેશો ટકી જાય અને 'જીતે'. તેમની પાસે ઔદ્યોગિક અને માનવશકિત, 'વોરસો દેશો કરતાં વધારે છે. સમય મળે તો સારી તૈયારી કરી શકે, પણ હવે ભય છે અચાનક આક્રમણનો, જે કેટલાક કલાકોમાં જ વિનાશ સર્જે. આવા આક્રમણનું પ્રતિઆક્રમણ કરવા ક્ષણેક્ષણ તૈયાર રહેવું પડે અને સંપૂર્ણ તૈયારી જોઇએ. સદાય ભય રહ્યા કરે કે ક્યારેક આક્રમણ આવશે અને આપણે અસાવધ હોઇશું તો? આમાં જરા ય અતિશયોકિત નથી, આવી જ મનોદશા છે. પણ આશ્ચર્યની વાત એ છે કે આ મનોદશા સત્તા ઉપર બેઠેલ વ્યકિતઓની જ છે. તેઓ પરિસ્થિતિ જાણે

છે એટલે ભયભીત છે. સામાન્ય પ્રજા આ બધું જાણતી નથી એટલે આવી વાતોને અતિશયોકિત માને છે, અથવા તેના પ્રત્યે બેકાળજી છે.

એક સંસ્થા છે. Stockholm International Peace Research Institute SIPRI જે વર્ષોથી શસ્ત્રાસ્ત્રોની દોટ અને તેની પાછળ થતાં લખલૂટ ખર્ચોની માહિતી આપે છે. છેલ્લા પ્રકાશનમાં બતાવ્યું છે: How this mad world and its mad scientists have been actively persuing the path to destruction.

નવા નવા વિનાશક શસ્ત્રો શોધાતાં જાય છે. એટલી ઝડપથી નવી વૈજ્ઞાનિક શોધો થાય છે કે છ - બાર મહિના પહેલાં કરોડો ડૉલર ખરચી તૈયાર કરેલાં સાધનો નિરૂપયોગી થાય છે. સીપ્રી કહે છે: Un thinkables in weaponry - અકલ્પ્ય શાસ્ત્રાસ્ત્રો બની રહ્યાં છે. Deathray — મૃત્યુકિરણની શોધ થાય છે. હવેનું યુદ્ધ માત્ર ધરતી ઉપર કે સાગર કે હવામાં જ નહિ પણ અવકાશમાં પણ હશે. ત્યાંથી કિરણો ફેંકાય, શસ્ત્રાસ્ત્રોના વર્ણનો mind - boggling બુદ્ધિ બહેર મારી જાય એવા હોય છે. સીપ્રીના કહેવા પ્રમાણે બીજા વિશ્વયુદ્ધ પછી ૬૩૦૦૦ અબજ રૂપિયા શસ્ત્રાસ્ત્રો પાછળ ખરચાયા છે. ઉત્તરોત્તર વાયુ વેગે વધે છે. એમ લાગે છે કે હવે કોઇના કાબૂની વાત નથી. નિયતિના ધકેલ્યા સૌ ફેંકાય છે.

ભગવાને મનુષ્યને બુદ્ધિ આપી - પોતાનો જ સંહાર કરવા, વિજ્ઞાને માનવજાતનું કલ્યાણ કર્યુ કે વિનાશ કર્યો? વૈજ્ઞાનિકોની નૈતિક જવાબદારી કેટલી જબરી છે? વૈજ્ઞાનિકોનો મોટો ભાગ વિનાશના સાધનો શોધવામાં જ પડયો છે. શા માટે એ બધું છોડી ન દે? પોતાની બુદ્ધિનું ગુમાન છે? ધન-કીર્તિ માટે? રાજકીય સત્તા ભોગવતી વ્યકિતઓ એમ માનતી હોય છે કે પોતાના દેશ કે પ્રજાના રક્ષણ કે કલ્યાણ માટે આ બધું જરૂરનું છે.

વિનાશક શસ્ત્રોની મર્યાદા બાંધવા અથવા નિ:શસ્ત્રીકરણ કરવા ખૂબ વાટાઘાટો અને કેટલાક કરારો પણ થયા છે. Strategic Arms limitaton Treaty ( SaLT ) અથવા Disarmament Conference ચાલ્યા કરે છે. મુત્સદ્દીઓ માને છે કે તેઓ માનવજાતને બચાવવા ભગીરથ પ્રયત્ન કરી રહેલ છે. બધા ય એક મહાન વિષચક્રના ફંદામાં ફસાયા છે.

કરોડો માણસો ભૂખે મરે છે. પશ્ચિમ યુરોપના સમૃદ્ધ કહેવાતા દેશોની આર્થિક સ્થિતિ પણ કથળતી જાય છે અને લશ્કરી ખર્ચ ફરજિયાત ઓછું કરવું પડે તેવી સ્થિતિ છે, તેથી અમેરિકા ઉપર અવલંબન વધે છે. રશિયા કદાચ એમ માનતું હશે કે પશ્ચિમ યુરોપના દેશોમાં આર્થિક અને રાજકીય અસ્થિરતા, તેમ જ કેટલાક દેશોમાં વધતું જતું સામ્યવાદી પક્ષનું જોર - ફ્રાન્સ, ઇટલી, સ્પેન, પોર્ટુગલમાં - રશિયાનું વર્ચસ્વ વધારવામાં સહાયભૂત છે. અમેરિકા કદાચ માનતું હશે કે વોરસો પેકટના રાજ્યોમાં કેટલાક - રુમાનિયા, પોલાન્ડ, હંગરી, ચેકોસ્લાવેકિયા - રશિયાને એટલા વફાદાર નથી અને વખત આવ્યે રશિયાની સામે થશે. પશ્ચિમ યુરોપના દેશોમાં એક શાન્તિવાદી વર્ગ એવો છે કે જે માને છે કે મરવું તેના કરતાં ભલે સામ્યવાદ આવે- Better red than dead. એટલે ભયથી રશિયાની ધાક - ધમકીને પણ શરણે થવું પડે. 'ટાઇમ' મેગેઝિન લખે છે:

Moscow has shown no inclination to forego its increasing numerical superiority...the real danger which the west faces is not so much an invasion by the ( warsaw ) Pacl but political intimidation by the soviets.

આ બધું વાંચીએ છીએ ત્યારે મનને એમ થાય છે કે, વાસ્તવિક છે કે કાલ્પનિક છે? માનવામાં આવતું નથી કે માનવી આટલો બધો વિનાશના પંથે આંખો ઉઘાડીને કેમ ધસી જતો હશે? રશિયા અને અમેરિકા કે બીજા દેશો શું પ્રાપ્ત કરવાની આશાએ આવા વિનાશ તરફ ધસી રહ્યા છે? કયાં સામાન્ય માનવીનું રોજિંદું જીવન અને કયાં આ સંહારલીલા? છતાં આ બનાવો પ્રત્યે સમજણો માણસ બેદરકાર રહી શકે તેમ નથી. પણ બુદ્ધિ બહેર મારી જતી હોવાથી હતાશ થઇ બેસી રહે - જે થશે તે, એવી વૃત્તિ થાય.

સંહારના શસ્ત્રો ખડકયાં છે અને ખડકે જાય છે. તેનો કોઇક દિવસ, જાણેઅજાણે પણ ઉપયોગ થશે જ, કોઇ રોકી શકશે નહિ એમ લાગે છે.

ગાંધીજીએ માર્ગ બતાવ્યો હતો કે સ્વેચ્છાએ, બીજાની રાહ જોયા વિના, નિ:શસ્ત્રીકરણ કરી નાખવું અને ભગવાન ઉપર ભરોસો રાખવો. મરવું જ હોય તો બીજાને મારીને જ શા માટે? એ પણ કદાચ નહિ કરી શકાય. તો પછી બન્ને કદાચ બચી જાય એવો માર્ગ કેમ ન લેવો? કોઇની આવી હિંમત નથી ચાલતી. આપણે પણ 'લશ્કરી તાકાત' અને ખર્ચ વધારતા રહ્યા છીએ.

આવું બધું વાંચીયે છીએ ત્યારે મન વિચારવમળે ચડી જ છે. અજ્ઞાનતા સુખ હશે?

૨૩-૧૨-૭૬ **ચીમનલાલ ચકુભાઈ**

# પ્રકીર્ણ નોંધ

## કોંગ્રેસ અને સામ્યવાદી પક્ષ

સામ્યવાદી પક્ષનો ઈન્દિરા ગાંધીને અને તેમની સરકારને શરૂઆતથી સારો ટેકો રહ્યો છે, અને કટોકટી જાહેર થયા પછી વિશેષ. હમણાં કોંગ્રેસ અને તેના આગેવાનો તરફથી સામ્યવાદી પક્ષ ઉપર પ્રહારોની ઝડી વરસી રહી છે. ઈન્દિરા ગાંધી અને કોંગ્રેસપ્રમુખથી માંડી, પાલમિંટના સભ્યો અને અન્ય આગેવાનો સામ્યવાદી પક્ષના ભ્રામક પ્રચાર સામે પ્રજાને ચેતવણી આપી રહ્યા છે. સામ્યવાદી પક્ષ ઉપર પ્રતિબંધ મૂકવાની માગણી પણ થઈ છે. સામ્યવાદીઓ લોકોને ભરમાવે છે, કામદારોને ઉશ્કેરે છે, કોંગ્રેસની આંતરિક બાબતોમાં દખલગીરી કરે છે, કોંગ્રેસમાં ઘૂસી ફાટફૂટ પડાવે છે, વિગેરે આક્ષેપો થઈ રહ્યા છે. આ અચાનક પરિવર્તનનું કારણ સ્પષ્ટ થતું નથી. એક સમય હતો કે જયારે રજનિ પટેલ, ડાંગે અને શંકરરાવ ચવ્હાણ એક જ પ્લેટફોર્મ ઉપરથી પ્રજાને સંબોધન કરતા. સામ્યવાદીઓ સામે એક આક્ષેપ એ છે કે તેઓ સંજય ગાંધીના પાંચ મુદ્દાના કાર્યક્રમનો વિરોધ કરે છે. સંજય ગાંધી સામ્યવાદી પક્ષની શરૂઆતથી આકરી ટીકા કરતા રહ્યા છે. હવે કોંગ્રેસે તેમાં સાથ પૂર્યો છે. સામ્યવાદી પક્ષના મંત્રીએ ખુલાસો કર્યો કે તેઓ પાંચ મુદ્દાના કાર્યક્રમનો વિરોધ નથી કરતા તેમ જ કોંગ્રેસ સાથે તેમને સંઘર્ષમાં ઉતરવું નથી. છતાં સામ્યવાદી પક્ષ સામેની સંજય ગાંધીની અને કોંગ્રેસની ઝુંબેશ ચાલુ છે. ઓરિસાની વિધાન સભામાં બીજુ પટનાયકે નન્દિની સત્પથીની આકરી ટીકા કરી તેમાં યાદ દેવડાવ્યું કે, પૂર્વે તેઓ સામ્યવાદી પક્ષના સભ્ય હતા. કોઈ સભ્યે (નન્દિનીના સાથીદાર હશે) સવાલ કર્યો કે આ કોનો અવાજ બોલી રહ્યો છે, બીજુ પટનાયકે જવાબ આપ્યો, સંજય ગાંધીનો. પ્રત્યુત્તર મળ્યો, અમેરિકાનો. નંદિની સત્પથી સંજય ગાંધીની યુવક કોંગ્રેસના અને તેમના પાંચ મુદ્દાના કાર્યક્રમના વિરોધી છે એવો પ્રચાર થયો. તેમના પુત્ર તથાગત સત્પથીએ બીજી યુવક સંસ્થા સ્થાપી છે. નન્દિની સત્પથીએ ખુલાસો કર્યો કે તેઓ યુવક કોંગ્રેસ કે પાંચ મુદ્દાના કાર્યક્રમના વિરોધી નથી એટલું જ નહિ

પણ તેને આવકારે છે. પણ તેથી તેમની સામેનો વિરોધ શમ્યો નહિ. બંગાલમાં સિદ્ધાર્થશંકર રેની પણ કાંઈક એવી જ સ્થિતિ થઈ, જો કે તેઓ હાલ તુરત તો બચી ગયા છે. ઈન્દિરા ગાંધીએ હવે કહ્યું છે કે સામ્યવાદીઓ દેશના દુશ્મન નથી, પણ ૧૯૪૨માં હિન્દ છોડોની લડત વખતે તેઓ બ્રિટિશ સરકારની મદદે રહ્યા હતાં તે વાતની વખતોવખત ભારપૂર્વક યાદ દેવરાવાય છે. ગૌહટી કૉંગ્રેસ અધિવેશન સમયે, કૉંગ્રેસ મહાસભા કરતાં પણ યુવક કૉંગ્રેસનું અધિવેશન વધારે શાનદાર થયું. ઈન્દિરા ગાંધીએ કહ્યું, You have stolen—our thunder ઈન્દિરા ગાંધીએ એમ પણ કહ્યું કે સંજય ગાંધીને રાજકારણમાં રસ હતો જ નહિ પણ વિરોધીઓની ટીકાને કારણે તેમને રાજકારણમાં પ્રવેશ કરવો પડયો, અને વિશેષમાં તેમણે કહ્યું કે સંજય ગાંધીની પ્રકૃત્તિ એવી છે કે તેમની વધારે ટીકા થશે તો વધાર જોરથી તેઓ તેનો સામનો કરશે. હકીકતમાં, હાલ પરિસ્થિતિ એવી જણાય છે કે સંજય ગાંધી આજે જેકાંઈ કહે તે આવતી કાલે કૉંગ્રેસ ઉપાડી લે છે. સંજય ગાંધી યુવક કૉંગ્રેસના જ નેતા નથી, દેશના નેતા છે, એમ મહારાષ્ટ્રના મુખ્યમંત્રી શ્રી શંકરરાવ ચવ્હાણે જાહેર કર્યું તે યથાર્થ છે.

સામ્યવાદી પક્ષ માટે કોઈ આંસુ સારે તેમ નથી. તેના પર ગમે તેટલા પ્રહારો થાય પણ રશિયાને ભારત સાથે સારા સંબંધો રાખવા છે ત્યાં સુધી સામ્યવાદી પક્ષ કૉંગ્રેસ સામે સંઘર્ષમાં નહિ ઊતરે. સંજય ગાંધીનો સામ્યવાદી પક્ષ સામેનો વિરાધ જાણીતો છે, પણ સામ્યવાદી પક્ષ એ બધું સહન કરી લેશે.

## વિનોબાજીની કર્મમુકિત

તા. ૨૫–૨૬ ડિસેમ્બરના રોજ પવનારમાં સર્વોદય સંમેલન મળ્યું. આ સંમેલનમાં વિનોબાજી દેશની વર્તમાન પરિસ્થિતિ વિશે કાંઈક કહેશે અને માર્ગદર્શન આપશે એવી અપેક્ષા ઘણાં ભાઈઓ રાખતા હતા અને તેને માટે પ્રયત્નો પણ થયા હતા. વિનોબાજીએ બન્ને દિવસ કાર્યકરોને સંબોધન કર્યું અને સારા પ્રમાણમાં પ્રશ્નોત્તરી થઈ હતી. સંમેલનનો સંપૂર્ણ અહેવાલ હજી મળ્યો નથી પણ વર્તમાનપત્રોમાં સારભાગ આવી ગયો છે.

વિનોબાએ એક લેખિત નિવેદનમાં જાહેર કર્યું કે હવેથી તેઓ કોઈ પણ સંસ્થાને સલાહ આપશે નહિ. રાજકારણને તેમણે સર્વથા વર્જ્ય ગણ્યું છે. આધ્યાત્મિક પ્રશ્નો અને શરીરસ્વાસ્થ્યની શાસ્ત્રિક બાબતો વિષે વ્યકિતગત સલાહ આપશે. પૂરો, કર્મસંન્યાસ અથવા કર્મમુકિત લીધી. આ તેમનો અંગત પ્રશ્ન છે. તેમનું વલણ આ દિશામાં ઘણાં સમયથી કેળવાતું રહ્યું છે. પહેલાં ક્ષેત્રસંન્યાસ લીધો, પછી સૂક્ષ્મમાં પ્રવેશ કર્યો. આધ્યાત્મિક બાબતોમાં તેમનું વ્યકિતગત માર્ગદર્શન જોઈએ તેને મળશે તે સદ્‌ભાગ્ય છે. આ માટે તેઓ પૂરા અધિકારી છે.

દેશની વર્તમાન પરિસ્થિતિ વિષે તેમણે કહ્યું અને ન કહ્યું, માર્ગદર્શન આપ્યું અને ન આપ્યું, જે કાંઈ કહ્યું અને તેમાં જે માર્ગદર્શન સમાયેલું છે તેથી ઘણાં ભાઈઓને નિરાશા થઈ છે.

તેમણે કહ્યું, વર્તમાન રાજકીય સમસ્યાઓ વિશે ચિન્તા કરવી નહિ. સત્ય, પ્રેમ અને કરુણાના સનાતન ગુણો જીવનમાં કેળવવા, કાર્યકરોએ ધીરજ રાખવી. ધીરજથી અંતે સુફળ પ્રાપ્ત થાય છે. સરકાર તો આવે અને જાય, તે વિષે બહુ ચિન્તા કરવાની જરૂર નથી. રચનાત્મક પ્રવૃત્તિઓમાં રોકાયેલા સર્વ કાર્યકરોને રાજકારણથી સંપૂર્ણપણે અલિપ્ત રહેવાની સલાહ આપી.

આનો શું અર્થ કરવો ? વિનોબાજીએ પોતે સંપૂર્ણ કર્મસંન્યાસ લીધો, તો કાંઈ જ કહ્યું ન હોત તે સમજી શકાત. કહ્યું, પણ એવું કહ્યું કે જેના અનેક અર્થ થાય. એક વખત તેમણે "અનુશાસન પર્વ." શબ્દ ઉચ્ચાર્યો. તેનો કેવો ઉપયોગ થયો તે આપણે જાણીએ છીએ. એક વર્ષના મૌનને અંતે ખુલાસો કર્યો ત્યારે સમજાયું કે તેમના મનમાં આચાર્યોના અનુસાશનની વાત હતી, સરકારી અનુશાસનની નહિ. પણ તે દરમ્યાન, ગંગાના બહુ પાણી વહી ગયા આ વખતે જે કહ્યું છે તેનું પણ કંઈક એવું જ પરિણામ આવશે એમ લાગે છે.

સરકારો આવે અને જાય, રાજકીય સમશ્યાઓની ચિન્તા ન કરવી, ધીરજ રાખવી, એટલે શું કાંઈ કરવાની જરૂર નથી? જે છે તે ચાલવા દેવું? જે થાય છે તે બધું પ્રજાના કલ્યાણ માટે છે?

જેને કાંઈ કરવું નથી અથવા કરી શકે તેમ નથી તેમને આ ઉદ્‌બોધન આવકારદાયક થશે. જે ઈચ્છે છે કે કાંઈ ઉહાપોહ થાય નહિ અને જે બને છે તેનો સ્વીકાર થાય તેમને પણ આ ઉદ્‌બોધન આવકારદાયક થશે. ગરીબો કે પીડિતોને સલાહ આપવી કે સંતોષ રાખવો, સંતોષ એ જ મોટો ગુણ છે, એટલે તેમને નિષ્ક્રિય બનાવવા અને તેમને ગરીબ અને પીડિત રાખનારાને નચિન્ત બનાવવા. માકર્સે ધર્મને ગરીબોનું ઘેન કહ્યું હતું તે આવા ધર્મ વિષે હશે ! આવા ધર્મને સત્તાવાળા અને પૈસાવાળા આવકારે અને ટેકો આપે. વિનોબાજીનો આવો કોઈ આશય નહિ હોય, પણ તેમણે જે કાંઈ થોડું કહ્યું તેનું આવું પરિણામ આવે તો આશ્ચર્ય ન થાય.

રાજકારણથી અલિપ્ત રહેવું એટલે શું ? હવેના રાજકારણે સમગ્ર જીવનને ભરડો લીધો છે. તેનાથી સંપૂર્ણ અલિપ્ત રહી શકાય ? તેનાથી સર્વથા અલિપ્ત રહી, પ્રજાકલ્યાણની કોઈ અસરકારક પ્રવૃત્તિ શકય છે? વર્તમાન સત્તાલક્ષી રાજકારણ, સેવાને કેટલો અવકાશ રહેવા દે છે ? હા, થોડુંઘણું થઈ શકે. તે પણ રાજ્યઆશ્રિત કેટલું બધું હોય છે ?

આપણી એક ધાર્મિક પરંપરા એવી છે કે આ અનાદિ અનંત સંસાર ચાલ્યા કરે છે; એમ ને એમ ચાલ્યા કરશે. આત્માનું કલ્યાણ કરવું હોય તો સંસાર છોડી દેવો - સંસાર કાળો કોલસો છે. સાબુથી ધોશું તોય હાથ કાળા થશે, કોલસાની કાળાશ ઘટવાની નથી. સત્ય પ્રેમ, કરુણા કેળવવા, સંસારથી દૂર રહીને.

બીજું ગમે તે હોય, ગાંધીજીનો આ માર્ગ ન હતો.

૩૦ ૧૨ '૭૬. - ચીમનલાલ ચકુભાઈ

# ધ્યાન : પ્રાચીન કલા

ધ્યાન એ આપણા દેશની એવી પ્રાચીન કલા છે જે આરોગ્યની રક્ષા કરે છે તથા ગુમાવેલું આરોગ્ય મેળવવામાં સહાયભૂત બને છે. જીવન જીવવા માટે દરેક મનુષ્યને જે કંઈ શારીરિક તથા માનસિક રીતે કરવું પડે છે તેમાં તેની ઘણી શકિત ખર્ચાઈ જાય છે. જીવનસંઘર્ષમાંથી પેદા થતા થાકને હળવો બનાવવા, ખર્ચાયેલી શકિતની પૂર્તિ કરવા તથા સતત અસ્તવ્યસ્ત રહેતી માનસિક ક્રિયાઓને શાન્ત રાખવા ધ્યાનનો મહાવરો ઘણો જરૂરી છે. બાહ્ય જીવન અને તેના ક્ષુલ્લક વ્યવહારો, ઈચ્છાઓ અને વાસનાઓમાંથી હઠી જઈ મન જ્યારે અંદરની નીરવતાનો પરિચય પામે છે, ત્યારે શકિતનો જે નવો સ્ત્રોત તેને સાંપડે છે તે માણસને વધુ સારી રીતે જીવવા તરફ લઈ જાય છે. ઉત્સાહ, પ્રસન્નતા, સર્જનશકિત, હૈયાસૂઝ સ્થિરતા, નિર્ણયશકિત વગેરે ધ્યાનના બીજા લાભો છે.

ધ્યાન માણસને તેની ઉત્તમોત્તમ અવસ્થા તરફ લઈ જાય છે. શરૂઆતમાં મન એકાગ્રતા તરફ ઢળી શકતું નથી; પરંતુ પછી ધીરે ધીરે સહજ રીતે જ એ અવસ્થા સાથે ગોઠવાઈ જાય છે. ધ્યાનના શારીરિક લાભોનો વિચાર કરીએ તો વિચારોની તાણ - હરેક પ્રકારના માનસિક સંઘર્ષો અને આવેગો - ઘટવાથી લોહીના દબાણમાં સમતોલ સ્થિતિ જળવાઈ રહે છે. આ સિવાય પણ હૃદયરોગો કે બીજા દર્દોમાં કોઈ પણ દવા વગર કેવળ આંતરિક શાન્તિની તાકાતથી રોગનિવારણ શકય બને છે. ધ્યાનથી જે સમતુલા પ્રાપ્ત થાય છે તે શરીરની તમામ કામગીરીને ચોક્કસ અને વ્યવસ્થિત બનાવે છે. ટૂંકમાં એમ કહી શકાય કે ધ્યાન આપણા જીવનની એક શ્રેષ્ઠ તાલીમ છે તથા જીવનમાર્ગમાં ઊભી થતી સમસ્યાઓનો સફળ ઊકેલ લાવવા માટેની અંગત તૈયારી છે.

ધ્યાન કઈ રીતે કરવું એ વિષે સામાન્ય રીતે તો લોકો જાણતા હોય છે, એટલે અહીં તેનો સંક્ષેપમાં ઉલ્લેખ કરવામાં આવે છે. ધ્યાન માટે સવારનો સમય, એકાંત જગ્યા, શરીર તથા મનની આરામદાયક સ્થિતિ વગેરે સાનુકૂળ બની રહે છે. આસન ઉપર પોતાની

બેઠક રાખવા ઉપરાંત ખુરશી પર બેસીને પણ એકાગ્રતાનો અનુભવ થઈ શકે છે. શરૂઆતમાં થોડો સમય તદ્દન શાન્ત રહી ધ્યાનની અવસ્થા માટે પોતાની જાતને તૈયાર કરવી અને ત્યાર બાદ આંખો બંધ કરી ધીરે ધીરે ઊંડા શ્વાસોચ્છ્વાસ સાથે મનપસંદ મંત્ર યા ઈષ્ટદેવનું સ્મરણ ચાલુ કરવું. આ સ્મરણ મોટેથી કરવું કે ચૂપ રહી કરવું એ દરેકની અનુકૂળતા પર નિર્ભર રહે છે. સામાન્ય રીતે વિચારોના દુરાગ્રહી પ્રવાહને રોકવા મોટેથી નામોચ્ચાર કરવાની ટેવ વધુ અસરકારક રહે છે; પરંતુ અંતે તો મૌનદ્વારા ભીતરની શાન્તિ સાથે ઐક્ય સાધવું એ ધ્યાન પાછળનો હેતુ છે. પુષ્પો કે ધૂપની સુગંધ પણ ધ્યાનને સફળ બનાવી શકે છે.

ધ્યાનથી તંગ સ્નાયુઓ યોગ્ય સ્થિતિમાં રહે છે. આ અભ્યાસ વખતે નાકદ્વારા શ્વાસોચ્છ્વાસ ચાલે, મુખ નામોચ્ચાર કરે, કાન શ્રવણ તરફ કેન્દ્રિત બને અને બંધ આંખો અંદર શૂન્ય ભણી મંડાય કે ઈષ્ટદેવ પર સ્થિર રહે, એ સ્થિતિ બાદ બાહ્ય અવયવો તદ્દન શાન્ત અવસ્થામાં રહે અને વ્યકિતનું અંતર-તત્ત્વ સાથેનું સાન્નિધ્ય વધે એમ થવું જરૂરી છે. ધ્યાનનો અંતિમ હેતુ પણ એ જ છે કે વ્યકિત શારીરિક અસ્તિત્વ અને તેમાંથી પેદા થતી દુન્યવી ગડમથલોને ભૂલી આત્મસ્વરૂપ બની રહે.

ધ્યાન વખતે શરૂઆતમાં વિચારોની ડખલગીરી તો રહે જ; પરંતુ એના તરફ ધ્યાન ન આપતાં ઈશ્વર સાથેનું અનુસંધાન મક્કમતાપૂર્વક જારી રાખવાથી વિચારો બંધનકર્તા નથી નીવડતા. આવ-જા કરતાં વિચારો તરફ સાક્ષીભાવની ઉદાસીનતા કેળવવી એ વિચારોને નિર્બળ બનાવવાનો સારો રસ્તો છે.

મથામણ કે ખેંચતાણની લાગણી સાથે વધુ સમય ધ્યાન કરવું હિતાવહ નથી. વળી ધ્યાનથી કોઈ વિશિષ્ટ ઘટના બની આવે એવી અપેક્ષા રાખવી એ પણ ખોટું છે. ધ્યાન વ્યકિતને સ્વસ્થ, સમતોલ, સ્થિર બુદ્ધિવાળો અને શાણો માનવી બનાવે છે. આ માર્ગમાં પ્રગતિ થાય છે તેમ ચિત્તશાન્તિ, મનની તાકાત અને બૌદ્ધિક પ્રતિભામાં વધારો થતા રહે છે. સર્વોચ્ચ અવસ્થા પ્રાપ્ત થાય છે ત્યારે જીવન બધી જ મથામણોમાંથી છૂટી કેવળ આત્મસ્થિત બની રહે છે. આ જ માનવનું સાચું, શકિતસભર અને પરિપૂર્ણ જીવન છે, અહીં જ જીવનનો અખંડ આનંદ છે.

ધ્યાનના જુદા જુદા પ્રકારો છે. ઝેન - બૌદ્ધ માર્ગમાં મંત્રોચ્ચાર કે શ્લોકનું મહત્ત્વ છે. એક સરખા શ્વાસોચ્છ્વાસ સાથે નામોચ્ચારને સાંકળી લઈ ધીરે ધીરે નિર્વિકલ્પ સમાધિમાં પહોંચવાનો એમાં પ્રયાસ છે. વેદાંત પદ્ધતિમાં પુસ્તકો કરતાં ગુરુના માર્ગદર્શનનો ઘણો મહિમા છે. વેદાંત જીવન પ્રત્યે આશાવાદી દષ્ટિકોણ રાખી વ્યકિત તેમ જ સમૂહના જીવનવિકાસનું મહત્ત્વ સ્વીકારે છે. ધ્યાનના વિવિધ માર્ગોમાંથી પોતાને અનુકૂળ રીત વ્યકિતએ પસંદ કરવાની રહે છે. અહીંયા એટલું પણ કહી દઈએ કે ધ્યાન સાથે જીવન-વ્યવહારોમાં સચ્ચાઈની પણ ઘણી જરૂર રહે છે.

આ માર્ગે જનાર વ્યકિતએ અખૂટ શ્રદ્ધા, ધીરજ, આશાવાદી સ્વભાવ, નિયમિતતા વગેરે ગુણો કેળવવા આવશ્યક છે. સાધનાના માર્ગમાં કદી ઉતાવળ થઈ શકતી નથી. ધીમી પરંતુ ચોક્કસ પ્રગતિ થાય એ જ મોટી વાત છે. આખરે અપૂર્ણ માનવી પૂર્ણ બનવાનો પ્રયાસ કરે એમાં સમય તો લાગે જ એ દેખીતી વાત છે. વ્યકિતના પુરુષાર્થ અને શ્રદ્ધા પર પરિણામનો આધાર રહે છે. ધ્યાનનો અભ્યાસ અહંપ્રધાન જીવનમાંથી પૂર્ણચેતના તરફ લઈ જતો હોઈ સૌને માટે ઉપયોગી છે. ખાસ કરીને આજના સંઘર્ષમય જીવનમાં તો એની ખાસ જરૂર છે.

અનુવાદક : શારદાબહેન બાબુભાઈ શાહ,

મૂળ અંગ્રેજી: ડૉ. કે. એન. કામદાર.

## ☆ અમૂલ્ય ઉપહાર ☆

કમળો થયો હોય તેવી ઘેરીપીળી, ખાડામાં ઊતરી ગયેલી આંખોવાળો, મૂળ રંગ ન ઓળખાય તેવાં થીંગડાંવાળાં બહુરંગી વસ્ત્રોવાળો અને ખભા સુધી પહોંચતા રૂપેરી ઓડિયાંવાળો અબ્રાહમ ચારેકોર જોઈ રહ્યો. એને આ ધાંધલ ધમાલ શેની છે તે હજુ ય સમજાતું નહોતું. માર્ગો પર યુવાનો, વૃદ્ધો, બાળકો, તરુણો, વિદ્યાર્થીઓ, વેપારીઓ, કૂથલીખોરો, ફેરિયાઓ, શિષ્યસમુદાય સહિત રસાલા સાથે આવતા ધર્મગુરુઓ - જ્યાં જુઓ ત્યાં માનવ- મહેરામણ જ દેખાતો હતો.

શેરીએ શેરીએ તોરણો લગાડાયાં હતાં, કમાનો ઊભી કરાઈ હતી, હવામાં સુગંધી ધૂપ મહેંકતો હતો. ચારેકોર હર્ષોલ્લાસભર્યું વાતાવરણ હતું. આજે અબ્રાહમની અંગકરામતની કમાલ જોવાની કોઈને ફુરસદ નહોતી. સમવયસ્ક એવા એક વૃદ્ધને ઊભો રાખીને અબ્રાહમે આ બધા કોલાહલનું કારણ પૂછ્યું. કંઈક આશ્ચર્ય અને કંઈક રોષની લાગણીથી થૂંકતો હોય તેમ પેલાએ કંઈક કહ્યું. અબ્રાહમની આંખોમાંથી આંસુ વહેવા માંડયાં.

'સંત સોલોમન' એ બે જ શબ્દો તેના અર્ધબધિર કાન સાંભળી શકયા. તેનું રોમરોમ પુલકિત થઈ ઊઠયું. ત્રણ ત્રણ દિવસના ભૂખ્યા એના અસ્થિપંજરમાં નવી ચેતના જાગી ઊઠી. પરમપિતા ઈશુના લાડકવાયા સોલોમન! પોતે પાંચ વર્ષે માતાપિતાની છાયા ગુમાવી ત્યારે એ યુવાન સંન્યાસીનું નામ સાંભળેલું. કદી દૃષ્ટિતુષ્ટિ નહોતી થઈ. આજે સંત આ માર્ગ પરથી પસાર થશે! એ ધન્ય થઈ જશે!

અચાનક માર્ગો પર બ્યુગલો અને ઢોલ - પડઘમના તાલબદ્ધ ધ્વનિ તેણે સાંભળ્યા. હરખમાં ને હરખમાં ભૂખતરસ ભૂલીને તે ઊભો થઈ ગયો. આગળ બેન્ડ વાગતું હતું. વ્યવહાર અને સમાજનું ભાન, - લાજમર્યાદા ભૂલીને ભાવિકો નાચતાં હતાં, ગાતાં હતાં, પાછળ ચાર ઘોડાની બગીમાં અમૃતઝરતી વાત્સલ્ય ભરી આંખોથી સંત બધાનાં અભિવાદનનો સ્મિતથી, કવચિત્ હાથ ઊંચો કરીને, કવચિત્ ભેટ ધરવામાં આવતાં પુષ્પોને સ્પર્શ કરીને, પાછાં વાળીને પ્રત્યુત્તર વાળતા હતા.

અબ્રાહમની આંખમાં શું હતું તે તો ઈશુ જાણે કે સંત જાણે! સંતને જોઈને અબ્રાહમ આગળ ધસ્યો. સંતે એને માથે હાથ ફેરવ્યો અને મૃદુ કંઠે કહ્યું: 'પછી દેવળમાં મળજે. મળીશ ને?' અબ્રાહમ કંઈ કહે તે પહેલાં તો જનમેદનીએ તેને પાછળ ધકેલી દીધો.

સાંજે ડરતાં ડરતાં તે દેવળમાં ગયો. સંતે તેને દૂરથી એક ખૂણામાં સંકોડાતો જોયો. સભામાં મોટા મોટા અમીર ઉમરાવો, ધર્મગુરુઓ, ચિંતકો, વિદ્વાનો અને ભાવિકો શ્રેષ્ઠ પોશાકમાં સજ્જ થઈને બેઠા હતા. સંતની વાણીનો અર્થ સમજ્યે - વણસમજ્યે ડોકું ધૂણાવતા હતા. આસપાસ દેવળના શ્વેત વસ્ત્રધારી રક્ષકો ઊભા હતા.

પ્રવચન પૂરું કરીને સંત સૌના આશ્ચર્ય વચ્ચે અબ્રાહમ પાસે આવ્યા. સહજ સ્મિત કરીને કહ્યું: 'તેં મને કંઈ જ આપ્યું નહીં. અબ્રાહમ તો શરમનો માર્યો જાણે બેહોશ થઈ ગયો! હોઠ ફફડયા પણ ધ્વનિ ન નીકળ્યો. સંતે કહ્યું: 'સાચા ભાવથી તું જે સમર્પિત કરીશ એનો માતા મેરી સ્વીકાર કરશે.'

* * *

સંતની સૂચનાથી અબ્રાહમ મઠમાં આવ્યો. વિદ્વાન પાદરીઓને તે જાતજાતની સાધના કરતાં જોતો. કોઈ એક પ્રકારે ભકિત કરતું, કોઈ બીજે પ્રકારે. અબ્રાહમનું મન બહુ કોચવાતું. હવે તેને ખાવા-પીવાનો પ્રશ્ન તો રહ્યો નહોતો, પણ શિક્ષિત પાદરીઓની ભકિત જોઈને તે બહુ દુભાતો. તેને થતું, મારી પાસે શું છે જે હું આપું? તે રોજ વિચાર કરતો, કંઈ સૂઝતું નહીં. એક દિવસ રાત્રે તે પોતાના

સડક પરના પૂર્વજીવનને સંભારતો'તો ત્યાં કૈંક સૂઝી આવ્યું.

તે પછી રોજ રાત્રે અબ્રાહમ દેવળમાં જતો. મીણબત્તીના 'પ્રકાશમાં તે મા પાસે ઘૂંટણિયે પડીને પ્રાર્થના કર્યા બાદ પોતાની અંગકરામત પ્રદર્શિત કરતો. છરાબાજી, સળગતા કાકડા, ગૂલાંટ મારવી, બાટલી પર ચાલવું અને એવી બીજી ઘણી રજૂઆત તે કરતો.

દેવળની આસપાસ રાત્રે ફરતા રક્ષકો તેની સામે શંકાભરી દૃષ્ટિથી જોતા. આ માણસ રોજ રાત્રે કેમ દેવળમાં જાય છે? શું કરે છે ત્યાં ? સેતાન સાધે છે? નિયમવિરુદ્ધ કંઈ પાપકર્મ કરે છે? રક્ષકોને સમજાતું નહીં. રોજ રાત્રે અબ્રાહમ દેવળમાં દાખલ થતો અને મીણબત્તીના પ્રકાશથી દેવળ ઝગમગી ઊઠતું. રક્ષકે તેના વડા અધિકારીને કહ્યું, તેણે વડા પાદરીના અંગત સચિવને અને સચિવે વડા પાદરીને.

વડા પાદરીએ ધ્યાનથી આ વાત સાંભળી. પછી તેઓ વિચારમાં પડી ગયા. અબ્રાહમનું ધ્યાન સાધનામાં નથી લાગતું, ચકળવકળ આંખે ચારેબાજુ તાકી રહે છે, રાત્રે ચોરીછૂપીથી દેવળમાં જાય છે, કલાકેક પછી બહાર આવે છે વગેરે વાતો તેમને કાને આવેલી. તેથી થયું– સંત તો સમદરપેટા! શહેરની મુલાકાતે આવ્યા ત્યારે સહજ દયાભાવે આ રખડુને દેવળના પવિત્ર મઠમાં દાખલ કરી દીધો. પણ આ માળો ગઠિયો લાગે છે! નક્કી કૈંક અપવિત્ર કાર્ય કરે છે. સડક પર ઉછરેલા, કૂતરા સાથે એંઠવાડ ખાઈને ગુજારો કરનારનો મૂળ સ્વભાવ કૈં જાય? વિચારતાં વિચારતાં નિર્ણય કરીને પાદરી સૂઈ ગયો.

* * *

ત્યાર પછી થોડા દિવસ ફરી એ જ રીતે વીત્યા. એક દિવસ સાંજે વડા પાદરીએ રાત્રિરક્ષકોના ઉપરીને બોલાવીને પોતાની યોજના કહી. બહુ દિવસે હાથ સાફ કરીશ એમ માનીને હાથ ખંજવાળતો ખંજવાળતો તે બહાર ગયો.

તે રાત્રે પણ અબ્રાહમ દેવળમાં પ્રવેશ્યો. વડા પાદરી અને કદાવર રક્ષકોની ટુકડી હાથવગાં હથિયાર લઈને દેવળનાં દરવાજે આવીને ઊભા રહ્યા. વડા પાદરીના મનમાં હતું કે એ બહાર આવે એટલી જ વાર! સાબિતી – પુરાવા સહિત પકડવાથી રાજા પાસે ઉચિત દંડ અપાવી શકીશ. એ ધીરજથી બહાર ઊભા રહ્યા.

ઘણો વખત વીત્યો. રાત વધુ કાજળઘેરી થતી જતી હતી. હવામાં કાતિલ ઠંડી જામી રહી હતી. માર્ગો, મહાલયો અને શેરીઓ સૂમસામ હતાં. દૂર દૂરથી ક્યાંક કો'ક રડયાખડયા કૂતરાંનો અવાજ સંભળાવા સિવાય સર્વત્ર ભયાનક શાંતિ હતી. વડા પાદરીની ધીરજ હવે ખૂટવા માંડી હતી. સાથીદારોને બહાર ઊભા રહેવાનો સંકેત કરીને તેઓ દેવળમાં દાખલ થયા.

દાખલ તો થયા પણ સંઘેડાઉતાર પ્રતિમાની પેઠે તેઓ ત્યાં ને ત્યાં ખોડાઈ ગયા. જીવનભર પોતે જેના દર્શનની ઝંખના સેવી હતી, રાતોની રાતો જાગ્યા હતા, વ્રતાદિ નિયમોથી ઈન્દ્રિયોનું શમન કર્યું હતું, તે મા મેરી અબ્રાહમને ખોળામાં લઈને પોતાના અમૂલ્ય વસ્ત્રોથી અબ્રાહમના ચહેરા પરથી પસીનો લૂછતાં હતાં. સડક પર લોકોની એંઠ ખાઈને ઊછરેલો આ અબ્રાહમ!

પણ સમજુને શી વાર! વડા પાદરી સમજી ગયા, સંતે શું જોયું હતું અબ્રાહમની આંખમાં! અબ્રાહમની પાસે તેના અંગ-કસરતના સાધનો પડયા હતા. મા તેને મૃદુ સ્વરે કૈંક કહેતાં હતાં. અબ્રાહમના ચહેરા પર, આંખ મીંચાઈ જાય એવી આભા ઝળકતી હતી, આંખો અનરાધાર વરસ્યે જતી હતી. વડા પાદરીને, સંતે અબ્રાહમને કહેલા શબ્દો ફરી યાદ આવ્યા – 'સાચા ભાવથી તું જે સમર્પિત કરીશ તેનો મા મેરી સ્વીકાર કરશે.' પાદરીનું મસ્તક આપો-આપ નમી ગયું.

—અજિત પોપટ

# * વ્યવસ્થા અને સંવાદિતા *

મનુષ્યની અંદર જ્ઞાન, શકિત અને કામ કરવાની ધગશ ગમે તેટલાં હોય; પરંતુ જો તેની અંદર વ્યવસ્થાશકિત તેમ જ સંવાદિતા (સંવાદમય વાતાવરણ) સર્જવાની શકિત ન હોય તો જે કાર્ય થોડા સમયમાં ઘણું પરિણામ લાવી શકે તેને ઘણો વખત લાગે તો પણ સારું પરિણામ બતાવી શકે નહીં.

વ્યવસ્થા એટલે સુંદર રીતે કામ પાર પાડવાની કળા; પછી એ વ્યવસ્થા ઘર પૂરતી સીમિત હોય, કોઈ શૈક્ષણિક કે સામાજિક સંસ્થા માટેની હોય કે જીવનમાં કોઈ પણ ક્ષેત્રે કામ કરતી જુદી જુદી અનેક પ્રકારની સંસ્થાઓ માટે હોય, એને પાર પાડવાનું કૌશલ્ય (Organisational Capacity) સરખી જ શકિત માગી લે છે. જેવું કાર્ય તે પ્રમાણે સમય વધુ–ઓછો હોઈ શકે છે.

વ્યવસ્થાના ધોરણે સૌથી પહેલાં તો મનુષ્યે એ વિચારવાનું છે કે સૌથી પહેલું કાર્ય કયું કરવું જોઈએ અને બીજું કયું હોવું જોઈએ. જો એમ ન થાય તો જેમ ઘોડા આગળ રથ હોય તો રથ ચાલી ન શકે એમ અવસ્થા થાય.

બીજું મનુષ્યની અંદર ઝીણવટભરી દષ્ટિ હોવી જોઈએ અને એની નજરમાંથી ઝીણામાં ઝીણી વસ્તુ પણ પસાર થવી જોઈએ. જેટલી અગત્યતા એ મોટી વાતને કે કાર્યને આપે તેટલી જ અગત્યતા એને નાની વાત કે કાર્ય માટે આપવી પડે અને તો જ જ્યારે કાર્યનું પરિણામ આવે ત્યારે સમગ્ર કાર્ય દીપી ઉઠે.

ત્રીજું એને મન ઘરમાં કે બહાર જે એનું કાર્યક્ષેત્ર હોય તેમાં નાની વ્યકિતથી માંડી (ઉમ્મરમાં અથવા તો પદવીમાં) સવે વ્યકિતઓ તરફ માન તથા સમભાવની દષ્ટિ હોવી જોઈએ તથા દરેકનાં કાર્યની યોગ્ય કદર કરવી જોઈએ જેથી દરેક વ્યકિત તેની સાથે હંમેશાં એક આત્મીયતાનો ભાવ અનુભવે અને જ્યારે જ્યારે જરૂ-રત પડે ત્યારે ત્યારે તેની સાથે કામ કરવા માટે તત્પર રહે.

ચોથું એના વાણી, વિચાર અને વર્તનમાં ઐકય હોવું જોઈએ અને એની દષ્ટિ તદ્દન સ્પષ્ટ જોઈએ, નહીં તો સૂચના અસ્પષ્ટ અપાય અને જો આપેલી સૂચના બરાબર પાર ન પડે તો સૂચનાઓનો અમલ ખોટી રીતે થાય અને વ્યકિત પર દોષ આવે.

આ ઉપરાંત નાની નાની વ્યવસ્થા જેવી કે ઘરમાં કે સંસ્થામાં જે ચીજ બરાબર જે જગ્યાએ મૂકવાની જરૂર હોય ત્યાં જ મૂકેલી હોવી જોઈએ. ચીજો જરૂરિયાત કરતાં વધારે ન હોવી જોઈએ, નહીં તો જ્યારે જરૂર પડે ત્યારે કામની ચીજ જડે જ નહીં. ઘરમાં કે સંસ્થાઓની જગ્યાઓમાં સફાઈ અને ચોખ્ખાઈ પર ખાસ ભાર મુકાવો જ જોઈએ, કારણકે સ્વચ્છતા એક સુંદર વાતાવરણ ઊભું કરવામાં મદદરૂપ છે અને એનાથી મનુષ્યને ખૂબ સુંદર અને સારા વિચારો આવે છે.

આપણે જાણીએ છીએ કે દરેક મનુષ્યની અંદર આ વ્યવસ્થા-શકિત સ્વાભાવિક રીતે હોતી નથી તેથી ઘરમાં કે સંસ્થામાં જે જે વ્યકિતઓમાં આવી વ્યવસ્થાશકિત હોય તેમને શોધી કાઢવા જોઈએ તથા સંચાલનનું કાર્ય તેઓનાં હાથમાં મૂકવું જોઈએ. જેટલા પ્રમા-ણમાં વ્યવસ્થા જળવાશે તેટલા પ્રમાણમાં સંવાદિતા (સંવાદમય વાતા-વરણ) સર્જાશે.

સંવાદિતા સર્જવા માટે મનુષ્યોમાં કેટલાંક ગુણો હોવા જરૂરી છે. જેમકે સૌથી પહેલાં તો એણે એ બરાબર સમજવું જોઈએ કે જેવી રીતે મારા વિચારોમાં સત્યનું પ્રમાણ છે તેવી જ રીતે બીજાનાં વિચારોમાં સત્યનું પ્રમાણ છે. જૈન ધર્મમાં મહાવીર ભગવાને આ વાત અનેકાંતવાદમાં ખૂબ સરસ રીતે સમજાવી છે. સત્ય પૂર્ણ છે અને જે એને જેટલા પ્રમાણમાં જોઈ શકે છે તેટલું કહે છે.

તેથી બન્ને સાચા હોઇ શકે છે. બીજો ગુણ છે મૌન. કદાચ એવું બની શકે છે કે કાર્યક્ષેત્રે બન્નેનાં વિચારોમાં મતભેદ પડે અને વિરોધ ઊભો થાય તો મનુષ્યે મૌન રહેવું જોઇએ. આને કારણે ખોટો મતભેદ અટકશે, વિરોધ શમશે અને મૌનને કારણે સમય જતાં જેની ભૂલ હશે તેને સમજાશે.

ત્રીજો ગુણ છે પ્રાર્થના કરવાની શકિત. જગતમાં બધા જ મનુષ્યો આપણાં વિચારનાં કે સંસ્કારના નથી પણ હોતાં. જેમ આપણામાં ગુણ અવગુણ હોય છે તેમ દરેકમાં હોય છે. જેમ આપણા સ્વભાવમાં નબળાઇઓ હોય છે તેમ બધામાં હોય છે. આવે વખતે પ્રભુને પ્રાર્થના એ ઉત્તમ ઉપાય છે. જે આપણે નથી કરી શકતા તે પ્રભુ સરળતાથી કરી શકે છે અને આપણે એક મોટા સંઘર્ષમાંથી બચી જઇએ છીએ.

ચોથો ગુણ છે શાંતિ. મનુષ્યે બને ત્યાં સુધી પોતાની અંદર એક શાંતિમય વાતાવરણ સર્જવું જોઇએ અને જીવનનો બધો વ્યવહાર એમાંથી કરવો જોઇએ. જે મનુષ્ય હંમેશાં પોતાની અંદર તંગ વાતાવરણ (tensions) માં રહે છે તે વખત જતાં ક્રોધી બની જાય છે અને વિસંવાદિતા તરફ ઢળતો જાય છે. શાંતિમય અવસ્થામાં રહેનાર મનુષ્ય પોતાની આજુબાજુ એક અદ્‌ભુત વાતાવરણ સર્જતો રહે છે. એની પાસે આવનારને પણ અણજાણપણે શાંતિ મળે છે. ઉદ્વેગ શમે છે અને સ્વાભાવિક રીતે જ સંવાદિતા રચાય છે.

સંવાદિતાનો પાયો પ્રેમ, કલ્યાણ અને નમ્રતા છે. ઉપરનાં ગુણો જો આ પાયા પર રચાય તો ઘરમાં, કુટુંબમાં, સમાજમાં, દેશમાં અને પૃથ્વી પર પછી ભલે કાર્યક્ષેત્ર ગમે તે હોય સ્વાભાવિક રીતે જ પ્રભુનું ધામ રચાય છે.

**દામિની જરીવાલા**

## * ત્રણ પત્રો *

[૧]

૨૦-૧૨-'૭૬

**મુરબ્બી શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ**

તા. ૧૬-૧૨-૭૬ના 'પ્રબુદ્ધ જીવન'માં આપનો શ્રી રજનીશ પરનો લેખ વાંચ્યો. તેમાંથી મને ઘણું જાણવા મળ્યું છે. આપે પરોક્ષ રીતે જે મને માર્ગદર્શન આપ્યું છે તે બદલ હું આપનો ઘણો જ ઋણી છું અને આપનો આભાર માનું છું. લગભગ ૨-૩ વર્ષથી શ્રી રજનીશની અમુક જાતની છાપ મારા માનસ પર પડતી જતી હતી હું તેના પ્રવાહમાં ખેંચાઈ રહ્યો હતો. મને સમજાતું નહોતું કે આ સાચું થાય છે કે ખોટું. મને એક સાચા વડીલના માર્ગદર્શનની જરૂર હતી. કદાચ નિયતિએ જ એ માટે આપણો સંયોગ કરાવ્યો હશે. આપના માર્ગદર્શન માટે જેટલો આભાર માનું તેટલો ઓછો છે.

**ચન્દ્રકાન્ત પંડયા**

[૨]

તા૦ ૨૧-૧૨-૧૯૭૬

**માનનીય તંત્રીશ્રી ચીમનભાઈ,**

આપનો લેખ 'વિકૃતિનો નમૂનો' તા. ૧૬-૧૨-૭૬ના 'પ્રબુદ્ધ-જીવન'માં વાંચીને ઘણો અફસોસ થયો. આપ પણ ભગવાન શ્રી રજનીશ પ્રત્યે પૂર્વગ્રહ ધરાવો છો તેથી ઉપનિષદની વાત સાચી પાડો છો, કે અજ્ઞાની તો અંધકારમાં છે પણ જ્ઞાનીઓ મહાઅંધકારમાં ભટકે છે. ભગવાન શ્રી રજનીશને હજી પણ આપ પૂર્વગ્રહ વીના જરૂર સાંભળો અથવા વાંચશો તો શ્રી મુંબઈ જૈન યુવક સંઘના પાક્ષિક મુખપત્રની વધારે સારી સેવા કરી શકશો. આપ લખો છો કે ગાંધીજી પ્રત્યે રજનીશનો દ્વેષ જાણીતો છે. મારા સમજવા પ્રમાણે ભગવાનશ્રી રાગદ્વેષથી પર છે અને આપને તથા બીજા મિત્રોને તેમના ભગવાનશ્રી મહાવીર ઉપરના પુસ્તક ઉપર વાંચીને વિચારશો :

૧. મહાવીર મેરી દૃષ્ટિ મેં

૨. મહાવીરવાણી ભાગ ૧-૨-૩

૩. જીવસૂત્ર ભાગ ૧-૨

અને આ યુગના જે બે મહાપુરુષ છે. શ્રી જે કૃષ્ણમૂર્તિ અને ભગવાન શ્રી રજનીશ (જેમના પ્રત્યે આપના વિચારોથી દુઃખ થયું છે. તો આશા રાખું છું કે આપને યોગ્ય વિવેક ઉપલબ્ધ થાય.)

**સ્વામી આનંદ ભારતીના**

**જય રજનીશ**

[૩]

**વહાલા મુરબ્બી સાહેબ,**

આપનો જવાબ, આચાર્ય રજનીશજીની માન્યતા "અહિંસા" બાબતનો પ્રબુદ્ધ જીવન તા. ૧૬-૧૨-૭૬ નો વાંચીને નીચે બાબતો બાબત તેમના ભાષણો શ્રી ગાંધીજીની ભૂલો બાબતમાં તેમણે ક્રોસ મેદાન મુંબઈમાં આપેલા અને જે મેં બરાબર સાંભળેલ તેનો સારાંશ આમાં લખું છું.

(૧) તેમણે તેમના ભાષણમાં કહેલ કે દક્ષિણ આફ્રિકામાં પૂજ્ય ગાંધીજીએ તેમના ઘરે બીજા જે સુતા અને પેશાબ માટે જે ટબ લાવતાં તે કસ્તુરબાને ઉઠાવવા ગાંધીજી ફરજ પાડતા તે ગાંધીજીની ભૂલ હતી.

(૨) પૂજ્ય ગાંધીજીએ અહિંસક અસહકાર કરી હજારો લાખો મનુષ્યો ઉપર લાઠી, ગોળી ગેસ, પકડાપકડી. વિગેરે કરાવી અને તેથી લાખોના જાન ગયા તે કરતાં જો હથિયારથી લડત કરી સ્વરાજ મેળવતાં વધારેમાં વધારે દસ લાખનો ભોગ થાત, જ્યારે આ અહિંસક લડતમાં લાખો મરાણા, ઘાયલ થયાં, જેલ ગયા, વિગેરે. તે પૂજ્ય ગાંધીજીની મોટી ભૂલ હતી. તે અહિંસક લડાઈ કહી શકાય નહીં, વિગેરે.

(૩) પૂજ્ય ગાંધીજીએ ખાદી ૧૯૧૬ થી શરૂ કરાવી તેના કરતાં દેશી મીલોને ઉત્તેજન આપી દેશી મીલોનો જ આગ્રહ કર્યો હોત તો ચરખાની ખાદી જેમાં કરોડો રૂપિયાની ખોટ લાગી અને સફળ ન થઈ તે પણ તેમની ભૂલ હતી.

આમ નજરોનજર પણ વ્યાખ્યાનોમાં આચાર્ય રજનીશજીના ભાષણમાં જે બીજા કોઈ પણ નેતા આજસુધી બોલ્યા નથી તે તેમની દૃષ્ટિએ પૂજ્ય ગાંધીજીની ભૂલો કાઢી તેથી ત્યારપછી તેમના ભાષણમાં જવું કે સાંભળવા મેં બંધ કર્યા. તથા છાપામાં મુંબઈ સમાચાર કે બીજા છાપામાં તેમના અનુયાયીઓ ભગવાન રજનીશજીના વ્યાખ્યાનો બાબત જે લખે છે તે પણ બરાબર નથી. ભગવાન શબ્દ કોને માટે વાપરી શકાય તે મોટો પ્રશ્ન છે.

વળી ૧૪ વરસ સુધીના છોકરાંને અંગ ઉપર કપડું કાંઈ ન પહેરે તો બાધ નથી તેમ તેઓ ખુલ્લું કહે છે.

આ બધી ચર્ચા કરવી ઠીક નથી. લોકોમાં સાધારણ એવી માન્યતા છે કે તેઓ બધાને "મેસમેરીઝમ" થી ભાષણમાં વશ કરે છે, વિગેરે.

આપે તા. ૧૬-૧૨-૭૬ના પ્રબુદ્ધ જીવનમાં આટલું "અહિંસા" બાબત લખ્યું તેથી જે ભાષણો મેં તથા હજારો માણસોએ તેમના મુખેથી જ સાંભળેલા, પૂજ્ય ગાંધીજી બાબત તે લખું છું. તો આપને યોગ્ય લાગે અને વાંચકોના હીતમાં હોય તો પ્રબુદ્ધ જીવનના પાના ઉપર લખશો. જે તદન સાચું સાંભળ્યું તેજ સારાંશમાં લખેલ છે.

**– પ્રબુદ્ધ જીવનનો વાચક**

# પ્રજા અને પોલીસ

રેડિયોની સ્વિચ ખોલો એટલે આપણા આગેવાનોના શાણપણમાંથી ઝરતા બોધવચનો સાંભળવા મળે છે. રોજ છાપું ઉઘાડો એટલે શું કરવું જોઇએ કે શું થવું જોઇએ તેની શિખામણ વાંચવા મળશે; પરંતુ મોટા ભાગે તો આ બધું કરવાની સત્તા અને તક સરકાર હસ્તક જ હોય છે, તેમ છતાં એ બધું કેમ થતું નથી? કદાચ એવી એક રૂઢિ પડી ગઈ છે કે આગેવાનોના કોઈ પણ ભાષણમાં શિખામણ અને સારાં કામો કરવાની અભિલાષા હોવી જ જોઈએ.

તાજેતરમાં પોલીસ ખાતાની સુધારણા કરવાની આવશ્યકતા વિશે કેટલાક ઉચ્ચ નેતાઓએ ભાર મૂકયો અને સ્વતંત્રતાનાં ૩૦ વર્ષમાં પણ પોલીસ પ્રજાના મિત્ર, મદદનીશ અને સેવક બની શકેલ નથી તેનો ખેદ વ્યકત કરવામાં આવ્યો. પોલીસ ઇન્સ્પેકટર જનરલોની સભામાં રાષ્ટ્રપતિએ, વડા પ્રધાને, ગૃહ પ્રધાને વગેરેએ મિસા જેવા કાયદાનો દુરુપયોગ ન થાય તેની પણ શિખામણ આપી. હમણાં ગૃહપ્રધાન બ્રહ્માનંદ રેડ્ડીએ કહ્યું કે પોલીસ પ્રજાજનો પર જુલમ પણ કરે છે એવા બનાવો વડા પ્રધાનના જાણવામાં આવ્યા છે, તેથી તેમણે ખેદ વ્યકત કર્યો છે અને રાજ્યોના મુખ્ય પ્રધાનોને તેના વિશે લખ્યું છે.

મહત્ત્વનો સવાલ એ છે કે સંરક્ષણ સેના, તેના દેશપ્રેમ, શૌર્ય અને આત્મસમર્પણ વડે આવી લોકપ્રિય બની, પણ પોલીસખાતા ''ત્યે પ્રજાને ભય અને તિરસ્કાર કેમ છે? દેશ પરાધીન હતો ત્યારે .મતી વિજયાલક્ષ્મી પંડિતે સૈન્યના જવાનોને—rice soldiers—ભાડૂતી સૈનિકો—કહ્યા હતા. સૈન્યે બતાવી આપ્યું કે તે ભાડૂતી સૈન્ય નથી. જ્યારે આઝાદ હિંદ ફોજની રચના થઈ ત્યારે અંગ્રેજોને ખાતરી થઈ કે હવે હિંદી સૈન્યના બળે હિન્દુસ્તાન પર રાજ થઈ શકશે નહિ.

સ્વાતંત્ર્ય સંગ્રામને પોલીસના પશુબળ વડે કચડી નાખવા અંગ્રેજોએ પોલીસ ખાતાનો ઉપયોગ કર્યો હતો. પોલીસે જવાહરલાલ નહેરુ અને લાલા લજપતરાય જેવા પ્રથમ પંકિતના નેતાઓને પણ લાઠી વડે માર્યા હતા. મારનાર હાથ ગોરો હોય કે ભૂરો હોય એ તફાવતનું મહત્ત્વ નથી, પણ પોલીસખાતાએ આઝાદીનું આંદોલન કચરી નાખવા માટે ઉત્સાહનો અતિરેક પણ બતાવ્યો હતો. પોલીસ ખાતાની એ પ્રણાલિકાગત માન્યતા હતી કે રાજ્યની સામે માથું ઊંચકનાર ગુનેગાર કે રાજદ્રોહી જ હોય.

પહેલી રાષ્ટ્રીય સરકારમાં સરદાર પટેલ ગૃહપ્રધાન થયા પછી તેઓ પોલીસનું મન ધોઈ નાખવા માગતા હતા. દેશમાં દમન માટે આઇ. સી. એસ. અમલદારો જવાબદાર ગણાતા હતા અને દેશ સ્વતંત્ર થયા પછી તેમણે પોતાની ભીતિ સરદાર પાસે વ્યકત પણ કરી હતી. સરદારે ભૂતકાળ ભૂલી જઇને પોતાનો સંપૂર્ણ ' વાસ તેમનામાં મૂકવા ખુશી બતાવી હતી.

જો સરદાર વધુ જીવ્યા હોત તો તેમણે પોલીસખાતાનું મન પણ ધોઇ નાખ્યું હોત: પરંતુ નવા યુગને અનુકૂળ થવાનું સનદી અધિકારીઓને સૂઝ્યું અને તેઓ આગળ આવ્યા તેમ પોલીસખાતાને કેમ ન સૂઝ્યું? સ્વતંત્રતાનાં ૩૦ વર્ષમાં અને કટોકટીના શાસન દરમિયાન પણ કેમ ન સૂઝ્યું?

રાજ્યશાસ્ત્ર પ્રમાણે રાજ્યનો પાયો બળ છે અને બળ, સૈન્ય તથા પોલીસ વડે વ્યકત થાય છે; પરંતુ આ જરીપુરાણો ખ્યાલ કલ્યાણ રાજ્યમાં સ્વીકારી શકાય નહિ. આપણે કલ્યાણ રાજ્યનું ધ્યેય સ્વીકાર્યું છે. તેમ છતાં રાજ્ય બળ પર મુસ્તાક છે. કલ્યાણ રાજ્યમાં સૈન્ય બાહ્ય શત્રુઓ સામે દેશનું રક્ષણ કરવા માટે જ હોય છે અને પોલીસ આંતરિક વિદ્રોહ, ગુનેગારો તથા કુદરતી આફતો સામે પ્રજાનું રક્ષણ કરવા માટે જ હોય. આગ કે કુદરતી આફત વખતે જેમ બંબાવાળાને અને શારીરિક સંકટ વખતે રેડ-ક્રોસની એમ્બ્યુલન્સને મદદે બોલાવવાનો પહેલો વિચાર આવે છે તેમ કોઈ પણ ભય કે સંકટ કે મુશ્કેલી વખતે પોલીસની મદદ લેવાનો પહેલો વિચાર આવવો જોઈએ; પરંતુ પોલીસ પ્રત્યે આત્મીયતા, શ્રદ્ધા કે વિશ્વાસ બેસે એવું કશું સ્વતંત્રતાના ૩૦ વર્ષમાં પણ પોલીસે હજી કર્યું નથી. આથી ઘણી વખત ફરિયાદ કરવાનું પણ ટાળવામાં આવે છે.

અંગ્રેજીમાં જેને બ્રૂટ ફોર્સ (પશુબળ) કહેવામાં આવે છે તેના પ્રતીક તરીકે પોલીસને જોવામાં આવે તે દેશ માટે કે પોલીસ માટે શોભાસ્પદ નથી; પરંતુ બ્રિટિશ જમાનાથી પોલીસે પોતાની આવી જ આબરૂ જાળવી રાખી છે અને તેમાં સુધારો કરવા માગતું નથી.

એક ખાતાની પ્રણાલિકા દીર્ઘકાળથી રૂઢ થઈ જાય છે તે ભૂંસાતી નથી અને તેમાં કામ કરનારાઓ પણ એ પ્રણાલિકાની બહાર જવા લલચાતા નથી. અંગ્રેજોએ આપણને નીડર, નિષ્પક્ષ અને ન્યાયી ન્યાયાધીશોની પ્રણાલિકા આપી. આજે જ્યારે દેશમાં ભ્રષ્ટાચાર એક નિયમ અને સદાચાર અપવાદ બની જવા લાગેલ છે ત્યારે પણ ન્યાયાધીશો નીડર, નિષ્પક્ષ અને પ્રામાણિક હોય એ પ્રણાલિકા જળવાઈ રહી છે. જો કે તેમાં અપવાદો બને છે, અંગ્રેજોએ પોલીસ ખાતાની જુદી પ્રણાલિકા સ્થાપી. તેમણે તેને પશુબળનું એવું પ્રતીક બનાવ્યું કે ગુનેગારો અને 'ચળવળિયા', બધા તેનાથી ડરે. જેઓ બીજાને ડરાવી શકે છે તેઓ તેમની પાસેથી ગેરલાભ પણ મેળવી શકે છે. જો બીજાને ડરથી નહિ પણ પ્રેમ અને સેવા વડે તેનો વિશ્વાસ જીતી લીધો હોય તો ગેરલાભ મેળવવાનો વિચાર પણ આવે નહિ.

પોલીસખાતામાં લાંચરુશ્વત લેવાય છે, કાળાંધોળાં થાય છે, સત્તાનો દુરુપયોગ થાય છે. કોઈ વાર આવા કિસ્સા અદાલતોની આંખે ચડે છે ત્યારે તેઓ આવાં દુષ્કૃત્યો કરનાર પોલીસની ટીકા કરે છે, ઝાટકણી પણ કાઢે છે; પરંતુ તેની અસર શી? લગભગ કંઈ નહિ. પોલીસે જેના પ્રત્યે ગેરવર્તાવ કર્યો હોય, અન્યાય કર્યો હોય, ખોટી રીતે સંડોવ્યો હોય તેને તેથી ભાગ્યે જ કંઈ આશ્વાસન મળે છે. પોલીસના દુરાચારના અને અત્યાચારના કેટલાક એવા કિસ્સા કોર્ટમાં ઉઘાડા પડે છે કે તે વાંચીને આપણો પુણ્યપ્રકોપ પ્રગટે. તો પછી સરકારોને ત્રણ દાયકામાં કેમ નથી વિચાર આવતો કે પ્રજા પર આવા અત્યાચાર અટકાવવા પોલીસનું માનસપરિવર્તન અને કાયાપલટ કરવાં જોઇએ? રાજ્યોમાં પોલીસના અત્યાચારના બનાવો બને અને તે પ્રત્યે વડા પ્રધાને મુખ્ય પ્રધાનોનું ધ્યાન ખેંચવું પડે તો તેનો અર્થ એ કે પોલીસ ખાતા સાથે રાજ્ય સરકારોને પણ સુધારવાની જરૂર છે.

પોલીસ ખાતું માત્ર જુલમી અને અપ્રામાણિક માણસોથી જ ભરેલું હોય છે, એવો ખ્યાલ તેને અન્યાય કરશે. પોલીસ ખાતામાં કર્તવ્યનિષ્ઠ, પ્રામાણિક અને બહાદુર માણસો પણ હોય છે. જેઓ પોતાની જીંદગી જોખમમાં મૂકીને પણ પ્રામાણિકપણે પોતાનું કર્તવ્ય બજાવે છે. મુંબઇના વધારાના પોલીસ કમિશનર શ્રી કુલકર્ણીએ મને એક દિવસ કહ્યું હતું કે હું રોજ સવારે એવી પ્રાર્થના કરીને કામે ચડું છું કે મારા હાથે કશું ખોટું કામ ન થાય અને મને મારા કર્તવ્યમાં યશ મળે.

પરંતુ આવા સજ્જનો થોડી સંખ્યામાં હોય તેથી આખા ખાતાને સુધારી શકે નહિ, અને જો સરકાર પોતે પોલીસ ખાતાને સુધારવા માગતી ન હોય તો પોલીસ ખાતું કદી સુધરે જ નહિ. અહીં આંખમાં ખટકે એવો એક વિરોધાભાસ છે. પ્રજાના મત વડે ચૂંટાઇને પ્રજાના પ્રતિનિધિઓ જ્યારે સરકારમાં જાય છે ત્યારે તેમને જ પ્રજા પર શાસન કરવા માટે પશુબળ અને ભ્રષ્ટાચાર માટે નામચીન હોય એવા પોલીસ ખાતાની જરૂર પડે છે.

જો માત્ર વાતો અને ભાષણો કરવાને બદલે ખરેખર કલ્યાણ રાજ્ય રચવું હોય તો પોલીસખાતામાં ક્રાન્તિ કરવી જોઇએ, તેમાં એવા માણસોની ભરતી થવી જોઇએ, તેમને એવી તાલીમ આપવી જોઇએ અને એવી પ્રણાલિકા સ્થાપવી જોઇએ કે વડા પ્રધાને અપેક્ષા વ્યકત કરી છે તેમ પોલીસને એમ લાગવું જોઇએ કે તેનું અસ્તિત્વ પ્રજાની સેવા માટે જ છે. અને પ્રજા તેની માલિક છે, પોતે પ્રજાનો સેવક છે. અત્યારે તો પ્રજામાં એવો ખ્યાલ છે કે પોલીસમાં દાદાઓના દોસ્ત, ગુંડાઓના ભાગીદાર અને ગુનેગારોને ઢાંકનારાઓ પણ છે. જો મુંબઇ જેવા જાગૃત શહેરમાં, જ્યાં પોલીસ આવી કુશળ છે ત્યાં પણ તેની આબરૂ ગર્વ લેવા જેવી નથી તો નાનાં નગરોમાં અને ગ્રામ્યપ્રદેશમાં શું હશે? કોઇવાર પ્રકોપ જાગે એવા ગુના કરનારા પણ છૂટી જાય છે અથવા પકડાતા નથી અને અદાલતો પોલીસની આકરી ટીકા કરે છે ત્યારે એ વાંચીને આપણને પોલીસ ખાતાનાં દુષ્કૃત્યો પર પુણ્યપ્રકોપ પ્રગટે છે. પછી આપણે પણ ભૂલી જઇએ છીએ. આપણે શું કરીએ? આપણે ચૂંટેલા પ્રધાનને પણ પૂછી શકતા નથી, એટલે તો વડા પ્રધાને તેમને તેમની ફરજનું ભાન કરાવવું પડે છે.

વિજયગુપ્ત મૌર્ય

# ખગોળદર્શનાગાર—પ્લેનેટેરિયમ

ગાંધીજીને એક વખતે એક માણસે પૂછ્યું હતું કે "મને રાત્રે સૂતાં સૂતાં કેટલીક વાર ખૂબ ખરાબ વિચારો આવે છે તો મારે એ વિચારોથી મુક્ત થવા માટે શું કરવું?" ગાંધીજીએ એકસૂત્રી જવાબ આપ્યો હતો કે રાત્રે સૂતાં સૂતાં આકાશ નિરીક્ષણ કરો.

આકાશમાં વિસ્તરેલી વિરાટની અફાટ લીલાને જોઈને માનવીને પોતાની ક્ષુદ્રતાનું ભાન થયા વિના રહેતું નથી. એ ભાન થાય એટલે બધા અભદ્ર વિચારો મનમાંથી દૂર થાય, માણસની દૃષ્ટિ ભદ્ર પ્રત્યે મંડાતી થાય. 'સર્વે ભદ્રાણિ પશ્યન્તુ' એવો જે પ્રાર્થનામંત્ર છે તે માનવીના જીવનને ભરી રહે એવું વિચારીને જ ગાંધીજીએ પેલા માણસને રાત્રે આકાશદર્શન કરવાની સલાહ આપી હશે.

અને ખરેખર, આકાશનું દર્શન એ ભવ્ય છે, દિવ્ય છે. તમે જિંદગીભર એનું દર્શન કર્યા કરો તો પણ થાકો નહિ એવું એનું સૌંદર્ય છે. અને એથી જ તો આકાશનું દર્શન કરતા ઋગ્વેદના વેન ઋષિના મોંમાંથી ઉદ્‌ગારો સરી પડયા હતા કે 'પશ્ય દેવસ્ય કાવ્યં, ન મમાર ન જીર્યતિ'—જે મરતું નથી અને જે જીર્ણ થતું નથી એવું દેવોનું આ કાવ્ય તું જો.

આજના યંત્ર-યુગમાં જીવતા કોઈ શહેરી માનવીને, વેન ઋષિના જેવો કોઈ, આકાશના આ દિવ્ય કાવ્યને જોવાનું કહે અને એ માનવી, ઉપર આકાશ પર મીટ માંડે તો એને શું દેખાય? કાંઈ ઝાઝું નહિ. કારણકે, શહેરોમાં ઝળાંહળાં થતા વીજળીના દીવા આકાશની આભાને ઝાંખી પાડી દે છે અને એને માત્ર થોડા વધારે પ્રકાશમાન તારા સિવાય બીજું કાંઈ દેખાતું નથી. એ કુદરતની એક અનોખી લીલાના પરિચયથી વંચિત રહી જાય છે.

યંત્રયુગે સર્જેલી આ ખોટ પૂરવા માટે અને સાથોસાથ, આબાલવૃદ્ધ સૌ કોઈને ખગોળની ચમત્કૃતિઓમાં રસ લેતા કરવા માટે, યંત્રવિદોએ પોતે જ એક સાધન શોધ્યું છે અને એ સાધન છે પ્લેનેટેરિયમ. આપણે એને નક્ષત્ર દર્શનાગાર કે ખગોળદર્શનાગાર કહી શકીએ. મુંબઈમાં હમણાં જ એક આવું નક્ષત્રદર્શનાગાર સ્થાપવામાં આવ્યું છે. આપણે એનો અને સાથોસાથ થોડો ખગોળનો પણ પરિચય મેળવીએ.

પંડિત જવાહરલાલ નહેરુનો વિજ્ઞાનપ્રેમ તો જાણીતો છે. આવા વિજ્ઞાનપ્રેમી મહાનુભાવની સ્મૃતિમાં મુંબઈમાં ઊભા થઈ રહેલા વિરાટ નેહરુ કેન્દ્રના એક ભાગ તરીકે, પ્રજાને વિજ્ઞાનમાં રસ લેતી કરે એવું આ ખગોળદર્શનાગાર બાંધવામાં આવે એ સર્વથા સમુચિત છે. આપણા દેશમાં આ ત્રીજું અને સૌથી મોટું ખગોળદર્શનાગાર છે. એશિયાભરમાં પણ એ સૌથી મોટું છે.

જેમણે આપણા દેશના કે વિદેશોમાંના ખગોળદર્શનાગાર જોયાં નથી તેમને એના વિશિષ્ટ ઘાટનો ખ્યાલ આવે એમ નથી એટલે પહેલાં હું એના ઘાટ અંગે થોડું વર્ણન કરીશ. મુંબઈમાં વરલીના રાજમાર્ગ એનીબિસેન્ટ માર્ગ પરથી જેઓ પસાર થયા હશે તેમણે, ત્યાં તાજમહાલના ગુંબજ જેવો અથવા તો બીજાપુરના ગોલગુંબજ જેવો ગુંબજ બંધાયેલો જોયો હશે. આ જ છે મુંબઈના ખગોળદર્શનાગારનો ગુંબજ. આપણા માથા પર આકાશ ગુંબજના આકારે વિસ્તરેલું છે અને એ ગુંબજના અંદરના ભાગમાં જાણે તારાઓ મઢયા હોય એવો દેખાવ કરવા માટે ખગોળનું કૃત્રિમ દર્શન વિજ્ઞાનીઓ આવા ગુંબજમાં જ કરાવે છે.

મુંબઈના ખગોળદર્શનાગારના ગુંબજની ઉંચાઈ ૭૫ ફીટની છે અને એનો વ્યાસ પણ ૭૫ ફીટનો છે. ગુંબજની નીચે, ૫૫૦ પ્રેક્ષકો આરામથી બેસી શકે એવી બેઠકો છે અને એની નીચેના તળ મજલામાં ગ્રન્થાલય વગેરે છે, પણ એની વાત પછી કરીશું, પહેલાં ખગોળદર્શનાગારની વાત કરીએ.

ખગોળદર્શનાગારના કેન્દ્રમાં નીચે, પાંચ ટન વજનનું એક રાક્ષસી પ્રોજેક્ટર ગોઠવવામાં આવ્યું છે. આ પ્રોજેક્ટરમાં બીજા ૧૧૦ નાનાં પ્રોજેક્ટરો છે. પ્રેક્ષકો જોવા માટે તૈયાર થાય તે પછી સૌથી પહેલાં તો તેમને મુંબઈની ક્ષિતિજ રેખા દેખાય છે. એ ક્ષિતિજ રેખા ગુંબજની નીચેના ભાગ પર અંકિત કરેલી છે અને એમાં રાજાબાઈ ટાવર, ભાભા અણુકેન્દ્રો વગેરે દેખાય છે. આ ક્ષિતિજરેખા ધીમે ધીમે ઝાંખી થાય છે અને ખગોળદર્શનાગારમાં અંધકાર છવાવા માંડે છે. તેની સાથોસાથ જ ગુંબજના અર્ધગોળ ફલક પર તારાઓ ટમટમવા માંડે અને મુંબઈમાં રાત્રે દેખાતાં આકાશની સાદ્યન્ત પ્રતિકૃતિ ગુંબજના ફલક પર અંકિત થયેલી દેખાય છે. આપણે જાણીએ છીએ કે આકાશનો ચંદરવો સ્થિર નથી રહેતો. બધા જ તારાઓ, નક્ષત્રો, ગ્રહો વગેરે પૂર્વથી પશ્ચિમ તરફ પ્રવાસ કરતા દેખાય. આ પ્રવાસ પણ ખગોળ દર્શનાગારના ગુંબજ પર આપણને દેખાય છે. દરેક તારો, દરેક નક્ષત્ર, દરેક ગ્રહ એના [illegible] અને એની જ્યોતિ પ્રમાણે જ, ગુંબજના ફલક પર અંકિત થ[illegible] આપણે જોઈ શકીએ છીએ. આ બધી કરામત, પેલા રાક્ષસી પ્રોજેક્ટરમાં ગોઠવેલાં બીજા ૧૧૦ પ્રોજેક્ટરો દ્વારા થાય છે. દરેક અવકાશી પિંડની વિજ્ઞાનીઓએ નક્કી કરેલી ગતિ પ્રમાણે જ આ ગુંબજમાંની એની જુદી જુદી ઝડપે ચાલતી ઈલેક્ટ્રિક મોટરો અને વીજાણુવિદ્યા એ ત્રણના સુભગ સંગમથી, અવકાશના ગોળાની બધી જ રીતે સંપૂર્ણ એવી પ્રતિકૃતિ ખગોળદર્શનાગારના ગુંબજમાં ઊભી કરી શકાય છે.

અને વિજ્ઞાનીઓએ ખૂબી તો એવી કરી છે કે ભૂત, વર્તમાન કે ભવિષ્યના કોઈ પણ દિવસે તારાઓની, નક્ષત્રોની અને ગ્રહોની અવકાશી સ્થિતિ કેવી હતી તે જાણવું હોય તો ખગોળદર્શનાગારના પ્રોજેક્ટરો તેમને જણાવી શકે. દા. ત. ગાંધીજી જન્મ્યા તે દિવસે તારાઓ અને ગ્રહો આકાશમાં કયાં ઊભા હતા તે આ પ્રોજેક્ટરો તમને જણાવી શકે. અરે ભગવાન બુદ્ધ કે શ્રીમદ્ શંકરાચાર્ય જન્મ્યા તે વખતની તેમના જન્મસ્થળ ઉપરના આકાશની સ્થિતિ પણ આ પ્રોજેક્ટરો જણાવી શકે. વચ્ચે થોડા વરસ પર જ્યારે અષ્ટગ્રહ થયો હતો ત્યારે, આઠ ગ્રહો કેવી રીતે આકાશમાં ગોઠવાઈ ગયા હતા તે જો જોવું હોય તો તે પણ આ પ્રોજેક્ટરો બતાવી શકે. આ વાંચીને કોઈ જોષી મહારાજને આ ખગોળદર્શનાગાર વસાવવાની ઈચ્છા થઈ આવે તો નવાઈ નહિ, જો કે એ ઈચ્છા કદી બર આવે એમ નથી, કારણકે આ દર્શનાગાર બાંધવા પાછળ ૧ કરોડ ૬૦ લાખ રૂપિયાનો ખર્ચ થયો છે.

આપણે, ખગોળદર્શનાગારનાં ગુંબજ પર ફેંકાતી આકાશની પ્રતિમાની વાત કરી. હવે બીજી કેટલીક ખગોળીય ચમત્કૃતિઓ જે આ દર્શનાગારમાં સમાવિષ્ટ કરવામાં આવી છે તેની વાત કરીએ.

ઘણાને ખબર તો હશે જ કે કોઈ પણ અવકાશી પિંડના દ્રવ્યસંચય અને એના સપાટી પરના ગુરુત્વાકર્ષણ વચ્ચે સીધો સંબંધ છે. દા. ત. ચન્દ્રનો દ્રવ્યસંચય પૃથ્વી કરતાં ઘણો ઓછો છે એટલે એનું સપાટી પરનું ગુરુત્વાકર્ષણ પૃથ્વી કરતાં છઠ્ઠા ભાગનું છે. પૃથ્વી પર જે નવજાત શિશુનું વજન ત્રણ કિલો હોય તેનું ચન્દ્ર પરનું વજન તો અરધો કિલો જ થાય. એ જ પ્રમાણે ગુરુના ગ્રહનો દ્રવ્યસંચય પૃથ્વી કરતાં ઘણો વધારે છે એટલે એનું સપાટી પરનું ગુરુત્વાકર્ષણ પણ પૃથ્વી કરતાં વધારે છે. પૃથ્વી પર જે માનવીનું વજન ૫૦ કિલો હોય તેનું ગુરુ પર ૧૨૩ કિલો થાય. ગ્રહમાળાના બધા ગ્રહોના ગુરુત્વાકર્ષણ

પ્રમાણે ત્યાં માનવીનું વજન કેટલું થાય તે બતાવવા માટેનો એક ગુરુત્વાકર્ષણ ખંડ પણ આ ખગોળદર્શનાગારમાં છે. દરેક ગ્રહ માટે એક કેબીન બનાવવામાં આવી છે અને એ કેબીનનું વાતાવરણ, એ ગ્રહ પર જે પ્રકારનું વાતાવરણ હોવાનું વિજ્ઞાનીઓએ કલ્પ્યું છે તે પ્રકારનું બનાવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. અલબત્ત, પૃથ્વી સિવાયના કોઈ ગ્રહ પર પ્રાણવાયુ નથી અને હોય તો તે જૂજ પ્રમાણમાં, એટલે એમ સમજવાની જરૂર નથી કે આ જુદા જુદા ગ્રહોની કેબીનોમાં પ્રાણવાયુ નહિ હોય. એ કેબીનોમાં જનાર કોઈ ગૂંગળાઈ નહિ મરે. એને તો ત્યાં માત્ર જે તે ગ્રહના પરિસરનો ભાસ થશે અને એ કેબીનમાં રાખતામાં આવેલાં ત્રાજવાં ઉપર એને એ ગ્રહ ઉપરનું પોતાનું વજન જોવા મળશે.

આ ગુરુત્વાકર્ષણ ખંડ ઉપરાંત, ખગોળદર્શનાગારમાં, સૂર્યની આજુબાજુ થતાં ગ્રહોના ભ્રમણનો ખ્યાલ આપતી એક યંત્રવ્યવસ્થા પણ છે. એનું નામ છે ઓરેરી પ્લાનેટરી સિસ્ટમ મોડેલ. આમાં બધા ગ્રહોનાં પરિભ્રમણ નથી બતાવાયાં. છ ગ્રહનાં જ પરિભ્રમણ બતાવાયાં છે. આ હાલતા ચાલતા મોડેલમાં, ગ્રહો એકબીજાના સંદર્ભમાં અને સૂર્યની આજુબાજુ કેવી રીતે પરિભ્રમણ કરે છે તે સ્પષ્ટ જણાય છે. પૃથ્વીનું એક વરસ એટલે દસ મિનિટ, એ પ્રમાણ અનુસાર આ ગ્રહોના પરિભ્રમણની ગતિ ગોઠવવામાં આવી છે. આપણે જાણીએ છીએ કે શનિના ગ્રહને સૂર્યની આજુબાજુ ફરતાં ૩૦ વર્ષ લાગે છે. ઓરેરી મોડેલમાંના શનિને સૂર્યની આજુબાજુ ફરતાં ૩૦૦ મિનિટ લાગે છે.

આ ઓરેરી મોડેલની સાથે આખી ગ્રહમાળા અંગેનું એક કોષ્ટક પણ ત્યાં મૂકવામાં આવ્યું છે. એમાં પૃથ્વી અને બીજા ગ્રહો વચ્ચેના અંતરો, એનો પરિભ્રમણનો સમય વગેરે વિગતો આપવામાં આવી છે.

અને ખગોલીય ચમત્કૃતિની વાત કાંઈ અહીં જ પૂરી થતી નથી. ચન્દ્ર ઉપરનાં માનવીનાં ઉતરાણ અંગેની એક આલ્હાદક ચમત્કૃતિ પણ ખગોળદર્શનાગારમાં મૂકવામાં આવી છે. ગુંબજની બહાર, ચન્દ્રની સપાટીનો બરાબર ખ્યાલ આપે એવું એક દશ્ય ઊભું કરવામાં આવ્યું છે. ચન્દ્ર પરના કૂંડો અને ખીણો વગેરે એમાં આબેહૂબ રજૂ કરવામાં આવ્યાં છે અને તમે એક બટન દાબો એટલે એ ચન્દ્રની ધરતી પર એપોલોયાન ઉતરે, એ ધરતી પર પૃથ્વીનો ઉદય અને અસ્ત થાય એ બધાં દિલધડકાવનારાં દશ્યો પણ તેમને જોવા મળે. વળી ચન્દ્ર તથા સૂર્યનાં ગ્રહણો રાહુ કે કેતુથી થતાં નથી, પરંતુ સૂર્ય, ચન્દ્ર તથા પૃથ્વી ચોક્કસ રીતે એક લીટીમાં ગોઠવાય એટલે થાય છે એ બતાવતો યંત્ર સંચાલિત મોડેલ પણ તમને આ ખગોળદર્શનાગારમાં જોવા મળશે.

અને માનવીનો ગર્વ ગાળી નાખવા માટે, સમગ્ર બ્રહ્માંડના સંદર્ભમાં, પૃથ્વીનું અને સૂર્યમાળાનું સ્થાન પણ કેટલું ગૌણ-અફાટ કિનારા પરના-રેતીના એક કણ જેટલું છે તે બતાવતું એક ચિત્ર પણ ત્યાં પાસે જ મૂકવામાં આવ્યું છે.

ખગોળદર્શનાગારમાં સૂર્યના દર્શન માટેનો એક ખાસ ટેલિસ્કોપ પણ છે. એમાં સૂર્યનું નિરીક્ષણ કર્યા સિવાય સૂર્ય પરનાં ધાબાં જોઈ શકાય છે અને ટેલિસ્કોપ સાથે જોડેલી ૨૧ ફૂટની અંતર્ગોળ કાચ-પટ્ટી દ્વારા, સૂર્યના પ્રકાશનું એના રંગપટલમાં જે વિભાજન થાય છે તે પણ જોઈ શકાય છે. સૂર્યના રંગપટલમાં ફ્રાઉનહોફર નામના વિજ્ઞાનીએ પહેલવહેલી જે ઊભી લીટીઓ જોઈ હતી તે વિજ્ઞાનની પ્રયોગશાળામાં ન દેખાય એટલી બધી સ્પષ્ટ રીતે દેખાય છે. આવી લીટીઓ સૂર્યમાં ચોક્કસ તત્ત્વોના અસ્તિત્વને કારણે રંગપટલના ચોક્કસ સ્થળે રચાય છે એ ફ્રાઉનહોફરે શોધી કાઢ્યું હતું અને એના ઉપરથી તો હેલિયમ નામનો વાયુ પહેલોવહેલો સૂર્ય પર શોધાયો હતો. પૃથ્વી પર તો એનું અસ્તિત્વ ત્યાર પછી માલમ પડ્યું હતું. હકીકતમાં તો પૃથ્વી પરનાં મૂળતત્ત્વોનું સૂર્ય પર પણ અસ્તિત્વ હોવાની વાત આ ફ્રાઉનહોફરનીલીટીઓ દ્વારા જ સિદ્ધ થાય છે.

ખગોળદર્શનાગારની આખી રચના જ ખૂબ કલ્પનાશીલ છે. તમે એ આગારમાં પ્રવેશો એટલે આપણી સૂર્યમાળા જેની સભ્ય છે તે તારાવિશ્વનો એવો તો તાદશ્ય ચિતાર તમારી આજુબાજુ અંકિત થયેલો જણાય કે તમે જાણે બાહ્યાવકાશમાં જ પ્રવેશ કરી રહ્યા છો એમ તમને લાગે. વળી તમે બીજે દરવાજેથી જ્યારે દર્શનાગારની બહાર નીકળો ત્યારે તમને મંગળની ધરતી પરથી જ પસાર થઈ રહ્યા છો એવો ભાસ થાય, એ પ્રકારનું ચિત્રકામ આજુબાજુ કરવામાં આવ્યું છે.

હવે આ બધી ચમત્કૃતિઓની વાત છોડીને થોડી ભૌતિક વાત કરીએ. જે પાંચ ટનનું પ્રોજેક્ટર ખગોળદર્શનાગારમાં મુકવામાં આવ્યું છે તે ઝવેરભાઈ પટેલ ટ્રસ્ટદ્વારા પૂર્વજર્મનીથી મંગાવવામાં આવ્યું હતું અને એની પાસેથી નહેરુ કેન્દ્રે એ લીધું હતું. આ ટ્રસ્ટના એક ટ્રસ્ટી શ્રી પી. જે. પટેલ એ ખગોળદર્શનાગાર સમિતિના પ્રમુખ છે. આ ઉપરાંત ખગોળદર્શન માટેના કાર્યક્રમનું આયોજન કરનાર સમિતિના પ્રમુખ આપણા વિખ્યાત ખગોળ વિજ્ઞાની ડો. જયન્ત નારલીકર છે. ડો. હોઈલ સાથે મળીને એમણે વિશ્વની ઉત્પત્તિ અંગેનો "સ્ટેડીસ્ટેઈટ યુનિવર્સ"ના નામાભિધાન વાળો સિદ્ધાન્ત રજૂ કર્યો અને એણે દુનિયાભરમાં વિવાદ જગાવ્યો હતો એની ઘણા ખગોળરસિયાઓને ખબર હશે જ. ડો. નારલીકર આમપ્રજામાં અને ખાસ કરીને બાળકોમાં વિજ્ઞાનના પ્રસાર માટે ખૂબ આગ્રહી છે એ તો જાણીતી વાત છે અને એથી જ જાણે ખગોળદર્શનાગારમાં ખગોળના અભ્યાસ માટેનું એક સુંદર પુસ્તકાલય પણ રાખવામાં આવ્યું છે. વળી ખ્યાતનામ વિજ્ઞાનીઓનાં પ્રવચનો પણ ત્યાં યોજવાની વિચારણા થઈ રહી છે. આ ઉપરાંત ટેલિસ્કોપ વગેરે જેવાં ખગોલીય ઉપકરણો બનાવવાની જે કિશોર-કિશોરીઓને ઈચ્છા હોય તેમને માટે એક હોબી વિભાગ પણ ત્યાં રાખવામાં આવ્યો છે.

અને બાળકોને, વિદ્યાર્થીઓને આ દિશામાં અભ્યાસ કરવાની વધારે પ્રેરણા મળે તે માટે જ ખગોળદર્શનાગારમાં દરરોજ સવારે, વિદ્યાર્થીઓને, ખગોળદર્શનના કાર્યક્રમો મફત બતાવવામાં આવશે. લગભગ ૪૫ મિનિટના આ કાર્યક્રમની સમજણ પણ ચાર ભાષાઓમાં અંગ્રેજી, ગુજરાતી, મરાઠી અને હિન્દીમાં આપવામાં આવશે. સાંજના કાર્યક્રમો માટે પુખ્ત વયના માટે રૂા. પાંચ અને નાના માટે રૂા. અઢી એ રીતની ફી લેવામાં આવશે.

આપણા બંધારણમાં, પ્રજામાં વૈજ્ઞાનિક મનોવૃત્તિ કેળવાય એ માટે હમણાં જ ખાસ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. પંડિત નહેરુએ પણ એક સમયે કહ્યું હતું કે: "વૈજ્ઞાનિક મનોવૃત્તિ દ્વારા જ જીવનની સાચી દિશા આપણને સાંપડે છે. સ્વતંત્ર માનવીની આ જ મનોવૃત્તિ હોઈ શકે."

(આકાશવાણીના સૌજન્યથી) —મનુભાઈ મહેતા


શ્રી મંગળજી ઝવેરચંદ મહેતા પ્રેરિત

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ સંચાલિત

**વિદ્યાસત્ર**

મહાકવિ ન્હાનાલાલની શતાબ્દી નિમિત્તે

શ્રી ચન્દ્રવદન ચી. મહેતાના ત્રણ વ્યાખ્યાનો

વિષય: કવિ ન્હાનાલાલનું નાટ્યકલાતત્ત્વ.

સ્થળ: ઈન્ડિયન મરચન્ટસ ચેમ્બર સભાગૃહ - ચર્ચગેટ.

સમય: તા. ૧૦, ૧૧, ૧૨, મી જાન્યુઆરી ૧૯૭૭

રોજ સાંજના છ વાગે.

પ્રમુખ: ડૉ. રમણલાલ ચી. શાહ.

સૌને પધારવા પ્રેમભર્યું નિમંત્રણ છે.

ચીમનલાલ જે. શાહ ✲ કે. પી. શાહ, મંત્રીઓ.

# સંવેદનશીલતા

તા. ૧૫-૧૨-૭૬ના રોજ સંઘના શ્રી પરમાનંદ કાપડિયા સભાગૃહમાં 'અભ્યાસ વર્તુળ'ની સભાનું આયોજન કરવામાં આવ્યું હતું, ત્યારે વ્યાખ્યાતા શ્રી દોલતભાઈ બી. દેસાઈએ "સંવેદનશીલતા" એ વિષય ઉપર વ્યાખ્યાન આપ્યું હતું. તેમના આ વ્યાખ્યાને શ્રોતાઓને પ્રભાવિત કર્યા હતા. તેનો ટૂંક સાર નીચે પ્રમાણે હતો :

શરૂઆતમાં શ્રી નીરૂબહેન શાહે પ્રાર્થના ગાઈ હતી. ત્યાર બાદ શ્રી સુબોધભાઈ એમ. શાહે તેમનો પરિચય આપ્યો હતો અને વ્યાખ્યાનના અંતે આભારદર્શન કર્યું હતું :

વ્યાખ્યાન શરૂ કરતાં શ્રી દોલતભાઈએ કહ્યું કે માણસના બે સ્વરૂપો છે: એક તે જે મૂળ છે તે, અને બીજો તે વિકસે છે તે. આ બન્ને વચ્ચે યુદ્ધ ચાલ્યા કરે છે. માણસ પોતે જ પોતા પર હુમલો કરતો હોય છે. તેનું જે મૂળ સ્વરૂપ છે, તેનો જે વિકાસ થાય છે તેની દોટમાં તે પોતાના મૂળ સ્વરૂપને ભૂલી જાય છે, જે અસલ માણસ છે તે વિસારે પડતો જાય છે, ખોવાતો જાય છે. આજની વિકાસની દોટમાં પણ જો આપણે તે મૂળ માણસને ઓળખી શકીએ એટલી જાગૃતિ રહે તો માણસને અવશ્ય શાંતિ મળે. આજનો માણસ યાંત્રિક થઈ ગયો છે અને એ કારણે તે મનની શાંતિ ખોઈ બેઠો છે. જે દુનિયામાં જે રીતે આપણે વિકસી રહ્યા છીએ તેમાંથી જાગીએ તો સારું. જેને આપણે વિકાસ માની બેઠા છીએ તે સાચા અર્થનો વિકાસ નથી.

આજે માણસ હંમેશાં તનાવમાં-તંગ મનોદશામાં-રહે છે. માણસે સુખી થવું હોય તો એટેનશન અને ટેનશન વચ્ચેનો ભેદ સમજીને ટેનશનને નિવારવા માટે સતત પ્રયત્નશીલ રહેવું જોઈએ.

આજે ખાસ કરીને શહેરીજીવનમાં જ્ઞાનતંતુ પરનું આક્રમણ ચાલી રહ્યું છે અને તે વધતું જ જાય છે.

આજના યુવાનને નાયક કરતાં ખલનાયક વધારે ગમે છે. માણસ પહેલા દાતણ કરતો હતો, એટલે તેમાં તેને પસંદગીનો પ્રશ્ન બહુ નડતો ન હતો. આજે ટૂથપેસ્ટના જમાનામાં કેટલીય જાતના ટૂથપેસ્ટો આવે છે, તેમાં અગ્રસ્થાને કયું? એટલે કયું ટૂથપેસ્ટ ખરીદવું તેનો વિચાર તેનામાં સંઘર્ષ ઊભો કરે છે અને આવો અગ્રતાનો સંઘર્ષ દરેક વસ્તુમાં આજના માનવીને પજવી રહ્યો છે. માણસ જાત પરના આવા આક્રમણથી આજનો માણસ પોતે ખોવાયેલો જ રહે છે.

હવે પછીનું વિશ્વ કેવું હશે એ વિષે એક લેખક લખે છે કે, "વીસ વર્ષ બાદ માણસે ઑક્સિજનનો 'માસ' પહેરીને ફરવું પડશે—મોટા શહેરોમાં એક નાનો આયલેન્ડ હશે, જ્યાં શુદ્ધ હવા મળતી હશે, બાકી બધે પ્રદુષણ ફેલાયેલું હશે."

આજે માણસ મોડયુલર બનતો જાય છે—તમને કદી મોંનો વિષાદ દેખાતો નથી. હાસ્ય-સ્માઈલ જોવા મળતું નથી.

હું પરદેશમાં ગયો હતો, ત્યાં એક કાકા હોટેલમાં મળ્યા. તેમનો દીકરો ડૉક્ટર છે, દીકરી વકીલ છે, મોટું સમૃદ્ધ કુટુંબ. અમોએ થોડી વાતો કરી અને મેં રજા માગી તો તેમણે મને કહ્યું કે ભાઈ એક કલાક આપણે વધારે વાતો કરીએ—જો તમો એક કલાક બેસો તો તમોને હું દસ પાઉન્ડ આપું—આ રીતે માણસની એકલતા વધતી જાય છે.

આ રીતે જ જો માનવજાત આગળ વધશે તો કદાચ ૨૦૨૦માં માણસ પૂછતો હશે કે 'હાસ્ય' કોને કહેવાય? માણસની સ્થિતિ આ રીતે યંત્રમાનવ જેવી બની રહી છે.

આજે એક નવી 'થ્રો-અવે' સોસાયટી ઊભી થઈ રહી છે. "ઉપયોગ કરો અને ફેંકી દો."

આગળ જૂની વસ્તુ કોઈએ આપેલી હોય તો તેના સંભારણા માટે પણ તે સાચવી રાખવાની ટેવ હતી. એ રીતે વસ્તુ કે માણસ સાથેની આત્મીયતા રહેતી. આજે જેમ વસ્તુ વાપરીને ફેંકી દેવામાં આવે છે તેવું જ માણસ માણસ વચ્ચે પણ વલણ રહે છે. માણસને પણ એ જ રીતે ફેંકી દેવામાં આવે છે.

પરદેશમાં હું એક કપલને મળ્યો તે વ્યકિતઓ—નવમો પતિ અને સાતમી પત્ની હતાં. આ રીતે માણસ માણસ વચ્ચેની આત્મીયતા પણ વિલિન થઈ રહી છે. આજે પરદેશમાં જોઈએ છીએ કે છોકરા-છોકરીઓને બાપનું ઘર પણ પોતાનું ઘર લાગતું નથી.

માણસની આવતી કાલનું પ્રતીક છે આજનું ટોળું. માણસને ટોળામાં ઘસડાવું પડે છે, ખેંચાવું પડે છે. આવતી કાલનો માણસ પોતાને જ પ્રશ્ન પૂછતો હશે કે હું જીવતો છું કે નહિ? માણસ માટે સુખી થવાનો રસ્તો એક જ છે કે પોતાનામાં આત્મીયતા-તન્મયતા કેળવે. જ્યારે જે ક્રિયા કરતા હોઈએ તે જ કરવાની ટેવ પાડો.

આજે માણસોને એસીડીટી વિગેરે અનેક પ્રકારના રોગો થ. છે – તેના નિદાનો પણ ખોટાં થતાં હોય છે. જો માણસમાં જમતી વખતે પણ પ્રસન્નતા ન રહેતી હોય તો એસીડીટી જ થાય ને? એ રીતે અનેક રોગોનો જન્મ થતો જ રહે છે.

આજનો માણસ કુદરતથી પણ કેટલો બધો વેગળો થઈ ગયો છે. માણસ સુંદરતાના વખાણ કરીને સંતોષ માને છે, અરે સુંદરતાને તો પીવાની હોય.

આજે આપણે જાણ્યે – અજાણ્યે એક સાથે અનેક ક્રિયાઓ કરતા હોઈએ છીએ એટલે મનની સ્થિરતા આવતી નથી.

આત્મીયતાનો અભાવ—એ સ્વને વિસારે પાડવાનું કારણ છે.

આજે માણસ પોતાની પત્નીનો પણ સાંગોપાંગ સ્વીકાર કરી શકતો નથી. તે કહે છે કે તે આમ તો સારી છે; પરંતુ અમુક દોષ છે – ખોડ છે. વર્ષો સાથે ગાળ્યા છતાં આવી વૃત્તિ? માણસને ક્યારે ય કોઈ પણ વસ્તુની પરિતૃપ્તિ થતી નથી. તેની એષણાનો અંત નથી. માટે જેને સ્વીકારીએ તેને સંપૂર્ણ રીતે સ્વીકારવાની ટેવ પાડીએ.

માણસ જ્યારે કામમાં હોય છે ત્યારે નિવૃત્તિ શોધતો હોય છે અને જ્યારે નિવૃત્તિ મળે છે ત્યારે તેનાથી કંટાળીને કામને શોધ ફરે છે. આખી જિંદગી કામ કર્યા પછી નિવૃત્તિ કેમ ગાળવી તેને લગતી તૈયારી પણ તેણે કરી નથી હોતી અને પછી દુ:ખી થાય છે.

હું માનવીના જીવનને પાંચ આંગળીઓ સાથે સરખાવું છું.

તેમાં **પ્રથમ આંગળી** સ્વની ખોજ માટે છે. **બીજી આંગળી** સાહિત્ય અને સંગીતની સંવેદનશીલતાને લગતી છે. **ત્રીજી આંગળી** વ્યવસ્થાને લગતી છે. **ચોથી આંગળી** કુદરત સાથેના સંપર્ક માટે છે અને **પાંચમી આંગળી** કુટુંબ સાથેના વાત્સલ્યને માટે છે. જો આ પાંચે આંગળીઓની બારી ઉઘાડી રાખો તો સુખ - સંતોષ જીવનમાં માણી શકો.

માણસ મોટો ડૉક્ટર હોય, પ્રોફેસર હોય, વકીલ હોય કે ઉદ્યોગપતિ હોય – એ કારણે તેણે પોતાની જાતને ભારેખમ બનાવીને અહં પોષવો ન જોઈએ. તેણે દરેક વર્ગના માણસો સાથે, અરે બાળકો સાથે પણ ભળીને હસીખુશીથી વાત કરતા રહેવું જોઈએ. દરેકની સાથે ખેલકૂદમાં પણ સહભાગી થતા શીખવું જોઈએ. તો જીવનની હળવાશ માણી શકાય અને હમેશાં પ્રફુલ્લિત રહી શકાય. વિકસતા મનુષ્યની કૃત્રિમ આભાઓથી ઘેરાયા વિના મૂળ માણસને પકડી રાખી શકાય તો જ જીવન સમૃદ્ધ અને સાર્થક બને.

સંકલન : શાન્તિલાલ ટી. શેઠ

માલિક : શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, મુદ્રક અને પ્રકાશક : શ્રી ચીમનલાલ જે. શાહ, પ્રકાશન સ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ ૪૦૦ ૦૦૪. ટે. નં. ૩૫૦૨૯૬. મુદ્રણસ્થાન : ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, કોટ, મુંબઈ ૪૦૦ ૦૦૧.

Regd. No. MA. By South 54
Licence No.: 37

# પ્રબુદ્ધ જીવન

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૩૮ : અંક : ૧૮

મુંબઇ, ૧૬ જાન્યુઆરી, ૧૯૭૭, રવિવાર
વાર્ષિક લવાજમ રૂા. ૧૦, પરદેશ માટે શિલિંગ : ૩૦

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ ૦–૫૦ પૈસા

તંત્રી : ચીમનલાલ ચકુભાઈ શાહ

## લોકશાહી

તાજેતરમાં એક મુલાકાતમાં વડા પ્રધાન ઈન્દિરા ગાંધીને પૂછવામાં આવ્યું કે સાચી લોકશાહી શક્ય છે? જવાબમાં તેમણે કહ્યું કે અમેરિકામાં એક પ્રકારની લોકશાહી છે, બ્રિટનમાં બીજા પ્રકારની, ફ્રાન્સ અને જર્મનીમાં વળી જુદા જુદા પ્રકારની છે–એટલે કોઈ એક જ પ્રકારનું તંત્ર સાચી લોકશાહી છે એમ કહી ન શકાય. પછી એમણે ઉમેર્યું કે ભારતમાં જે કાંઈ બન્યું છે તે બધું બંધારણપૂર્વકનું છે. બંધારણના ઘડવૈયાઓના લક્ષમાં હતું કે આવી (કટોકટીની) પરિસ્થિતિ ઊભી થાય અને તેને માટે બંધારણમાં પ્રબંધ કરવામાં આવ્યો છે. એમની કહેવાની મતલબ એવી જણાય છે કે બંધારણપૂર્વક થાય તે લોકશાહી ગણાય. દરેક દેશને - સામ્યવાદી હોય કે લશ્કરી તંત્ર હોય - કાંઈ ને કાંઈ બંધારણ તો હોય છે અને રાજતંત્ર બંધારણપૂર્વક ચાલે છે, એવો દાવો કરવામાં આવે છે. અલબત્ત, એવા દેશો છે જ્યાં બંધારણ હોવા છતાં, મોટે ભાગે મનસ્વીપણે એક જ વ્યકિતની ઇચ્છા મુજબ બધું ચાલતું હોય છે અને તેનો કોઈ ઉપાય નથી હોતો. વડા પ્રધાને તેમની આ મુલાકાતમાં કહ્યું છે કે વિકસતા ઘણા દેશો એવા છે કે જ્યાં માત્ર એક જ પક્ષનું અથવા એક જ વ્યકિતનું તંત્ર છે. એમના જણાવ્યા મુજબ આવું તંત્ર લોકશાહી ન કહેવાય. આ વાત સાચી છે. લેટિન (દક્ષિણ) અમેરિકા, આફ્રિકા અને એશિયાના ઘણા દેશોમાં લશ્કરી અથવા એક જ વ્યકિતનું તંત્ર છે અને તેને લોકશાહી ન જ કહેવાય. પણ માત્ર બંધારણપૂર્વક તંત્ર ચાલે છે તેથી લોકશાહી છે એમ પણ ન કહેવાય. આપણા દેશના બંધારણમાં હમણાં મોટા ફેરફારો કરવામાં આવ્યા છે. ઘણાનું એવું માનવું છે કે આ ફેરફારોથી બંધારણનું લોકશાહી તત્ત્વ સારા પ્રમાણમાં ઘટશે. તંત્ર બંધારણપૂર્વક ચાલશે પણ જેટલું લોકશાહી તત્ત્વ હતું તેટલું નહિ રહે. વડા પ્રધાને કહ્યું કે રાજતંત્રના પ્રકારનો વિચાર કરીએ તે પહેલાં દેશનું અસ્તિત્વ ટકાવવું જોઈએ, લોકશાહીને નામે દેશને તૂટી જવા ન દેવાય. દેશ તૂટી જવાની અણી પર હતો. કટોકટી જાહેર કરી તેને બચાવી લીધો છે. એ સાચું છે કે દેશનું અસ્તિત્વ ટકાવવું એ પ્રથમ ફરજ છે. તે માટે કડક પગલાં લેવા પડે તે લેવાં જોઈએ. પ્રશ્ન એટલો છે કે, આવી પરિસ્થિતિ કાયમની હોય કે ટૂંક સમય માટે? કેટલાકને એમ લાગે છે કે બંધારણના ફેરફારોથી આ પરિસ્થિતિ કાયમની થઈ છે.

પણ મુખ્ય પ્રશ્ન ઉપર આવીએ કે, સાચી લોકશાહી શું છે અને તે શક્ય છે? લગભગ દરેક દેશના રાજ્યકર્તાઓ એમ કહે છે કે તેમનું તંત્ર લોકશાહી છે. સામ્યવાદી દેશો પણ Democratic Republic કહેવાય. તેમને ત્યાં પણ ચૂંટણીઓ થાય છે. કોઈ છડેચોક એમ નથી કહેતું કે અમે લોકશાહીમાં માનતા નથી અને લોકશાહી શક્ય નથી. Everyone swears by democracy પછી કોઈ Guided democracy કહે, કોઈ. Controlled democracy. લોકશાહી શું એવી ચીજ છે કે દરેક રાજ્યકર્તાને તેનો આશ્રય લેવો પડે છે? આપણે ત્યાં એક પરંપરા છે. કોઈ પણ મહાન આચાર્ય પોતાના જીવનદર્શનનું નિરુપણ કરે ત્યારે એમ કહે કે એ દર્શન ગીતામાં બતાવ્યું છે. શંકરાચાર્ય હોય કે માધવ, રામાનુજ હોય કે વલ્લભ, સૌ કોઈ ગીતાનો આશ્રય લે. ગીતામાં સંન્યાસયોગ મળે ભકિતયોગ, કર્મયોગ, ધ્યાનયોગ, બધું મળે, પણ કોઈ એમ ન કહે કે ગીતાથી ભિન્ન એવું કાંઈ પોતે પ્રતિપાદન કરે છે. વર્તમાન યુગમાં લોકશાહીનું પણ કંઈક આવું જ છે. ગમે તે પ્રકારનું રાજ્યતંત્ર હોય પણ લોકોને મનાવવું જોઈએ કે તે લોકશાહી છે. અબ્રાહમ લિંકને લોકશાહીની વ્યાખ્યા કરી કે it is Government of the people, by the people and for the people. સરકાર આવા પ્રકારની હોય કે નહિ પણ લોકોને એમ લાગવું જોઈએ કે તે એવી છે. અમારી સરકાર છે, અમારા કલ્યાણ માટે છે, અમારો તેમાં અવાજ છે, અમારા પ્રતિનિધિ છે અને તેમની મારફત અમે રાજ કરીએ છીએ એમ લોકોને લાગવું જોઈએ.

તો સાચી લોકશાહી ગમે તે હોય પણ લોકશાહીની એક વ્યાખ્યા એવી કરી શકાય કે to persuade the people to believe that it is their Government and for their good. વ્યંગમાં કહેવું હોય તો એમ પણ કહેવાય કે લોકશાહી એટલે લોકોને ભ્રમમાં નાખવાની કળા, જ્યાં સુધી આવો ભ્રમ ટકે ત્યાં સુધી સત્તા ટકે.

આવું કરવાની શા માટે જરૂર પડે છે? કારણ કે વર્તમાન યુગમાં લોકોના સહકાર વિના કોઈ રાજ્ય લાંબો વખત ટકી ન શકે. દબાણથી કે જુલમથી, કેટલોક સમય - ક્યાંક થોડો તો ક્યાંક વધારે - રાજ્ય કરી શકાય, પણ અંતે લોકો જાગ્રત હોય અને વિરુદ્ધ થઈ જાય તો કોઈ ટકી ન શકે. જાગ્રત લોકમત એટલી પ્રબળ વસ્તુ છે કે લોકશકિત સામે કોઈ દંડશકિત અંતે ટકી ન શકે. હિટલર પણ આ જાણતો હતો એટલે ગોબેલ્સનું પ્રચંડ પ્રચારતંત્ર ગોઠવ્યું અને જર્મન પ્રજાને થોડા સમય માટે ગાંડી કરી. વર્તમાન યુગનું આ એક મહાન પરિવર્તન છે. લોકમત કેળવવાના પ્રચારના સાધનો એટલા બધા વ્યાપક બન્યા છે કે લોકો ઉપર જેને કાબૂ રાખવો છે તેણે પ્રચારના સાધનોનો કાબૂ રાખવો જ પડે અથવા મેળવવો પડે. વર્તમાનપત્રો, રેડીયો, ટેલિવિઝન, સભાઓ, પ્રવચનો, પુસ્તકો, શિક્ષણસંસ્થાઓ, ફિલ્મો, અનેકવિધ સાધનો છે. લોકોના મન ઉપર પ્રચારનો ધોધ વહે અને લોકો તેમાં ડૂબી જાય કે તેમની બુદ્ધિ બહેર મારી જાય એટલી હદે પ્રચાર થઈ શકે. સ્વતંત્ર વિચારશકિત બહુ ઓછા માણસોની હોય છે. ચારે તરફથી એક જ વાત સાંભળે અને બીજી કોઈ વાત સાંભળવા ન મળે તો તેને સાચી માની લે અને તે પ્રમાણે વર્તે.

એક જૂની વાત, બ્રાહ્મણ અને ચાર ચોરની, આપણે જાણીએ છીએ. બ્રાહ્મણ બકરું લઈને જતો હતો. ચાર ચોરને તે પડાવી લેવાનું મન થયું. થોડે થોડે અંતરે ઊભા રહી ગયા. પહેલા માણસે બ્રાહ્મણને કહ્યું અરે બ્રાહ્મણ થઈને ખભે કૂતરું લીધું છે. બ્રાહ્મણે તેને કહ્યું તું જૂઠું કહે છે, બકરું છે. થોડી વારે બીજાએ કહ્યું, ત્રીજાએ અને ચોથાએ કહ્યું. બ્રાહ્મણ વિચારમાં પડયો કે, નક્કી મારી ભૂલ થાય છે. ચાર જણ જૂઠું ન બોલે, બકરું પડતું મૂક્યું, ચોર લઈ ચાલતા થયા.

વડા પ્રધાને તેમની ઉપર જણાવેલ મુલાકાતમાં અમેરિકા સામે ફરિયાદ કરી છે કે અમેરિકા દુનિયામાં સરમુખત્યારોને ટેકો આપે છે અને આપણને લોકશાહીનો ઉપદેશ આપે છે. વાત સાચી છે. અમેરિકાની નીતિમાં આ વિરોધાભાસ છે જ. અમેરિકા અથવા બીજા દેશો કાંઈ કહે તેની આપણે શા માટે પરવા કરવી? કારણકે દુનિયા એટલી સાંકડી થઈ છે અને એટલી બધી પરસ્પર સંબંધિત અને અવલંબિત છે કે પોતાના દેશનો લોકમત કેળવવો પડે એટલું જ નહિ પણ દુનિયાનો લોકમત પણ કેળવવો પડે છે. દરેક દેશ પોતાના આર્થિક અને અન્ય સ્વાર્થ માટે, બીજા દેશોમાં વધતા અથવા ઓછા પ્રમાણમાં પ્રચારકાર્ય કર છે, એટલું જ નહિ પણ રાજ્યતંત્રો ઉથલાવી પાડવાનો પણ પ્રયત્ન કરે છે. વડા પ્રધાન વખતોવખત વિદેશી દખલગીરીની ફરિયાદ કરે છે. મહાસત્તાઓ, રશિયા અને અમેરિકાની જાસૂસી સંસ્થાઓ-CIA અને KGB-રાક્ષસી તંત્રો છે. રાજ્યો ઉથલાવે છે. ચીલીમાં ડૉ. એલેન્ડેનું સમાજવાદી તંત્ર હતું તે ઉથલાવ્યું અને ડૉ. એલન્ડેનું ખૂન થયું. તેને સ્થાને લશ્કરી તંત્ર આવ્યું, જેને અમેરિકાનો ટેકો છે. હવે સી. આઈ. એ. એ પ્રચાર આદર્યો છે. સંખ્યાબંધ પુસ્તકો સી. આઈ. એ. ની આડકતરી સહાયથી પ્રચાર માટે પ્રકટ થાય છે. ડૉ. એલેન્ડના તંત્રની આકરી ટીકા કરતું એક પુસ્તક ઇંગ્લાંડમાં હમણાં પ્રકટ થયું છે. લેખકને ખબર પણ ન હતી કે તેને સી. આઈ. એ. ની સહાય મળે છે. એક કંપની મારફત પુસ્તકનું ખર્ચ અને પુરસ્કાર આપાયા. ચીલીના લશ્કરી તંત્રે તેની દસ હજાર નકલ ૫૫૦૦૦ પાઉન્ડના ખર્ચે - ખરીદી વિના મૂલ્યે વ્હેંચી. ચીલીના લશ્કરી તંત્રે તેની સ્પેનીશ આવૃત્તિ કરાવી દક્ષિણ અમેરિકામાં વહેંચી માન્ચેસ્ટર ગાર્ડીયન લખે છે:

This book and a number of others were commissoned by a company called Forum world features set up in London with CIA subsidiesto dissemenate pro-us propaganda thoughout the world.

દક્ષિણ કોરિયાના પ્રમુખ પાર્કે સી. આઈ. એ. ને પણ પાઠ ભણાવ્યા. ખુદ અમેરિકાના ઉચ્ચ વર્ગોમાં - સેનેટરો અને અધિકારીઓમાં - છૂપી રીતે વ્યાપક ભ્રષ્ટાચાર ફેલાવ્યો. છેવટે ભાંડો ફૂટયો.

સાચી લોકશાહીમાં વ્યક્તિનું ગૌરવ હોય, દેશ કે સમાજને નામે વ્યક્તિનો ભોગ ન અપાય. સ્વતંત્રતા હોય, સમાનતાની ભાવના હોય ત્યાં ન્યાય હોય, માત્ર રાજકીય ક્ષેત્રે નહિ પણ જીવનના બધા ક્ષેત્રોમાં આવું હોય. સાચી લોકશાહી એક જીવનપદ્ધતિ છે. Democracy is a way a life આપણા બંધારણના આમુખમાં આ આદર્શ રજૂ કર્યો છે. આપણે તેનાથી ઘણાં દૂર છીએ.

રાજતંત્રમાં લોકશાહીની વાત કરીએ છીએ ત્યારે પ્રતિનિધિત્વવાળી અથવા સંસદીય - પાર્લામેન્ટરી જ લોકશાહીની વાત છે. આ ઘણી અપૂર્ણ અને ક્ષતિઓથી ભરપૂર છે. ચૂંટણી તેનું મુખ્ય અંગ છે. આવી મર્યાદિત લોકશાહીને પણ સાર્થક કરવી હોય તો ચૂંટણી મુક્ત સ્વચ્છ અને ન્યાયી જોઈએ, તે પણ નથી. સંસદીય લોકશાહીમાં ચૂંટણી ઉપરાંત બીજા અગત્યના અંગો છે. સ્વતંત્ર ન્યાયતંત્ર અને વિચાર અને વાણીની અભિવ્યક્તિની સ્વતંત્રતા. કારોબારી અને અમલદાર શાહીના અન્યાયી અથવા ગેરકાયદેસર વર્તન સામે ન્યાય મેળવવાનો અવકાશ હોવો જોઈએ. સૌથી અગત્યનું અંગ, વિચાર અને વાણીની મુક્ત અભિવ્યક્તિ માટે સ્વતંત્રતા. લોકમત કેળવવા અને લોકશિક્ષણ આપવા પૂરી તક હોવી જોઈએ. અલબત, આમાં મર્યાદા છે. જવાબદારીનું ભાન હોવું જોઈએ. પણ સ્વચ્છંદ રોકવાને નામે કોઈ પ્રકારની સ્વતંત્રતા જ ન રહે તો, તે બીજું ગમે તે હોય, લોકશાહી નથી. સંસદીય લોકશાહીમાં જાગ્રત લોકમત અને લોકશિક્ષણ પાયાની વસ્તુ છે. ડહાપણનો કોઈનો ઈજારો નથી. મુક્ત હવા લોકશાહીનો પ્રાણવાયુ છે. એકહથ્થું પ્રચાર અને પ્રચારના સાધનો હોય ત્યારે સત્યનો પહેલા ભોગ લેવાય છે.

તા. ૮-૧-૭૭ ચીમનલાલ ચકુભાઈ.

# પ્રકીર્ણ નોંધ

## જૈન સાધ્વી પી. એચ ડી. થયા

સ્થાનકવાસી જૈન સાધ્વી તરુલતાબાઈએ મુંબઈ યુનિવર્સિટીની પી. એચ ડી. ની પદવી પ્રાપ્ત કરી છે. જૈન સાધુ-સાધ્વીઓમાં આવી પદવી મેળવનાર આ સાધ્વી પહેલાં જ છે. તેમનાં શોધનિબંધનો વિષય હતો- કબીર, આનંદઘન, બનારસીદાસ અને શ્રીમદ્ રાજચંદ્રનો તુલનાત્મક અભ્યાસ. તરુલતાબાઈ સ્વામીએ ૧૮ વર્ષની ઉંમરે દીક્ષા લીધી. તેમની માતૃભાષા ગુજરાતી. તેમને દીક્ષા લીધે ૧૯ વર્ષ થયાં ત્યારથી પછી હિન્દીનો અભ્યાસ કર્યો અને હિન્દીમાં જબલપુર યુનિવર્સિટીની એમ. એ. ની ડિગ્રી મેળવી. આ શોધનિબંધ પણ તેમણે હિન્દીમાં લખ્યો છે. તેમનાં આ શોધ - નિબંધના માર્ગદર્શક ડૉ. રામયતનસિંહ અને તેમના પરીક્ષક ડૉ. વાર્ષ્ણેય, તરુલતાબાઈના થોડા દિવસ પહેલાં થયેલ સન્માન સમારંભમાં હાજર હતા અને બન્ને પ્રાધ્યાપકોએ આ શોધ - નિબંધની મુક્ત કંઠે પ્રશંસા કરી. તરુલતાબાઈના અભ્યાસની ચાર વ્યકિતઓ, બધા આધ્યાત્મયોગીઓ હતા- ત્રણ જૈન અને એક હિન્દુ - મુસ્લિમ સંસ્કૃતિના સમન્વયના મહાન પુરસ્કર્તા. આ તુલનાત્મક અભ્યાસમાં જૈન દર્શન અને હિન્દુ - મુસ્લિમ ધર્મોનો અભ્યાસ અને તુલના કરવા પડે, ઉપરાંત કાવ્ય અને યોગનો સમાવેશ થાય.

જૈન સાધુ - સાધ્વીને અભ્યાસ કરવો અને તેમાં પણ શોધ (રિસર્ચ) કરવી તે અઘરું છે. સતત પ્રવાસમાં હોય અને જોઈતાં પુસ્તકો બધે ઉપલબ્ધ ન હોય તેમ સાથે પણ ન ફેરવાય. અનેક કારણોથી તરુલતાબાઈનો આ પ્રયત્ન વિશેષ પ્રશંસનીય છે. જૈન સાધુ - સાધ્વીઓને આગમનું જ્ઞાન હોય પણ અન્ય દર્શનનો અભ્યાસ પ્રમાણમાં ઓછો હોય છે. તેમના વ્યાખ્યાનો પણ પરંપરાગત વિષયોમાં સીમિત રહે છે. વર્તમાન જીવનની સમસ્યાઓને સીધી રીતે સ્પર્શે અને તેમાં માર્ગદર્શક બને તેવું ભાગ્યે જ બને છે. તેનું એક કારણ એ પણ છે કે જૈન સાધુ-સાધ્વીઓ વિદ્વાન હોય તે પણ વર્તમાન જીવનની સમસ્યાઓ અને વિચારપ્રવાહોથી અપરિચીત હોય છે. તેમના ઉપદેશ અને આપણા સાંસારિક જીવનની વ્યવહારિક સમસ્યાઓ વચ્ચે વિશાળ અંતર રહે છે. જાણે એ બે જુદાં જગત હોય એવો ભાસ થાય છે. પરિણામે ધર્મ અને વ્યવહારને આપણે એટલા જુદા પાડી દઈએ છીએ કે ધર્મ, જીવનના બધા વ્યવહારમાં દીવાદાંડીરૂપ માર્ગદર્શક ભોમિયો બનવાને બદલે, અપ્રાપ્ય આદર્શ જેવો બની રહે છે. કેટલાક સાધુ - સાધ્વીઓ આધુનિક થવાનો પ્રયત્ન કરે છે, પણ વિશાળ જગત અને તેના પ્રાણપ્રશ્નોની જાણકારીને અભાવે આવો પ્રયત્ન સપાટી પરનો જ રહે છે. સમસ્ત શ્રમણ સંસ્થાની રચના, તેમની આચારપરંપરાઓ અને સમાચારી, તેમનો અભ્યાસ, દીક્ષા પહેલાં અને દીક્ષા પછી, આ બધા પ્રશ્નો

ઊંડી વિચારણા માગે છે. વર્તમાનમાં સાધુ - સાધ્વી પ્રત્યે સમાજનો આદર છે તે તેમના જ્ઞાન કરતાં ત્યાગ અને તપશ્ચર્યાને કારણે વધારે છે.

### પરિસ્થિતિ હળવી થશે?

કટોકટી જાહેર થયા પછી દેશમાં તંગ વાતાવરણ થયું તે, ૧૮ મહિનાના ગાળા પછી કાંઇ હળવું થવાના ચિહ્નો છે? સરકારી પ્રવકતાઓ કહે છે કે ધરપકડો થઇ હતી તેમાંથી મોટા ભાગના અટકાયતીઓને મુકત કર્યા છે, સેન્સરશિપ હળવી કરી છે, વિરોધ પક્ષો સાથે કાંઇક સમાધાનની ભૂમિકા રચાતી હોય તેવા નિવેદનો થાય છે. વિરોધ પક્ષોના આગેવાનોએ પણ તેને માટે તત્પરતા બતાવી છે. વડા પ્રધાન અને અશોક મહેતા વચ્ચે થોડો પત્રવ્યવહાર થયો છે. કૉંગ્રેસના આગેવાનો તરફથી સમાધાન માટે જે શરતો મૂકવામાં આવે છે તેમાં કેટલીક વખત માનહાનિ જેવું લાગે છે. અશોક મહેતાએ કહ્યું છે કે કોઇ પણ જાતની શરતો વિના વાટાઘાટ (ડાયેલોગ) થાય તે યોગ્ય થશે. બન્ને પક્ષે અતિરેક અને ભૂલો થઇ છે. તેના વિવાદમાં ઉતર્યા વિના, ભવિષ્યનો જ વિચાર કરવામાં આવે તો અંતર ઓછું થવું મુશ્કેલ નથી. એક વાત સ્પ છે. આ ૧૮ મહિનાના ગાળામાં દેશમાં પાયાનું પરિવર્તન થયું છે. અને કૉંગ્રેસની અને સરકારની નીતિ સમૂળી બદલાઇ ગંઇ છે. એ નીતિમાં બુનિયાદી ફેરફાર થવાનો અત્યારે સંભવ નથી. આ નીતિના માળખામાં રહીને જ કાંઇ સમાધાન થાય. આ પાયાની નીતિ જેને માન્ય ન હોય તેમને માટે સમાધાનનો બહુ અવકાશ નથી. એવાઓએ, વિનોબાજી કહે છે તેમ સરકાર અને રાજકારણને ભૂલી જઇ, લોકસેવા અને રચનાત્મક કાર્યમાં પડી જવું. જે કાંઇ થાય તેટલું. જેમને આ નવી નીતિ અને દિશા બદલાવવાં છે તેમણે જુદો જ વિચાર કરવો પડશે. ઘણી ધીરજ રાખવી પડશે. આવેશમાં, સંઘર્ષનું વાતાવરણ રાખવાથી તાત્કાલિક કાંઇ લાભ થવા સંભવ નથી. વડા પ્રધાન અને બંસીલાલે કહ્યું છે કે કટોકટી ઉઠાવી લેવા માટે હજી સમય પાકયો નથી. ચૂંટણી પણ નજીકમાં થાય તેમ જણાતું નથી. બંધારણના ફેરફારો કાયમી થયા દે. તેના પરિણામે જે બીજા ફેરફારો થશે તે થવાના છે. પરિસ્થિતિ હળવી કરવી હોય તો સરકાર ઓછામાં ઓછું એટલું કરી શકે કે રાજકારણીય હેતુથી જેમની ધરપકડ થઇ છે તે સૌને મુકત કરે, રાજકારણીય હેતુથી હવે પછી મિસાનો ઉપયોગ ન થાય, સેન્સરશિપ ઉઠાવી લેવાય, અંતે કટોકટી ઉઠાવી લેવાય—આ થાય તો પણ સરકારને વિશાળ સત્તાઓ રહેશે જ. વાંધાજનક બાબતો માટેનો પ્રેસ એકટ કાયમ રહે છે. રાષ્ટ્રવિરોધી પ્રવૃત્તિ અને રાષ્ટ્રવિરોધી સંગઠન (Anti-National Activity and Anti-National Assoeiation) ને ડામવા સરકારને સત્તા રહે છે. બંધારણના ફેરફારોથી કારોબારીને વિશાળ સત્તાઓ મળી છે અને ન્યાયતંત્રની સત્તા મર્યાદિત થઇ છે તે કાયમ રહે છે. હિંસક પ્રવૃત્તિને કોઇ અવકાશ નથી. તો, રાજકીય તંગદીલી હળવી કરવા ઉપર જણાવેલ પગલાં સરકાર તરફથી લેવાય તેમાં દેશની સ્થિરતા, એકતા કે સલામતીને કોઇ મોટો ભય રહે તેમ લાગતું નથી. આવી રીતે પરિસ્થિતિ હળવી બનાવવી તેમાં સરકારનો બોજો પણ ઓછો થાય છે અને આર્થિક પ્રશ્નો - જે મુખ્ય છે—તેને હલ કરવામાં સુગમતા રહેશે.

### વિનોબાજીની કર્મમુકિત

આ વિષે મેં ગયા અંકમાં લખ્યું હતું તે અખબારી અહેવાલ ઉપરથી લખ્યું હતું, તેમાં જણાવ્યું દે કે પ્રશ્નોત્તારી ઘણી થઇ હતી પણ તેનો અહેવાલ મળ્યો નથી. હવે પૂરો અહેવાલ મળ્યો છે. ભૂમિપુત્રવાળા ભાઇ કાન્તિ શાહે 'વિનોબાજીનાં સાનિધ્યમાં' પુસ્તિકા બહાર પાડી છે તેમાં પૂરો અહેવાલ આપ્યો છે. મેં જે લખ્યું દે તે બરાબર છે. પણ અધૂરું છે. વિનોબાજીએ કહ્યું કે રાજકારણને ભૂલી જાવ. આજની પરિસ્થિતિ નિરંતર રહેવાની છે નહિ. ધીરજ રાખો. આજની પરિસ્થિતિની કડાકૂટમાં ઝાઝુ ન પડવું. સમસ્યાઓ સદાય રહેવાની આજની પરિસ્થિતિનો મુકાબલો પોતાના ચિત્તમાં લગીરે નથી. અનેક રાજા - મહારાજા આવ્યા ને ગયા. સંતો અને પયગમ્બરો અમર રહ્યા છે. માટે રાજકારણની પંચાત છોડીને રચનાત્મક કાર્યમાં લાગી જાવ. રાજકારણમાં ફસાઈશું તો મહામૂરખ સાબિત થઈશું.

આજની પરિસ્થિતિના સંદર્ભમાં પ્રશ્નોત્તારીમાં બાબાને ભારપૂર્વક પૂછવામાં આવ્યું હતું અને માર્ગદર્શન માગ્યું હતું. થોડો વખત વિનોદમાં વાત ટાળવા પ્રયત્ન કર્યો પણ પછી કહેવું પડયું— આજે જે બની રહ્યું છે. - અટકાયતો, સેન્સરશિપ વિગેરે - તે સારું નથી અને તે વાતનો પ્રચાર કરવાનો સૌને અધિકાર છે. જે સાચું લાગે તે નિર્ભયતાપૂર્વક કહેવું. કોઈની નિન્દા ન કરવી. વ્યાપાક પ્રચારકાર્યમાં પોતાનો સ્પષ્ટ અભિપ્રાય લોકો સમક્ષ મૂકવો. આ પણ એક સત્યાગ્રહ છે. તેનું પરિણામ સારું આવશે પણ જે પરિણામ આવે તેને માટે તૈયાર રહેવું. રચનાત્મક કાર્ય કરો અને લાકોને સાચી પરિસ્થિતિ સમજાવવા પ્રચાર પણ કરો. બીજી ઘણી વાતો, આજની પરિસ્થિતિ સંબંધે તેમની સાથે થઇ અને સ્પષ્ટ અભિપ્રાયો આપ્યા, કંઈ ગેરસમજને અવકાશ નથી રહેવા દીધો.

પણ વિનોબાજીની પોતાની ભૂમિકા જુદી છે તે સમજી લેવું જોઇએ. આપણે ઇચ્છીએ છીએ કે બાબા કહે અને બાબા કરે તે વાત નથી, તમને સાચું લાગે તે કરો. બાબાને હવે સૂક્ષ્મ અકર્મ-યોગ અથવા સંન્યાસની ભૂમિકા છે. કોઈ કર્તવ્ય શેષ નથી સલાહ આપવાનું પણ નહિ. બાબાને વર્તમાન પરિસ્થિતિની મૂંઝવણ નથી. લોક-દષ્ટિમાં બાબા કાં મરી ગયો, કાં અમર થઇ ગયો. આ આધ્યાત્મિક ભૂમિકા સમજી શકાય તેવી છે. જીવનની અંતિમ સ્થિતિ વિરલ વ્યકિતઓ માટે એવી હોય છે. વિનોબાજી પાસેથી હવે કાંઇ અપેક્ષા રાખવી એ આપણી ભૂલ છે.

### આચાર્ય રજનીશ

શ્રી રજનીશ વિષે મેં 'પ્રબુદ્ધ જીવન'ના તા. ૧૬-૧૨-૭૬ ના અંકમાં એક લેખ લખ્યો છે. તે સંબંધે તે લેખને આવકારતા અને તેનો વિરોધ કરતા પત્રો અને લેખો મને મળ્યા છે. ત્રણ પત્રો નમૂના રૂપે ગયા અંકમાં પ્રકટ કર્યા હતા. આ અંકમાં એક પત્ર પ્રકટ થાય છે. અહિંસાની વિશદ છણાવટ કરતો એક લેખ સારો છે તે પ્રગટ થાય છે. તેથી વિશેષ આ વિવાદ ચલાવવાની જરૂર નથી. શ્રી રજનીશના અનુયાયીઓ તરફથી રોષભર્યા પત્રો મને મળ્યા છે. શ્રી. રજનીશના વૈભવી જીવન અને તેમના વિચારો ગેરમાર્ગે દોરાવનારા છે એવા લેખો અને પત્રો પણ આકરી ભષામાં મળ્યા છે. એક ભાઇએ મને લખ્યું છે કે મારા લેખમાં મારી જ વિકૃતિ અને અહંભાવ પ્રકટ થાય છે. સંભવ છે મારી ભૂલ થતી હોય, અત્યારે કોઇ ભૂલ જણાતી નથી અને જે પત્રો મારા ઉપર આવ્યા છે તે કાળજીપૂર્વક વાંચ્યા પછી પણ મારી ભૂલ થઈ હોય તેવું લાગતું નથી. આમાં મારો અહં જણાતો હોય તો પત્ર લખનાર મિત્રો મને માફ કરશે. ઘણાને મારા લેખમાં અહંભાવ નથી લાગ્યો એટલું જ નહિ પણ માર્ગદર્શન મળે છે તેવું લાગ્યું છે તે મારં સાંત્વન છે. ગાંધીજી વિષે રજનીશે જે કહ્યું છે તેની પુષ્ટિ કરતાં પત્રો પણ મળ્યાં છે. એક બહુ વિવેકી મિત્ર, રજનીશના એક વ્યાખ્યાનમાં હાજર હતા અને તેમાં રજનીશે ગાંધીજીની આકરી ટીકા કરી. પછી પ્રશ્નો પૂછાયા. અંતે રજનિશે કહ્યું કે વધારે પૂછશો તો ગાંધીને વધારે પીટાવશો. માત્ર ગાંધી જ નહિ પણ બીજા મહાપુરુષો વિષે પણ રજનિશે આકરી ટીકા કરી દે. તેમને અધિકાર છે. પણ તેમની ટીકાની ટીકા કરવાનો બીજાને પણ અધિકાર છે.

આ એટલા માટે મેં લખ્યું છે કે જે મિત્રોએ મને પત્રો અને લેખો મોકલ્યા છે તે બધા હું પ્રકટ કરતો નથી. તેથી કોઇ એમ ન માને કે હું તેની અવગણના કરું છું. બધા કાળજીપૂર્વક વાંચી ગયો છું. કેટલાકને અંગત જવાબો પણ લખ્યા છે. પણ 'પ્રબુદ્ધ જીવન'ના પાનાઓ આ વિવાદથી ભરવાની જરૂર નથી.

એક વાતની મને પ્રતીતિ થઇ. ઘણા ભાઇઓ રજનીશને સારી રીતે પિછાની ગયા છે અને ઘણાનો ભ્રમ ભાંગી ગયો છે.

૯-૧-૭૭

ચીમનલાલ ચકુભાઈ

# કેન્સર કલબ

કૅન્સર કલબ નામ સાંભળીને નવાઇ લાગે કે કૅન્સરની તે વળી ક્લબ હોતી હશે? અમેરિકન લોકોનો જાતજાતની લોકોપયોગી સંસ્થાઓ કાઢવાનો શોખ હોય છે અને તેને કલબનું નામ આપે છે.

૧૯૫૫ના જાન્યુઆરી મહિનામાં ડોરોથી જેમ્સ નામની સાઠેક વર્ષની અમેરિકન બાઇ મને મળવા આવી. થોડી વાતચીત પછી ડોરોથીએ જણાવ્યું કે અમેરિકામાં કૅન્સરના રોગમાંથી સારાં થઇ ગયેલાં સ્ત્રી-પુરુષોની એક "કૅન્સર કલબ' છે અને તે પોતે તેની સેક્રેટરી છે. વાતવાતમાં ડોરોથીએ કહ્યું કે ઓગણીસ વર્ષ પહેલાં એને પોતાને પેટમાં આંતરડાનું કૅન્સર થયું હતું. પરંતુ વખતસર ઑપરેશન કરાવવાથી એને તદ્દન સારું થઇ ગયું. ડોરોથી ને મેં પૂછ્યું કે કૅન્સર કલબ ચલાવવાનો હેતુ શો છે? ત્યારે એણે જણાવ્યું કે "અમે કૅન્સર કલબના સભ્યો કૅન્સરના ગરીબ દર્દીઓ માટે પૈસા ભેગા કરીએ છીએ. એટલું જ નહિ પણ હૉસ્પિટલમાં જઇને કૅન્સરના દરદીને અમે હિંમત આપીએ છીએ કે જુઓ અમને કૅન્સરમાંથી સારું થઇ ગયું તેમ તમને પણ સારું થઇ જશે. કૅન્સર અસાધ્ય રોગ છે એમ માની ગભરાઇ ના જશો." ડોરોથીએ છેવટે ઉમેર્યું કે એકલા વૉશિંગ્ટન શહેરમાં કૅન્સર કલબનાં પંદરસો સભ્યો છે.

ડોરોથીએ આટલી પ્રસ્તાવના પછી જણાવ્યું કે કૅન્સર કલબના લગભગ બસે- સભ્યોને ઇન્ડિયન એમ્બસી એટલે કે ભારતના રાજદૂતને રહેવાનું મકાન જોવા આવવું છે. આવી, માગણી અમેરિકાની ઘણી પરોપકારી સંસ્થાઓ કરે છે અને એવી માગણીઓ માટે અમે એમ્બસીનાં દ્વાર હમેશાં ખુલ્લાં રાખતાં હતાં. જોવા આવનારાંઓને અમે ચાપાણી અને નાસ્તો આપતાં હતાં. અમેરિકન લોકોને આપણાં ભજીયાં અને સમોસા બહુ ભાવે છે, એટલે અમે ઘણુંખરું એ તૈયાર કરાવતાં. અમે હિંદુસ્તાનથી બે રસોઇયા લઇ ગયાં હતાં એટલે મુશ્કેલી પડતી ન હતી. આપણી એમ્બસીના મકાનમાં ભારતની હાથકારીગરીની સુંદર ચીજો જોઇ અમેરિકન લોકો ખુશ થતા હતા. અમે ભારતની કંઇ વિશેષતા દેખાડવા, બે ત્રણ ડોક્યુમેન્ટરી ફિલ્મસ એ લોકોને દેખાડતાં હતાં.

કૅન્સર કલબના સભ્યોએ જણાવ્યું કે આ એમ્બસી જોવા આવવા માટે દરેક સભ્યને ત્રણ ત્રણ ડૉલર્સ આપવા પડયા છે. એ ભેગા થયેલા પૈસા કૅન્સરના ભોગ બનેલા ગરીબ દર્દીઓની સારવારમાં વપરાશે! અમેરિકામાં દાકતર તથા દવાનો બહુ ખર્ચ થાય છે, એટલે બધા લોકો તબિયતનો વીમો ઉતરાવે છે. તે ઉપરાંત કૅન્સર કલબ જેવી સંસ્થાઓ ગરીબ દર્દીઓને મદદ કરે છે.

ડિસેમ્બર મહિનામાં, અમેરિકાના માજી પ્રમુખ થી ઓડોર રૂઝવેલ્ટનાં સુપુત્રી મિસિસ લૉંગવર્થ અમને અચાનક એક મેળાવડામાં મળી ગયાં. મિસિસ લૉંગવર્થ અસાધારણ બુદ્ધિશાળી બાઇ છે અને એમને પુસ્તકો વાંચવાનો બહુ શોખ છે. મને મળ્યાં ત્યારે એમની ઉમ્મર પાંસઠથી સિત્તેરની વચ્ચે હશે. એમના પતિ ઘણાં વર્ષો સુધી અમેરિકન કૉંગ્રેસના સ્પીકર હતા અને તેમની ભારે પ્રતિષ્ઠા હતી. મિસિસ લૉંગવર્થની પણ અમેરિકન સમાજમાં બહુ પ્રતિષ્ઠા હતી અને એમના ઘરના જમણના મેળાવડામાં જાત- જાતના બુદ્ધિશાળી સ્ત્રીપુરુષો ભેગાં થતાં.

મિસિસ લૉંગવર્થ અમને મળ્યાં ત્યારે વિધવા હતાં અને એમની એકની એક દીકરી છે તે પણ વિધવા હતી. એમની દીકરી એલિસ લગ્નજીવનમાં બહુ સુખી હતી, પરંતુ લગ્ન પછી થોડા જ વર્ષમાં એના પતિને બીજા વિશ્વયુદ્ધમાં જોડાવું પડયું. લડાઇમાં ગોળી વાગવાથી એમને અસાધ્ય રોગ લાગુ પડયો અને ટૂંક વખતમાં જ એમનું મરણ થયું. આ આઘાતથી એલિસનું મન સંસારથી વિરક્ત થઇ ગયું અને તે સમાજમાં કોઇ સાથે મળતીહળતી નથી. એલિસ પોતાની નાનકડી દીકરી સાથે એક નાના સરખા ઘરમાં રહે છે. "સેક્રેડહાર્ટ' નામની કેથોલિક સંપ્રદાયની સંસ્થામાં એલિસે પોતાનું જીવન સમર્પ્યું છે. એની માતા - મિસિસ લૉંગવર્થ - ખૂબ શ્રીમંત છે અને ભારે ઠાઠમાઠથી રહે છે, પરંતુ ઍલિસને સાદાઇ પસંદ છે.

મિસિસ લૉંગવર્થના ઘરના એક જમણમાં મેં એમને પૂછ્યું કે "તમે ઉનાળામાં કયાંય ગયાં હતાં કે અહીં જ રહ્યાં હતાં?" ત્યારે એમણે જણાવ્યું હતું કે "મેં કૅન્સરનું ઑપરેશન કરાવ્યું હતું એટલે અહીં જ હતી." એટલી સરળતાથી એ બોલ્યા કે જાણે નાનો સરખો ફોલ્લો કપાવ્યો હોય. પછી એમણે કહ્યું કે "મારા ઑપરેશનની કોઇને ખબર આપી ન હતી. કેમકે મારી એલિસ પોતાની દીકરીને કેલિફોર્નિયા દેખાડવા લઇ ગઇ હતી અને એલિસના જીવનમાં આનંદના પ્રસંગ બહુ થોડા હોય છે એટલે મારે એના આનંદમાં વિઘ્ન નાખવું ન હતું. અહીં જો મારાં મિત્રો કે સગાંઓને મારા ઑપરેશનની ખબર પડે અને કદાચ કોઇ એલિસને લખી દે તો એ તરત મુસાફરી અધૂરી મૂકી અહીં દોડી આવે. વળી મેં દાકતરને પણ કહ્યું હતું કે, કે મારા ઑપરેશન વિશે છાપામાં કંઇ છપાવશો નહિ." આટલું સાંભળ્યા પછી મને થયું કે, આપણે તો કુટુંબમાં એક જણનું ઑપરેશન થવાનું હોય તો બહારગામથી સગાંઓને બોલાવીએ છીએ અને ઑપરેશનને દિવસે સ્વજનોથી હૉસ્પિટલનો વેઇટિંગરૂમ ભરી દઇએ છીએ. અને આ વૃદ્ધ સ્ત્રીએ કેટલી હિંમતથી ઑપરેશન કરાવી નાખ્યું! પછી મેં મિસિસ લૉંગવર્થને પૂછ્યું કે "તમને કૅન્સરના ઑપરેશનની બીક તો લાગતી હશે? પણ તમારી હિંમત બહુ કહેવાય" ત્યારે એમણે ઉત્તરમાં કહ્યું "જુઓ જ્યારે ઓપરેશન પછી માણસ ભાનમાં આવે છે અને નર્સ પૂછે દે કે તમને કેમ લાગે છે? ત્યારે કેટલાક માણસો એમ કહે છે કે ધાર્યું હતું એટલું નથી દુ:ખતું અને કેટલાક એમ કહે છે કે, બાપરે મારાથી તો નથી સહેવાતું. હવે દાકતરનો ઘા તો સરખો જ હોય છે. કોઇની પ્રકૃતિ નરમ હોય છે અને કોઇની મજબૂત હોય છે. આ વયોવૃદ્ધ સ્ત્રીની સ્વસ્થતા અને ધીરજ જોઇ મને એને માટે ખૂબ માન થયું. છેવટે મેં પૂછ્યું, હવે તો તમને સારું છે ને? ત્યારે એણે જવાબ દીધો કે "હવે હ તો ભૂલી જ ગઇ છું કે મેં ઓપરેશન કરાવ્યું છે."

વૉશિંગ્ટનના સાડા પાંચ વર્ષના વસવાટ દરમિયાન જાત-જાતના મહાન લેખકો, બુદ્ધિશાળી, કલારસિક, પત્રકારો, મનુષ્ય-સેવા કરનારાઓ, સાહિત્યકારો અને રાજ્યકારણમાં ભાગ લેનારાં સ્ત્રી-પુરુષોને મળવાનો લાભ મળ્યો. ગગનવિહારી સાથે અમેરિકાની અને યુનિવર્સિટીઓમાં જવાની અને ત્યાંના વિદ્યાર્થીઓને તથા પ્રૉફેસરોને મળવાની તક પણ મળી. 'સ્મરણોની સુવાસ' નામના સૌદામિની મહેતાના પુસ્તકમાંથી એક પ્રકરણ.

સૌદામિની મહેતા

# વિકૃતિનો નમૂનો

ગાંધી સ્મારક નિધિ,
રાજઘાટ, નવી દિલ્હી
તા. ૨૮-૧૨-'૭૬.

આદરણિય શ્રી ચીમનલાલભાઇ,

સાદર નમસ્કાર. 'પ્રબુદ્ધ જીવન'ના ૧૬ મી ડિસેમ્બરના અંકમાં 'વિકૃતિનો નમૂનો" લેખ લખીને તમે મોટો ઉપકાર કર્યો છે એટલું જ નહિ પણ સાથે તમારી નિર્ભિક સત્યનિષ્ઠાનો પરિચય પણ આપ્યો છે. શ્રી રજનીશજીના ભકતોનો વિશાળસમૂહ તમારાથી ચોક્કસ નારાજ થશે પણ તમે આ લેખ લખ્યો એ માટે આપને ઘણા ઘણા ધન્યવાદ.

તમે નિર્દેશ કર્યો છે એ પ્રમાણે શ્રી રજનીશજી વિશે પણ તમે જરૂર લખો. તમારું લખાણ પૂર્વગ્રહદુષિત નહિ હોય; એવો પૂરો વિશ્વાસ છે. આ માટે તમારા વિચારો જાણવા હું ઉત્સુક છું.

તમે સ્વસ્થ અને આનંદમાં હશો એવી આશા.

આપનો,
ત. અ. આત્રેય

# એક સમીક્ષા

'જિન સંદેશ'માંથી ઉધ્ધૃત કરેલો આચાર્ય રજનીશનો "ગાંધીજીની આહસા, અહિંસા નથી"ના મથાળાવાળો લેખ તથા તે પરની શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહની "વિકૃતિનો નમૂનો" ના મથાળાવાળી ટીકા 'પ્રબુદ્ધ જીવન'ના તા. ૧૬-૧૨-૭૬ ના અંકમાં વાંચ્યા પછી તે સંબંધી વધુ લખવાને અવકાશ રહે છે.

પ્રતિભાશાળી વ્યકિતત્વ ધરાવતા આચાર્ય રજનીશ એક બહુશ્રુત વિદ્વાન છે. તેમને માનનારો વર્ગ પણ ઠીક ઠીક છે. તેથી તેમનું કહેવું ઘણા જન વાંચે–વિચારે તે સ્વાભાવિક છે. પ્રસ્તુત લેખમાં તેમનું પૂરેપૂરું વકતવ્ય આવી જતું હોય તેમ લાગતું નથી. ગાંધીજીની અહિંસા એ સાચા અર્થમાં અહિંસા નથી તેમ પ્રતિપાદન કરવા તે લેખમાં તેમણે પ્રયાસ કર્યો છે. વિશ્વવંદ્ય મહાત્મા ગાંધીજીએ પોતાના જીવનમાં ચરિતાર્થ કરેલી અહિંસા વિષે આવું કડક વિધાન વાંચતાં કે સાંભળતાં વિચારશીલ સૌ કોઈને આંચકો લાગ્યા વિના રહે નહિ. ઉપરોકત વિધાન કરવા પાછળ આચાર્યશ્રીનો આશય ગમે તે હોય તેની ભાંજગડમાં પડયાં વગર, તેમણે કરેલાં વિધાનો, અહિંસાનું સ્વરૂપ અને ગાંધીજીની વિચારશ્રેણીની અહિંસા કેવી હતી તે સંબંધી વિચાર કરવાનું અત્રે પ્રાપ્ત થાય છે. મજકુર વિધાનોનો સાર ટૂંકમાં નીચે મુજબ છે. આચાર્ય રજનીશ લખે છે :-

"અહિંસા એક અનુભવ છે, સિદ્ધાંત નહિ. અહિંસા આચરણ બને છે પણ તે સ્વયં આચરણ નથી. એ આચરણ પાછળથી સહજ રીતે આવે છે, પ્રગટે છે. હિંસા નહિ થાય તો શેષ જે રહે તે અહિંસા હશે. અહિંસાને વિધેયાત્મક રૂપમાં લાવવાનો કોઈ ઉપાય જ નથી. હિંસા અને અહિંસા વિરોધી નથી, જેમ પ્રકાશ અને અંધકાર વિરોધી નથી. અંધકાર તે પ્રકાશનો અભાવ માત્ર છે, તેનું કોઈ અસ્તિત્વ નથી. પ્રકાશનું જ અસ્તિત્વ છે. જો કોઈએ અહિંસાને વિધેયક બનાવી તો તે હિંસક રહીને અહિંસા સાધવાનો પ્રયત્ન કરશે. આથી જ હું ગાંધીજીની અહિંસાને અહિંસા નથી માનતો. ગાંધીજીની અહિંસા એ અર્થમાં અહિંસા નથી જે મહાવીરના અર્થની અહિંસા છે. ગાંધીજીની અહિંસામાં બીજાને દબાવવાની, બીજાને બદલવાની, બીજાને અલગ કરવાનો આગ્રહ છે. તેમાં હિંસા છે. ગાંધીજીની અહિંસા અહિંસાત્મક હિંસા છે. અનશન અહિંસા કેવી રીતે થઈ શકે? ત્યાગ્રહ અહિંસા કેવી રીતે થઈ શકે? તેમાં બીજા પર દબાણ લાવવાનો ભાવ પૂરેપૂરો છે. પૂછી શકાય કે મહાવીરે જીવનભરમાં સત્યાગ્રહ કેમ ન કર્યો? પૂછી શકાય કે મહાવીરે કોઈને બદલવાનો આગ્રહ કેમ ન કર્યો? સત્યાગ્રહ શબ્દ જ બેહૂદો છે. સત્યનો કોઈ આગ્રહ ન હોઈ શકે. જયાં આગ્રહ છે ત્યાં સત્ય ટકી કેવી રીતે શકે? આગ્રહ અસત્યનો જ હોય છે. બધા સત્યાગ્રહ અસત્ય આગ્રહ છે. મહાવીર કહે છે કે સત્યનો આગ્રહ કર્યો તો હિંસા શરૂ થઈ ગઈ. કારણ, જો મેં કહ્યું કે હું કહું છું તે જ સત્ય છે તો મેં હિંસા શરૂ કરી દીધી. આથી મહાવીર સત્યનો પણ આગ્રહ નથી કરતા. મહાવીરે અહિંસાનો ઉપદેશ આપ્યો જ નથી. મહાવીરે તો ધ્યાનનો ઉપદેશ આપ્યો છે. એ ધ્યાનમાંથી જે પસાર થઈ ગયા તે અહિંસક થઈ ગયા. ભીતર ચિત્ત જાગે તો જાગેલા ચિત્તથી હિંસા વિસર્જિત થઈ જાય છે. શેષ રહી જાય છે તે અહિંસા છે" આ છે રજનીશજીના કહેવાનો સાર. હવે તે પર વિચારીએ. પ્રથમ ગાંધીજીને મન અહિંસા કેવી હતી તે જોઈએ.

ગાંધીજીને મન સત્ય એ જ પરમેશ્વર છે. તેઓ કહે છે : "અહિંસા અને સત્ય એવાં ઓતપ્રોત છે જેમ સિક્કાની બે બાજુ અથવા લીસી ચકરડીની બે બાજુ. તેમાં ઊલ્ટી કઈ અને સુલ્ટી કઈ તે જેમ કળી શકવું મુશ્કેલ છે, તેવું જ સત્ય અને અહિંસાના સ્વરૂપ સંબંધી છે." સંપૂર્ણ સત્યના દર્શન આ દેહે અસંભવ હોવાથી ગાંધીજીએ સત્યને જ સાધ્ય ગણી, અહિંસાને તે પામવાના પરમ સાધન તરીકે સ્વીકારી. તેમની અહિંસા તે અહિંસાનો સામાન્ય આચાર નથી; પરંતુ તે શુદ્ધ વિચારના પરિપાક રૂપે અવતરેલો જીવનોત્કર્ષક આચાર છે. તે અહિંસા એટલે પ્રેમ છે, જીવ માત્ર પ્રત્યેની સેવા છે. તેમાં મૈત્રી કરુણા અને માધ્યસ્થ ભાવ રહેલા છે. ગાંધીજીની અહિંસાનું ઉગમસ્થાન, મહાવીરની અહિંસાની જેમ, સૌ જીવો પ્રત્યે રહેલી આત્મૌપમ્યની ભાવનામાં રહેલું છે. જેના વેણે વેણે સત્ય નિતરે છે, જેના પદે પદે અહિંસા ચરિતાર્થ થાય છે, જેને શત્રુ અને મિત્ર, પ્રત્યે સમભાવ છે, જેને મન જગતની સકળ સમૃદ્ધિની-માન - પદ - અધિકાર સત્યની પાસે રજકણ તૂલ્ય છે, તેવા પુણ્ય શ્લોક પુરુષના સત્યાચરણને હિંસા કે બળજબરીમાં ખપાવવાની ચેષ્ટા કરવી તે, તેવા પુરુષને ન ઓળખ્યા બરોબર થયું.

એવા પુરુષના જીવનમાં એવા પ્રસંગો ઉપસ્થિત થાય કે જયારે શકય તેટલા બધા પ્રયત્નો કરવા છતાં સામી વ્યકિત સમજવાને તૈયાર જ ન થાય અને ભારે અહિત થઈ રહ્યું હોય, તેવી પરિસ્થિતિમાં સામી વ્યકિતનું જરા પણ અહિત ચિંતવ્યા વગર પોતાનામાં જ કંઈ અશુદ્ધિ છે જેથી સામી વ્યકિત સમજવાને તૈયાર નથી તેમ બધો દોષ પોતા પર લઈ, આત્મશુદ્ધિની સાથોસાથ સામાને સન્મતિ મળે તેવી શુભેચ્છાથી કરાતું અનશન કે આદરેલો સત્યાગ્રહ તે સાચી અહિંસાનું જ આચરણ છે. પૂ. ગાંધીજી આ બાબતમાં લખે છે કે :

"ઘણી વાર ભૂલી જવાય છે કે સત્યાગ્રહીનો હેતુ બુરાઈ કરનારને મૂંઝવવાનો કદી નથી હોતો. તેના ભયને નહિ પણ તેના જિગરને હમેશાં જાગ્રત કરવાનો એનો પ્રયત્ન હોય છે. સત્યાગ્રહી એ દુષ્ટને મજબૂર કરવા નહિ, પણ એનો હૃદયપલટો કરવા જ હમેશાં ઈચ્છશે. મારા અસહકારની પાછળ કરડામાં કરડા વિરોધીઓ સામે નજીવામાં નજીવું બહાનું મળતાં સહકાર કરવાની તીવ્રમાં તીવ્ર ઉત્કંઠા હંમેશ રહેલી છે. અસહકાર મારા સિદ્ધાંતનું અંગ છે ખરું પણ તે સહકારની તૈયારીરૂપ હોય છે. અહિંસક લડાઈનો અંત હમેશાં સમાધાનીમાં હોય છે, પોતાનો કક્કો ખરો કરવામાં નહીં, તેમ વિરોધીના માનભંગમાં તો કદી જ નહીં."

ઉપરના સિદ્ધાંત વાળું આચરણ જો અહિંસક ન ગણાય, તો પછી બીજું કેવા પ્રકારનું આચરણ અહિંસક ગણાઈ શકે તેની કેવળ કલ્પના જ કરવી રહી. વાસ્તવમાં સત્યનો જ આગ્રહ હોય, મિથ્યાત્વનો કદિ નહિ. વ્યવહારમાં પણ આપણે સત્યનો જ આગ્રહ રાખીએ છીએ. 'સત્યાગ્રહ' અને 'અસહકાર' શબ્દોની પાછળ પણ ઈતિહાસ છે. આપણને તે શબ્દ બેહૂદો લાગે તેથી થોડો તે બેહૂદો થઈ જવાનો છે !!!

હવે અહિંસાના સ્વરૂપ સંબંધી વિચારીએ. અહિંસાને જો સાધ્ય ગણીએ તો સત્ય આદિ ધર્મોને સાધન સમજવાં રહ્યાં. અહિંસાને જો સાધન સમજીએ તો સત્યને સાધ્ય સમજવું રહ્યું. અહિંસા જયારે સાધ્ય બને છે ત્યારે તે પરમ આદર્શને પહોંચવા માટે જ્ઞાન - ધ્યાન-તપ - સંયમ આદિ કરવાં નિર્દેષાયાં છે. આવી સાધ્ય અહિંસા આત્માની અનુભૂતિ અર્થાત્ ભાવ હોઈ શબ્દાતીત છે; પરંતુ ઉપરોકત ભાવ જયારે યત્કિંચિત્ ચરિતાર્થ થાય છે ત્યારે તે ભાવાત્મક રૂપ પકડે છે. મહાવીરની અહિંસા માત્ર નકારાત્મક ન હતી. તેનું બીજું પલ્લું ભાવાત્મક હતું. જીવહિંસા કે પ્રમાદ ન કરવો તે જેમ અહિંસાની નકારાત્મક બાજુ છે, તેમ સૌ જીવોને આત્મવત્ સમજી તેમની પ્રત્યે પ્રેમ અને મૈત્રીભાવ રાખી, તેમના દુ:ખમાં સહભાગી થવું, અને

તેમના સુખ અને શાંતિ અર્થે પોતાનું સુખ અને સગવડ ત્યજવાં– તે તેની ભાવાત્મક બાજુ છે. કેવળ જ્ઞાન પ્રાપ્ત થયા પછી મહાવીરને એક સાધક તરીકે કંઇ કરવાનું બાકી ન હતું; પરંતુ જગતના જીવોનાં કલ્યાણ અર્થે તેમણે પોતાને લાધેલા સત્યનો પ્રકાશ કર્યો અને અહિંસાને ચરિતાર્થ કરી બતાવી. સત્યનો આગ્રહ હોવાથી જ તેમણે પટ્ટ-શિષ્ય ગણધર ગૌતમને તેનાથી જ્ઞાનમાં ચડિયાતા એક શ્રાવક પાસે, ગૌતમની ભૂલને હિસાબે ક્ષમાપના કરાવી. દીક્ષા લીધાને દિવસે રાત્રિ વિત્યે મેઘકુમારનું મન ચલાયમાન દેખી સત્ય શું છે તેનું તેને ભાન કરાવી તે ચરિતાર્થ કરવાની શીખ દીધી. શું મહાવીર કે શું બુદ્ધ બધા મહાપુરુષો સત્યાચારણનો જ આગ્રહ રાખતા હોય છે. મહાવીરે અહિંસાને "ભગવતી" કહી છે, વ્યાસજીએ તેને પરમધર્મ, પરમ સત્ય, પરમ તપ, પરમ શૌચ" આદિ વિશેષણોથી વર્ણવી છે. આચાર્ય સમંતભદ્રે તેને "પરમ બ્રહ્મ' કહી છે. ધ્યાનની સિદ્ધિ અર્થે પાતંજલ યોગ સૂત્રમાં યમ - નિયમ આદિ અષ્ટાંગ ધર્મના પાલનને અનિવાર્ય ગણ્યું છે.

જે અર્થમાં ફકત આત્મા - સત્ય - જ્ઞાન વિદ્યાનું જ અસ્તિત્વ છે, અને માયા - અસત્ - અવિદ્યા કે મિથ્યાત્વનું અસ્તિત્વ નથી; તે જ અર્થમાં અહિંસાનું અસ્તિત્ત્વ છે, હિંસા અસ્તિત્ત્વ નથી. અહિંસા અને હિંસા બન્ને વસ્તુત: આત્માની સ્વભાવ - વિભાવ રૂપે પરિણતિજ છે. તેથી વિરોધી દેખાવાં છતાં તે અવિરોધી જ છે. આત્માનો ભાવ જ્યારે 'સ્વ' લક્ષી હોય ત્યારે તે ધર્મ અર્થાત્ અહિંસા છે. તે ભાવ જ્યારે 'પર' લક્ષી હોય ત્યારે કર્મ અર્થાત હિંસા છે. ટૂંકમાં, આત્માની સ્વરૂપસ્થિતિ તે જ ધર્મ અને તેની ચપળ પરિણતિ તેજ કર્મ. રજનીશજીના કહેવાનો ભાવાર્થ આ જ હોય તો તે એકલા જૈન દર્શનને જ નહિ પરંતુ સર્વદર્શનને સંમત છે.

આચાર્ય રજનીશનું ઉપરોકત વિધાન "ગાંધીજીની અહિંસા એ અર્થમાં અહિંસા નથી, જે મહાવીરના અર્થની અહિંસા છે." સામાન્યજનને સમજવું ઘણું મુશ્કેલ છે. આવાં વિધાનોથી જ ભ્રામક ખ્યાલો બંધાવા સંભવ છે. મહાવીરને મન અહિંસા સાધ્ય છે, ગાંધીજીને મન સત્ય સાધ્ય છે. છતાં બન્ને મહાપુરુષો સત્ય અને અહિંસા એક અને અવિભાજ્ય છે તેમ કહે છે. મહાવીરે પણ સત્યને ભગવાન કહ્યું છે. स त्त्वं खु भ ग वं પ્રશ્ન વ્યાકરણસૂત્ર

તેમનું છેલ્લું વિધાન "ભીતરમાં ચિત્ત જાગે તો જાગેલા ચિત્તથી હિંસા વિસર્જિત થઈ જાય છે" તેમાં નવું કશું નથી. વાસ્તવમાં સમ્યક્‌દર્શન પ્રજ્ઞા કે, વિવેક ખ્યાતિ પામ્યા પછી અસત્–મિથ્યાદષ્ટિ કે અજ્ઞાન રહેતાં નથી. તેની બધી ક્રિયા દોષમુકત હોય છે. આચારંગસૂત્રમાં ભગવાન મહાવીરે કહ્યું છે. सम्मत्त दंसो न करे इ पावं ! મનુસંહિતામાં પણ તેજ સત્ય કહ્યું છે. सम्यग्दर्शन सम्पन्नः कर्मभि न निबध्यते ।

પરંતુ આવી બ્રાહ્મી સ્થિતિ પ્રાપ્ત કરવા માટે ભગીરથ પુરુષાર્થ, સતત્ આત્મજાગૃતિ અને ઉત્કૃષ્ઠ સંયમની આવશ્યકતા રહે છે તે ભૂલવું ન જોઈએ. ચિત્ત કંઈ આપોઆપ જાગૃત થઈ જતું નથી, धर्मो रक्षति रक्षित : !

સત્ય - અહિંસાનું સ્વરૂપ જેટલું વિરાટ છે તેટલું સૂક્ષ્મ છે. તે અનંત ધર્માત્મક હોઈ, તેની એક બાજુ સાચી અને બીજી બાજુ ખોટી તેમ કહેવું તે એકાંત દષ્ટિ હોઈ મિથ્યા છે. મહાવીર આવી એકાંત દષ્ટિનો આગ્રહ કરતા નથી 'નય' નો નહિ પરંતુ 'પ્રમાણ' નો તે આગ્રહ રાખે છે. મહાવીરને મન 'નય' એટલે આંશીક સત્ય છે, જ્યારે 'પ્રમાણ' તે સંપૂર્ણ સત્ય છે. 'હું કહું છું તે જ સત્ય છે.' તે એકાંત દષ્ટિ હોઈ મિથ્યા જ છે, કારણકે માયાની દષ્ટિને આપણે મિથ્યા કહીએ છીએ. તે પરમ સત્ય વાણી દ્વારા પ્રતિપાદ નથી અને તર્કદ્વારા તે ગમ્ય નથી. તે શબ્દાતીત છે, અવર્ણનીય અને અવર્ચનીય છે. આપણે 'ફકત તેની ઝાંખી જ કરી શકીએ. આમ હોવાથી કેવળ તર્ક કે બુદ્ધિવાદ, ખંડન - મંડન બધું અર્થહીન અને બાલિશ છે. ગીતામાં ભગવાને ખરું જ કહ્યું છે કે કરોડોમાંથી મને કોઈક જ પામી શકે. શુષ્ક પંડિતાઈ કરતાં જરૂર છે સંત હૃદયની. સ્વાનુભૂતિથી સાચા સંતો જે કહી શકશે તે તર્કવાદી હજ્જાર વિદ્વાનો ભેગા મળીને પણ કહેવાને અસમર્થ છે. હા, તેવી શુષ્કવિદ્વતા અજ્ઞાન-જનોને અહીંથી તહીં ભમાવી શકે, અહંભાવ પોષી પોતાના વર્તુલમાં વાહ વાહ બોલાવી શકે; પરંતુ તેથી તેમનું અને સમાજનું કશું ભલું થતું નથી. અહિંસા કે સત્ય ઉપર ગ્રંથોના ગ્રંથો લખાયા છે. તેનું ખંડન - મંડન પાંચ પચ્ચીસ લીટીમાં આડુંઅવળું કરવું નરી બાલિશતા જ છે અને વ્યકિતગત માન્યતા કે વ્યકિતગત ચારિત્રને ભાંડવાનો પણ કશો અર્થ નથી, તેથી ચોકાવૃત્તિ પોષાવા સિવાય બીજું કશું નિષ્પન્ન થતું નથી. નિર્ભેળ સત્યને પામવા સત્ય પુરુષાર્થ કરીશું તો આપણા ટૂંકા જીવનમાં પણ કંઈક પામી જશું.

આચાર્ય રજનીશના ઉપરોકત વિધાનોમાં કયાંક મહાર્ષિઓએ પ્રબોધેલું સત્ય ઝળકી ઊઠતું દેખાય છે, તો કયાંક મિથ્યાદર્શનના કાળા ડિબાંગ ઓળા પથરાયેલા નજરે પડે છે, તેની ઓથે કયાંક આગિયાસમ અર્ધસત્યો વિદુષકના મ્હોરાં પહેરી અહીંથી તહીં કૂદકા મારતા દેખાય છે, તો કયાંક વળી મનસ્વી તરંગોના પરપોટા-ઓ સૂરસૂરિયાના અવાજે ફૂટતા દેખાય છે. અને આ રાસલીલાની મધ્યમાં અહંભાવ સામી છાતીએ ઊભો રહી બેસૂરા અવાજે બૂંગિયો વગાડવામાં મશગૂલ થયેલો દેખાય છે. એના અવાજના પડઘાઓ સામે પાર પડતા સંભળાય છે 'અહો રૂપં અહો ધ્વનિ'.

ચત્રભુજ કરશનજી મહેતા

## શ્રી મહાવીર જૈન વિદ્યાલય હીરક મહોત્સવ પ્રસંગે યોજનાર જૈન સાહિત્ય સમારોહ

કેળવણી દ્વારા સમાજ ઉત્કર્ષની પ્રવૃત્તિ કરતી જૈન સમાજની સુપ્રસિદ્ધ સંસ્થા શ્રી મહાવીર જૈન વિદ્યાલય તેના હીરક મહોત્સવના અંગરૂપ જૈન સાહિત્ય સમારોહ તા. ૨૧, ૨૨, ૨૩ મી જાન્યુઆરીના રોજ ભારતીય વિદ્યાભવનના ગીતા હોલમાં યોજનાર છે. જુદા જુદા સ્થળે વિદ્યાર્થી ગૃહોનું સંચાલન કરવા ઉપરાંત જૈન સાહિત્ય લેખન - પ્રકાશનના ક્ષેત્રે વિદ્યાલયે ઘણો મહત્ત્વનો ફાળો આપેલો છે. વિદ્યાલયની જૈન આગમોના પ્રકાશનની યોજના ચાલુ છે. તે ઉપરાંત હેમચન્દ્રાચાર્યકૃત કાવ્યાનુશાસન યોગશાસ્ત્ર, મુનિસુંદર કૃત અધ્યાત્મકલ્પદ્રુમ, આનંદઘનજીનાં પદો, આનંદ-ઘનચોવીશી, મહોપાધ્યાય શ્રી વિનયવિજયજીકૃત 'શાંતસુધારસ,' જૈન ચિત્ર કલા અંગેનું ડૉ. મોતીચન્દ્ર અને ડૉ. ઉમાકાન્ત શાહનો પુસ્તક 'ન્યુ ડોકયુમેન્ટસ ઓફ જૈન પેઈન્ટિંગ' ઈત્યાદિ ગ્રંથો વિદ્યાલયે પ્રગટ કરેલ છે. આ ગ્રંથોએ દેશવિદેશમાં વિદ્યાલયની પ્રતિષ્ઠા ખૂબ વધારી છે.

વિદ્યાલય તરફથી જૈન સાહિત્ય સમારોહ શુક્રવાર તા. ૨૧મી જાન્યુઆરીએ સાંજે છ વાગે ભારતીય વિદ્યાભવનના ગીતા હોલમાં યોજાશે. પ્રખર વિદ્વાન પદ્મશ્રી કેશવરામ કા. શાસ્ત્રી પ્રમુખપદે રહેશે. શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ આ સમારોહનું ઉદ્‌ઘાટન કરશે.

સમારોહની વિભાગીય બેઠકો એ જ સ્થળે નીચે પ્રમાણે છે:

(૧) સાહિત્ય વિભાગ: પ્રમુખ - ડૉ. હરિવલ્લભ ભાયાણી,
શનિવાર તા. ૨૨ મી જાન્યુઆરી, સવારે નવ વાગે.

(૨) કલા વિભાગ: પ્રમુખ - ડૉ. ઉમાકાન્ત પી. શાહ,
શનિવાર, તા. ૨૨ મી જાન્યુઆરી, બપોરે ચાર વાગે.

(૩) તત્ત્વજ્ઞાન વિભાગ: પ્રમુખ–શ્રી દલસુખભાઈ માલવણિયા,
રવિવાર તા. ૨૩ મી જાન્યુઆરી, સવારે નવ વાગે.

આ પ્રસંગે જૈન સાહિત્ય, કલા અને તત્ત્વજ્ઞાનના વિદ્વાનો અભ્યાસપૂર્ણ નિબંધો રજૂ કરશે.

આ જાહેર કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા સર્વને નિમંત્રણ છે.

લિ૦ સમારોહના મંત્રીઓ
ડૉ. રમણલાલ ચી. શાહ,
કાન્તિલાલ ડી. કોરા
અમર જરીવાલા

# ચમચી વડે કાદવનું સરોવર ઉલેચી શકાય નહિ

રોજ છાપું ઉઘાડો અને તેમાં ભ્રષ્ટાચારના કોઈ ને કોઈ કિસ્સા પર નજર પડશે. કટોકટીના ગેરફાયદા છે, પણ ફાયદા એ છે કે તેના બહાને કંઇક સારાં કામ થાય છે અને ભ્રષ્ટાચારના કિસ્સા પકડાય છે; પરંતુ આપણા જાહેર જીવનની શુદ્ધિ થાય એટલા કિસ્સા પકડાય છે ખરા? અને જે કિસ્સા પકડાય છે તેથી બીજા ભ્રષ્ટાચારીઓ પર ધાક બેસે છે ખરી? તેઓ ભ્રષ્ટાચાર કરતાં અટકી જાય છે ખરા?

ફિલ્ડ માર્શલ માણેકશાહે એક દિવસ મને કહ્યું કે સૈન્યમાં શિસ્ત એ પ્રણાલિકા છે અને ગેરશિસ્ત એક અપવાદ છે. ગેરશિસ્ત આચરનાર જાણે છે કે તે પકડાઈ જશે અને કોર્ટમાર્શલમાં (લશ્કરી અદાલતમાં) તેને સખત સજા થશે.

આપણા દેશમાં સૈન્યની બહાર તેથી ઊલટું હોય એમ લાગે છે. જાણે ભ્રષ્ટાચાર નિયમ હોય અને પ્રામાણિકતા અપવાદ હોય! સૈનિકોને લશ્કરી કાયદાની બીક રહે છે, અને તેની આમન્યા પાળે છે. સૈન્ય બહાર ભ્રષ્ટાચાર કરનારાઓને મિસાનો કે બીજા કોઈ કાયદાનો ડર નથી, કટોકટીની જાહેરાતની આમન્યા નથી અને દેશમાં નવી હવાથી તેઓ અસ્પૃશ્ય જ રહ્યા હોય તેમ તેઓ નિર્ભય રીતે ભ્રષ્ટાચાર ચાલુ રાખે છે.

પછાત અને ગેરવહીવટવાળા રાજ્યોમાં શું બનતું હશે તેનું એક દૃષ્ટાંત લઈએ. બિહારના એક જ જિલ્લા નાલંદામાં ૬૦ શાળાઓ એવી મળી આવી છે કે જેમનું અસ્તિત્વ જ નથી, છતાં સરકાર પાસેથી તેમને વાર્ષિક ગ્રાન્ટ મળે છે. સવાલ એ છે કે ગ્રાન્ટ કોણ શાના આધારે મેળવે છે, અને સરકારનું કેળવણી ખાતું કોને શેના આધારે નાણાં આપે છે? અને જો એક જ જિલ્લામાં આવાં ૬૦ કૌભાંડ ચાલતાં હોય તો આખા રાજ્યમાં કેટલાં કૌભાંડ ચાલતાં હશે અને કર ભરનારાઓનાં કેટલાં નાણાં ઉચાપત થતાં હશે શાળાનું મકાન નહિ, શિક્ષકો નહિ, ફર્નિચર નહિ, વિદ્યાર્થીઓ નહિ છતાં જો ગ્રાન્ટનાં નાણાં ચૂકવાતાં હોય તો તે લેનારા અને દેનારા વગદાર માણસો હોવા જોઈએ. જો પવિત્ર ગણાતા – અથવા ગણાવા જોઈતા કેળવણી ખાતામાં આવો ભ્રષ્ટાચાર હોય તો બીજાં ખાતાં પોલીસખાતું, રેવન્યુખાતું, જંગલખાતું, બાંધકામખાતું વગેરે જે ભ્રષ્ટાચાર માટે નામચીન હોય જ છે ત્યાં કેવો ભ્રષ્ટાચાર હશે? ગ્રાન્ટ લેનાર શાળાઓ એ ગ્રાન્ટનો સદુપયોગ કરે છે અને શાળાઓમાં શિક્ષણનું ધોરણ સંતોષકારક છે એવી ખાતરી કરવા કેળવણી ખાતું ઈન્સ્પેક્ટરોની સેના નિભાવે છે. તેઓ પણ આ કૌભાંડમાં ભળેલા ન હોય તો આવું કૌભાંડ ચાલે નહિ. આ કંઈ એકલા બિહાર પૂરતી વાત નથી. બીજાં ઘણાં રાજ્યોમાં આવું ચાલે છે.

દાણચોરી કેટલી ઓછી થઈ છે? એક મુંબઈ કસ્ટમે જ પાંચ માસમાં છ કરોડનો માલ પકડ્યો તો બીજે કેટલો પકડાયો હશે અને કેટલો ઘૂસી ગયો હશે!

મુંબઈ જેવા જાગૃત શહેરમાં નગરપાલિકામાં કામ કરતા કેટલાક નોકરો માત્ર પગારના દિવસે જ હાજર થઈ પગાર લઈ જતા હતા અને બાકીના દિવસે પોતાનાં ખાનગી કામધંધા કરતા હતા એવા સમાચાર થોડા માસ પહેલાં પ્રગટ થયા હતા.

ઉત્તર પ્રદેશ વડા પ્રધાનનું પોતાનું રાજ્ય છે, છતાં ગેરવહીવટ માટે નામચીન છે. એવડું મોટું રાજ્ય, એટલી મોટી વસતિ, એવડું મોટું અને સડેલું વહીવટી તંત્ર કે ઉપરાછાપરી બે સારા અને કુશળ મુખ્ય પ્રધાનો આવ્યા છતાં કટોકટીની કોઈ સારી અસર ભાગ્યે જ થઈ હોય એવું લાગે છે. ત્યાં હમણાં ત્રણ ગંભીર બસ અકસ્માતો થયા. બે અકસ્માતો તો ગઢવાલના પહાડી માર્ગે પંદર દિવસની અંદર થયા. તેનો અર્થ એ કે બે ગંભીર અકસ્માતનો પદાર્થ પાઠ કોઈએ લીધો નહિ અને કોઈની આંખ ઉઘડી નહિ. યાત્રીઓથી ભરેલી બસો ડુંગર પરથી ખીણમાં કે નદીમાં જઈ પડી અને ૭૫ જેટલા માણસો માર્યા ગયા, ત્યારે હવે રાજ્ય સરકારે તપાસ સમિતિ નીમી છે કે આવા અકસ્માતો અટકાવવા શું કરવું જોઈએ!

જેમણે ગઢવાલમાં બસમાં પ્રવાસ કર્યો હશે તેઓ જાણે છે કે અહીં બસમાં બેઠેલા બધા માણસોના જીવ બસ હાંકનારના અનુભવ, ચપળતા અને તાજગી પર તથા બસની અને રસ્તાની સારી હાલત પર રહે છે. હાંકનારનો થાક, નાની સરખી ભૂલ કે બસની નબળી સ્થિતિ બસને સેંકડો ફૂટ ઊંડી ખીણમાં ફેંકી દે. વર્ષોથી અકસ્માતો થાય છે, ત્યારે હવે રાજ્ય સરકાર તપાસ સમિતિ નીમે છે કે અકસ્માતો નિવારવા શું કરવું જોઈએ? ખેર, કટોકટીનો એટલો લાભ જો કટોકટીની જાહેરાત ન હોત તો આટલું પણ ન થયું હોત.

સરકારે ભ્રષ્ટાચાર અને ગેરવહીવટ સામે 'ઝુંબેશ' ઉપાડી છે, તેથી રોજ ચોંકાવનારા કિસ્સા બહાર આવે છે. બેંકોના રાષ્ટ્રીયકરણ પછી ઉચાપતના કિસ્સા વધ્યા છે કે કેમ તે પણ એક પ્રશ્ન છે. પણ આ ઝુંબેશથી ભ્રષ્ટાચારના કિસ્સા ઘટયા છે અને કટોકટીની જાહેરાતથી જાહેર જીવનની શુદ્ધિ થાય એવું ખરેખર બન્યું છે? વડા પ્રધાન દેશમાં સામાજિક, આર્થિક અને રાજકીય ક્રાન્તિ કરવા માગે છે એ હેતુ આવકાર્ય છે, પણ ક્રાન્તિ કરવાનું સાધન તો આ વહીવટી તંત્ર છે ને? સવાલ એ છે વહીવટી તંત્રમાં ક્રાન્તિની આવી કશી ધગશ આવી છે ખરી? જે લોકો પોતે નવા હવામાનની અસર નીચે આવ્યા નથી તેઓ ક્રાન્તિના વાહક શી રીતે બની શકે?

પ્રધાનો જ્યારે પોલીસને પ્રજાના મિત્ર અને સેવક બનવાનો બોધ આપે છે ત્યારે રમૂજ ઉપજે છે. જો બોધ વડે ક્રાન્તિ થઈ શકતી હોત તો આજે આપણે ભારતમાં નવો યુગ શરૂ કરી દીધો હોત. કાદવ વડે કપડાંનો મેલ કાઢી શકાય નહિ અને કાદવ ઉલેચવા અત્યાર સુધી તો ચમચીનો જ ઉપયોગ થયો છે. પણ ચમચી વડે કાદવનું તળાવ ઉલેચી શકાય નહિ. વહીવટી તંત્રની સર્વાંગી સાફસૂફી નહિ થાય ત્યાં સુધી ક્રાન્તિની વાતો કરવાનો કશો અર્થ નથી. ઊધઈએ ખાધેલી ઈમારત પાયામાંથી ઉખેડી નાખી, ઊધઈઓનો નાશ કરીને નવેસરથી બાંધવાની જરૂર છે. તેમાં હાઉસિંગ બોર્ડનાં થીંગડાં જેવાં થીગડાં નહિ ચાલે.

–વિજ્યગુપ્ત મૌર્ય

## ભૂલા પડો ત્યાંથી ફરી ગણો

ભગવાન ઈસુ કહે છે: ઘેટા ચારવા જનાર ભરવાડના સો ઘેટામાંથી જો એકાદ ઘેટું ખોવાઇ ગયું હશે તો, બાકીના નવાણુ ઘેટાને રેઢાં મૂકીને પણ ખોવાયેલું ઘેટં શોધવા દોડશે ને જડી જશે ત્યારે ખૂબ આનંદમાં આવી જઇ ઠેર ઠેર વધાઇ ખાશે ખરું ને?

દસ સોના મહોરમાંથી એકાદ સોના મહોર ખોવાઇ જશે તો એને શોધી કાઢવા માટે આકાશ પાતાળ એક કરશો ને જડી જાય એટલે આનંદથી નાચી ઊઠશો ખરું ને?

પરમ પિતા પરમેશ્વરનું પણ એવું જ છે. એના બાળકોમાંથી કોઇ બાળક પંથ ભૂલીને અવળે માર્ગે ચડી જાય છે ત્યારે પ્રભુ ખૂબ ખૂબ દુ:ખી થઇ જાય છે. ને જ્યારે, અવળે માર્ગે ચઢી ગયેલો દીકરો પસ્તાવો કરી પ્રભુ ભણી વળે છે ત્યારે ખોવાયેલો દીકરો પાછો મળતાં પરમ પિતા પરમેશ્વરને ખૂબ ખૂબ આનંદ થઇ જાય છે.

માટે જ કહું છું, જીવનમાં ભૂલ થઇ ગઇ હોય તો પાછા વળતાં ગભરાશો નહિ, તો પ્રભુનો આપણને એના વહાલસોયા દીકરાને અપનાવી લેવા - સોડમાં સમાવી લેવા ઉત્સુક છે.

છો તેવા કબૂલ થઇ જાવ - ને પસ્તાવાની ભાવનાપૂર્વક પ્રભુ પાસે પહોંચી જવા દોટ મૂકો, પ્રભુ અપનાવી લેશે.

ફાધર વાલેસ

# મધરાતે આઝાદી

**[ફ્રીડમ એટ મિડ નાઈટ – વિવાદાસ્પદ પુસ્તક બન્યું છે. તેના લેખકોએ અથાગ પરિશ્રમ લઈ તે તૈયાર કર્યું છે. નવલકથા કરતાં પણ વધારે રસપૂર્વક વાંચી શકાય એવું પુસ્તક છે. આપણા દેશને સ્વતંત્રતા મળી તે સમયનું હકીકત ભરપૂર અને વૈવિધ્યપૂર્ણ વર્ણન છે. આ લેખના લેખક શ્રી ચંદુલાલભાઈ દલાલે ગાંધીજીના જીવનનો ઊંડો અભ્યાસ કર્યો છે. ગાંધીજીના સમગ્ર જીવનના રોજે રોજના બનાવોની દૈનન્દિની ખૂબ સંશોધનથી તૈયાર કરી છે.**

**આ પુસ્તકમાં કેટલાક હકીકતદોષો આવી ગયા છે તે પ્રત્યે શ્રી ચંદુલાલભાઈએ આપણું અને પુસ્તકના લેખકોનું ધ્યાન ખેંચ્યું છે. હું આશા રાખું છું કે તેની બીજી આવૃત્તિમાં આ હકીકતદોષો સુધારી લેવાશે.**

**આ પુસ્તક હું પણ વાંચી ગયો છું. મારા મન ઉપર એવી છાપ રહી છે કે ઈરાદાપૂર્વક કોઈ ખોટી રજૂઆત કરવાનો લેખકોનો આશય નથી. એક મહાન બનાવની ભાતીગળ તવારીખ રજૂ કરવાનો પ્રયત્ન છે. તેમાં કેટલાક, ગંભીર દોષો છે. મને એમ લાગ્યું છે કે લેખકોએ લોર્ડ માઉન્ટ બેટનના દસ્તાવેજો અને તેમણે મુલાકાતોમાં જણાવેલ હકીકતો ઉપર વધારે આધાર રાખ્યો છે અને માઉન્ટ બેટનની મહત્તા વધારેપડતી બતાવવાનો અજાણ્યે પણ પ્રયત્ન થઈ ગયો છે. ગાંધીજીને ભાવપૂર્વક અંજલિ અર્પી છે પણ નેહરુ અને સરદારને પૂરો ન્યાય થયો નથી એવી છાપ રહે છે. – ચીમનલાલ]**

'ફ્રીડમ એટ મિડ નાઈટ' આ પુસ્તક હું અથથી ઈતિ રસપૂર્વક વાંચી ગયો. એમાંની, વસ્તુની વિવિધતા અને વિપુલતા જોતાં અને એ બધાંનું પૃથક્કરણ અને અર્થઘટન જોતાં આશ્ચર્ય થયું, પણ એમાં કેટલાક હકીકત-દોષો છે, કેટલુંક અધૂરું છે અને કેટલુંક ગળે ન ઊતરે એવું છે. સત્યની ખાતર એમાંનું કેટલુંક હું અહીં રજૂ કરું છું. (મુદ્રણ દોષો તો અનેક છે, પણ એ વિશે અહીં કાંઈ લખતો નથી.)

### હકીકત દોષો

૧. પા. ૪૧, લીટી નીચેથી ૬ – લખ્યું છે કે 'દાદા અબ્દુલ્લા ગાંધીજીની દૂરના સગા (Kinsman) હતા; પણ એ ભૂલ છે.

૨. પા. ૪૧ લીટી નીચેથી ૫-લખ્યું છે કે ગાંધીજી દક્ષિણ અફ્રિકામાં સતત ૦1 સદી સુધી રહ્યા હતા પણ એ ભૂલ છે. એ, હિંદ બે વખત આવ્યા હતા – બીજી વખત હિંદમાં સ્થાયી રહેવા માટે પણ રહેલા નહિ અને પાછું જવું પડયું હતું.

૩. પા. ૪૨ લીટી, વગેરે – લખ્યું છે કે ગાંધીજીને દક્ષિણ આફ્રિકાનો સાચો પરિચય તો એ, ડર્બનથી પ્રિટોરિયા રાતની રેલગાડીમાં જતા હતા ત્યારે થયો હતો, પણ એ દિવસોમાં આ બે શહેરો વચ્ચે રેલવે વ્યવહાર નહોતો. જે રેલવે સ્ટેશને એમણે રાત પસાર કરી હતી તે, નાતાલમાંનું પિટર મૅરિટ્ઝબર્ગ હતું. ટ્રાન્સવાલમાં આવેલા પારડેકોપ નામના ગામે જવા માટે સિગરામમાં મુસાફરી કરતા હતા ત્યારે એમને માર પડયો હતો

૪. પા. ૪૬ લીટી ૧૦ – લખ્યું છે કે હળતાડ માટે ગાંધીજીએ ૭મી એપ્રિલનો દિવસ પસંદ કર્યો હતો, પણ એ ભૂલ છે. સાચી તા. ૬ હતી.

૫. પા. ૬૬ – ૬, નોંધ છે કે ગાંધીજીએ સને ૧૯૩૬માં છ અઠવાડિયાં સુધી સમ્પૂર્ણ મૌન રાખ્યું હતું. એમણે તા. ૨૪-૩-૩૫ થી ૧૯-૪-૩૫ સુધી ચાર અઠવાડિયાં એવું મૌન પાળ્યું હતું, પણ એમણે કોઈ વખત છ અઠવાડિયાનું મૌન પાળ્યું નહોતું અને ૧૯૩૬ માં એવું કોઈ વ્રત લીધું નહોતું.

૬. પા. ૮૯-૯૦- નોંધ છે કે ગાંધીજી જ્યારે સૌથી પહેલા માઉન્ટ બૅટનને મળવા દિલ્હી જતા હતા (તા. ૩૧-૩-૪૭) ત્યારે રસ્તામાં એમનું ઘડિયાળ ચોરાઇ ગયું હતું, પણ આ ભૂલ દે. ઘડિયાળ તા. ૨૫-૫-૪૭ના રોજ કાનપુર સ્ટેશને ચોરાયું હતું. એ વખતે એ કામચલાઉ વાઇસરૉય જ્હૉન કૉલવિલને મળવા ગયા હતા. માઉન્ટ બેટન એ વખતે વિલાયત હતા.

પા. ૯૪ નોંધ છે કે વલ્લભભાઈને, એમનાં પત્નીના અવસાનના સમાચાર એ મુંબઈ હતા ત્યારે મળ્યા હતા. પણ આ ભૂલ છે એ વખતે એ આણંદ હતા.

૮. પા. ૯૫ લીટી ૧૬–લખ્યું છે કે મણિબહેન, વલ્લભભાઈનું એકનું એક સંતાન હતું. આ ભૂલ છે. વલ્લભભાઈને ડાહ્યાભાઈ નામના એક પુત્ર હતા, જે પાછળથી સ્વતંત્ર પક્ષમાં જોડાયા હતા.

૯. પા. ૧૯૮ લીટી નીચેથી ૧૬ – નોંધ છે કે ગાંધીજીના પહેલા આશ્રમ માટે જી. ડી. બિરલાએ આર્થિક સહાય આપી હતી, પણ પહેલો આશ્રમ ૧૯૧૫માં અમદાવાદમાં સ્થપાયો હતો. (જુઓ પા. ૨૫૫ લીટી ૧૫), અને બિરલાને એની સ્થાપના સાથે કાંઈ સંબંધ નહોતો, અને નોંધવું જોઈએ કે આશ્રમને આર્થિક સહાય આપનાર સદ્‌ગત શેઠ અંબાલાલ સારાભાઈ હતા.

૧૦. પા. ૩૦૭ લીટી ૧૪-૧૫–નોંધ દે કે દક્ષિણ આફ્રિકામાં, હિંદી કોમને ન્યાય મળે એ માટે ગાંધીજીએ ઉપવાસ કર્યા હતા આ ભૂલ છે. આ માટે એમણે એક પણ ઉપવાસ કર્યો ન હતો. હા, બીજા કારણોસર કર્યા હતા ખરા.

૧૧ પા. ૩૪૫ લીટી નીચેથી ૧૮ – નોંધનો ભાવાર્થ એ છે કે હિંદી લશ્કર જૂનાગઢ રાજ્યની હદમાં દાખલ થયું હતું. આ સાચું નથી. આ રાજ્યની બહાર એક આરઝૂ હકૂમત સ્થપાઈ હતી, અને એણે રાજધાની ઉપર હુમલો કર્યો હતો. હિંદી લશ્કરને એવું કાંઈ કરવાની જરૂર જ નહોતી પડી.

૧૨. પા. ૩૮૦ લીટી ૧૩ – નોંધ છે કે એ વખતે ગાંધીજીના મોંમાં થોડાક દાંત હતા. પણ એક અખબારી હેવાલ મુજબ, એમણે પોતાના બાકી રહેલા બધા જ દાંત તા. ૧૯-૧-૩૬ના રોજ મુંબઈમાં કઢાવ્યા હતા.

૧૩. પા. ૪૦૧ લીટી ૫-લખ્યું છે કે દાંડીકૂચ ૧૯૨૯માં થઇ હતી.પણ આ ભૂલ છે. એ કૂચ તા. ૧૨-૩-૩૦ના રોજ શરૂ થઇ હતી.

૧૪. પા. ૪૪૭ લીટી નીચેથી ૨૦-૧૯–નોંધ છે કે ગાંધીજીએ ૧૯૪૨માં ૨૧ દિવસના ઉપવાસ કર્યા હતા. આ ભૂલ છે. દસમી ફેબ્રુઆરીથી બીજી માર્ચ સુધી ૨૧ દિવસના ઉપવાસ કર્યા હતા તે ૧૯૪૩માં - ૧૯૪૨માં કોઈ ઉપવાસ કર્યા નહોતા.

### સંશયાત્મક

પા. ૫૫-૫૬ની પાદટીપમાં, ગુરુચરણ સિંગ, ફાંસીના માંચડેથી, ગાંધી-ઇરવિન કરારની રૂએ બચ્યા તે મતલબની નોંધ છે. જો આ ભાઈને ફાંસીની સજા થઇ હતી તો તે કોઈ હિંસક કૃત્યના કારણે થઇ હશે, અને ઇરવિન સાથે થયેલા કરારમાં, આવાં કૃત્ય કરનારને માફી આપવામાં આવે એવી કોઇ પૂર્વ શરત ગાંધીજીએ કરી નહોતી. જો એમણે એમ કર્યું હોત તો ભગવતસિંગની જિંદગી બચી શકી હોત. પણ એમણે એવી માગણી ન જ કરી–તો પછી ગુરુચરણ સિંગને, ગાંધી-ઇરવિન કરારનો લાભ કેવી રીતે મળી શકયો?

1. Freedom at Midnight

## સૂચનો

ગાંધીજી અને માઉન્ટ બેટન વચ્ચે જે પ્રેમભર્યા સંબંધો હતા તે દર્શાવતા બે પ્રસંગો બહુ મહત્ત્વના છે પણ તે આ પુસ્તકમાં નોંધ્યા નથી.

૧. માઉન્ટ બેટનનાં પત્ની એડવિનાને ગાંધીજીએ, દિલ્હીથી નીચે મુજબનો પત્ર લખ્યો હતો :–

'ત્યારે, અભિનંદનનો અને શુભેચ્છાઓની વર્ષામાં તમે તમારાં લગ્નની રજત જયન્તી ઊજવી રહ્યા છો હું પણ એમાં સાદ પુરાવું છું; અને આશા રાખું છું કે અહીંનો તમારો સંયુકત પરિશ્રમ દુનિયાના નાગરિત્વમાં પરિણમશે.'

નોંધ : (૧) ચંદ્રશંકર શુકલે સંપાદન કરેલ 'રૅમિનિસ–ન્સીઝ ઓફ ગાંધીજી'[૧] નામના પુસ્તકમાંના, એડવિનના લેખમાં આ પત્ર છપાયો છે.

(૨) ત્યાં જે તારીખ છે તે ૧૮-૫-૪૭ છે. પણ (ક) રજત જયન્તી તા. ૧૮-૭-૪૭ ના રોજ હતી. અને (ખ) ગાંધીજી તા. ૧૮-૭-૪૭ ના રોજ દિલ્હી હતા, જ્યારે તા. ૧૮-૫-૪૭ ના રોજ પટણા હતા.

૨. માઉન્ટ બેટન તરફથી ગોઠવાયેલા તા. ૧૩-૧-૪૮ ના રોજના સમારંભમાં ભાગ લેવાનાં નિમંત્રણો ગાંધીજીના કેટલાક અંતેવાસીઓને મળ્યા હતા. આ જ દિવસે ગાંધીજીએ અનિશ્ચિત મુદતના ઉપવાસ શરૂ કર્યા; છતાં જેમને નિમંત્રણો મળ્યાં હતાં તેમણે જવું જ જોઇએ એવો આગ્રહ ગાંધીજીએ સેવ્યો હતો.

આ પ્રસંગ બ્રિજકૃષ્ણ ચાંદીવાલની 'એટ ધી ફીટ ઓફ બાપુ'[૨] નામના પુસ્તકમાં નોંધી છે.

## વિનતિ

૧. પા. ૪૬ લીટી ૧૩-૧૫–નોંધ છે કે ગાંધીજીને 'મહાત્મા'નું બિરુદ કવિવર રવિન્દ્રનાથ ટાગોરે આપ્યું હતું. લેખક આ વિધાનનો આધાર જણાવે એવી વિનંતી છે.

સંભવ છે, આ કદાચ જાહેરમાં હશે. અંગત પત્રવ્યવહારમાં તો છેક તા. ૨૧-૮-૧૯૧૦ ના રોજ ગાંધીજીને લખવામાં આવેલા એક પત્રમાં આ બિરુદ આપવામાં આવ્યું હતું.

૨. પા. ૫૬–નોંધ છે કે બીજી ગોળમેજી પરિષદમાં હાજરી આપવા જતી વખતે, ગાંધીજી, આગબોટ ઉપર પોતાની સાથે એક બકરી લઇ ગયા હતા. આ વિધાનનો આધાર જણાવે એવી વિનંતી છે.

અત્રે એ નોંધવું જોઇએ કે એ જ્યારે લંડન હતા ત્યારે એમના માટે જોઇતું બકરીનું દૂધ આઇલિંગ્ટન ડેરીમાંથી આવતુ હતું.

૩. પા. ૯૧. બે વખત નોંધ છે કે વલ્લભભાઇએ કાપડની મિલમાં કામ કર્યું હતું. આ વિધાનનો આધાર જણાવે એવી વિનન્તિ છે.

૪. પા. ૨૫૫ લીટી ૧૫-૧૭ નોંધ છે કે એક જુવાન શિક્ષક જેમણે સને ૧૯૪૨ માં રાષ્ટ્રધ્વજ ફરકાવવા પ્રયત્ન કર્યો હતો તેમના જ હાથે અમદાવાદના ટાઉન હૉલ પર ધ્વજ ફરકાવરાવી તેમનું બહુમાન કરવામાં આવ્યું હતું.

એ શિક્ષકનું નામ અને ધ્વજ ફરકાવવાની તારીખ જણાવવા વિનતિ છે.

હું પોતે એ વખતે અમદાવાદ મ્યુનિસિપાલિટીનો નોકર હતો અને 'હિંદ છોડો' ની ચળવળના એક ભાગરૂપે મ્યુનિસિપાલિટીના નોકરોની હડતાળ પડાવવામાં સામેલ હોવાના ગુનાસર થયેલી શિક્ષાઓ મેં ભોગવી હતી. પણ આ પ્રકારના બનાવની કોંઇ માહિતી મને મળી નથી.

૧. Reminiscences of Gandhiji

૨. At The Feet of Bapu.

૫. પા. ૪૫૦–નોંધ છે કે ગાંધીજીના શબને અગ્નિદાહ દીધા પછી જે અનેક લોકો ચિતાની પ્રદક્ષિણા કરી રહ્યા હતા તેમાં તેમના જ્યેષ્ઠ પુત્ર હરિલાલ પણ હતા. આ વિધાનનો આધાર જણાવવા વિનતી છે.

આવું જ વિધાન રૉબર્ટ પેઇને એમના 'ગાંધી' નામના પુસ્તકમાં કર્યું છે. મેં એમને તા. ૧૭-૧૦-૭૪ ના રોજ એનો આધાર જણાવવા લખ્યું હતું, હજી સુધી જવાબ નથી.

## મારા ઉપર પડેલી છાપ

૧. પુસ્તક વાંચ્યા પછી મને એમ લાગ્યું છે કે એ કોમી એકતાની બાબતમાં બ્રિટિશ સરકારના વલણનો બચાવનો એક વ્યર્થ પ્રયત્ન છે.

એ સાચું છે કે આપણે હિંદીઓ - બધી જ કોમનાં હિંદીઓ-મૂર્ખ હતા. આપણે બ્રિટિશ સરકારના હાથે, કોમ કોમ વચ્ચે ધિક્કાર ફેલાવવામાં હથિયાર તરીકે આપણે આપણો ઉપયોગ થવા દીધો, પણ હિંદુ - મુસ્લિમ કોમો વચ્ચે ઐતિહાસિક વૈમનસ્યનાં જે કોઇ અવશેષો રહ્યા હતા તેનો દુરૂપયોગ કરવાની અને તેને રાજકીય કારણસર ઉશ્કેરવાની જવાબદારી બ્રિટિશ સરકારની જ હતી. બીજી ગોળમેજી પરિષદમાં ભાગ લેવા જ્યારે ગાંધીજી વિલાયતમાં હતા ત્યારે ત્યાંના એમનાં અનેક ભાષણોમાં એમણે આ બાબત બહુ જ સ્પષ્ટતાથી સમજાવી હતી.

પા. ૨૭ ઉપર લેખકે લખ્યું છે 'બ્રિટિશરોએ જ્યાં સુધી હિંદ પર રાજ્ય કર્યું ત્યાં સુધી એમણે આ બંને કોમો વચ્ચે બરડ સમતુલા[૧] જાળવી; અને સાથે સાથે તેમની વચ્ચેના વૈમનસ્યનો, એમના રાજ્યનો ભાર હળવો બનાવવાના એક હથિયાર તરીકે ઉપયોગ કર્યો. મૂળમાં યે સ્વરાજની માગણી કરનારની સંખ્યા, કેટલાક બુદ્ધિવાદીઓના અગ્રણીઓ પૂરતી જ મર્યાદિત હતી. આ માગણી કરનારાઓએ, એક સામાન્ય ધ્યેયને પહોંચવા ખભેખભા મિલાવી કામ કરવાની દૃષ્ટિએ કોમ કોમ વચ્ચેના મતભેદોને કોરાણે મૂકયા હતા. વિધિની વિચિત્રતા તો એ છે કે એ મેળનો ભાગીને ભૂકો કરનાર ગાંધી પોતે જ હતા.'[૨].

આ વિધાન, બચાવનો એક વ્યર્થ પ્રયત્ન અને પોતાના મનને મનાવવા - છેતરવા સિવાય બીજું કોંઇ નથી.

૨. જે દેશની ઉપર બ્રિટને રાજ કર્યું હતું તે દેશમાંથી એણે આર્થિક પ્રકારના કેટલા ગેરલાભ ઉઠાવ્યા હતા અને તેને કેવી રીતે નિચોવી નાખ્યો હતો, એ વિશે પુસ્તકમાં કેવળ મૌન સેવવામાં આવ્યું છે. બ્રિટિશ લોકોએ એવું ન કર્યું હોત, અને ભૂતકાળમાં બીજા ચડાઇ કરનારાઓની માફક એ પણ આવીને રહ્યા હોત અને વસ્યા હોત તો સ્વરાજની ચળવળ જ ન ઊપડી હોત. બ્રિટનના રાજબંધારણમાં પણ હિંદને કોઇ દિવસ, કૅનેડા વગેરે જેવી વસાહતો ગણાય છે તેવી વસાહત ગણવામાં આવ્યું નથી. હિંદને તો કેવળ, એક મહાન તાબેદાર મુલક[૧] ગણવામાં આવ્યો હતો.

આ જોતાં, હિંદ છોડતી વખતે, '૧ એક વસાહતી પ્રજા, જે દેશને પોતે વસાહત માની હતી તે દેશને છોડતી હતી' (પા. ૨૨૧ લીટી નીચેથી ૩-૨)[૨] એવા વિધાનમાં સત્યનો લેશ માત્ર અંશ નથી. [૩]

- ચંદુલાલ ભગુભાઈ દલાલ

1. Great Dependency
2. '..........a colomi ing people were heaving those they had colonized......'

3. આ લેખમાંના મુદ્દાઓ કાંઇક વિસ્તૃત સ્વરૂપમાં, આ પુસ્તકના લેખકને (જે તે વખતે હિંદમાં હતા તેમને) મેં તા. ૧૮-૨-'૭૬ ના રોજ લખી મોકલ્યા હતા. પુસ્તકના પ્રકાશકનો મારા પત્રના સ્વીકારનો જવાબ આવ્યો હતો, પણ લેખકનો હજી સુધી (તા. ૨૪-૧૨-'૭૬ સુધી) જવાબ આવ્યો નથી.

ચ. ભ. દ.

1. Fragile balance.
2. —Ironically it was Gandhi who had disrupted that accord."

# ❋ કસ્તૂરી કુંડલમાં વસે! ❋

[પ્રો. દોલતભાઈ દેસાઈ, મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીમાં, ફેકલ્ટી ઓફ એજ્યુકેશન અને સાયકોલોજીના પ્રોફેસર છે. ગયે મહિને, યુવક સંઘના અભ્યાસ વર્તુળમાં 'સંવેદનશીલતા' ઉપર તેમણે વાર્તાલાપ કર્યો હતો તે શ્રોતાઓને બહુ ગમ્યો હતો. પ્રબુદ્ધ જીવન માટે લખવા તે વખતે મેં તેમને વિનંતિ કરી હતી. મારી વિનંતિ સ્વીકારી તેમણે આ કોલમ - કસ્તૂરી કુંડલમાં વસે-શરૂ કરી છે. તેનું પ્રથમ કુંડલ આજે પ્રગટ થાય છે. હું આશા રાખું કે છું 'પ્રબુદ્ધ જીવન'ના વાચકોને આ કોલમ આવકારદાયક થશે. – તંત્રી]

પ્રિય વાચક મિત્ર..., પ્રબુદ્ધ જીવન દ્વારા દર વખતે આ રીતે એક નાનો પ્રસંગ લઈને આવવું છે. શીર્ષક જોયું હશે. મારું મન કહે છે કે કસ્તૂરી તો મૃગની નાભિમાં વસેલી છે અને મૃગ માર્યો માર્યો તે શોધવા આમ તેમ ફરે છે ... તે માનવમૃગને પોતાનામાં રહેલી કસ્તૂરીની મહેંક બતાવવાનો, આ લેખમાળાનો હેતુ છે. એક વાત સાચી, સુખ કે પ્રસન્નતા આપણા માંહે, આપણી આસપાસ છે, એ કશે બીજેથી મળવાનાં નથી. તો પછી, એની ખોજ માંહેથી જ શરૂ કરી હોય તો? અને મારા ચિંતન પ્રમાણે કસ્તૂરીનાં કુંડલ આપણામાં એક જ નથી, પણ અનેક છે. એથી લેખમાળાને કુંડલ-૧, કુંડલ-૨ એમ અનુક્રમ આપીશું. તમારા પ્રતિભાવો, અભિપ્રાયો, કે પૃચ્છાઓ ને પ્રશ્નો જો મને લખશો તો સવિશેષ આભારી થઈશ. સરનામું આ પ્રમાણે: ડૉ. દોલતભાઈ દેસાઈ, ૧૪, શાન્તમ્, હરિનગર સોસાયટી, ગોત્રી રોડ, વડોદરા, ૩૯૦ ૦૦૭.

લિ. દોલતભાઈ

## કુંડલ : ૧

## એક ઘસરકો બસ!

અમારો મિત્ર જીવનમાં પ્રથમવાર પિતા બન્યો. માએ કહ્યું 'હકીમ ચાચાની દુકાનેથી ઘસારો લઈ આવ.' સૂરતમાં હકીમ ચાચાની દોઢ-સો વર્ષ જૂની દવાની દુકાન જાણીતી. અમે તો દુકાને જઈ 'ઘસારો' માગ્યો. દુકાનવાળા ચાચાએ સમજાવ્યું.

'ઘસારાની ગોતી તો આંઈ તન જાતની છે. તમારે કઈ જોઈએ છ?' અમે પૂછ્યું: 'કઈ કઈ જાતની?'

ચાચા કહે, 'એકવાર વારી, બે વારી વારી, ને તનવાર વારી.'

અમે પૂછ્યું: 'એટલે શું?'

ચાચા નિરાંતે કહે 'આ મોહતી ગોટી છે તે તન વાર દિવસમાં, ઘસીને પાની જોરે પાવાની, પન આ મધ્યમ સાઈઝની છે, તે દિવસમાં બે વાર ઘસીને પાવાની, ને આ તદ્દન નાની સાઈઝની છે તે દિવસમાં સવારે એક જ વાર ઘસરકો કરીને બચ્ચાંને પાવાની. પાઈ કે પેટ સાફ! કદી પેટમાં ચૂક નૈ આવે.'

અમે કહ્યું: 'ચાચા! બધી ગોટીમાં દવા શામાં સારા પ્રકારની છે?

તો ચાચા કહે, 'બઢ્ઢામાં-બઢ્ઢી ગોટીમાં-દવા સાવ સરખી. જરા બી ફેર નૈ મલે. પન ... એક ફેર છે.'

અમે કહ્યું: 'શો ફેર?'

ચાચા કહે, 'દવા બઢ્ઢામાં સરખી, પન્ મોટી ગોટીમાં દશવાર ઘૂંટીને ભરેલી, મધ્યમ ગોટીમાં સોવાર ઘૂંટીને ભરેલી ને સૌથી નાન્ની ગોટીમાં હજાર વાર ઘૂંટીને ભરેલી ... બઢો જાદુ આ ઘૂંટવાનો જ છે. દવા એક જ પન્ જેમ વઢૂ ઘૂંટો ટેમ માટ્રા વઢે!

અમે દૂહરાવ્યું: 'દવા એક જ પણ જેમ વધુ ઘૂંટો તેમ માત્રા વધે!'

ને પછી એકવાર ઘસારાવાળી નાની ગોટી ખરીદી.

અમે જતાં ચાચાએ જોખી જોખીને શિખામણ આપી:

'જો જો હોં! ડવાની માટ્રા ટેજ છે – એટલે એક જ ઘસરકો બસ્! વાતે ય સાચી:

'વસ્તુ એક જ. ઘૂંટી ઘૂંટીને ભરો કે માત્રા વધે
ને માત્રા હોય તો એક જ ઘસરકો બસ છે.

રસ્તે જતાં મનમાં પ્રતિભાવ જાગ્યા. કેટલી મોટી વાત કહી છે, ચાચાએ? ઉપનિષદો પણ કહે છે, ને ઉર્દૂમાં પણ શૅર છે કે "રંગ લાતી હૈ હીના, ઘૂંટ ઘૂંટકે પીસ જાને કે બાદ!" કળાનો મંત્ર જ આ. જેમ વધુ ઘૂંટો તેમ ઑજસ્ વધે, તેજ વધે, રાગ વધુ ઘૂંટો, રિયાઝ કરો ને તાકાત વધે. અને તેનો 'એકજ ઘસરકો બસ્! જોરદાર, માત્રાવાળી દવાનો કે પછી જોરદાર, માત્રા વાળા કર્મનો એક જ ઘસરકો બસ!

ડૉ. દોલતભાઈ દેસાઈ

## ઘડતરનું મૂલ્ય

ટોલ્સ્ટોયને કોઈએ પૂછ્યું : "માણસમાં ઘડતરનું મૂલ્ય શું?
ટોલ્સ્ટોયે કહ્યું : "લોઢાનો ટુકડો વેચો તો એક રૂપિયો ઉપજે પણ જો એમાંથી ઘોડાની નાળ બનાવો તો અઢી રૂપિયા ઉપજે અને જો ઘડિયાળની ઝીણી ઝીણી કમાનો બનાવીને વેચો તો હજારો રૂપિયા ઉપજે."

લોઢું તો એનું એ જ, એટલું જ છે. પરંતુ એનું જેવું ઘડતર કરો એવું એનું મૂલ્ય અંકાય.

માણસ વિશે પણ આવું જ છે. માણસનું જેટલું ઘડતર વધે એટલું એનું મૂલ્ય વધે.

## અભ્યાસ વર્તુળ

* આપણી આગામી બેઠક: બુધવાર તા. ૧૯-૧-૭૭ સાંજના ૬ વાગે.
* વક્તા: **શ્રી વાડીલાલ ડગલી** (સુપ્રસિદ્ધ અર્થશાસ્ત્રી અને 'કોમર્સ'ના તંત્રી)
* વિષય : **"કંઠીમુકત સમાજ"**
* સ્થળ : **પરમાનંદ કાપડિયા સભાગૃહ**

આ સભામાં સંઘના સભ્યો, આજીવન સભ્યો તેમ જ રસ ધરાવતા મિત્રો હાજરી આપી શકશે. સૌને સમયસર પધારવાનું પ્રેમભર્યું નિમંત્રણ છે.

**સુબોધભાઈ એમ. શાહ**
સંચાલક, અભ્યાસવર્તુળ.

માલિક: શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, મુદ્રક અને પ્રકાશક: શ્રી ચીમનલાલ જે. શાહ, પ્રકાશન સ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ ૪૦૦ ૦૦૪. ટે. નં. ૩૫૦૨૯૬. મુદ્રણસ્થાન: ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, કોટ, મુંબઈ ૪૦૦ ૦૦૧.

(૯)

Regd. No. MH. By South 54
Licence No.: 37

# પ્રબુદ્ધ જીવન

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૩૮ : અંક : ૧૯

મુંબઈ, ૧ ફેબ્રુઆરી, ૧૯૭૭, મંગળવાર
વાર્ષિક લવાજમ રૂા. ૧૦, પરદેશ માટે શિલિંગ : ૩૦

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ ૦–૫૦ પૈસા

તંત્રી : ચીમનલાલ ચકુભાઈ શાહ

## લોકસભાની ચૂંટણી

૧૮ મી જાનેવારીને રાત્રે, આકાશવાણી ઉપર અચાનક વડા પ્રધાનનું પ્રવચન સાંભળવા મળ્યું. It was an unscheduled Broadcast– તેમાં તેમણે લોકસભાના વિસર્જનની તથા માર્ચમાં ચૂંટણીની જાહેરાત કરી. અણધાર્યા મોટા નિર્ણય લઈ પ્રજાને અને પ્રતિપક્ષીઓને આશ્ચર્યચકિત કરવાની અને વિમાસણમાં મૂકવાની તેમની શકિતનો એકવાર ફરીથી પરિચય થયો. માર્ચ ૧૯૭૭ સુધીમાં ચૂંટણી થવાની જ હતી પણ બે મહિના – પહેલાં જ લોકસભાની મુદત એક વર્ષ લંબાવી ત્યારે, જે કારણો આપ્યાં હતાં - જે પ્રતીતિકર ન હતાં - તે આજે પણ એવા જ ઊભાં છે. તો આ નિર્ણય આટલી ઝડપથી ફેરવાયો કેમ? વડા પ્રધાનને આવો નિર્ણય કરવાનો અધિકાર છે એ સ્વીકારીએ તો પણ બધા રાજકીય પક્ષોને લક્ષમાં રાખી એવો નિર્ણય થવો જોઈએ. કૅાંગ્રેસ સિવાયના બીજા રાજકીય પક્ષોને ચૂંટણી માટે સમય ઓછો પડશે તે માત્ર ફરિયાદ નથી, હકીકત છે. સંસદીય લોકશાહીમાં સત્તાધારી પક્ષને અને ખાસ કરીને તેના નેતા વડા પ્રધાનને સંસદનું વિસર્જન કરી, ચૂંટણી માગવાનો અધિકાર છે. આપણે ત્યાં અત્યારે ફેર એટલો જ છે કે અન્ય રાજકીય પક્ષોના આગેવાનો અને તેના સેંકડો, હજારો કાર્યકર્તાઓ લાંબા સમયથી જેલમાં હતા, તેમના પક્ષો વેર-વિખેર છે, જ્યારે કૅાંગ્રેસ બધી રીતે તૈયાર છે. કદાચ આ નિર્ણયમાં આ પણ એક કારણ હશે. જે હોય તે, આ પગલું આવકારદાયક છે અને રાજકીય પક્ષોના આગેવાનોએ પણ આવકાર્યું છે.

વડા પ્રધાને કહ્યું કે, Every election is an act of faith પ્રજામાં વિશ્વાસ અને શ્રદ્ધા રાખી સમયે સમયે તેનો આદેશ મેળવવો એ લોકશાહીનું લક્ષણ છે. લોકશાહીમાં ઊંડી શ્રદ્ધા દાખવતો આ હૃદયપલટો છે કે ગણતરીભર્યું પગલું છે? એક વર્ષ પછી ચૂંટણી થાય ત્યારે આર્થિક અને બીજા સંજોગો કેવા હોય, ચોમાસું કેવું જાય, લોકમાનસ કઈ દિશામાં વળ્યું હોય એ બધી અનિશ્ચિતતા જોતાં, વર્તમાન સંજોગો કૅાંગ્રેસ માટે વધારે અનુકૂળ છે એવી ગણતરી અસ્થાને ન લેખાય.

આ પગલું આવકારદાયક છે કારણકે છેલ્લા ૧૮ મહિનાથી જે દિશામાં વેગપૂર્વક ધસી રહ્યા હતા તેમાંથી કાંઈક પાછા ફરવાની સદ્‌બુદ્ધિ સૂઝી છે, તેટલે દરજજે અભિનંદનને પાત્ર છે. પણ આ દિશાપલટો ચૂંટણી સમય પૂરતો છે કે કાયમનો છે તે તો ચૂંટણી પછી ખબર પડે. આપણે આશા રાખીએ કે તે કાયમનો હોય. આ દિશામાં બીજા પણ કેટલાક અનિવાર્ય પગલાં લીધાં છે તે પણ આવકારદાયક છે. રાજકીય કેદીઓની મુકિત થઈ છે, વર્તમાનપત્રો ઉપરના અંકુશોનો અમલ નહિ થાય, કાયદેસરની (લેજીટીમેટ) રાજકીય પ્રવૃત્તિ કરવાની અને તે માટે સભાઓ ભરવાની છૂટ રહેશે. હજી સેન્સરશિપ સદંતર રદ નથી કરી, કટોકટીની પરિસ્થિતિ ચાલુ રહે છે તેટલે દરજજે ચૂંટણી દરમિયાન અને ખાસ કરી ત્યાર પછી લટકતી તલવાર રહે છે. સેન્સરશિપ સદંતર રદ કરી, કટોકટી ઉઠાવી લીધી હોત તો વધારે આવકારદાયક થાત. કટોકટી ચાલુ રાખવાને કોઈ કારણ નથી.

આ બધાં પગલાં આવકારદાયક છે, પણ તેથી હર્ષઘેલા થઈ પ્રશંસાના પુષ્પો વેરવાનું કારણ નથી. ચૂંટણી કરવી, વ્યકિત અને વાણીસ્વાતંત્ર્ય હોવાં તે બધો પ્રજાનો અધિકાર છે. તે છીનવી લીધા હતા, અંશત: પાછા મળે છે તે માટે આભાર, પણ તેથી આ ૧૮ મહિનાના ગાળામાં જે કાંઈ અનિચ્છનીય બન્યું છે, તે ભૂલી જવાશે નહિ. બલ્કે, ચૂંટણીમાં એ મુખ્ય મુદ્દો રહેશે. કૅાંગ્રેસે પ્રજાને પ્રતીતિ કરાવવી પડશે કે તે સાચી રીતે લોકશાહીમાં માને છે. કટોકટી ઊભી છે ત્યાં સુધી એવો વિશ્વાસ પડવો સહેલો નથી. તેથી પણ વિશેષ, બંધારણમાં જે મૂળભૂત ફેરફારો કર્યા છે, તથા પ્રેસ માટે વાંધાજનક લખાણનો કાયદો કર્યો છે, તે તો કાયમના છે અને તેમાંના કેટલાક લોકશાહીનું સત્વ હણનારા છે. મતદાન કરતી વખતે પ્રજાએ આ બધું લક્ષમાં રાખવું પડશે.

ચૂંટણી મુકત અને ન્યાયી થાય તે આવશ્યક છે. તે માટે સરકારે અને કૅાંગ્રેસે ઘણું કરવાનું રહે છે. વડા પ્રધાને અન્ય રાજકીય પક્ષોને ચેતવણી આપી છે અને જવાબદારીથી કામ લેવા ઉપદેશ આપ્યો છે. હિંસાને ઉત્તેજન ન મળે, નિન્દા કૂથલી (વિલિફિકેશન) ન થાય વગેરે. આ તદ્દન સાચી વાત છે અને તે બધાને લાગુ પડે છે.

પણ સૌથી વિશેષ મહત્ત્વની વાત છે કે ચૂંટણી મુકત અને ન્યાયી થાય તે માટે નિર્ભય વાતાવરણ જોઈએ. ચૂંટણી દરમિયાન પરસ્પરની આકરી ટીકા થશે, થવી જોઈએ. લોકોમાં વિશ્વાસ પેદા થવો જોઈએ કે કોઈ પણ પક્ષ સત્તા પર આવે, ચૂંટણી દરમિયાન, ક્યાંક અતિશયોકિતથી પણ ટીકા થઈ હોય, તેનાં કોઈ વિપરીત પરિણામ નહિ આવે. મતદાન નિર્ભયપણે કરી શકાય છે તેવો વિશ્વાસ પેદા થવો જોઈએ. આ ૧૮ મહિનાના ગાળામાં લોકજીવન અને રાજકીય જીવન (પોલિટિકલ પ્રોસેસ) નિષ્પ્રાણ, ભયભીત અને સ્થંભિત રહ્યાં છે, તેમાં પ્રાણ પુરવાનો છે. નીડરતાનો સંચાર કરવાનો, જીવનને પ્રવાહિત કરવાનું છે.

વર્તમાનપત્રોની સવિશેષ જવાબદારી છે. સખેદ કહેવું પડે છે કે કટોકટી જાહેર થયા પછી અપવાદ બાદ કરતાં વર્તમાનપત્રોએ દાખવી શકાય એટલી નીડરતા પણ દાખવી નથી. પોતાના આર્થિક હિતોનો જ વિચાર કરવા કરતાં, પ્રજાની સાચી સેવા કરવાની અને પત્રકારનો ધર્મ અદા કરવાની ફરી તક મળે છે. ઓછામાં ઓછું એટલું થવું જોઈએ કે બધા રાજકીય પક્ષોના પ્રચારને યોગ્ય પ્રસિદ્ધિ મળે. અત્રે એ નોંધવું પડે કે બહુ થોડા વર્તમાનપત્રો એવા છે જેને દેશભરમાં પોતાના ખબરપત્રીઓ હોય. મોટા ભાગના વર્તમાનપત્રોને સમાચાર

સંસ્થા ઉપર આધાર રાખવો પડે છે. દેશમાં હાલ એક જ સમાચાર સંસ્થા છે અને તે સરકારની છાયા નીચે છે. આ સમાચાર સંસ્થા નિષ્પક્ષ રીતે કામ કરે તે જરૂરનું છે. તેવી જ રીતે રેડિયો અને ટેલિવિઝન સરકારની હકૂમતમાં છે. બધા પક્ષોને પ્રચાર માટે સપ્રમાણ તક મળવી જોઇએ.

સ્વતંત્રતા પછી, દેશમાં પાંચ સામાન્ય ચૂંટણીઓ થઇ - પણ આ છઠ્ઠી ચૂંટણી જુદા પ્રકારની છે. તેમાં સમાયેલ મુદ્દાઓ પ્રજા-જીવન માટે પાયાના છે. ખરી રીતે પ્રજાની જ કસોટી છે, પણ પ્રજાને જાગ્રત કરવી અને પરિસ્થિતિનો સાચો ખ્યાલ આપવો એ આગેવાનોનો, રાજકીય પક્ષોનો, વર્તમાનપત્રોનો અને દરેક સમજદાર વ્યકિતનો ધર્મ છે. ચૂંટણીનું પરિણામ ગમે તે આવે, પણ લોકશિક્ષણની આ અમૂલ્ય તક મળી છે તે જ મોટી વાત છે. નીડરતાથી તેનો લાભ લેવાય તેમાં લોકકલ્યાણ છે.

આ ૧૮ મહિનાના ગાળામાં જે કાંઇ બન્યું છે તે એક દુ:સ્વપ્ન હતું અને તે ભૂલી જવાય અને ફરી લોકશાહી પ્રાણવાન અને-સજીવન થાય તેવી આશા રાખીએ. કટોકટી લાદવી પડી અને બીજા આકરા પગલાં લેવા પડયાં તે યોગ્ય અથવા જરૂરી હતું કે નહિ તેના વિવાદમાં ન પડીએ. કટોકટી પહેલાં અનિચ્છનીય બનાવો બન્યા હતા, તે આંદોલનની મેં ટીકા કરી હતી કારણકે તેમાં મને લોકશાહીને ખતરો લાગ્યો હતો. પણ તે પરિસ્થિતિને પહોંચીવળવા જે જે પગલાં લેવાયા તે માખીને મારવા હથોડીનો ઘા કરવા જેવું હતું, તે પણ સહી લઇએ. પણ બંધારણમાં ફેરફાર કરી કાયમનો દિશાપલ્ટો કર્યો તેનો બચાવ થઇ શકે તેમ નથી.

અત્યારે એ ફેરફારો રદ કરી શકીએ તેમ નથી, પણ ઓછામાં ઓછું એટલું કરી શકીએ કે જાગ્રત લોકમત હોય અને સંસદમાં સારી સંખ્યામાં પ્રામાણિક, કુશળ, સેવાભાવી અને નિષ્ઠાવાન વ્યકિતઓ હોય જેથી, આ ફેરફારોથી મળેલ વિશાળ સત્તાનો દુરૂપયોગ ન થાય અને જે કોઇ પક્ષ સત્તા પર હોય તેણે ચેતતા રહેવું પડે અને મોટી બહુમતીને જોરે પાયાના મૂલ્યોનો ભોગ ન અપાય તેમ, સ્થિર અને મજબૂત કેન્દ્રને નામે, એકપક્ષી સત્તા ન થાય.

૨૩-૧-૭૭ —ચીમનલાલ ચકુભાઈ

# માંસાહાર અને શરાબ

અમારા સંઘના મંત્રી, ભાઈ ચીમનલાલ જે. શાહ, જેઓ થોડા સમય પહેલાં, અમેરિકાના પ્રવાસે જઈ આવ્યા તેઓને ચિન્તા થાય છે કે આજની આપણી યુવા પેઢી માંસાહાર કરતી થઈ ગઈ છે. "અમેરિકામાં ઘણાં ગુજરાતી કુટુંબોના ફ્રીજમાં નાનાં બાળકો માટે ચીકન ફૂડના ડબ્બાઓ મેં જોયા છે." આ વિષે કાંઈક લખવા મને આગ્રહ કરે છે. હું શું લખું? માંસાહારી કુટુમ્બમાં જન્મ્યા હોય એવા હજારો માણસો સમજણપૂર્વક માંસાહર છોડે છે જ્યારે ચુસ્ત જૈન અને વૈષ્ણવ કુટુંબના યુવક–યુવતીઓ, આંધળા થઈ માંસાહારી થતા જાય છે. જે અમેરિકન ગ્રહસ્થનું ટ્રસ્ટ કરવા હું લંડન ગયો હતો તેઓ હાલ મુંબઈ આવ્યા છે અને થોડા દિવસ પહેલાં મુંબઈમાં જૈન યુવક સંઘની મુલાકાતે આવ્યા હતા. તેઓ માંસાહારી હતા અને વિચારપૂર્વક તેનો ત્યાગ કર્યો છે. તેમની સાથેની ચર્ચામાં માંસાહારનો ત્યાગ તેમણે કેમ કર્યો તે વિશે પૂછવામાં આવ્યું ત્યારે જણાવ્યું કે શરૂઆતમાં આરોગ્યની દષ્ટિએ તેમણે માંસાહારનો ત્યાગ કર્યો. નૈતિક દૃષ્ટિ પછી આવી. અનુભવે તેમણે જોયું કે માંસાહાર અનેક રોગોને નોતરે છે. શાકાહારથી રોગમુકિત અને તન્દુરસ્તીનો અનુભવ થયો. માંસાહારના ત્યાગમાંથી દષ્ટિ અહિંસા તરફ વળી. કુદરતને અનુકૂળ જીવન જીવવામાં સુખ છે એવી પ્રતીતિ થઈ. એક ભાઈએ દૂધ વિષે પૂછયું. તેમણે કહ્યું જે રીતે મોટા શહેરોમાં દૂધ પૂરું પાડવામાં આવે છે તેમાં ઘણી હિંસા છે. ગાય, ભેંસના બચ્ચાઓને પૂરું ધવરાવ્યા પછી વધે તે દૂધનો જ ઉપયોગ થઈ શકે. એક ભાઈએ સવાલ કર્યો કે વનસ્પતિમાં પણ જીવ છે તો માંસાહાર અને શાકાહારમાં શું ફેર? તેમણે કહ્યું, માણસે કુદરતી જીવન જીવવું હોય તો પરિપકવ ફળોનો ઉપયોગ કરવો. કાચા ફળો વિગેરેનો ઉપભોગ ન કરવો.

હું આ એટલા માટે લખું છું કે માણસ વિચારપૂર્વકનું જીવન જીવે તો માંસાહારનો ત્યાગ કર્યા વિના રહે જ નહિ. નૈતિક અથવા આધ્યાત્મિક દષ્ટિની વાત છોડી દઈએ અને માત્ર આર્થિક દષ્ટિએ વિચારીએ તો પણ માંસાહાર અરધી દુનિયામાં ભૂખમરો પેદા કરે છે.

તા. ૨૪-૧૨-'૭૬ ને રોજ સર્વોદય સંમેલનને સંબોધતાં ગાયો વિષે બોલતાં, વિનોબાજીએ કહ્યું:—

'બીજી વાત, દુનિયામાં આજે ૪૦૦ કરોડ માણસો છે. આમાંથી ૧૫૦ કરોડ અત્યંત ગરીબ છે. આ ગરીબોને કઈ રીતે ખવડાવવું, શું કરવું વગેરે ચર્ચા યુનોમાં ચાલી. એમણે ઘણી રીતો બતાવી. આમાંથી એક વાત એ બતાવી કે જો આપણે ગરીબોને ખવડાવવા માગતા હોઈએ તો માંસાહાર છોડવો પડશે. આમાં એક પ્રશ્ન એ પણ આવ્યો કે ઈંગ્લાંડ સ્વાવલંબી બની શકે તેમ છે? આજે એને બહારથી અનાજ મગાવવું પડે છે. તો જવાબ મળ્યો કે ઈંગ્લાંડ માંસાહાર છોડે તો સ્વાવલંબી બની શકે છે—કેમ કે ધાન્યાહાર માટે એક એકર જમીન જોઈએ, માંસાહાર માટે ચાર એકર જમીન ઉત્તરોત્તર ઓછી થવાની છે. એટલે માંસાહાર 'આઉટ ડેટેડ' (સમય બાહ્ય) છે. આ વાત યુનોએ કરી. આ વિચાર જૈનોએ આપણને સમજાવ્યો અને એક એવી જમાત એમણે ઊભી કરી જે પોતે તો માંસાહાર કરતી નથી પણ બીજાને પણ માંસાહાર નહિ કરવા સમજાવે છે. એમની સાથે બીજા લોકોએ પણ માંસાહાર છોડયો છે. દક્ષિણ ભારતના ઘણા લોકોએ છોડયો. તાત્પર્ય એ કે માંસાહાર છોડવાની જરૂર છે. માનવીને જીવન જીવવા માટે અને ગરીબોને પોષણ મળે એ માટે–આ એક વાત આપણે ધ્યાનમાં રાખીએ તો બહુ લાભ થશે. એક વાત મેં તમારી સમક્ષ ગાયોને રાખી છે અને બીજી વાત માનવતાને બચાવવા માટે શું કરવું એ વિશેની યુનોની રાખી.'

તા. ૨૪-૧-'૭૭ના "ટાઈમ્સ ઓફ ઈન્ડિયા"ના અગ્રલેખમાં રશિયાની ખેતી અને અન્નઉત્પાદન વિષે લખ્યું છે. તેમાં જણાવ્યું છે કે ૧૯૭૬માં રશિયાનું અન્નઉત્પાદન, કોઈ સમયે ન હતું એટલું, ૨,૨૪૦ લાખ ટન થયું છે. છેલ્લા દસકામાં તેમનું સરેરાશ વાર્ષિક અન્નઉત્પાદન ૧,૯૦૦ લાખ ટન રહ્યું છે. તેના આગલા દસકામાં સરેરાશ વાર્ષિક ૧,૩૫૦ લાખ ટન હતું. છતાં રશિયાને અનાજની આયાત કરવી પડે છે. આ વર્ષે, આટલું જંગી ઉત્પાદન હોવા છતાં, ૧૩૦ લાખ ટન અનાજ આયાત કરવું પડશે. કારણ શું? વસતિવધારો? ના. અન્ન વધારો ત્રણ ટકા છે. વસ્તી વધારો એક ટકો છે. પ્રજાના ખોરાક માટે સરેરાશ વાર્ષિક ૪૫૦ લાખ ટન અનાજ જોઈએ છીએ—તો બીજું કયાં જાય છે? ઢોરને ખવરાવે છે. આગલા દસકામાં ઢોરને સરેરાશ વાર્ષિક ૪૫૦ લાખ ટન અનાજ ખવરાવતા તે હવે વધીને ૧,૦૦૦ લાખ ટન ખવરાવે છે. શા માટે? વધારે માંસ મેળવવા કારણ કે માંસનો ઉપભોગ ખૂબ વધતો જાય છે. વધારે માંસ ખવાય તેમ જીવન ધોરણ ઊંચું ગણાય એવી માન્યતા છે. અમેરિકન સરેરાશ સૌથી વધારે માંસ ખાય છે. રશિયાને તેની હરીફાઈ કરવી છે. આવા દેશો દુનિયામાં અનાજની તંગી ઊભી કરે છે અને અરધી દુનિયા ભૂખે મરે છે.

હમણાં એક પુસ્તક વાંચું છું: How the other Half Dies: the Real Reasons for world Hunger

by susan George. જરા પણ માનવતા હોય તો આંખ ઉઘાડે એવું પુસ્તક છે.

એવું જ શરાબનું. ચારે તરફ શરાબનો ઉપયોગ વધતો જાય છે. ઉપર જણાવેલ પ્રવચનમાં જ વિનોબાજીએ કહ્યું છે:

'હવે દારૂ – શરાબની વાત. શરાબ પીવો એને સંસ્કૃતમાં પંચ મહાપાતકોમાં ગણવામાં આવેલ છે. પંચ મહાપાતકોમાં એક મહાપાતક છે મદ્યપાન. જ્ઞાનીઓની હત્યા કરવી, ગુરુપત્ની સાથે વ્યભિચાર કરવો, સુવર્ણની ચોરી કરવી એ મહાપાતક છે. મામૂલી ચોરીની વાત જુદી છે, પણ સુવર્ણની ચોરી મહાપાતક છે કેમ કે જન્મભરની કમાઈ સુવર્ણ રૂપે રાખવામાં આવી હતી એને જ ઉઠાવી લેવામાં આવી. આવા ચાર મહાપાતક ગણાવ્યા અને એની સાથે જે સહયોગ કરે એને પાંચમું મહાપાતક ગણાવ્યું આવી વાત ઉપનિષદમાં આવે છે.'

ટાઈમ્સ ઓફ ઈન્ડિયાના તા. ૨૪-૧-૭૭ના અંકમાં પંજાબમાં વધત જતીશરાબખોરી ઉપર ખાસ લેખ છે. ચારે તરફ ગામડાઓમાં, કિસાનો અને મજૂરોમાં, યુવાનો અને વિદ્યાર્થીઓમાં, કેફી દવાઓ અને દારૂનો દૈત્ય ફરીવળ્યો છે. કેફી દવાઓ અને દારૂ પીવાથી મજૂરો વધુ કામ આપે છે, એવી માન્યતાઓ, મજૂરીના ભાગ તરીકે દારૂ અને માદક દવાઓ આપવામાં આવે છે. આખા પંજાબમાં ગંભીર સમસ્યા થઈ પડી છે. ભારતમાં પંજાબ સૌથી વધારે સમૃદ્ધ પ્રદેશ છે. સમૃદ્ધિનું પરિણામ ભોગવિલાસ અને અંતે વિનાશ – માંસાહાર હોય ત્યાં શરાબ આવે છે અને શરાબ હોય ત્યાં માંસાહાર આવે છે. માણસ પોતાની જાતનો વિચાર ન કરે ત્યારે માણસાઈ ભૂલી જાય છે.

૨૪-૧-૭૭ —ચીમનલાલ ચકુભાઈ

# ❋ તિતિક્ષા ❋

सहनं सर्वदु:खानाम प्रतिकारपूर्वकम् ।
चिंता विलापरहितं सा तितिक्षा निगद्यते ।। २४ ।।

**અનુવાદ :**

સહવા સર્વ સંતાપો કૈં વિરોધ કર્યા વિના,
ચિંતાવિલાપ છાંડીને, તિતિક્ષા તેહને કહી.

**શ્રી શંકરાચાર્યકૃત 'વિવેકચૂડામણિ' - શ્લોક ૨૪.**

'વિવેકચૂડામણિ' એ શ્રી શંકરાચાર્યના સરલ તત્ત્વદર્શનનું કાવ્ય-પુસ્તક છે; ૫૮૦ શ્લોક તેમાં રચેલા છે. ગુરુશિષ્ય-સંવાદ-શૈલીએ તેમાં મુક્તિવાંચ્છુ જીવોને આત્મજ્ઞાનનો બોધ છે. એ સંવાદશૈલી આપણે ત્યાં પરંપરાથી પ્રચલિત થઈ; તેનાં એંધાણ છેક અહીં છે. આત્માનું સ્વરૂપ, આત્મજ્ઞાન, તેમ જ તેનાં સાધનો, વળી બ્રહ્મ કહેતાં પરમાત્માનું સ્વરૂપ અને તેના જ્ઞાનસાધનોનું અહીં નિરૂપણ છે. તે એટલું સરલ છે અને તેની રજૂઆત શક્ય એટલી ભાવપૂર્વકની છે કે તેમાં જ આ જ્ઞાનભક્તિના સમર્થ સ્વામીનું પ્રભુત્વ પ્રગટી આવે છે. બ્રહ્મજ્ઞાનની આ ગૂઢ તત્ત્વવિદ્યાની આટલી લોકગમ્ય રજૂઆત, એ મહામેધાવિન્‌ની વિશદવેધકવ્યાપક ચેતનાની પ્રસાદી તરીકે પ્રભવે છે, એ તેની ખૂબી છે.

'વિવેકચૂડામણિ' એટલે? ચૂડામણિનો અર્થ છે, મુગટનો મણિ-તે વિશેષ લક્ષપાત્ર હોઈ, સર્વથી મોખરે - મહત્ત્વને સ્થાને હોય છે; એથી એ ઉત્તમ રત્ન હોય છે; તેમ અહીં આત્મિક સંપત્તિમાં વિવેક ગુણનું સર્વોત્કૃષ્ટ મૂલ્ય છે. તેથી તેને લક્ષ અને લક્ષ્યપાત્ર ગુણ લેખ્યો છે. એટલે જ તો શંકરાચાર્યે આ ગ્રંથના ચૂડામણિ સમા શીર્ષકસ્થાને તે શબ્દનું આસન ઠરાવ્યું છે ને!

ચિત્તના આ વિવેકગુણને આત્મા અને ને! પરમાત્માના સાક્ષાત્કાર અર્થે, આધ્યાત્મિક ભૂમિકાએ વિકસાવવો પડે છે; તેને જે પ્રકારે અને જે રીતે વિકસાવવો પડે છે, તેનો અહીં પરિચયબોધ છે. વિવેક એટલે સારું–નરસું સમજનારી બુદ્ધિ; પદાર્થો, ગુણો વ. નો ભેદ સમજનારી, તુલનાત્મક, તત્ત્વગ્રાહી બુદ્ધિ. હંસ જેમ નીર અને ક્ષીરનો વિવેક એટલે ભેદ ઓળખતો–સમજતો લેખાય છે, તેમ મનુષ્યે આ દ્વન્દ્વોથી ભરેલા જગતનાં ઈષ્ટઅનિષ્ટ તત્ત્વોને પિછાનવાં પ્રમાણવાં જોઈએ. જેથી કરીને ઈષ્ટની ગતિને માર્ગે, અંતે પરમ તત્ત્વ પ્રતિ ચિત્તની એકાગ્રતા સાધી શકાય. આમ વિવેક તે મનુષ્યની ઉત્તમ ચેતનાનો વિશેષ છે;વિબુધોના ચિત્તમાં વિરાજે છે. જેથી તેની પ્રજ્ઞા સ્થિર થાય છે. શ્રી શંકરાચાર્યે આધ્યાત્મિકતાના દષ્ટિબિન્દુથી આ વિવેકસાધનાનો તરીકો અત્રે દર્શાવેલો છે. બ્રહ્મ-જિજ્ઞાસુ શિષ્યે બ્રહ્મજ્ઞાની ગુરુ પાસેથી વિવેકની સમજસાધનાદ્વારા આત્મવિદ્યા મેળવવાની હોય છે. એ બાબતનો, ઉદ્‌બોધન અને અનુરોધદ્વારા, જ્ઞાનના કીમિયાગર શંકરાચાર્યે આ કૃતિમાં બોધ કરેલો છે.

અજ્ઞાનમાંથી મન અને દેહનાં બંધનો ઉદ્‌ભવે છે; આત્મસ્વરૂપના જ્ઞાનથી અને બ્રહ્મજિજ્ઞાસાથી, એ બંધનોમાંથી મુક્તિ મળે છે. એવી મુક્તિનો અભિલાષી સાધક તે મુમુક્ષુ છે. શ્રી શંકરાચાર્યે એવા મુમુક્ષુજન માટે ચાર સાધનો - ઉપાયો કહ્યા છે. જે 'સાધનચતુષ્ટય' તરીકે ઓળખ્યા છે. એ ચારે સાધનો - ઉપાયો સારાસારનો વિવેક સૂચવનારા છે. તેનાં નામ છે: (૧) નિત્યાનિત્યવસ્તુવિવેક. (૨) ઇહામુત્રાર્થફલ ભોગવિરાગ. (૩) શમાદિષટ્ક સંપત્તિ અને (૪) મુમુક્ષા.

આ ચારેના પરસ્પરસંબંધ સ્વરૂપે; તેમને સમજીએ: પ્રથમ નિત્યઅનિત્યના વિવેકવડે, બ્રહ્મ જે અવિનાશી - નિત્ય તત્ત્વ અને જગત જે ક્ષણિક, વિનાશી માટે જ અનિત્ય તત્ત્વ, તે બન્નેનો ભેદ ઉકલે છે. તેમ થતાં, બ્રહ્મ સત્ય છે ને જગત મિથ્યા છે, એ ભાવ દઢ થાય છે; એથી ઈષ્ટ પ્રતિ લક્ષ થાય છે.

બીજું સાધન છે, ઇહામુત્રાર્થ ફલભોગ વિરાગ. એટલેકે, આ લોક અને પરલોક બન્નેનાં જે અનિત્ય ફલો છે, તે ભોગવવા વિશે વિરક્ત ભાવ રહે છે. અને ભોગવાય તો પણ તે અનાસક્તિથી ભોગવાય છે.

ત્રીજા પ્રકારની સાધનામાં મનુષ્ય શમ, દમ વ. આત્માના છ ગુણોની સંપત્તિને કેળવે છે; તેને પરિણામે તેની મુમુક્ષુ બુદ્ધિ - મોક્ષેચ્છા-મુક્તિની અભિલાષા કેળવાય છે. ઉપરની ચારમાંથી, પહેલી, બીજી અને ચોથી સાધના ઉપરાંત, ત્રીજીમાં રહેલી છ સંપત્તિઓ મળીને કુલ નવની સાધનાથી મનુષ્યને આત્મજ્ઞાન થાય છે.

ત્રીજીની એ છએ છ સંપત્તિઓને - આત્માના ગુણોને, આપણે ઓળખવા જોઈએ: શમ ઉપરાંત દમ, ઉપરમ અથવા ઉપરતિ, તિતિક્ષા, શ્રદ્ધા અને છઠ્ઠી સંપત્તિ છે સમાધાન. તેને ટૂંકમાં સમજીએ, અને તેમાંના 'તિતિક્ષા' ગુણનો વિશેષ ભાવ ગ્રહણ કરીએ.

'શમ' એટલે ચિત્તનું નિયમન - નિયંત્રણ. વિષયોમાંથી મનને વારી લઈ પોતાના લક્ષ્યમાં જે સ્થિરતા, તે શમ અવસ્થા છે. જ્યારે 'દમ' છે, બાહ્ય ઈન્દ્રિયો - જ્ઞાનેન્દ્રિયો ને કર્મેન્દ્રિયોને વહી જતી, વાળી લેવી તે. ઉપરમદ્વારા વ્યક્તિ ચુસ્તપણે એકાગ્રતાથી સ્વધર્મનું આચરણ કરે છે.' તિતિક્ષા'નો અર્થ છે, જે કંઈ આવે તે ધીરતાથી વેઠી લેવાની વૃત્તિ; સુખ દુ:ખ વ. દ્વન્દ્વોને સમજી જે કંઈ પ્રતિકૂલતા હોય તેને શાંતિ-પૂર્વક સહી લેવી તે જ તપની વૃત્તિ અને તે તિતિક્ષા. 'શ્રદ્ધા'નું તત્ત્વ તે ગુરુ, શાસ્ત્રગ્રંથો, ધર્મપુરુષો વ.નાં વચન, વિચાર ને આચ-રણમાં ઊંડો વિશ્વાસ; જે એક પ્રકારની આસ્તિકતા જ છે. આત્માની આ સંપત્તિઓ - સદ્‌ગુણોને પરિણામે, બ્રહ્મ-પરમાત્મા તત્ત્વ પ્રતિ-ચિત્તની એકાગ્રતા કેળવાય છે. જ્યારે મનની આવી અવિચલતા ને સતતતા નીપજી આવે, ત્યારે તે 'સમાધાન' ગુણ છે.

આમ આત્માને મોક્ષમાર્ગ પ્રતિ દોરી લઈ જનાર, એક મહત્ત્વની સંપત્તિ તે 'તિતિક્ષા' શક્તિ છે. દુ:ખ સહન કરવાની શક્તિ વડે

જગતનાં દ્વન્દ્વોની નિ:સારતા સમજાય છે. વૈરાગ્ય જન્મે છે. સાચા જ્ઞાનનો ઉદય થતાં, આત્મા-પરમાત્માનું સ્વરૂપ સાક્ષાત થાય છે; તે અંગે વેઠવા અનિવાર્ય તમામ પ્રતિકૂલ અનુભવો તે તિતિક્ષા છે. અહીં દર્શાવેલા શ્લોકમાં, શાંતિસ્વસ્થતા - અક્ષોભપૂર્વકની સહિષ્ણુતાનું નિરૂપણ કરેલું છે. કોઇ પણ આત્માર્થી અર્થે આપણી સંસ્કૃતિએ-ધર્મશાસ્ત્રે તિતિક્ષાને માર્મિક ને અનિવાર્ય બળ ગણ્યું છે.

એ સંબંધી સમર્થન મેળવવા દૂર શું કામ જવું? ગીતામાં જુઓ ભગવાનનો અર્જુનને ઉપદેશ - તિતિક્ષાનો તેમણે કરેલો બોધ.

मात्रास्पर्शास्तु कौन्तेय शीतोष्णसुखदु:खदा: ।
आगमापायिनोऽनित्या तान् तितिक्षस्व भारत ।।

અર્થ: અધ્યાય - ૨, શ્લોક ૧૪.

હે અર્જુન, ઇન્દ્રિયો તથા તેના વિષયો શીતત્વ, ઉષ્ણત્વ, સુખ અને દુ:ખ આપનારાં છે; આવવા - જવાના ધર્મવાળાં એટલે કે ક્ષણિક - અનિત્ય છે. તેમને હે ભારત!' તું સહન કર.

આ આર્યગુણનું ઘણું ગૌરવ, માત્ર આપણા જ નહિ, જગતના તમામ ધર્મોમાં થયેલું છે. સંભારો, પેલું જાણીતું બાઇબલનું ઉપદેશવચન: "But if any one strikes you on the right cheek turn to him the other also." (Mathew: 5-38) જો કોઇ તારા જમણા ગાલ ઉપર મારે તો તેને બીજો ધરી દેજે.

બાઇબલનાં આ વચનોને ઝીણવટથી જોઇએ, તો કંઇક વિશેષ ભાવાર્થ રહેલો જણાય છે. કોઇના રોષને-દ્વેષને સહી લેજે, એ અર્થ તો ખરો જ; એથી વિશેષ, સામેનાના દ્વેષનું પૂરેપૂરું રેચન અને શમન થાય, ત્યાં લગી તું સહયોગ વડે સહી લેજે. તેવો સક્રિય સમજનો ભાવ છે.

માનવ મનોવ્યાપાર દષ્ટિએ બાઇબલના આ બોધ - સૂચનમાં સારસ્ય રહેલું છે. એનો સાર ગ્રહીએ તો એ થાય કે અનિષ્ટનો પ્રતિકાર, ઇષ્ટવડે જ થવો જોઇએ. શંકરાચાર્ય આ શ્લોકમાં જે અપ્રતિકાર - અવિરોધનું કહે છે, તેને આટલા ભાવાર્થ સુધી ખેંચી લઇ શકાય ખરો. કારણ, વિરોધના કોઇ પણ અંશમાં, સૂક્ષ્મ સ્વરૂપે હિંસાનું તત્ત્વ રહેલું છે, તે પ્રજવાળી - ઓગાળી નાખી, અહીં સમર્પણભાવે, શરણ થવાની રીતે તેને જીતવાની વાત છે. આ સમર્પણભાવ સ્વયં મનુષ્યમનની જે આઘાત - પ્રત્યાઘાત વૃત્તિ છે, તેના પરનો કુઠારાઘાત તે બની રહે છે. જે, કંઇ વિરોધ જ કરતું નથી, તેની સામે, વિરોધ જ કેમ કરવો? એ જાગ્રત મને અનુભવેલી મુશ્કેલી છે. આવી સદ્ભાવપૂર્વકની શરણાગતિ, સામાને જગાડવા ને જીતવા સારું કામયાબ નીવડે છે. જો તે હેવાન ન હોય તો, તેની સુપ્ત ઇષ્ટ વૃત્તિ જાગી જાય છે.

આ તિતિક્ષાનાં બે ક્રિયાત્મક પાસાં છે: અનિષ્ટના આક્રમણને કશા પ્રતિકાર - સામના વિના વેઠી લે; તો વળી, ઇષ્ટ માટે આવશ્યક સાધનાની જહેમત ઉઠાવી લે. અનિષ્ટો લોપવા માટે, સહી લે: ઇષ્ટ પામવા માટે, કષ્ટો વેઠી લે. કેવી રીતે? ચિંતાવિલાપ છાંડીને - ત્યજીને સહી લે. અર્થાત આસકિત દૂર કરવાની છે; વસ્તુ વિશેની આસકિત જ મનુષ્યને, હોવા વિશે ઔત્સુક્યચિંતા અને ન હોવા વિશે શોક-વિલાપ જગાડે છે. એટલે, સાચા જ્ઞાનથી - આભ્યંતર તપથી સમજ કેળવતાં, જેમ ચિંતા ન થાય, તેમ ખેદ પણ ન થાય. તો પછી વિરોધની - પ્રતિકારની વૃત્તિ તો શાની જ રહે? મનની આ ઘટનાને વર્ણવીએ તો એમ કહેવાય, કે આંતરિક બળ-કડી તાકાત કેળવવાની છે. અંધારા માર્ગે લક્ષ્યબિંદુએ પહોંચવાનું છે. અંધારાના અનિષ્ટમાંથી જાતને જાળવી લેવાની છે; ઝળહળ જ્યોતના લક્ષ્યને નજરમાં ભરવા માટે, તેના પર અમીટ નજર નોંધવાની છે; અને તે જ સ્વયં તપશ્ચર્યા છે.

તો શું આ કોઇ ભીરુની - કાયરની - કાચાપોચાની વેઠી લેનારી વૃત્તિનો વિપાક છે? ના, નહિ. દેખીતું છે કે એ સત્‌નો મારગ છે: માટે જ શૂરા, સમજુનો મારગ છે. એ ધ્યેયને જે વરે છે, તે તે પંથે ચાલવા માટે નૈતિક બળ અને આત્મશ્રદ્ધા આપોઆપ પ્રગટાવી જાણે છે. સર્વ પ્રત્યવાયો - બાધાકારક બળોને સહી લેવાનો તેનો ધર્મ બની જાય છે. પોતાના આંતર કે બાહ્ય જગતના આમૂલ પરિવર્તન માટે મથવાની તેની સાધના છે. જે, ચેતનાની ઉત્તમ શકિતઓ પ્રકટાવી જાણે તે જ આ સહી લેવા તૈયાર થાય. જગતના પયગંબરો, ધર્મીપુરુષો, ખોજકો, વિભૂતિઓ અને આત્માર્થીઓ માટેનો, આ તલવારની ધાર પર રહેવાનો તપોમાર્ગ છે. એક જાતક કથામાં બોધિસત્ત્વ બનનાં પૂર્વે, ભગવાન બુદ્ધ મન, વચન અને કાયાનાં તપમાંથી પાર પડે છે, તેનું અહીં સ્મરણ થાય છે.

આ જગત દ્વન્દ્વોથી રચાયેલું છે. સુખદુ:ખ, રાગદ્વેષ વ. વ. તેથી જ અનુકૂળતા પ્રતિકૂળતાનાં અનંત પ્રગટીકરણો સંભવે છે; જેના પર નથી માનવનું અબાધિત ચલણ કે અકાટ્ય નિયંત્રણ. એથી તો આ માનવને નસીબે વિવિધ વક્રતાઓ (Ironies) સરજાઇ છે. તેનું સમારકામ 'એક સાંધે ત્યાં તો તેર તૂટે' જેટલું દુષ્કર, મિથ્યા છે. તેવી ઘટના ઉપરનું મનુષ્યનું સાત્ત્વિક નિયંત્રણ કેવી રીતે સંભવિત કરવું? એ આત્માર્થી મનુષ્ય માટે એક મોટી સમસ્યા છે; તેવાને આત્માના - ચેતનાના પ્રતિષ્ઠાપન અર્થે તિતિક્ષાની કેળવણી અનિવાર્ય બને છે. માટે જ વેદોપનિષદ કાળથી તપનાં સ્થૂલ-સૂક્ષ્મ અર્થોભાવના અને વ્યાખ્યા વિચારાયાં છે. તે સહુનો સમાન અંશ આ છે: ચૈતન્ય સાથે નિકટનો સંબંધ સ્થાપી આપનાર તે તપ છે. આપણા પ્રાજ્ઞ ચિંતકપુરુષ ગોવર્ધનરામે આ જ આશયથી તપની વ્યાખ્યા મૂકેલી છે. "ધર્માર્થે આપણા પર આવી પડતાં દુ:ખોની ઉપેક્ષા" તે તિતિક્ષા છે. આ દષ્ટિએ એમણે આર્ય હૃદય માટે મન, વાણી અને કર્મની તિતિક્ષાનો ઉલ્લેખ પણ કરેલો છે.

સહન કરવાની આ શકિત પણ ત્રિગુણાત્મક હોઇ શકે. સારાસારની સદંતર સમજ-વિવેક વિનાની જે સહી લેનારી વૃત્તિ, તે જડ પ્રકૃતિ-તમોગુણી છે. કચવાટપૂર્વકની કે એક યા બીજે નિમિત્તે ક્ષોભપૂર્વકની જે સહનશીલતા છે, તે રજોગુણી છે. તો સત્ત્વગુણીનો આશય આધ્યાત્મિક વલણનો હોઇ, પ્રતિકારની સાથે સાથે ઇષ્ટનો અભિગમ (**approach**) હોય. પણ તે ચિત્તની સર્વોચ્ચ ભૂમિકાથી હેઠલી - નીચેની દશા છે. જે વ્યકિત વિરોધ કરી શકવાની શકિત ધરાવતો છતાં સહજભાવે સહી લે છે, તે જ સર્વોત્કૃષ્ટ તિતિક્ષા છે. એ પગથિયે ચડી ગયા પછી એવું બને કે તેવા સાધકે સમજીને માત્ર મનથી પોતાના મનમાં સહજભાવે તેની બરદાસ કરવાની રહે છે. તેનો સૂક્ષ્મ પ્રભાવ આસપાસનું જગત કંઇક સચેત હોય તો પડયા વિના રહેતો નથી. અને શંકરાચાર્ય પ્રસ્તુત શ્લોકમાં તેવી તપોમયતાનું ચિત્ર દોરે છે.

એ તપોમયતા અક્ષુબ્ધ અવિકારી ચિત્તની પ્રસાદી છે; તેની એ સ્થિરતામાંથી જ સમતા - સ્થિરપ્રજ્ઞા સંભવે છે. માટે જ જૈનધર્મીઓ આવી સમતા - સમભાવમાં ચિત્તને સ્થાપવાની અગત્ય સ્વીકારે છે: "પોતાનાં પરિણામોને સમભાવમાં સ્થાપિત કરી આત્માને જોવો એનું નામ જ આલોચના છે."

(સમણસુત્ત - ૪૬૫ ગાથા-મોક્ષમાર્ગ વિભાગ: અનુવાદક અમૃતલાલ ગોપાણી - પ્રકાશન: યજ્ઞપ્રકાશન સમિતિ - વડોદરા)

તિતિક્ષમાંથી જન્મેલા મનના આ વલણને, આસ્તિકતાની વિધેયાત્મક શૈલીએ વર્ણવીએ તો, આમ કહેવાય:

इश्वरार्पितं नेच्छयाकृतम् ।
चित्तशोधकं मुक्तिसाधनम् ।।

रमण महर्षिकृत — उपदशसारम्

ઇશ્વરને અર્પીને અનાસકિત ભાવે જે કાર્ય થાય છે તે ચિત્ત શુદ્ધ કરનારું અને મોક્ષનું સાધન બને છે. આમ તિતિક્ષા એ મુમુક્ષુની એક સમીપવર્તી સાધના છે. પર્વતારોહણની ચેતનાનો એ રાજીખુશીનો પુરુષાર્થ છે.

**—હીરાબહેન પાઠક**

# ☆ જૈન સાહિત્ય ☆

**[શ્રી મહાવીર જૈન વિદ્યાલયના હીરક મહોત્સવ પ્રસંગે, તા. ૨૦, ૨૧ અને ૨૨ જાનેવારીને રોજ, જૈન સાહિત્ય સમારોહનું આયોજન કર્યું હતું જેમાં વિદ્વાનોએ ભાગ લીધો હતો. તેના ઉદ્‌ઘાટનમાં અને અંતે સમાપનમાં, શ્રી ચીમનલાલ ચકુભાઈએ કરેલ પ્રવચનોનો સાર અહીં આપવામાં આવે છે.]**

જૈન સાહિત્ય સમારોહનું ઉદ્‌ઘાટન કરવાનું મને નિમંત્રણ આપ્યું તે માટે શ્રી મહાવીર જૈન વિદ્યાલયનો આભારી છું. તેમાં મારી યોગ્યતા કરતાં, ડૉ. રમણભાઈ શાહ અને વિદ્યાલયના અધિકારીઓની મારા પ્રત્યેની મમતા વધારે કારણભૂત છે તેમ કહેવામાં હું ખોટી નમ્રતા બતાવતો નથી. અહીં ઉપસ્થિત વિદ્વત્‌ગણ સમીપે જૈન સાહિત્ય વિષે મારે કાંઈ કહેવું તે અનધિકાર ચેષ્ટા ગણાય, છતાં તે વિષયે થોડું વાંચ્યું છે અને વિચાર્યું છે અને ખાસ કરી, ભગવાન મહાવીર ૨૫૦૦ મા નિર્વાણ મહોત્સવ દરમિયાન, રાષ્ટ્રીય સમિતિના મંત્રી તરીકે, સાહિત્યપ્રકાશન અંગે જે અનુભવ થયો અને વિશેષ વાંચન કરવાની તક મળી, તેથી જૈન સાહિત્યનો ઠીક પરિચય થયો છે.

અહીં જૈન સાહિત્ય એટલે માત્ર લલિત વાઙ્‌મય નહિ પણ જૈનોએ લખેલ દરેક વિષયનું બધું સાહિત્ય. જ્ઞાનનો કોઈ વિષય એવો નથી કે જેના ઉપર જૈનોનું યોગદાન ન હોય. આ સાહિત્ય ભંડાર ઘણો વિપુલ છે. પાર્શ્વનાથ વિદ્યાશ્રમ, બનારસ તરફથી "જૈન સાહિત્યનો બૃહત્‌ ઈતિહાસ", એવી એક મોટી યોજના કરી, છ ગ્રન્થો પ્રગટ કર્યા છે. ડૉ. હીરાલાલ જૈનનું એક પુસ્તક છે, 'ભારતીય સંસ્કૃતિમાં જૈન ધર્મનું યોગદાન', તેમાં ઉપલબ્ધ સકળ જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઈતિહાસ, લગભગ ૧૫૦ પાનામાં આપ્યો છે. હજી ઘણું સાહિત્ય જૈન ભંડારોમાં અપ્રકટ પડ્યું છે. પણ છેલ્લા ૫૦-૬૦ વર્ષમાં, સારા પ્રમાણમાં પ્રસિદ્ધ થયું છે.

જૈન ધર્મની – શ્રમણ પરંપરાની – પ્રાચીનતા હવે સર્વ સ્વીકૃત છે. શ્રમણ પરંપરા, વૈદિક સંસ્કૃતિથી પણ પ્રાચીન છે. વેદોમાં દેવ-દેવીઓની આરાધના, પ્રકૃતિના તત્ત્વોની પૂજા, યજ્ઞો અને તેની મારફત ઐહિક સુખ સંપત્તિની પ્રાપ્તિ, વિશેષ જોવા મળે છે. શ્રમણ સંસ્કૃતિ શરૂઆતથી તપ, ત્યાગ અને વૈરાગ્યપ્રધાન રહી છે. ઉપનિષદોમાં આધ્યાત્મિક વિચારણા પ્રધાનતા પામે છે. જૈન સાહિત્ય મુખ્યત્વે આધ્યાત્મિક છે. વખત જતાં, વૈદિક અને શ્રમણ સંસ્કૃતિનો સમન્વય થયો. વર્તમાન ભારતીય સંસ્કૃતિ, એટલે વૈદિક, જૈન અને બુદ્ધ ધર્મનો ત્રિવેણી સંગમ. જૈન સાહિત્યનો વિચાર આ સંદર્ભમાં કરવો રહે છે. શંકરાચાર્યે જૈન અને બુદ્ધ ધર્મ ઉપર આક્રમણ કર્યું અને હિન્દુ ધર્મની પુનઃપ્રતિષ્ઠા કરી ત્યારે, બુદ્ધ ધર્મ હિન્દુસ્તાનમાંથી નામશેષ થયો જ્યારે જૈન ધર્મ ટકી રહ્યો. તેનું કારણ મને એમ લાગે છે કે જૈનોએ એક પ્રકારનું સમાધાન કર્યું. ધર્મથી જૈન રહ્યા, વ્યવહારમાં હિન્દુ થયા. હિન્દુ સમાજની જ્ઞાતિ - જાતિ સ્વીકારી, તેના રીત-રિવાજો અપનાવ્યા, હિન્દુ કાયદો જૈનોને લાગુ પાડ્યો પણ ધર્મથી પોતાનું વ્યકિતત્વ જાળવી રાખ્યું.

જૈન સાહિત્યમાં મુખ્ય - આગમો એક ગણતરીથી ૩૨, બીજી ગણતરીથી ૪૫. આ આગમ ગ્રન્થોનું સંકલન ભગવાન મહાવીરના નિર્વાણ પછી લગભગ એક હજાર વર્ષે થયું. દિગમ્બર માન્યતા અનુસાર બધું આગમ સાહિત્ય કાળક્રમે લોપ થયું છે અને મૂળ રૂપમાં અપ્રાપ્ય છે. દિગમ્બર સાહિત્ય બધું આચાર્ય રચિત છે. પણ શ્વેતામ્બર સાહિત્ય કે દિગમ્બર સાહિત્ય, બન્નેમાં, ભગવાન મહાવીરના ઉપદેશની મૂળ ધારા સચવાઈ રહી છે. આગમ સાહિત્ય ઉપર, નિર્યુકિત, ભાષ્ય ચૂર્ણિ તથા ટીકાના રૂપમાં વિશાળ સાહિત્યની રચના થઈ છે. આ બધું સાહિત્ય મોટે ભાગે આધ્યાત્મિક જીવનને લગતું છે.

આ ઉપરાંત બીજા વિષયો ઉપર પણ વિશાળ જૈન સાહિત્ય છે; ન્યાય નય - નિક્ષેપ, અનેકાન્ત, સ્યાદ્‌વાદ, કાવ્ય, વ્યાકરણ, છંદ અલંકાર, કોશ, નાટ્ય, સંગીત, કલા, ભૂગોળ, ખગોળ, ગણિત, જ્યોતિષ, આયુર્વેદ, અર્થશાસ્ત્ર વિગેરે વિષયો ઉપર વિવિધ પ્રકારનું સાહિત્ય છે. વિપુલ કથાસાહિત્ય, પૌરાણિક અને ઐતિહાસિક ચરિત્ર સાહિત્ય, આચાર - મુનિઓ તથા શ્રાવકોના - વિધિ - વિધાનો, ક્રિયાઓ, યોગ, ધ્યાન, કર્મવાદ જ્ઞાનનો કોઈ વિષય એવો નથી જેના ઉપર જૈનસાહિત્ય ન હોય.

આ સાહિત્ય વિવિધ ભાષાઓમાં છે. અર્ધમાગધી, શૌરસેની, અપભ્રંશ, સંસ્કૃત, કન્નડ, તામિલ, પ્રાચીન ગુજરાતી વગેરે.

આ બધા સાહિત્યને કેવી રીતે મૂલવશું? અત્યાર સુધી ઘણું અપ્રકટ હતું. હવે પ્રકટ થતું જાય છે. દાખલા તરીકે ભૂગોળ, ખગોળ, ગણિત, જ્યોતિષ, આયુર્વેદ વિગેરે વ્યવહારિક જ્ઞાનના વિષયો છે, તેમાં ઘણી પ્રગતિ થઈ છે. આગમોમાં સૂર્ય પ્રજ્ઞપ્તિ, ચંદ્ર પ્રજ્ઞપ્તિ, જમ્બૂદ્વીપ પ્રજ્ઞપ્તિ વિગેરે ગ્રન્થો છે. તેને સર્વજ્ઞ પરૂપિતમાની અંતિમ લેખવા? ભાગ્યે જ એમ કહી શકીએ. તેવી રીતે કાવ્ય, અલંકાર, વ્યાકરણ, છંદ વિગેરેનું પણ. ન્યાય, પ્રમાણ, અનેકાન્ત, સ્યાદ્વાદ વિગેરે તર્કશાસ્ત્ર - લોજીક-ના વિષયો છે. તેમાં ગ્રહણ કરવા યોગ્ય ગ્રહણ કરીએ. અન્ય વિચાર ધારાઓનો તુલનાત્મક અભ્યાસ કરીએ. કથા સાહિત્ય તથા ધર્મોપદેશનું સાહિત્ય શ્રેષ્ઠ હોય તેનું અધ્યયન કરીએ. આ બધું મુખ્યત્વે વૈરાગ્યલક્ષી છે. આ બધા સાહિત્યમાં, તત્કાલિન સામાજિક અને ઐતિહાસિક પરિસ્થિતિની માહિતી મળે છે તેનો ઐતિહાસિક દષ્ટિએ અભ્યાસ કરીએ.

આપણે અનેકાન્તની વાતો કરીએ છીએ અને તેને માટે ગૌરવ લઈએ છીએ, પણ ખરેખર આપણી દૃષ્ટિ અનેકાન્ત છે? મતાગ્રહો અને અંધશ્રદ્ધાથી કેટલા ઘેરાયેલા છીએ? રૂઢ થયેલી માન્યતાઓને લેશ પણ આંચ આવે એવો વિચાર પણ કરવા આપણે તૈયાર નથી.

જૈન દર્શનનું જીવશાસ્ત્ર – બાયોલોજી – અતિ ગહન છે. વર્તમાન વિજ્ઞાન હવે તેનું સમર્થન કરે છે. પણ બન્નેનો તુલનાત્મક અભ્યાસ કાંઈ જ નથી. આપણી પરિભાષા જુદી છે. તેમાંથી બહાર નીકળ્યા જ નથી. જૂની પરંપરાગત પરિભાષામાં જીવના ભેદ - પ્રભેદ ગોખે જઈએ છીએ. સર્વજ્ઞ ભાષિત માનીને સ્વતંત્ર વિચાર અથવા તુલનાત્મક અભ્યાસ કરતા નથી. વર્તમાન બાયોલોજી અને જૈનદર્શનનું જીવશાસ્ત્ર, બન્નેનો ગહન અભ્યાસ હોય એવી વ્યકિતઓ વિરલ છે.

અંતે રહે છે, દ્રવ્યાનુ યોગ અને આચાર ધર્મ- Metaphysics and ethics. નવતત્ત્વ અને ષડ્‌દ્રવ્ય, તથા અહિંસા, સંયમ અને તપ. નવ તત્ત્વમાં જીવ-અજીવનું દ્વૈત સ્વીકાર્યું છે. આસ્રવ અને બંધ, જેમાં કષાયો, લેશ્યાઓ, રાગ અને દ્વેષનો સમાવેશ થાય છે તે માનસશાસ્ત્રના વિષયો છે. સંવર અને નિર્જરા, આચાર ધર્મ છે, જેમાં બધા વ્રતોનો અને અહિંસા, સંયમ અને તપનો સમાવેશ થાય છે. Ethical code of conduct તેમાંથી ઘડી કાઢેલ વિધિ-વિધાનો, કાળ ક્રમે જડ ભારરૂપ થાય છે. પુણ્ય અને પાપ શુભ અશુભ કર્મના પરિણામ છે. ષડ્‌દ્રવ્યમાં પ્રથમ બે છે: જીવ અને અજીવ. બીજા બે, ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય એટલે ગતિ અને

સ્થિતિ Rest and motion પદાર્થોની ગતિ - સ્થિતિ માટે આ આ બે દ્રવ્યોની કલ્પના કરી. છેલ્લા બે, આકાશ અને કાળ, જર્મન ફિલસૂફ કેન્ટે કહ્યું તેમ, માનવીનાં મનની કલ્પનાઓ છે They are concepts of human mind અંતિમ તત્ત્વ, અનંત અને કાલાતીત છે. Ultimate Reality is beyond time and space .

આ બધા વિષયો ગહન અભ્યાસ અને સ્વતંત્ર વિચારણા - Critical study - માગે છે. સર્વજ્ઞ કથિત છે એમ માની લઇએ તો સ્વતંત્ર વિચારને કોઇ અવકાશ રહેતો નથી. અન્યથા વિચાર કરવો તે મિથ્યાત્વ લેખાય. સમજવા માટે જિજ્ઞાસુ ભાવે શંકા કરવી એ પણ મિથ્યાત્વ લેખાય. જગતના મહાન તત્ત્વજ્ઞોએ અને અન્ય દર્શનોમાં જીવનની આ બધી સમસ્યાઓની ગહન વિચારણા થઇ છે અને વર્તમાનમાં પણ થાય છે એની અવગણના કરવી પડે.

વર્તમાનમાં જૈન સાહિત્ય પ્રકટ થાય છે તેમાં મૌલિક વિચારણા, તુલનાત્મક અભ્યાસ અથવા મૂલ્યાંકન જેવું ભાગ્યે જ હોય છે. સંશોધનને નામે કોઇ હસ્તપ્રતનું સંપાદન કરે અને પી. એચડી.ની ડિગ્રી મળે, ભગવાન મહાવીરના જીવન અને ઉપદેશના પુસ્તકો વાંચીએ તો બધામાં લગભગ પરાપૂર્વથી ચાલી આવતા વર્ણનો અને હકીકતો જ હોય. કોઇ નવો વિચાર કે વર્તમાન જીવનના સંદર્ભમાં નવી પ્રેરણા જોવા ન મળે. સાહિત્ય પ્રકાશન પાછળ જૈન સમાજ લાખો રૂપિયા ખરચે છે, પણ તેની ગુણવત્તા જોવાની ભાગ્યે જ પરવા કરે છે. સંશોધન સંસ્થાઓ વચ્ચે પરસ્પરના વિચાર-વિનિમય અથવા સંકલન - Co-ordination -ના અભાવે ઘણું પુનરાવર્તન થાય છે.

ભગવાન મહાવીરે, વિદ્વાનોની ભાષા સંસ્કૃત છોડી, જન સામાન્ય સમજી શકે તે માટે લોકભાષામાં ઉપદેશ આપ્યો. હવે તે ભાષા - અર્ધ - માગધી - લોકભાષા રહી નથી. તેને વર્તમાન લોકભાષાઓમાં ઉતારવી જોઇએ. દરેક દર્શનને પોતાની પરિભાષા હોય છે. આ પરિભાષા વર્તમાન વિચાર ધારાના સંદર્ભમાં પરિવર્તિત કરવી જોઇએ. અર્થ ન સમજાય તો સમજણપૂર્વક આચરણ ક્યાંથી થાય ?

સમાપનમાં :

તત્ત્વજ્ઞાન વિભાગનાં પ્રમુખ ભાઇ દલસુખભાઇ માલવણિયાએ કેટલાક વિચારો સ્પષ્ટતાથી રજૂ કર્યા છે તે મનનીય છે. તેમણે કહ્યું કે દર્શનશાસ્ત્રમાં જૈનોએ મોડેથી પ્રવેશ કર્યો. આચારાંગ સૌથી પ્રાચીન સૂત્ર છે, તેમાં આચાર ધર્મ છે અને ખાસ કરી મુનિઓનો, તેમાં જીવ - અજીવના ભેદ બતાવ્યા નથી. ચિત્ત - અચિત્ત શબ્દો વાપર્યા છે. ષડ્દ્રવ્યનો ઉલ્લેખ નથી. Ethics precedes metaphysics, દર્શનશાસ્ત્રનો વિકાસ પછી થયો. કાળક્રમે એ વિકાસ થંભી ગયો. હવે જૂનું વાગોળ્યા કરીએ છીએ.

ભગવાન મહાવીરે બતાવેલ જીવનસાધનાનો આચાર ધર્મ - અહિંસા, સંયમ અને તપ, આધ્યાત્મિક અનુભૂતિ છે. સિદ્ધાંત એ જ રહે પણ તેના આચરણનું સ્વરૂપ સમયે સમયે બદલાય. ગાંધીજીએ અહિંસાનું વ્યાપક સ્વરૂપ બતાવ્યું, જૈન ધર્મની દષ્ટિ મુખ્યત્વે વ્યકિતગત મોક્ષની, સંસાર વ્યવહાર પ્રત્યે ઉપેક્ષાની રહી છે. સમાજમાં રહી વ્યકિત અહિંસાનું આચરણ કરી શકે તે માટે સમાજની રચના અહિંસાના પાયા ઉપર થવી જોઇએ. હિંસાના આધાર ઉપર રચાયેલ સમાજમાં અહિંસક આચરણ વ્યક્તિ માટે વિકટ છે. A moral man in an immoral society is a paradox તેથી પ્લેટોએ આદર્શ રાજ્યની રચના કરી. ગાંધીજીએ અહિંસક સમાજની રચનાનો માર્ગ બતાવ્યો. જૈનધર્મે અહિંસક જીવનની સિદ્ધિ માટે સંસારનિવૃત્તિનો માર્ગ અપનાવ્યો અને અહિંસા, સંયમ અને તપની અંતિમ કોટીના મુનિધર્મને આદર્શ બનાવ્યો. પરિણામે ધર્મ અને વ્યવહાર ભિન્ન થઇ ગયા. વર્તમાન જીવનની સમસ્યાઓનું મૂળ, વધતી જતી હિંસા અને ભોગપ્રધાન વૃત્તિમાં રહેલું છે. અહિંસા અને સંયમને જીવનના બધા વ્યવહારમાં ગૂંથી ન લઇએ ત્યાં સુધી સુખ અને શાન્તિ મળવાના નથી. જૈનધર્મ આ દિશામાં ઘણું યોગદાન કરી શકે તેમ છે, પણ તે માટે દષ્ટિ પરિવર્તન અને સ્વતંત્ર ચિન્તન આવશ્યક છે જે કાંઇ છે તે સર્વજ્ઞ ભાષિત છે અને તેમાં કાનો, માત્રાનો ફેરફાર ન થાય એવું વલણ હોય ત્યાં સુધી, ભગવાન મહાવીરના જીવનદર્શનની ક્રાન્તિકારી ઝલક આપણા જીવનને સ્પર્શવાની નથી.

૨૮-૧-'૭૭ —ચીમનલાલ ચકુભાઇ

# ન્હાનાલાલનાં નાટકોની તખ્તાલાયકી

કવિશ્રી ન્હાનાલાલ ગુજરાતના હૃદયમાં અચલપ્રતિષ્ઠ છે અને સદાયે રહેશે જ એવી પ્રતીતિ હાલ કંઇક વિશેષભાવે થઇ રહી છે. આવતા માર્ચની તા. ૧૬મીએ આ મહાન કવિની જન્મશતાબ્દી છે. મુંબઇમાં તેની ઉજવણીનો આરંભ કવિશ્રીની સમસ્ત વાઙ્મય ચેતનાના મૂર્ત આવિષ્કારમાં જ ભવ્યતા અને રમણીયતાનો સાક્ષાત્કાર વર્ષોથી ગુજરાતે વિસ્મય અને ઉલ્લાસપૂર્વક કર્યો જ છે તે પુન: અભિનવ રૂપે થાય એ રીતે થઇ રહ્યો છે. એ સ્મૃતિશેષ થયેલા કવિશ્રીને તેમના પ્રચંડ અને દીપ્તિવંત અક્ષરદેહના સંદર્ભમાં વિશેષભાવે ઓળખવા મૂલવવાની પ્રવૃત્તિ રૂપે છેલ્લી શ્રદ્ધાંજલિ ગઇ તા. ૧૦, ૧૧ તથા ૧૨ મી જાન્યુઆરીએ ઇન્ડિયન મરચન્ટ્સ ચેમ્બરના સભાગૃહમાં અપાઇ. શ્રી મુંબઇ જૈન યુવક સંઘે સ્વ. મંગળજી ઝવેરચંદ મહેતા પ્રેરિત અને સંઘ સંચાલિત વિદ્યાસત્રનો આરંભ જ કવિશ્રીની જન્મશતાબ્દી નિમિત્તે પ્રસિદ્ધ કવિ, નાટ્યકાર અને નાટ્યાચાર્ય શ્રી ચન્દ્રવદન મહેતાનાં ત્રણ વ્યાખ્યાનો દ્વારા થયો. તેથી કવિશ્રી ન્હાનાલાલની પ્રતિભાનું ગૌરવ તો યોગ્ય રીતે થયું જ, તે સાથે મુંબઇ જૈન યુવક સંઘના ગૌરવમાં પણ કંઇક વૃદ્ધિ થઇ. એ પ્રસંગે પ્રમુખસ્થાને હતા ડૉ. રમણલાલ ચી. શાહ.

ડૉ. રમણલાલ શાહે શ્રી ચન્દ્રવદન મહેતાનું અને ઉપસ્થિત શ્રોતાઓનું સ્વાગત કરતાં કવિશ્રી ન્હાનાલાલને અંજલિ આપતાં તેમના વ્યકિતત્વનો, તેમની પ્રતિભાનો ને કવિકર્મરૂપ તેમની સિદ્ધિઓનો મહિમા ટૂંકમાં પણ ઘણી સરસ રીતે ને સૂચકરૂપે એમ કહીને ગાયો કે : "કવિશ્રી ન્હાનાલાલની કવિતામાં એમની પ્રકૃતિનો જરા ય પડઘો નથી વર્તાતો, તેમનું ગૌરવ તેમની સિદ્ધિને કારણે છે. હવે પછીનાં સો વર્ષ રહીને જો ગુજરાતી સાક્ષરોની જયંતીઓ એટલે કે શતાબ્દીઓ ઊજવવાની હશે તો તેમાં અન્ય કોઇ સાક્ષરનો સમાવેશ થવાનો હશે કે નહિ તે તો કોણ જાણે પરન્તુ સાક્ષર શ્રી ગોવર્ધનરામ અને કવિશ્રી ન્હાનાલાલ આ બે મહાન સાક્ષરોનો સમાવેશ અચૂક થશે જ. ન્હાનાલાલ માત્ર કવિ નહોતા, કવિ ઉપરાંત ચિંતક અને ફિલસૂફ હતા."

શ્રી ચન્દ્રવદને પોતાનાં વ્યાખ્યાનોનો આરંભ કવિશ્રી ન્હાનાલાલ સાથેનાં પોતાનાં કેટલાંક સંસ્મરણોની રજૂઆતથી કર્યો. તેમના કહેવા પ્રમાણે કવિશ્રી સાથે તેમનો સત્સંગ ૧૯૨૦માં, મુંબઇમાં એલ્ફિન્સ્ટન કૉલેજમાં ભણતાં ભણતાં થયો. જે ૧૯૪૬માં કવિશ્રીના અવસાનકાળ સુધી ઉત્તરોત્તર મીઠાશમાં વધતો રહ્યો. તેમણે કવિશ્રી સાથેના પોતાના એ પચ્ચીસ વર્ષના આત્મીય સંબંધની ઝલક દાખવતાં કહ્યું : "અમે એ પચ્ચીસ વર્ષના ગાળામાં ગુજરાતમાં ઘણાં

સ્થાનકોમાં સાથે વિચર્યા, ફર્યા, તે સમયના રાજવીઓની એમની આંગળીએ મહેમાની માણી. ખાસ તો વાંસદા નરેશને ત્યાં, પછી પોરબંદર નરેશને ત્યાં, સોનાના વાટકાઓમાં અને ચાંદીની કથરોટ જેટલી મોટી થાળીમાં જમવાના લ્હાવા લીધા. એ બંને રાજવીઓને એમની હાજરીમાં, જાહેરમાં અમદાવાદની ગુજરાત કૉલેજમાંની એક સભામાં ૩૧મી જાન્યુઆરી ૧૯૪૫ને રોજ એમણે બિરદાવેલા: "સુદામાજીના પ્રતિપાળ અને દંડકારણ્યના દ્વારપાળ" હજી મારી સ્મૃતિમાં એ પડછંદી બોલના પડઘા રમમાણ છે.

વાંસદા, તીથલ, ડુમસ, અમદાવાદ તથા મુંબઈમાં જૂહુને કાંઠે અમે સાથે ફર્યા છીએ. મારી શરૂઆતની કવિતાઓ એમણે સુધારી છે. ઘણું ઘણું એમનાથી પામ્યો છું. વાંસદામાં તો મહેમાન ગૃહ મોટું; એમાંના ખંડો પણ અતિ વિશાળ અને ચારે બાજુ આંબાવન. કવિ તો ચાર વાગ્યાના ઊઠે. કંઇ લખે. કદીક બહાર ફરે, પણ ક્યારેક પછી કોયલ અને બીજાં પંખીઓ બોલે, તે સાંભળવા હોકારો દઇ ઉઠાડે અને જુદાં જુદાં પંખીઓના કલરવની સમજણ પાડે. હું બહુ નસીબદાર વ્યકિત છું. નરસિંહરાવ, કેશવ હર્ષદ ધ્રુવ, ખબરદાર, અને બળવંતરાય ઠાકોરની મારા પર કૃપા. કવિ ન્હાનાલાલના મારી ઉપર ચાર હાથના આશીર્વાદ, મારાં માતાના અવસાન પ્રસંગે મારે ઘેર મુંબઇ – ખારમાં આવી એમણે આપેલા આશ્વાસનના બોલ હું વીસરી શકું એમ નથી. વળી મારા સંસારી જીવનમાં એમણે હૂંફાળો ભાગ ભજવ્યો હતો. એમણે મારા સંબંધી એક કાવ્ય લખી મને મોકલ્યું હતું."

આકાશવાણીના મુંબઇ કેન્દ્રમાંની પોતાની કારકિર્દી દરમિયાન ૧૯૪૪-'૪૫ માં શ્રી ચન્દ્રવદન કવિશ્રી ન્હાનાલાલને આકાશવાણી પરથી સ્કૂલ બ્રોડકાસ્ટ માટે બે વાર્તાલાપ કરવા લઈ ગયેલા ને વેઈટિંગ રૂમમાં મોટો હાર પહેરાવી તેમણે તેમનું સ્વાગત કરેલું તથા ગુજરાતી કવિતા પરના તેમના એ બંને વાર્તાલાપની રેકર્ડ પોતે જતનથી જાળવેલી એ હકીકતનો પણ તેમણે ભારપૂર્વક ઉલ્લેખ કરેલો. પ્રેમ ભકિતના સૂત્રમાં માનનારા એ રસ કવિએ "આત્મા ઓળખે એ વર, બીજા બધા પર" જેવી કંઇક ટૂંકી અને ટચ ઉકિતઓથી ગુજરાતી ગદ્ય અને પદ્યને અલંકાર્યું છે તથા ભાવનાપ્રધાન અને આદર્શવાદનાં અનેક સૂત્રોથી એમણે પોતાની કૃતિઓને રસસમૃદ્ધ કરી ગુજરાતી સાહિત્યને શણગાર્યું છે" એમ કહ્યા પછી શ્રી ચન્દ્રવદને કવિશ્રીનાં નાટકો. (જેમાંનાં બે - ત્રણ જ એકાદ બે વાર જ ભજવાયાં છે) વિષે તેમાંના "નાટય કલાતત્ત્વ"ના સંદર્ભમાં વાત કરતાં કહ્યું હતું: "સાત આઠ વિવેચકોએ કહ્યું છે કે ન્હાનાલાલનાં નાટકો ભજવાય એવાં નથી; નિરંજન ભગતે એટલે સુધી કહ્યું છે કે "ન્હાનાલાલે ૧૪ નાટકો લખ્યાં પણ તેઓ નાટકકાર નથી." ન્હાનાલાલે પોતે પણ કહ્યું છે: "મ્હારાં બારેય નાટકો કાવ્ય જ છે." વિવેચકોના મત સાથે હું જરૂર સંમત થાઉં છું. ન્હાનાલાલનાં નાટકો જેવાં છે તે સ્વરૂપે અલબત્ત નહીં જ ભજવી શકાય; પરન્તુ રંગભૂમિને ધ્યાનમાં રાખી એ નાટકોને મઠારવામાં આવે, એમાંથી અમુક અંશો કાઢી નાખી, કૃતિઓના સત્ત્વને હાનિ પહોંચાડયા વગર એમાં કેટલુંક ઉમેરવામાં આવે તો કેટલાંક સુંદર એકાંકીઓની વસ્તુ તારવી, એ ઉપરથી, આછી બાંધણી – ગૂંથણી થઇ શકે. રસકવિ શ્રી રઘુનાથ બ્રહ્મભટ્ટે "જયા જયન્ત"ને તેનાં પાત્રોને ઓપ ચડાવી, તેમાં નાટયતત્ત્વનો સંભાર ભરીને, ભાવો તેના તે જ રાખી ગીતો નવેસરથી રચીને "શૃંગી ઋષિ" રૂપે રજૂ કર્યું હતું ને તેના કેટલાક પ્રયોગ થયા હતા. નાટક એ 'વર્બલ આર્ટ' છે; ક્રિયાપદોની કલા છે. ક્રિયા વિશેષણ કરતાં કર્મને બાજુએ રાખી નાટકમાં અમુક ઉમેરીએ તો કવિશ્રીનાં દશ બાર નાટકો ભજવી શકાય. ન્હાનાલાલનાં નાટકો ભાવનાપ્રધાન છે. તેમાં જે પાત્રો છે તે ન્હાનાલાલની પોતાની ભાવનાઓના ઉદ્‌ગાતા છે અને તેમનો વિકાસ થતો નથી એ સાચું. પરન્તુ ન્હાનાલાલનાં અપદ્યા ગદ્યમય નાટકોનાં પાત્રોની ઉકિતઓ લયાન્વિત છે. તેમાં આરોહ અવરોહ છે. એરિસ્ટોટલની વ્યાખ્યા મુજબ એ નાટકોમાં કાવ્યતત્ત્વ પણ છે. પાત્ર વિકાસ નથી પણ વસ્તુ વિકાસ તો છે જ. સંઘર્ષનું તત્ત્વ પણ નથી એમ નથા. અલબત્ત, પશ્ચિમનાં નાટકોમાં છે તેવો 'લાઉડ' સંઘર્ષ અલબત્ત, નથી; પરન્તુ કાલીદાસ, ભવભૂતિ આદિનાં સંસ્કૃત નાટકોમાં છે તેવો સૂક્ષ્મ સંઘર્ષ તો છે જ. ન્હાનાલાલે પોતાનાં નાટકોમાં જેને જરાયે ઊણું થવા દીધું નથી એ કાવ્યતત્ત્વને બહેલાવીએ તો એમાંનું નાટયતત્ત્વ જરૂર ઊપસી આવે એમ છે. ન્હાનાલાલમાં વિશાળ કલ્પના વૈભવ છે. એમના કલ્પના વિહરે છે ત્યારે એમને ભૂગોળનું ભાન નથી રહેતું, ગગનગામી કલ્પનાવિહાર દરમિયાન ન્હાનાલાલના પગ ધરતી ઉપર ન રહે તો રંગભૂમિ ઉપર તો તે ક્યાંથી જ હોય? 'અકબર શાહ'માં ન્હાનાલાલે ૩૦૦ સિંહ, ૨૦૦ વાઘ અને સંખ્યાબંધ ઊંટ તથા હાથીઓની ઉપસ્થિતિવાળા દ્રશ્યની રજૂઆત કરી છે, તે દુનિયાની કોઈ પણ રંગભૂમિ ઉપર રજૂ કરવાનું શકય જ નથી. પરતુ શેઈક્સ્પિયરનાં ૩૫ નાટકોમાંથી છ હજાર નાટકો હિંદુસ્તાને ભજવ્યાં તો કવિના એક "અકબર શાહ"માંથી તેમને અન્યાય કર્યા વગર બે નાટકો તો ભજવી જ શકાય. બે શું- ત્રણ નાટકો ભજવી શકાય. "જયા જયન્ત" જેવું નાટક જેની સાત સાત આવૃત્તિઓ થઈ છે ને જેની છ હજાર નકલો ખપી છે તેમાંથી ત્રીસ મિનિટનું અક એકાંકી નિર્માણ કરવાનું અટલું બધું અઘરું નથી."

શ્રી ચન્દ્રવદને કવિશ્રીની એક નાટય કૃતિ "વિશ્વગીતા"ની પ્રસ્તાવનામાંનો કેટલોક અંશ વાંચી સંભળાવી ગ્રીક રસશાસ્ત્રની નાટયશૈલીમાં એકાગ્રતાની જે ત્રણ સંધિઓ પાળવામાં આવતી હતી તે વિશે કવિશ્રીના પોતાના શા ખ્યાલ હતા તે સ્પષ્ટ કર્યા હતા. પ્રસ્તાવનામાં કવિશ્રીએ જણાવ્યું છે કે "ગ્રીક રસશાસ્ત્રની નાટયશૈલીમાં એકાગ્રતાની ત્રણ સંધિઓ પાળવાની પ્રથા હતી. એક કાળની, બીજી દેશની, ત્રીજી વાર્તા–વસ્તુની. આ ત્રિવેણી ગૂંથણીની રસનિયમાવલીની આણ યુરોપમાં પ્રધાનત: ચક્રવર્તી રહી. પછી શેઈક્સ્પિયર અને માર્લોએ એ તોડી અને ત્રણમાંની બે, દેશકાળની એકાગ્રતા એમણે ન પાળી. માર્લો શેઈક્સ્પિયરની પૂર્વે અઢારેક સૈકાથી તો આપણાં ભારતીય નાટયશાસ્ત્રના કલા વિધાનમાં, ત્યાં શેઈક્સ્પિયરે સાધ્યું તે એક જ વસ્તુએકાગ્રતાનું કલાસ્વાતંત્ર્ય પ્રવર્તમાન હતું. ત્યાં કાલીદાસ કે ભવભૂતિ કોઇના કલા વિધાનમાં દેશકાળની એકાગ્રતા નથી. વસ્તુએકાગ્રતાનું કલાગુંફન છે. બાણ ભટ્ટની કાદંબરીમાંના જન્માન્તરનાં કથા–ભ્રમણોમાં વસ્તુ એકાગ્રતાનું કલાવિધાન સર્વોપરી છે. આપણી નાટયકલામાં જ નહિ, નાટય, કાવ્ય, કાદંબરીના આપણા સમસ્ત રસપ્રદેશમાં વસ્તુએકાગ્રતાનું કલાસૂત્ર ચક્રવર્તી છે. "વિશ્વ ગીતા"માં દેશકાળની એકાગ્રતા નથી કે નથી વાર્તાવસ્તુની કાર્યકારણ સંકલનાની એકાગ્રતા." ન્હાનાલાલનાં નાટકોમાં નાટયતત્ત્વ છે જ પરન્તુ આપણે ત્યાં 'ડ્રામેટિક' અને 'થિયેટ્રિકલ' વચ્ચેનો ભેદ હજી પ્રમાણાયો નથી. ન્હાનાલાલનાં નાટકોમાંના નાટયતત્ત્વનો 'ડ્રામેટિક' એવો અર્થ નહિ પરન્તુ 'થિયેટ્રિકલ' એવો અર્થ કરવાથી તકલીફ ઊભી થાય છે."

કવિશ્રીની નાટય કલાવિભાવનાને ખપ પૂરતી પ્રકાશિત કર્યા પછી શ્રી ચન્દ્રવદને "જયા જયન્ત" જેનાં કથાવસ્તુ, પાત્રાલેખન તથા ક્રિયાવેગ ત્રણે પાતળાં છે તેના પહેલા અંકના સાતમા પ્રવેશમાંથી એક એકાંકીનું નિર્માણ કઇ રીતે થઇ શકે તે દર્શાવ્યું હતું. જયાને છેતરીને એની માએ એને વસંતોત્સવને બહાને શણગારી, તે વાત તેની દાસી દ્વારા પ્રગટ કરાવી, પરણવા આવનાર કાશીરાજ અંગેનો જયાનો સંઘર્ષ રજ કરી, જયા અને જયન્ત વચ્ચેનો સંવાદ

રચી જયાને નસાડી મૂક્યા બાદ, ઉપસ્થિત થયેલા કાશીરાજનો બળાપો, છણકો, ક્રોધ વગેરે વિસ્તારી "આકાશ પાતાળ એક કરી જયાને શોધી લાવ" એવા રાજમાતાના આદેશના પાલન અર્થે જયન્ત ઊપડી જાય તે પછી "રાજકુમારી, નહિ તો રાજપાટ જીતી લઈશ" એ "કાશીરાજના ક્રોધના આવેશ અને એ ચર્ચામાં પડદો પાડી દઈ પ્રેમ ખરો, પણ લગ્નબંધન નહીં એટલે શરીરસંબંધ નહીં એવા આદર્શવાદની એકાંકીનો નકશો શ્રી ચન્દ્રવદને છટાપૂર્વક સાભિનય સંવાદ બોલી બતાવી રજૂ કર્યો હતો.

બીજે દિવસે તા. ૧૧મીએ શ્રી ચન્દ્રવદને સાધુચરિત સ્વ. પ્રાધ્યાપક ગૌરીપ્રસાદ ઝાલાના વિવેચન સંગ્રહ "અક્ષરા" નું ઉદ્દ્ઘાટન કરી સદ્ગતને શ્રદ્ધાંજલિ અર્પી, તે પછી તેમણે "વિશ્વ-ગીતા" માંથી શાસ્ત્રમંથન પ્રધાન "માહિષ્મતીનાં નીર" એ પ્રવેશ બીજામાંની સંવાદ ચર્ચા એની એ રાખી શંકરાચાર્ય, મંડન-મિશ્ર અને તેમનાં વિદુષી પત્ની શ્રી ભારતી દેવી ત્રણેની ઉક્તિ-ઓને ઘટિત સંવાદમાં વિભાજવાની યોગ્ય ક્રિયા નિયોજવામાં આવે તો વીસથી પચ્ચીસ મિનિટનું કેટલું સ-રસ એકાંકી નિર્માણ થઈ શકે તે દર્શાવ્યું હતું.

ત્યાર બાદ એ જ કૃતિમાંથી જેમાં નાટ્યતત્ત્વ કંઈક ઓછું છે, ક્રિયાવેગ અને ઘટનાઓની ગોઠવણી પણ મંદ છે એ "ધનુષ્ય-પૂજા" ના ત્રીજા પ્રવેશમાંથી, ઘટનાઓને વધારે નાટ્યાત્મક બનાવી, એમાં હાસ્યરસ ઉમેરી તથા બીભત્સરસને હળવો બનાવી પ્રથમ એ રસ, પછી હાસ્ય, પછી વીર અને અંતે થોડોક શૃંગાર એમ ચતુર્વિધ રસનું ૩૦થી ૩૫ મિનિટનું વિનોદરસભર્યું એકાંકી કઈ રીતે રચી શકાય તે વિનોદપૂર્ણ સંવાદો બોલીને દર્શાવ્યું હતું.

ત્યાર પછી શ્રી ચન્દ્રવદને "વિશ્વગીતા" માંથી જ 'પંચ-વટીના પુણ્યતીર્થે" નું પુષ્પ લઈ, એ પ્રવેશનું સ્ટેગરિંગ એટલે કે વિભાજન નવેસરથી કરીને એને એકાંકીના ઘાટમાં ગોઠવવાનો પ્રયત્ન કર્યો હતો. સીતાના હરણ માટેના રાવણના માયાવી પ્રપંચનો આરંભ, હાહાકાર, બૂમ, "દોડો દોડો", "લક્ષ્મણની બૂમ બધું, ને પથ્યમાંથી અને એ પ્રકારના સંગીત દ્વારા ભયજનક વાતાવરણથી કરી, આવનાર અનિષ્ટના ભણકારા વાગતાં સીતાને પર્ણકુટીની છેક અંદર મોકલી દઈ તેની જાણ વગર તેની રક્ષા અર્થે જળની રેખા આંકી લક્ષ્મણ જાય તે પછી, રાવણની ઉપસ્થિતિ, પ્રથમ તેની અન્નની ને પછી સીતાના દેહની માગણી કરી, લક્ષ્મણ રેખા ઓળંગી ચૂકેલી સીતાનું અપહરણ કરાવી જતાં જતાં ત્રસ્ત સીતાએ ફેંકવા માંડેલાં અલંકારોને આધારે રામ પત્નીની શોધમાં લંકા આવશે તો પોતાને મોક્ષ વહેલો મળશે એવી રાવણની સૂચિત ઉક્તિથી વકતાએ એ એકાંકીની સમાપ્તિ કરી હતી. આ કૃતિમાં રાવણના પાત્રને સર્વોત્તમ ઉઠાવ મળે તેની વકતાએ સારી કાળજી રાખી હતી.

"એ પછી તેમણે "ભરત ગોત્રનાં લજ્જા ચીર" એ કૃતિ લઈ તેમાં ઓછાંમાં ઓછાં પાત્રો લઈ, તેમની ઉક્તિઓ ઓછી કરી, કવિશ્રીની ભાષા અને તેમના આયોજનને કાયમ રાખી અગન-જ્વાળા સમી, અપમાનિત અને કારુણ્યમૂર્તિ દ્રૌપદીની સુંદર એકોક્તિ નીપજાવતી કૃતિનું સંવિધાન રજૂ કર્યું હતું.

પાત્રોના સંવાદનું તેમનું પઠન તો છટાભર્યું હતું જ; પરન્તુ દ્રૌપદી જેવી અપમાનિત નારીની અસહાયતા, કરુણતા અને ક્રોધ તથા તેનાં શાપ વચન વગેરેને અભિવ્યક્તિ અર્પતી એની એકોક્તિનું પઠન, પાત્રગત ભાવો સવિશેષ અસરકારક રીતે રજૂ થાય એવું હતું.

ત્રીજે દિવસે શ્રી ચન્દ્રવદને, ન્હાનાલાલ મુંબઈમાં એન. એમ. ત્રિપાઠીને ત્યાં ત્રાજવે વેચાયા હતા એ ગ્લાનિ જન્મા-વતી વાતનો નિર્દેશ કરી પોતે ન્હાનાલાલના આશક હોઈ પોતે પોતાનું ઋણ અદા કરી રહ્યા હોવાનું જણાવીને "વિશ્વગીતા" માંથી "તપસ્વીના શાપ" એ પ્રવેશ લઈ આશુરોષ દુર્વાસાનું, મુનિએ શકુંતલાને આપેલા શાપની જાણ થતાં જેનું હૃદય સખી શકુંતલા અંગેની ચિંતાથી ખળભળી ઊઠયું છે તે પ્રિયંવદાની વેદના, મુનિને પડકારતી તેની તર્કબદ્ધ દલીલો, શાપ નિવારવા દુર્વાસાને તેની વિનવણી તથા અનસૂયાનો આઘાત આ ત્રણે પાત્રોના હૃદ્ગત ભાવોને વાચા આપતા પ્રાણવાન સંવાદથી, મૂળ માત્ર છ જ મિનિટમાં સમાપ્ત થતા પ્રવેશમાંથી ૩૫ મિનિટનું એકાંકી કઈ રીતે રજૂ કરી શકાય તે વકતાએ મૂળ પ્રવેશને ચાર વિભાગમાં વિભાજિત કરીને દર્શાવ્યુ હતું. પ્રિયંવદાને પ્રથમ વિનમ્ર, પછી થોડીક ઉગ્ર પણ તાર્કિક, પછી સ્વસ્થ–વકીલાત કરનારી અને પછી કાર્ય સાધનાને વિચારે ફરી નમ્ર એમ એ પાત્રનાં ત્રિવિધ પાસાં વકતાએ સારાં ઉપસાવી બતાવ્યાં.

એ પછી કવિશ્રીનાં નાટકો પૈકી નાટયોચિત સંભારનું તત્ત્વ જેમાં સર્વથી અધિક પ્રમાણમાં છે તે "જહાંગીર નૂરજહાન" અને "અકબર શાહ"–આ બે નાટકો લઈ તેમાંથી "અકબર શાહની અંતિમ યાત્રા" એ નામની ઉદ્ભાવિત કૃતિનું આયોજન "અર-વલ્લીનાં કોતરોમાં" "બાગ" અને "ફત્તેહપુર સિક્રીમાં અકબર શાહ" એ ત્રણ દશ્યો સ્વરૂપે કરી બતાવી 'વૃન્દાવનની સંત મંડળી' એ અંતિમ દશ્યની રજૂઆતથી વકતાએ પોતાના ત્રીજા વ્યા-ખ્યાનની સમાપ્તિ કરી હતી. ત્રણે વ્યાખ્યાનો રસની બાબતમાં આરોહણ ક્રમમાં રહ્યાં હતાં. ત્રીજું વ્યાખ્યાન રસની પરાકાષ્ટાએ પહોંચ્યું હતું. "અરવલ્લીનાં કોતરોમાં" એ પ્રથમ દશ્યમાં મૃત્યુની સમીપ જઈ રહેલા રાણા પ્રતાપની આસપાસ વિષણ્ણ થઈને તેના સામંતો બેઠા છે ત્યાં અકબર શાહ એ હિંદવા સૂરજના મ્હોંજોણે આવે છે. થોડીક ક્ષણોની એ મુલાકાતવાળા દશ્યને શ્રી ચન્દ્રવદને પ્રતાપનું ખમીરવન્ત ક્ષાત્રતેજ અને ક્ષાત્રધર્મ તથા મહારાણાના અંતરાત્માની સાચી પિછાન લઈને વ્યાકુળ ચિત્તે પાછા ફરતા અક-બરની ભાવમય ક્ષણોને સજીવ કરી બતાવી હતી. બીજું દશ્ય મહેરુન્નિસા પ્રત્યેના સલીમના પ્રેમના વિજયનું છે. મહેરનો ખાવિન્દ શેરખાન સલીમથી હણાયો હતો એ ગેરસમજનું જાળું દૂર થયું અને મહેર સલીમનો સ્વીકાર કરે છે. આ દશ્યના સંવાદ દર-મિયાન ભાષાના આરોહ અવરોહથી સજીવ થતી ડોલનશૈલીની ખરી કસોટી તખ્તા ઉપર જ થઈ શકે છે એ સત્ય વકતાએ ઠીક દર્શાવ્યું.

"ફત્તેહપુર સિક્રીમાં અકબર" એ તૃતીય દશ્યમાંની નાટય-ત્મકતાને શ્રી ચન્દ્રવદને એકલવાયા ને વિષાદ યોગમાં ડૂબેલા અક-બરની ભાવોત્કટ એકોક્તિનો રસ ચખાડી, ખંડમાંના વાતાવરણને પણ વિષાદસિક્ત કરી મૂક્યું હતું "અકબર શાહ" ના બીજા અંકના છઠ્ઠા પ્રવેશમાં જમના તટે વૃન્દાવનમાં વટવૃક્ષની છાયામાં મળેલી ગોસ્વામી હરિદાસ મહારાજની સંત મંડળી સમક્ષ તાનસેનના નરવ્યાં બાજન્દા તરીકે ઉપસ્થિત થયેલો અકબર જીવા ગોસાઈ, મીરાં-બાઈ, સૂરદાસ, તુલસીદાસ તથા નંદદાસ વગેરે વૈષ્ણવી સંતોના ભજન શ્રાવણથી શુદ્ધ ભક્તિ રસના આસ્વાદમાં કેવો નિમગ્ન થાય છે તે તત્ત્વને ઉપસાવતું "વૃંદાવનની સંત મંડળી" નું દશ્ય રજૂ કર્યું હતું.

કવિશ્રીનાં નાટકો પ્રત્યેના શ્રી ચન્દ્રવદનના આ સર્જનાત્મક અભિગમને પ્રમુખસ્થાનેથી ડૉ. રમણલાલ શાહે મુક્ત કંઠે બિરદાવી તેમનાં વ્યાખ્યાનોને મંતર્પક તરીકે ઓળખાવી તેમની શક્તિને અંજલિ આપી હતી.

**– કૃષ્ણવીર દીક્ષિત**

## કરુણામય ?

નાનો હતો ત્યારે નાના મોટા અપરાધો માટે
બાએ પણ મને ક્યારેય ઠપકો નહોતો આપ્યો.
આંસૂ એના. પવિત્ર હું થતો હતો.
પણ
તું પિતાની જેમ જ હંમેશ આંખ લાલચોળ રાખવાની હઠ
શા માટે રાખે ?
તું ઈશ્વર શાનો–
જો તું મને માફ ન કરી શકે ?

**– વિપિન પરીખ**

# આરોગ્યના દુશ્મનોને પ્રગટ કરનારો યુરોપી ભડવીર

"આધુનિક દવા લોકોના આરોગ્ય માટે ઊલટાની હાનિકારક થવા માંડી છે અને તેના ફાયદા કરતાં ગેરફાયદા વધુ છે." આવી વાત જો કોઈ સામાન્ય માણસ કરે તો ભારતમાં તેનો ઉધડો જ લેવાઈ જાય. ડૉકટરો ઊકળી ઉઠે. પણ "મેડિકલ નેમેસિસ" નામના એક પુસ્તકમાં જ્યારે આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પામેલા વિચારક, ફિલસૂફ અને ધર્મશાસ્ત્રી શ્રી ઈવાન ઈલીચ નામની વ્યક્તિ આમ લખે ત્યારે આપણે તેને વજૂદ આપવું જોઈએ. શ્રી ઈવાન ઈલીચ જો કે ડૉક્ટર નથી, પણ બ્રિટનના ડૉ. ડબલ્યુ. એ. આર. થોમસન કહે છે કે દેશી ઓસડિયાંમાં રહેલા રસાયણોનું વધુ પડતું શુદ્ધિકરણ (ઓવર પ્યોરિફિકેશન) થાય છે તેને કારણે તે દવાઓ વધુ આપત્તિ ઊભી કરે છે. ડૉ. થોમસન કહે છે કે કોઈ પણ ઓસડને વધુ પડતું શુદ્ધ કરવાથી તે ખતરનાક બની શકે છે. શ્રી ઈવાન ઈલીચ માત્ર દવા કે ડૉકટરોના દુશ્મન નથી. તે અત્યારના કૃત્રિમ જીવનથી ત્રસ્ત થયેલા છે. તેમનું 'મેડિકલ નેમેસિસ' નામનું પુસ્તક લોકોને એટલું બધું ગમી ગયું છે કે તેની યુરોપમાં તો રાા લાખ નકલો ખપી ગઈ છે અને તેનું નવ ભાષામાં ભાષાંતર થયું છે. ભારતના બહુ ઓછા લોકો હજી "મેડિકલ નેમેસિસ" વિષે જાણે છે.

શ્રી ઈલીચ આ પુસ્તકમાં કહે છે કે માનવીને રોગ થાય છે તેનાથી જે પીડા ઉપડે છે એ પીડા અથવા દર્દ પણ જરૂરી છે. આ દર્દમાંથી નવો મનુષ્ય સર્જાય છે. શ્રી ઈલીચ કહે છે કે "માનવી દવાનો શોખીન બની ગયો છે. સ્ત્રી સગર્ભા થાય એટલે તે ઈચ્છે કે તેને કશીક દવાની જરૂર છે. નવા જન્મેલા બાળકને પણ દવા આપવા માંડીએ છીએ, પણ દવા હવે દરેક બાબતમાં નિષ્ફળ જાય છે. દર્દીને હોસ્પિટલમાં લઈ જાય છે, ત્યાં તેની અનેક ચકાસણી થાય છે અને પછી ત્યાં તેને પદ્ધતિસર રીતે "મારી" નખાય છે. કેટલાક લોકો હોસ્પિટલમાંથી જ નવી બીમારી લઈને બહાર નીકળે છે."

શ્રી ઈલીચ આગળ કહે છે કે "દવાથી મોટા ભાગના કેન્સરના દર્દો મટતા નથી, સંધિવા મટતો નથી, આગળ વધી ગયેલો લિવરનો સોજો મટતો નથી, હૃદયની રકતવાહિનીઓને લગતા રોગો મટતા નથી." "દવાથી સરેરાશ આયુષ્ય વધ્યું છે તે વાત ખોટી છે. અમેરિકા જેવા દેશમાં જ્યાં ઊંચામાં ઊંચી તબીબી સારવાર અને આધુનિક દવાઓ મળે છે તે દેશના લોકોની સરેરાશ આયુષ્ય ૧૦ વર્ષ પહેલાં હતી તેના કરતાં ઘટી છે. અમેરિકામાં દર વર્ષે રૂા. ૧૦૦૦૦૦ કરોડ આરોગ્ય ઉપર ખર્ચાય છે છતાં આ હાલત છે."

સૌથી મહત્ત્વની વાત શ્રી ઈલીચ કહે છે તે આ પ્રમાણે છે.– "કોઈ પણ સમાજનું સામાન્ય આરોગ્ય તેના આસપાસના વાતાવરણ ઉપર આધાર રાખે છે તેમ જ માનવીની સામાજિક અને આર્થિક સ્થિતિ ઉપર પણ સ્વાસ્થ્યનો આધાર છે. દવાના ઉપચાર કરવા કરતાં તેનું વાતાવરણ, સામાજિક અને આર્થિક સ્થિતિ સુધારવાની જરૂર છે. યુરોપમાં સ્વિટઝરલેન્ડ, ડેનમાર્ક અને સ્વિડન જેવા દેશોમાં આરોગ્યનું ધોરણ ઊંચું છે કારણ કે ત્યાં ઝૂંપડપટ્ટીઓ કે ગંદા વસવાટ નથી. આ દેશોમાં આરોગ્યને લગતી કોઈ ખાસ અનોખી સગવડો નથી. બધા ગરીબ દેશોમાં જ્યાં ચેપી રોગો બેતૃતીયાંશ જેટલા મરણ માટે જવાબદાર ત્યાં દવાની જરૂર નથી પણ યોગ્ય પ્રકારના ચોખ્ખા વાતાવરણની, ચોખ્ખા પાણીની, પૂરતા અને સ્વચ્છ રહેણાકની, પૂર્ણ રોજગારીની અને સામાજિક સુખાકારીની જરૂર છે. એને બદલે ગરીબ દેશોમાં આપણે દવાઓ ખડકયે રાખીએ છીએ."

શ્રી ઈલીચના આવા અંતિમ પ્રકારના વિચારો સાથે જો કે ઘણા લોકો સંમત થતા નથી. પણ વધુ પડતી આધુનિકતા અને વધુ પડતા દવાવાદ ઉપર થોડી "બ્રેક" આવવી જોઈએ તેવા શ્રી ઈલીચના મત સાથે તો સૌ સંમત થશે. બ્રિટનની એક ગૃહિણી શ્રીમતી જોસેફાઈન બોલ્ટન જે એક વખત ડૉકટર હતી અને તેણે દવામાં ઉદ્ભવેલી અશ્રદ્ધાને કારણે ડૉકટરી છોડી દીધી છે તે બહુ જ સરળ ભાષામાં કહે છે કે પહેલાંના જમાનામાં તમે બીમાર પડતા હતા ત્યારે ઘરમાં કે ગુફામાં સૂઈ રહેતા અને બીમારી હોય ત્યાં સુધી ખાવા પીવાનું છોડી દેતા હતા, પણ હવે...

...Now you are given pills to keep you going at all cost... If the body succumbs to infection it is only too likely that Nature considers it needs a rest — a chance to recharge batteries." અર્થાત અત્યારે તો કોઈ પણ ભોગે બીમારીમાં પણ આપણે ભોગ-વિલાસ અને ભાગદોડ શરૂ રાખવી છે. શરીર કોઈ બહારના જંતુને વશ થાય તો તેને આરામની જરૂર છે. તેના શકિતના સ્રોતને પુનર્જીવીત થવાની અપેક્ષા હોય છે."

પણ હવે લોકોને બધું જ તત્ક્ષણ જોઈએ છે. તેના પરિણામો બૂરા આવે છે. ઑલિમ્પિકની રમતો યોજાય છે તે પહેલાં ઘણા ખેલાડીના મરણ થાય છે, કારણ એ જ કે રમતની સ્પર્ધા પહેલાં ખેલાડી બીમાર પડયો હોય ત્યારે ઝટપટ દવાથી સારો થાય છે અને પછી અતિ શ્રમને કારણે તેનું હૃદય બંધ પડી જાય છે. આ પ્રકારે છેલ્લે ચાર ખેલાડી મરી ગયા હતા. શ્રી ઈવાન ઈલીચ આવાં ભયસ્થાનો પ્રત્યે આંગળી ચીંધે છે.

શ્રી ઈવાન ઈલીચ આધુનિક વાહનવ્યવહારના પણ કટ્ટા દુશ્મન છે. શ્રી ઈલીચ કહે છે કે માનવીને જો સૌથી વધુ ઝડપનું વાહન જરૂરી હોય તો તે એક બાયસિકલ છે. તે પોતે મોટે ભાગે બાયસિકલનો ઉપયોગ કરે છે. તેમના દવા અને આધુનિકતા અંગેના ઉદ્દામ વિચારો જોઈને ઘણા દેશોમાં તેમ જ યુનેસ્કોમાં પણ તેને પ્રવચન આપવા બોલાવાય છે ત્યારે તેણે જેટ વિમાનમાં પ્રવાસ કરવો પડે છે. તેમણે ઝડપી-જીવન અંગે બહુ રસપ્રદ આંકડો કાઢયો છે. "એક અમેરિકન આખા વરસમાં તેની મોટરકાર પાછળ ૧૬૦૦ કલાક વેડફે છે." શ્રી ઈલીચ ઈચ્છે છે કે અત્યારે જગતમાં "સાંસ્કૃતિક ક્રાંતિ"ની જરૂર છે. નવ ભાષા જાણનારા શ્રી ઈલીચ હજી ૪૯ વર્ષના છે અને શ્રી કૃષ્ણમૂર્તિની જેમ હાલના સમાજની ખામીઓ અને ભયસ્થાનો બતાવીને તે માટેનો કોઈ તૈયાર ઈલાજ આપતા નથી.

એમની એક વાત સૌને વિચારમાં પાડી દે તેવી છે. શ્રી ઈલીચ કહે છે કે માનવીને ધંધાદારી શિક્ષકની જરૂર નથી. "આપણે સૌએ અવિધિસર રીતે એકબીજા પાસે શીખવાની જરૂર છે. કોઈ એક કોમ્પ્યુટર યંત્રની ગોઠવણ દ્વારા વાત કરવા માટેના યોગ્ય સાથીદારની પસંદગી કરીને કોઈ કાફેમાં કે બગીચામાં બેસીને વાતો કરો તેનાથી જે શિક્ષણ મળે છે તેટલું શિક્ષક પાસેથી મળતું નથી."

શ્રી ઈલીચ અત્યારે મેકસીકોમાં રહે છે. તેમણે શિક્ષણ અંગે "ડિસ્કુલિંગ" (deschooling) નામનું પુસ્તક લખ્યું છે તેની બ્રિટનમાં જ ૧ લાખ નકલો ખપી ગઈ છે. ઔદ્યોગિક સમાજને ઉધડો લેતું ત્રીજું પુસ્તક છે: "સેલીબ્રેશન ઓફ એવરનેસ". ભારતમાં શ્રી ઈલીચને પ્રવચન આપવા કોઈ સામાજિક સંસ્થાએ બોલાવવા જેવા છે.

– કાન્તિ ભટ્ટ

# એક પત્ર


તંત્રી, પ્રબુદ્ધ જીવન સુરત તા. ૬-૧-'૭૭

જૈન સાધુ - સાધ્વીઓ હજી પણ પરંપરાગત ઢબે મળમૂત્ર વિસર્જન અંગે ફલશ સંડાસનો ઉપયોગ ન કરતાં 'ખુલ્લી જગ્યાના ઠલ્લા' માટે આગ્રહ રાખે છે. નાનાં મોટાં શહેરોમાં હવે ઉપાશ્રય નજીક ઝાઝી ખુલ્લી જગ્યા હોતી નથી અને શ્રમણ સમુદાય આ બાબતમાં બાંધછોડ માટે તૈયાર નથી. ટ્રસ્ટીઓ મોટે ભાગે શ્રમણ વર્ગને નારાજ કરવા તૈયાર નથી. તેથી શ્રમણ વર્ગને ફલશ જાજરુ કે મૂતરડીનો ઉપયોગ કરવા માટે ભારપૂર્વક જણાવતા નથી. ઘણા જૈન યુવાનો 'ઠલ્લા' ના ઉપયોગ અંગે સૂગ ધરાવે એ સ્વાભાવિક છે; પરંતુ તેઓમાં પણ તેઓને તે વિશે કહેવાની નૈતિક હિંમત નથી.

મેં તેરાપંથી આચાર્ય પરમ પૂજ્ય તુલસી મહારાજજીને તથા પ. પૂ. પદ્મસાગરજી સાથે આ બાબતમાં ચર્ચા કરી હતી. પણ 'બિલાડીને ગળે ઘંટ કોણ બાંધે' એવી મનોદશા દરેક ફિરકાના જૈન સાધુ–સાધ્વીની છે. મારી જાણ મુજબ પ. પૂ. મુનિશ્રી સંતબાલજી જે ક્રાંતિકારી જૈન સાધુ છે તે આવા ફલશ શૌચાલયનો ઉપયોગ કરે છે.

ગીચ વસતિવાળા શહેરોમાં 'ઠલ્લા' આરોગ્યની દષ્ટિએ કેટલા હાનિકર્તા છે તે તો આપણને સૌને વિદિત છે. ઈતરેતર જૈન વર્ગને તો જૈન ધર્મની ટીકા કરવાનું એક અગત્યનું કારણ મળે છે. જમાનો

# ☆ શ્રીમદ્ રાજચંદ્ર અને ગાંધીજી ☆



થોડા દિવસ પહેલાં મારે મોરબી જવાનું થયું, ત્યારે શ્રીમદ્ રાજચંદ્રની જન્મભૂમિ વવાણિયાની યાત્રા કરી, ઘણાં વર્ષોની ઝંખના પૂરી થઈ. તે સમયે મોરબીમાં મેં શ્રીમદ્ અને ગાંધીજી ઉપર એક વ્યાખ્યાન આપ્યું. ગાંધીજી લંડનથી બેરિસ્ટર થઈને આવ્યા ત્યારે તેમને શ્રીમદ્નો પ્રથમ પરિચય થયો. શ્રીમદ્નો અને ગાંધીજીનો સાથે કોઈ ફોટો મેં હજી સુધી જોયો નહોતો. આ પ્રસંગે મોરબીમાં ભાઈ જયન્તીભાઈએ તેવો ફોટો મને આપ્યો તેથી મને ઘણો આનંદ થયો. તે અહીં પ્રગટ કર્યો છે. — ચીમનલાલ.

બદલાય, પરિસ્થિતિ બદલાય તો આવી પરંપરાગત પ્રણાલિકાનો ત્યાગ દરેક વર્ગે કરવો જોઈએ એમ મારું નમ્રપણે મંતવ્ય છે. ઈતરેતર જૈનો તો આની ઘણી ઠેકડી ઊડાવે છે અને આપણે તેનો કોઈ જવાબ આપી શકતા નથી. લાચારીથી તે ઠેકડી સાંખી લેવી પડે છે. એટલે હવે આ બાબતમાં બાંધછોડ કરવાનો સમય પાકી ગયો છે એવું લાગે છે. તેથી આખરે તમારા અંકનું શરણ લેવાની પ્રબળ ઈચ્છા જાગી છે.

કારણ 'પ્રબુદ્ધ જીવન' જૈન તેમ જ જૈનેતર વર્ગમાં પ્રિય બનેલું સામયિક છે. વિચાર સામગ્રીની દષ્ટિએ શ્રેષ્ઠ છે. એનું કાર્ય કલ્યાણ-લક્ષી અને સ્વાસ્થ્યપોષક છે. તેની દષ્ટિ સ્વચ્છ, તટસ્થ, ઉદાર અને પ્રગતિશીલ રહી છે. આ સામયિકમાં થતી ટીકાઓ વિવેક, સંસ્કારિતા અને વિચારશીલતાથી ભરપૂર હોય છે. તો આ વિષયમાં પણ આપનું સામયિક યોગ્ય રીતે ચર્ચા ઉપાડશે તો આ ન્યુસન્સ અટકશે એવી મને સંપૂર્ણ શ્રદ્ધા છે. આપની ચર્ચાથી જૈન સમાજમાં જગૃતિ આવશે અને શ્રમણવર્ગ જરૂર પ્રાચીન પ્રણાલિકા છોડી નવી પ્રણાલિકા અપનાવશે.

**ધનરાજ એન. ટોપીવાળા**

**નોંધ:** આ પત્ર જૈન સમાજને, ખાસ કરી, જૈન સાધુ—સાધ્વી-ઓને સ્પર્શે છે. આ પ્રશ્નની જાહેર વિચારણા કરવાનો સમય પાકી ગયો છે. સાધુ-સાધ્વીઓ મોટા શહેરોમાં ચાતુર્માસ કરે છે, ત્યાંનાં જૈન સંઘોને મૂંઝવતો આ પ્રશ્ન છે જેનો યોગ્ય નિકાલ લાવવો જ જોઈએ. કવિશ્રી નાનચંદ્રજી મહારાજના જન્મશતાબ્દી સમારંભ પ્રસંગે પ્રસિદ્ધ જૈન વિદ્વાન શ્રી દલસુખભાઈ માલવણિયાએ પોતાના પ્રવચનમાં આ વાતનો ઉલ્લેખ કર્યો હતો. આ પ્રશ્ન બધા ફિરકાના જૈન સાધુ-સાધ્વીઓને સ્પર્શે છે. કેટલાક સાધુ-સાધ્વીઓ સાથે મેં આ અંગે ચર્ચા કરી છે. તેઓ પણ વિમાસણમાં છે. આ રૂઢીને ચુસ્તપણે વળગી રહેવા જતાં સાધુ-સાધ્વીઓને એવો માર્ગ લેવો પડે છે જેમાં વધારે હિંસા અને ગંદકી થાય છે. સાધુ-સાધ્વીઓના સ્વાસ્થ્યને અવળી અસર પહોંચે છે. ગ્રહસ્થીઓના મકાનોમાં રહે છે ત્યારે વધારે કફોડી સ્થિતિમાં મુકાય છે. કેટલાક સાધુ-સાધ્વીઓ ખાનગી રીતે ફલશના સંડાસનો ઉપયોગ કરે છે એમ સાંભળ્યું છે. શ્રાવક-શ્રાવિકાઓ, પૌષધ કરે અથવા વ્રતમાં હોય ત્યારે આ બાબતમાં સાધુ-સાધ્વીનું અનુકરણ કરે છે. પરિણામે ઉપાશ્રયોમાં મોટી તિથિઓએ વધારે પૌષધ થયા હોય ત્યારે ગંદકી થાય છે.

બધા સંપ્રદાયના આચાર્યો અથવા પ્રમુખ સાધુ—સાધ્વીઓ મળી આ પ્રશ્નનો યોગ્ય નિકાલ સત્વર લાવે તે બહુ જરૂરનું છે. બધા ફિરકાના સંઘોના આગેવાનોએ પણ મળીને આ બાબતની યોગ્ય વિચારણા કરી, સાધુ-સાધ્વીઓને વિનંતિ કરવી જોઈએ.

—ચીમનલાલ ચકુભાઈ

**માલિક: શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, મુદ્રક અને પ્રકાશક: શ્રી ચીમનલાલ જે. શાહ, પ્રકાશન સ્થળ: ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ ૪૦૦ ૦૦૪. ટે. નં. ૩૫૦૨૯૬. મુદ્રણસ્થાન: ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, કોટ, મુંબઈ ૪૦૦ ૦૦૧.**

Regd. No. MA. By South 54
Licence No.: 37

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૩૮ : અંક : ૨૦

# પ્રબુદ્ધ જીવન

મુંબઇ, ૧૬ ફેબ્રુઆરી, ૧૯૭૭, બુધવાર
વાર્ષિક લવાજમ રૂા. ૧૦, પરદેશ માટે શિલિંગ : ૩૦

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ ૦–૫૦ પૈસા

તંત્રી : ચીમનલાલ ચકુભાઈ શાહ

## ✶ પલટાતો તખતો ✶

૧૮મી જાન્યુઆરીએ લોકસભાનું વિસર્જન અને ચૂંટણીની જાહેરાત થઈ ત્યાર પછીના થોડા દિવસોમાં એવા અગત્યના બનાવો બન્યા છે જેને લીધે પરિસ્થિતિમાં અણધાર્યો પલટો આવ્યો છે. આગેવાનોની જેલમુકિત થઈ અને ગણતરીના દિવસોમાં જનતા પક્ષની રચના કરી. વિરોધ પક્ષો આટલા ઝડપથી સંગઠિત થશે એવું લાગતું ન હતું. તે માટે જયપ્રકાશ નારાયણ લાંબા સમયથી પ્રયત્ન કરતા હતા, પણ સફળતા મળી ન હતી. સંજોગોએ તાકીદથી આ કામ કરાવ્યું એટલું જ નહિ, જનતા પક્ષમાં સામેલ થયેલ બધા પક્ષો એક રાગથી કામ કરે છે અને કૉંગ્રેસનો સંયુકત સામનો કરશે. પરિણામે ત્રિપક્ષી અથવા વધારે ઉમેદવારોને કારણે કૉંગ્રેસને લાભ થતો તે અટકી જશે અને કૉંગ્રેસ સાથે સીધી લડત થશે.

બીજો અગત્યનો બનાવ જગજીવનરામનું કૉંગ્રેસમાંથી છૂટા થવું. કૉંગ્રેસનો દુર્ભેદ ગઢ બહારના આક્રમણથી તૂટે એમ ન હતું. અંદરનો બળવો થાય તો જ કૉંગ્રેસની કિલ્લેબંધીમાં ગાબડું પડે. ચૂંટણીની જાહેરાત થઈ ત્યારે આવો બનાવ બનશે એવી કોઈની કલ્પના ન હતી. જગજીવનરામે કહ્યું છે કે, તેઓ રાજીનામું આપશે એવી ગંધ આવી ગઈ હોત તો કદાચ ચૂંટણી ન થાત અને પોતે પણ બહાર ન હોત - જગજીવનરામ અને તેમના સાથીઓએ બહાર પાડેલું નિવેદન કૉંગ્રેસ અને સરકાર સામે તહોમતનામું છે. તેનો મુખ્યધ્વનિ એ છે કે કૉંગ્રેસમાં અને સરકારી તંત્રમાં લોકશાહી રહી નથી તેમ જ અધિકારની રૂએ કૉંગ્રેસમાં અને સરકારમાં જેને કોઈ સ્થાન નથી એવી વ્યકિતઓના આદેશો મુજબ કામકાજ ચાલે છે. આમાં સંજય ગાંધી અને તેમની યુવા કૉંગ્રેસનો નિર્દેશ છે. આ બળવો જગજીવનરામ જેવા પીઢ અને સૌથી જૂના આગેવાને કર્યો તેથી વધારે અસર છે. પરસ્પરના આકરા પ્રહારો શરૂ થયા છે. શરૂઆતમાં વડા પ્રધાન અને કૉંગ્રેસે આ બાબતની કાંઈક ઉપેક્ષા કરી પણ ત્યાર પછી જણાય છે કે ખૂબ અકળાયા છે. સરકારે અને કૉંગ્રેસે છેલ્લા ૧૮ મહિનામાં કટોકટી અંગે લીધેલ બધા નિર્ણયોમાં જગજીવનરામ સામેલ હતા અને મૌન રહ્યા અથવા ટેકો આપ્યો એ દલીલમાં ઘણું વજૂદ છે. પણ રાજકીય જીવનમાં એવું બને છે કે કેટલોક સમય મૌન રહેવું પડે છે અને તક આવ્યે ખુલ્લા પડી શકાય. આને તકવાદીપણું કહી શકાય. રાજકીય જીવનમાં તકવાદીતા અને સ્વાર્થ નવા નથી. જગજીવનરામ સદ્‌ગુણના ભંડાર નથી, પણ દેશની વિષમ પરિસ્થિતિ વખતે દેશને વિપરીત માર્ગે જતાં અટકાવવામાં નિમિત્ત બન્યા છે. કાળબળ કોને નિમિત્ત બનાવે તે કોઈ જાણતું નથી. આટલું ઝડપથી આ બનશે તે કલ્પનામાં ન હતું. તેની અસર કેટલી થાય છે તે જોવાનું રહે છે. કેટલીક અસર તો દેખાઈ આવે છે. જે નવા તત્ત્વો કૉંગ્રેસમાં દાખલ થયાં હતાં અને મોટી સંખ્યામાં દાખલ થશે એવી ધારણા હતી, તેમને રુકાવટ થઈ છે અને ફરી જૂના જોગીઓને તક આપવી પડી છે. આ રુકાવટ સ્થાયી છે કે ટૂંક સમયની છે તે ચૂંટણી પછી ખબર પડે. કૉંગ્રેસમાંથી જગજીવનરામના પક્ષે ધીમી ગતિએ પ્રવેશ થાય છે. ઘણાં હજી વિમાસણમાં છે. ચૂંટણીના પરિણામની રાહ જોતા હશે. હજી જુવાળ આવ્યો નથી, ભરતી શરૂ થઈ છે. માણસોના મન હલી ગયા છે. હવે પછીના એક મહિનામાં બીજા શું બનાવો બને છે અને પ્રજામાનસ કેટલું નિર્ભય થાય છે તે જોવાનું રહે છે. સરકારે હથિયાર છોડી દીધાં નથી. માત્ર અમલ મોકૂફ રાખ્યો છે. કટોકટી 'હળવી' કરી છે તેથી, ચૂંટણી માટે તંદુરસ્ત વાતાવરણ સર્જાય અથવા ભાવિ માટે વિશ્વાસ પેદા થાય એવાં આ પગલાં નથી.

આ ચૂંટણી અસામાન્ય છે. કેટલેક દરજ્જે ઐતિહાસિક છે. સામાન્ય રીતે ચૂંટણી સમયે રાજકીય પક્ષો પોતાનો ભવિષ્યનો કાર્યક્રમ અને વચનો આપતા હોય છે. આ ચૂંટણીમાં પ્રજાની દષ્ટિ ભૂતકાળ ઉપર વધારે રહેશે. છેલ્લા ૧૮ મહિનામાં જે બન્યું છે તેનો ન્યાય તોળવાનો છે. ચૂંટણી ઢંઢેરામાં કૉંગ્રેસ એમ કહે કે ગરીબી, અસામાનતા અને અન્યાય હટવા જોઈએ અને જનતા પક્ષ ગાંધી વાદી સમાજવાદની ઘોષણા કરે તેના ઉપર મતદાત થવાનું નથી. મતદાન થશે એ મુદ્દા ઉપર કે ૧૮ મહિનાના ગાળામાં જે બનાવો બન્યા છે તેને પ્રજા સ્વીકારે છે કે નાપસંદ કરે છે. કટોકટી જાહેર કરવાની જરૂર હતી? જરૂર હોય તો પણ આટલો સમય લંબાવવાની જરૂર હતી? કટોકટી દરમિયાન જે પગલાંઓ લીધાં છે તે જરૂરના અથવા વ્યાજબી હતા? કૉંગ્રેસ તરફથી કહેવાય છે તેમ કટોકટી દેશને અરાજકતામાંથી બચાવી લેવા જાહેર કરવી પડી હતી કે વિરોધ પક્ષો કહે છે તેમ વડા પ્રધાનની સત્તા ટકાવી રાખવા માટે હતી? હજી પણ કટોકટી શા માટે ચાલુ રાખવામાં આવે છે? રાષ્ટ્રપતિને શ્રદ્ધાંજલિ અર્પતાં વડા પ્રધાનને કહેવું પડયું કે રાષ્ટ્રપતિ કટોકટીની વિરુદ્ધ હતા. અથવા તે કારણે રાજીનામુ આપવાના હતા. તેવી અફવા તદ્દન ખોટી છે, અફવા જોરદાર હોય તો જ ખુદ વડા પ્રધાનને તેનો રદિયો આપવો પડે અને તે પણ રાષ્ટ્રપતિના અવસાન પછી.

કટોકટી દરમિયાન બે પ્રકારનાં પગલાં લેવાયાં છે. એક, તત્કાલિન પરિસ્થિતિને પહોંચીવળવા માટેના અને બીજા કાયમી. ધરપકડો, વર્તમાનપત્રો ઉપરના અંકુશો, સભાબંધી વિગેરે આપત્કાલીન પગલાં તરીકે જરૂરના હતાં તેમ માની લઈએ, વધારેપડતા હતાં તેમ લાગે તો પણ નિભાવી લઈએ અને ભૂલી જવા પ્રયત્ન કરીએ. પણ કાયમી પગલાં લીધાં છે તેનું શું? મિસાનો કાયદો, વર્તમાનપત્રો સંબંધે વાંધાજનક લખાણોનો કાયદો, લોકપ્રતિનિધિ ધારાના તથા બંધારણના વ્યાપાક ફેરફારો અને બીજાં સંખ્યાબંધ પગલાંઓ લીધાં છે; જેને કારણે કટોકટી દરમિયાન અસાધારણ સત્તાઓ સરકારને અને કારોબારીને આપવી પડે તે આપત્કાલીન અને અસાધારણ અને તેથી ટૂંક સમયની રહેવાને

બદલે કાયમની સત્તાઓ બને છે જેમાં મૂળભૂત માનવીય અધિકારો અને લોકશાહીનાં મૂલ્યોની ઘણે દરજ્જે હસ્તી રહેતી નથી.

બંધારણમાં ફેરફારો કર્યા ત્યારે જોરથી એમ કહેવાયું હતું કે, એવા મૂળભૂત ફેરફારો કરવાનો વિસર્જિત લોકસભાને અધિકાર ન હતો અને નવી ચૂંટણી કર્યા પછી એવા ફેરફારો વિચારવા જોઈએ અથવા તેના ઉપર લોકમત (રેફરેન્ડમ) લેવો જોઈએ. આ માગણીનો અસ્વીકાર થયો હતો. હવે ચૂંટણી થાય છે તે એક રીતે આ ફેરફારો ઉપર લોકમત જેવી છે. કોંગ્રેસ હજી પણ કહે છે કે આ ફેરફારો વાજબી છે, જરૂરના છે અને કાયમ રહેશે. કોંગ્રેસ એમ જાહેર કરે કે ચૂંટણી પછી લોકસભામાં આ ફેરફારો મંજૂરી માટે ફરી રજૂ કરવામાં આવશે અને તેને જરૂરી ૨/૩ બહુમતી ન મળે તો પ્રજાને તે મંજૂર નથી એમ માની તે રદ કરવામાં કોંગ્રેસ સાથ આપશે તો એમ કહેવાય કે ચૂંટણીનો નિર્ણય કોંગ્રેસ સ્વીકારે છે. એ જ પ્રમાણે મિસા અને બીજા કાયદાઓનું, અલબત્ત, આ ફેરફારો રદ કરાવી શકાય એટલી બહુમતી વિરોધ પક્ષને મળે એવું અત્યારે લાગતું નથી; પણ તે માટે પ્રયત્નો ચાલુ જ રહેશે. આ નહિ તો બીજી ચૂંટણીમાં અને એવી ચૂંટણી ફરીથી ટૂંક સમયમાં કરવી પડે એવી પરિસ્થિતિ ઊભી થાય તે અશક્ય નથી.

એક દલીલ જોરથી એમ થાય છે કે સ્થિર રાજતંત્ર અને મજબૂત કેન્દ્ર માટે કોંગ્રેસને મોટી બહુમતી મળે તે જરૂરનું છે. જનતા પક્ષનો શંભુમેળો અસ્થિરતા લાવશે અને દેશની એકતા અને સલામતી જોખમાશે. આ દલીલમાં થોડું વજૂદ છે, પણ તેને ઘણી મર્યાદાઓ છે. સ્થિર અને મજબૂત એટલું તો ન હોવું જોઈએ કે તેની ભીંસમાં પ્રાણ નીકળી જાય અથવા શ્વાસ લેવાનો અવકાશ ન રહે. ૧૯ મહિનાના ગાળામાં જે અનિચ્છનીય બન્યું છે અને દિશાપલટો થયો છે, તેમાંથી છૂટવા કદાચ થોડી કિંમત પણ ચૂકવવી પડે, તે કિંમત જેટલી વહેલી ચૂકવાઈ જાય તેટલું સારું છે. મોડું થશે તો વધારે મોટી કિંમત ચૂકવવી પડશે. કટોકટી દરમિયાન થોડા લાભ થયા છે તે ટૂંક સમયના છે. તે સામે જે કાયમના ગેરલાભ થયા છે તે વિચારીએ તો ખાતરી થશે કે ભય અને દબાણથી મેળવેલ કાંઈ ટકતું નથી અને વ્યક્તિ પામર બને છે.

આ ચૂંટણીમાં વ્યક્તિના ધોરણે મતદાન થશે નહિ, થવું ન જોઈએ. વ્યક્તિ કયા પક્ષ સાથે બંધાયેલ છે અને તે પક્ષ દેશને કઈ દિશામાં લઈ જાય તેમ છે તે મુખ્ય પ્રશ્ન છે. કોઈ પક્ષની જાહેર થયેલ આર્થિક નીતિ પણ મતદાનમાં બહુ ભાગ ભજવશે નહિ. સૌની નીતિ ગરીબાઈ હટાવવાની છે. સૌ કોઈ કહેશે જનહિતાર્થે પ્રજાનો મત માગે છે, તેથી જ ભવિષ્યના વચનો કરતાં ભૂતકાળ વધારે વિચારણા માગી લે છે.

આવા પાયાના પ્રશ્નો પ્રજાએ વિચારવાના છે. સમજણપૂર્વક નિર્ભયતાથી અને મુક્ત મતદાન થાય એમ આશા રાખીએ. આ ચૂંટણીમાં રાજકીય પક્ષો કરતાં પ્રજાની ખરી કસોટી થવાની છે. લોકોમાં જાગ્રતિ હોય, સ્વતંત્ર વિચારશક્તિ અને નિર્ભયતા હોય તો જ લોકશાહી ટકે.

૧૩-૨-૭૭ **ચીમનલાલ ચકુભાઈ**

## નવો અનુભવ

લોકસભાની આ ચૂંટણીનાં એક સંભવિત ઉમેદવાર તરીકે મારું નામ છાપામાં આવ્યું ત્યારથી, મારા ઉપર ખૂબ પૂછપરછ થાય છે, ઘણાં પત્રો અને સંદેશાઓ આવ્યા છે અને મિત્રોમાં ચર્ચા ચાલે છે. ચૂંટણીમાં ઊભા રહેવાનો મેં વિચાર કર્યો ન હતો. એ વિચાર પ્રથમ મારા મિત્ર ભાઈ શાન્તિલાલ શાહને આવ્યો. તેમણે શ્રી બાબુભાઈ પટેલને વાત કરી, મને બોલાવ્યો, હું બાબુભાઈને મળ્યો. બાબુભાઈએ આગ્રહપૂર્વક ચૂંટણીમાં ઊભા રહેવા સૂચના કરી. મેં મારી મુસીબતો જણાવી, પણ તે વખતે સ્પષ્ટ ના પાડી ન હતી. મારા મનમાં છે કે આ ચૂંટણી દેશ માટે અતિ મહત્ત્વની છે અને તેમાં કાંઈક ઉપયોગી થઈ શકું તેમ હોય તો મારે વિચારવું જોઈએ.

હું કોઈ વખત સક્રીય રાજકીય કાર્યકર્તા (Active political worker) રહ્યો નથી. મારી પ્રકૃતિને તે અનુકૂળ નથી. ૧૯૪૮માં વિધાનસભામાં મારી નિયુક્તિ થઈ ત્યારે મને ખબર ન હતી. ઢેબરભાઈએ અચાનક ખબર આપી. ત્યાર પછી ૧૯૫૭ સુધી લોકસભામાં રહ્યો. લોકસભાનું કામ મને ગમતું અને મેં પૂરતો સમય આપ્યો. ૧૯૫૭માં લોકસભામાં ચાલુ રહેવા મારી ઈચ્છા હતી પણ મારી પસંદગી ન થઈ. કૉંગ્રેસ સિવાય બીજા કોઈ રાજકીય પક્ષનો હું સભ્ય રહ્યો નથી અને છેલ્લા કેટલાક વર્ષથી કૉંગ્રેસનો સભ્ય પણ નથી. હું ચૂંટણીમાં ઊભો રહેત તો પણ અપક્ષ સભ્ય તરીકે એવી સ્પષ્ટ વાત કરી હતી.

૧૯૫૭ માં પસંદગી ન થઈ ત્યારે થોડું ખોટું લાગ્યું હતું, પણ જીવનનો મારો નિરપવાદ અનુભવ રહ્યો છે કે જિંદગીમાં કોઈ બનાવ બને ત્યારે ન ગમે અને કદાચ ખેદ કે દુઃખ થાય પણ પરિણામે સમય જતાં જે થયું તે સારું થયું એવી પ્રતીતિ થાય છે. તેથી હું દૃઢપણે માનું છું કે આપણાં બધાં પ્રયત્નો છતાં, જે થાય છે તે સારા માટે જ છે એવી શ્રદ્ધા રાખવી. મારે કોઈ અગત્યની બાબતમાં નિર્ણય કરવાનો સમય આવે ત્યારે સારી પેઠે મનોમંથન થાય છે. પણ છેવટ દૃઢ નિર્ણય લેવાય છે. અંતરના ઊંડાણમાં ચાલતી કેટલીક ગૂઢ પ્રક્રિયાઓથી આવો નિર્ણય લેવાય છે અને મારો અનુભવ છે કે આવા નિર્ણય માટે પાછળથી પસ્તાવો થાય એવું હજી સુધી મારે માટે બન્યું નથી.

૧૯૫૭માં લોકસભામાંથી છૂટા થયા પછી મને આર્થિક રીતે ઘણો લાભ થયો છે. ત્યાં સુધી ધંધા ઉપર કાંઈ ધ્યાન આપી શકાતું નહતું. મારી પત્નીને બહુ ગમ્યું. હું દિલ્હી એકલો રહેતો હતો અને તેને અહીં એકલા રહેવું પડતું, એવું નવ વર્ષ ચાલ્યું. સૌથી વિશેષ, મારી સામાજિક પ્રવૃત્તિઓ ઘણી વિકસી. મને કોઈ દિવસ એમ લાગ્યું નથી કે લોકસભામાં હોત તો વધારે પ્રતિષ્ઠા મળત અથવા વધારે સેવા કરી શકત. ૧૯૬૭ માં ફરી લોકસભામાં જવાની ઈચ્છા થઈ પણ સદ્‌ભાગ્યે મારી પસંદગી ન થઈ. તે વાતનો મને લેશ ખેદ થયો નથી. ત્યાર પછીથી એ વાતનો કોઈ દિવસ વિચાર પણ કર્યો નથી.

મિત્રો અને કુટુમ્બીજનોની મેં સલાહ લીધી. મારા પુત્રો અને અન્ય કુટુમ્બીજનો દૃઢપણે વિરુદ્ધ હતા. મિત્રોમાં તીવ્ર મતભેદ હતો. રાજકીય દૃષ્ટિથી જેઓ વિચારે છે તેમનો અભિપ્રાય હતો કે મારે આ ચૂંટણીમાં ઊભા રહેવું જોઈએ. આ સમયે મારા જેવી વ્યક્તિ લોકસભામાં હોય તે આવકારદાયક થાય. આ બધા મિત્રોનો મત હતો કે સુરેન્દ્રનગર જિલ્લામાં ચૂંટણીમાં સફળતા મળવામાં મને ખાસ મુસીબત ન આવે. સંખ્યાબંધ ભાઈઓએ, મુંબઈના અને સ્થાનિક, ચૂંટણીમાં કામ કરવાની તત્પરતા બતાવી હતી. સુરેન્દ્રનગરના કૉંગ્રેસના મુખ્ય આગેવાન ગણાય એવા મિત્રે ગંભીર ચેતવણી આપી હતી કે હું જરૂર હારી જઈશ. આ ચેતવણીની મારા ઉપર કાંઈ અસર ન હતી. આશ્ચર્યજનક હતું કે નિકટના મિત્રો જેમના અભિપ્રાય ઉપર આ બાબતમાં હું આધાર રાખું તેઓ વિરુદ્ધ હતા. તેમના મતે રાજકારણના કાદવમાં મારે ન પડવું. મારું કાર્યક્ષેત્ર જુદું છે. મારી ઉમ્મર અને તબિયત ચૂંટણીનો પરિશ્રમ અને ત્યાર પછી એકલા છ વર્ષ દિલ્હી રહેવું એ સહન ન કરી શકે. એક નિષ્પક્ષ વ્યક્તિ તરીકે મારું સ્થાન છે તેમાં ઊણપ આવે. મારી સંખ્યાબંધ સંસ્થાઓના સહકાર્યકરો, લગભગ એક મતે વિરુદ્ધ હતા. તેમના અભિપ્રાય મુજબ મારું સામાજિક કાર્ય, રાજકીયક્ષેત્રે કાંઈ કામ થાય તેનાં કરતાં, વધારે મહત્ત્વનું છે અને મારી ગેરહાજરીથી આ કાર્યને ક્ષતિ પહોંચશે.

છેવટનો નિર્ણય તો મારે જ કરવાનો હતો. પૂરો વિચાર કર્યા પછી હું એ નિર્ણય ઉપર આવ્યો કે ચૂંટણીમાં ઊભા રહેવું મારે માટે ઉચિત નથી. તેનું મુખ્ય કારણ મારી ઉંમર (૭૫) અને નાજુક તબિયત. હારજીતનો બહુ વિચાર ન હતો. પ્રતિષ્ઠા કે સ્થાન મળે એ વિચાર પણ ન હતો. એક જ વિચાર હતો કે આ સમયે મારું કર્તવ્ય હું ચૂકતો નથી ને. માણસના જીવનમાં એક સમય એવો આવે છે,

આવવો જોઈએ કે જ્યારે તેને એમ લાગે કે મારી શકિત પ્રમાણે મારું કર્તવ્ય બજાવ્યું છે. હવે મારે મારી જાતનો વિચાર કરવાનો છે, પ્રકૃતિથી હું વિચારક છું. પ્રવૃત્તિ ઘણી કરું છું, પણ એ બધાથી કાંઈક અળગો રહું છું—ખટપટ, દોડધામ, કાંઈ મોટું કરી નાખવાની ધગશ, મને અનુકૂળ નથી. ચૂંટણીમાં ઊભા રહેવાનો વિચાર મને આવ્યો જ ન હતો. તેની સૂચના થઈ ત્યારે થોડો વખત વિમાસણમાં પડયો, પણ તુરત મન વાળી લીધું.

નિર્ણય કર્યા પછી તુરત શ્રી મોરારજીભાઈ મુંબઇ આવ્યા ત્યારે તેમને જાણ કરી દીધી. તેમણે મને કાંઈ આગ્રહ કર્યો નથી.

મારા આ નિર્ણયથી જે મિત્રોને મેં નિરાશ કર્યા છે તેઓ મને ક્ષમા કરશે. મારા પ્રત્યે મુંબઈમાં અને સૌરાષ્ટ્રમાં અને ખાસ કરી સુરેન્દ્રનગર જિલ્લામાં કેટલો મોટો સદ્‌ભાવ છે એ અનુભવ, મારા જીવનનું સુખદ સ્મરણ રહેશે.

૧૨-૨-'૭૭

—ચીમનલાલ ચકુભાઈ

# લોકોની જવાબદારી

[આ લેખના લેખક શ્રી સોલી સોરાબજી આગેવાન ધારાશાસ્ત્રી છે, સાહિત્ય અને ઈતિહાસના અભ્યાસી છે. કટોકટી જાહેર થઈ ત્યારથી લોકશાહી મૂલ્યોના જતન માટે ખૂબ પ્રયત્નશીલ રહ્યા છે અને અટકાયતીઓ તેમ જ વર્તમાનપત્રોના રક્ષણ માટે કેટલાય કેસો ફી લીધા વિના લડયા છે. આ લેખ ઈન્ડિયન એકસ્પ્રેસમાં પ્રગટ થયો હતો – તંત્રી]

હમણાં હમણાં સરમુખત્યારશાહી એ શબ્દ ચારે બાજુ ફંગોળાઈ રહ્યો છે. આ પ્રક્રિયામાં તેના પ્રાદુર્ભાવ માટે લોકોની જવાબદારી રહેલી છે એ વાતની જાણે તદ્દન ઉપેક્ષા થઈ રહી છે.

સરમુખત્યાર (ડિક્ટેટર) એ શબ્દ મૂળમાં તો પ્રજાસત્તાક રોમના બંધારણમાં વપરાયેલો ટેક્નિકલ શબ્દ છે. એનો અર્થ થાય છે ચીફ મેજિસ્ટ્રેટ. ત્યારે એને 'મેજિસ્ટર પોપ્યુલ્ટ' કહેવામાં આવતો અને એક કટોકટીના સમયમાં તેની નિમણૂક કરવામાં આવતી. આ કટોકટીના સમયમાં, બંધારણીય રીતે ચૂંટાયેલા જાહેર અધિકારીઓ સ્વૈચ્છિક રીતે પોતાની સત્તાનો અમલ મોકૂફ રાખતા અને કટોકટીના સમયગાળા માટે તેઓ પોતે જ આગળ ચાલીને એક ડિક્ટેટરની નિમણૂંક કરતા. સરમુખત્યારશાહી (ડિક્ટેટરશિપ) ની સ્થાપના પાછળના ઉદ્દેશો પૈકી એક ઉદ્દેશ પ્રજાકીય આંતરઘર્ષણ અને વિદ્રોહને દબાવી દેવાનો હતો. થોડા સમય સુધી આ પદ્ધતિ સારી રીતે ચાલી પણ પછી ડિક્ટેટરશિપ કાયમી સંસ્થા બની ગઈ. આમ કેમ બન્યું?

કારણ એ કે રોમન નાગરિકો સામૂહિક રીતે હંમેશ માટે ઉદાસીન બની ગયાં હતાં. બ્રાઈસ જેને 'ટોળાંનો નસીબવાદ' કહે છે તેના તેઓ ભોગ બન્યા હતા. એ એવી નિરાશાપ્રેરક લાગણી હતી કે વ્યકિતઓ ઘટનાઓના પ્રવાહને પલટી શકે નહિ અથવા તો મોટી આફતનો ભોગ બન્યા વિના પોતાનો કારોબાર જાતે સંભાળી શકે નહિ. વળી, સ્વતંત્રતાનો હ્રાસ થયો હતો અને તે સ્વચ્છંદતામાં સરી પડી હતી. આવી પરિસ્થિતિ ડિક્ટેટરશિપ માટે ફળદ્રુપ ભૂમિ બની રહે.

ઈતિહાસ આપણને એમ શીખવે છે કે ડિક્ટેટરશિપ અંધારી રાત્રે જોવા મળતા ખરતા તારાની જેમ અવકાશમાંથી પૃથ્વી પર ઊતરી આવતી નથી. પોતાની જાત વિશે અને લોકશાહી પ્રક્રિયામાં આપણે જ્યારે શ્રદ્ધા ગુમાવી બેસીએ છીએ ત્યારે ડિક્ટેટરશિપ આપણા પર સવાર થઈ જાય છે.

માનવ સ્વભાવની એ ખાસિયત છે કે ટૉયન્બી જેને 'શાશ્વત મનોવૈજ્ઞાનિક કારણ' કહે છે તે અનુસાર લોકો ડિક્ટેટરશિપને સ્વીકારતા થઈ જાય છે. મહત્ત્વની પસંદગીઓ કરવાની કષ્ટદાયક જવાબદારીમાંથી વ્યકિતઓને એ મુકિત આપે છે. પ્રજાના રાજકીય જીવનની ગુણવત્તા સુધારવા પાછળ પોતાના સમયનો વાજબી હિસ્સો ફાળવવાની જવાબદારીમાંથી છટકી જવા માટે એ સરસ બહાનું પૂરું પાડે છે. વળી, સત્તાધારી ટોળીમાં પ્રવેશ મેળવવાની આશામાં જેઓ સર્વસત્તાધીશ વ્યક્તિ સમક્ષ પોતાની જાતને આનંદપૂર્વક વામણી બનાવવા તત્પર રહે તેમ જ પરવાના, લાઈસન્સ, હૉટલો અને કારખાનાંની પોતાની નાનકડી દુનિયા પ્રાપ્ત કરવા માટે પોતાના આત્માને રાજીખુશીથી વેચવા તૈયાર હોય તેવા લોકોને માટે એ એક મજાની તક પૂરી પાડે છે.

આમાં જ રહ્યું છે ડિક્ટેટરશિપ માટેનું અમંગલ આકર્ષણ. લોકોની શકિતનો હ્રાસ કરવાની અને તત્કાલીન સ્વહિત સિવાય સર્વ મૂલ્યો અને શાલીનતા સંબંધે તેમને લાગણીશૂન્ય જડ-બનાવી દઈને તેમના નૈતિક ચારિત્ર્યને ભ્રષ્ટ કરવાની તેની ક્ષમતા એ જ ડિક્ટેટરશિપનું મુખ્ય બળ છે. "જેઓ થોડીક કામચલાઉ સલામતી ખરીદવા પાયાની સ્વતંત્રતાને જતી કરે છે તેઓ સ્વાતંત્ર્ય યા સલામતી એકેયને પાત્ર નથી" એમ બેન્જામિન ફ્રેન્કલિને તેનાં દેશજનોને કહ્યું હતું. ડિક્ટેટરશિપ આ સત્ય પ્રત્યે લોકોને અંધ બનાવે છે.

સત્તાનો ગેરઉપયોગ એ જેઓ સત્તાસ્થાને બેઠા છે તેવા લોકોને જ પ્રાથમિકપણે સ્પર્શતી સમસ્યા છે એમ જો કે કદાચ લાગે, પણ એ સત્તાને અધીન બનતી આમ જનતા, સત્તાનો ગેરઉપયોગ જેમાં ફૂલીફાલી શકે તેવું હવામાન સર્જવામાં ખૂબ જ મહત્ત્વનો ગણાય એવો ભાગ ભજવતી હોય છે. નાગરિક સ્વાતંત્ર્યો માટેનાં મહિમ્નસ્તોત્રો પોકળ વાગ્વિલાસ જેવાં વધુ લાગે છે અને નજર સામે માનવીય અધિકારોને પગ તળે કચડાતા નિહાળે ત્યારે લોકો નજરને બીજી દિશામાં વાળી લઈને તદ્દન નિષ્ક્રિય રહે ત્યારે તો એ મહિમ્નસ્તોત્રો ક્રૂર પણ લાગે છે. લોકો જો સ્વાતંત્ર્યના લાભો લણવા માગતા હોય તો તેઓએ રેલા અદમ્ય જુસ્સાવાળા ટૉમ પેઈને આપણને ઢંઢોળવા માટે કહ્યું છે તેમ, "આદમ કદ માનવીઓની જેમ એ સ્વાતંત્ર્યની રક્ષાનો શ્રમ પણ ઊઠાવવો જોઈએ."

આ સમસ્યાનું આદર્શ નિરાકરણ એ છે કે જેમાં આમસમૂહ લોકશાહી પદ્ધતિની જવાબદારીનો બોજ ઉઠાવી શકે તેટલી હદ સુધી તેની નીતિમત્તાને અને બૌદ્ધિક ક્ષમતાને ઊંચે લઈ જવી અને જેમાં વધુમાં વધુ સંખ્યાના લોકોને સૌથી વધુ પ્રમાણમાં હિસ્સેદારી સાંપડે કે જેથી સત્તાને જ અંકુશ બહાર જતી અટકાવી શકાય તેવી પદ્ધતિઓ ઉપજાવવી. પોતે ભૂલોથી પર છે એમ કોઈ માનતું ન હોય અને પોતે અનિવાર્ય છે એમ માનીને કોઈ વર્તતું ન હોય ત્યાં સુધી બળવાન નેતૃત્વ આવકાર્ય છે. ભૂલોથી પર હોવાની લાગણી અને લોકશાહીનો મેળ બેસી શકતો નથી.

ડિક્ટેટરશિપ સામેનો શ્રેષ્ઠ ઉપાય નાગરિકોની શુભનિષ્ઠા અને જાગૃતિ છે. લોકશાહી એ એક ગંભીર ઉપક્રમ છે. એનો બોધ આપવાનું સરળ છે, પણ અમલ કરવાનું કઠિન છે. બ્રાન્ટીસે કહ્યું છે તેમ, "લોકશાહી એટલે એવી વ્યવસ્થા જેમાં બાહ્ય નિયંત્રણનું સ્થાન આત્મસંયમ લે છે. એ સ્થિતિ સિદ્ધ કરવાના કરતાં એ સ્થિતિનું જતન કરવાનું ઘણું મુશ્કેલ છે. વ્યક્તિ પાસે એ સતત ભોગ માગે છે અને નૈતિક કાનૂન પ્રત્યે, શાસનના બીજા કોઈ સ્વરૂપના કરતાં એ વધુ પરમ આદરની અપેક્ષા રાખે છે. કોઈ પણ લોકશાહી ઉપક્રમમાં સફળતા વ્યકિત પર નિર્ભર હોવી જોઈએ. વ્યકિતને પરિપૂર્ણ બનાવવાની પ્રક્રિયા જ્યાં હાથ ધરવામાં આવી હોય ત્યાં જ એ શક્ય છે."

ડિક્ટેટરશિપની સમસ્યાનો તત્કાલીન ઉપાય લોકોને તેમની ઉદાસીનતા તેઓ ખંખેરી નાખે તે રીતે ઢંઢોળીને જગાડવાનો છે. લોકોએ ઘેટાંના ભયભીત ટોળાંની માફક વર્તવાનું બંધ કરવું જોઈએ. કારણ ભયગ્રસ્ત સ્ત્રી-પુરુષો ચરમ સીમાએ તેમનાં કૃત્યોમાં બેજવાબદાર હોય છે અને નિકૃષ્ટ સ્તરે ભયજનક હોય છે. સ્વાતંત્ર્યની ખુમારીનો સ્પર્શ અને તેના રક્ષણનું મનોબળ ગુમાવી બેસે તે પહેલાં લોકોએ, તાજેતરમાં પોતાને માટે ઘડી કાઢેલી અતાર્કિક ભયની જંજીરોને તોડી નાખવી જોઈએ. આપણા આગેવાનોએ

અને સ્વાતંત્ર્ય સૈનિકોએ જેને માટે પોતાનાં સર્વસ્વનો ભોગ આપેલો છે તે અન્ય પાયાનાં સ્વાતંત્ર્યોનો અર્થપૂર્ણ ભોગવટો કરી શકાય તે માટે લોકોએ આ ‘ભયમુક્તિ’ પુનઃ પ્રાપ્ત કરવી જ જોઈએ. બંધારણમાં કરવામાં આવેલા તાજેતરના સુધારા પછી નાગરિકોએ, “નીડર બનો” એ ગાંધીજીના ઉદ્‌બોધન તથા “સાધ્યને લઈને સાધન વાજબી ઠરતું નથી” એ એમના ઉપદેશનું દરરોજ સ્મરણ તથા આચરણ કરતા રહીને, બંધારણની કલમ ૫૧ (અ) માં દર્શાવેલી, “આપણા રાષ્ટ્રીય સ્વાતંત્ર્યજંગમાં પ્રેરક બનેલા ઉદાત્ત આદર્શોને પ્રાણપ્યારા ગણીને જીવનમાં ઉતારવાની” પવિત્ર બંધારણીય ફરજ બજાવવી જોઈએ.

રાજકારણ એ તો ગંદી રમત છે એમ કહીને કે ચૂંટણી સમયે મત આપવા જવાનો અમારી પાસે સમય નથી એવાં બહાનાં આગળ ધરીને છટકી જવા માગતા લોકો સાદી રીતે તો એમ જ કહી રહ્યા છે કે એક મુક્ત સમાજમાં જીવવાની પાત્રતા તેમનામાં નથી. તેમનું સ્થાન એક મજાના આપખુદ તંત્ર હેઠળ છે, કારણ “સ્વતંત્રતા એક એવી ભેટ છે જે કાયરોના હાથમાં લાંબો સમય ટકી રહી શકે નહિ તેમ એ જડસુ અને પ્રમાદી લોકોના હાથમાં પણ લાંબો સમય રહી શકે નહિ.”

વર્તમાન ચૂંટણીઓ દરેક અર્થમાં અસામાન્ય છે—અજોડ છે. ૧૯૪૭ માં જવાહરલાલે જેની સાથેના મિલનસંકેતની વાત કરી હતી અને જે સ્વપ્ન હજી પૂરી રીતે ચરિતાર્થ થયું નથી, તે દેશના ભવિતવ્યનું ઘડતર કરવામાં હિસ્સેદાર બનવાની પ્રત્યેક દેશજનને આ ચૂંટણીઓ તક પૂરી પાડે છે. ભૂતકાળની ઘટનાઓને ઉખેળવાનો આ સમય નથી, પણ ભવિષ્યને મુક્ત કરવાની ઘડી છે. આપણું મહાન પ્રજાસત્તાક તેના ‘એક માત્ર રખેવાળો એટલે કે લોકોની મૂર્ખતા, ભ્રષ્ટતા યા ઉદાસીનતાથી’ નષ્ટ ન થાય તેની પાકી ખાતરી કરી લેવાનો આ અવસર છે.

**સોલી સોરાબજી : અનુ. : હિંમતલાલ મહેતા**

# પાંચમું મહાવાક્ય

યોગીઓ અને મહર્ષિઓના અનુભવના સારરૂપ આદેશ આપતાં જે ટૂંકાં ટૂંકાં વાક્ય હોય છે, તે મહાવાક્ય કહેવાય છે. એ વાક્યોને મહાવાક્ય કહેવાનું કારણ એ છે કે એની અંદર રહેલા અર્થને લઈને એ મહાન હોય છે ... ... આ મહાવાક્યોનો આધાર લઈને એક વિશેષ પ્રકારની સાધના આપણા દેશમાં થતી આવી છે. આપણે ત્યાં કહ્યું છે કે મહવાક્યનું સતત ચિંતન કરવું, નિરંતર-પ્રતિક્ષણ ચિંતન કરવું, આચરણ- આજીવન ચિંતન કરવું... ... તેના વડે મનુષ્ય દેહ, મન, ઈન્દ્રિયો, વાસના, ભાવના, બુદ્ધિ વગેરે વળગણોથી પર થઈ જાય છે અને પોતાની મૂળ સ્થિતિમાં પહોંચી જાય છે. એ પ્રક્રિયા નામસ્મરણની પ્રક્રિયાની નિકટ છે. જેવી ભક્તિ માર્ગમાં નામસ્મરણની પ્રક્રિયા છે, તેવી વેદાંતમાં આ મહાવાક્ય-ચિંતનની પ્રક્રિયા છે.” (વિનોબા, भूमिपुत्र : તા. ૨૮-૬-૭૬.).

આપણે ત્યાં આવાં મહાવાક્યો મુખ્યત્વે ચાર ગણાય છે. પ્રત્યેક વેદનું એકેક એમ કુલ ચાર થાય છે; તે નીચે પ્રમાણે :

(૧) ऋग्वेदનું મહાવાક્ય - प्रज्ञानम् ब्रह्म ।
(૨) यजुर्वेदનું મહાવાક્ય - अहं ब्रह्मास्मि ।
(૩) सामवेदનું મહાવાક્ય - तत्त्व मसि ।
(૪) अथर्ववेदનું મહાવાક્ય - अयमात्मा ब्रह्म ।

આવું જ એક મહાવાક્ય ગુજરાતીમાં આપણા ભક્તકવિ નરસિંહ મહેતાએ લખ્યું છે, પણ એણે બિચારાએ ગુજરાતીમાં લખ્યું, સંસ્કૃતમાં ન લખ્યું, એટલે એની થવી જોઈએ તેટલી કદર નથી થઈ. મારા નમ્ર મત પ્રમાણે ઉપરનાં ચારે વાક્યોમાંથી જે સંતોષકારક ખુલાસો નથી મળતો તે નરસિંહ મહેતાના વાક્યમાંથી મળે છે અને માટે હું એને **પાંચમું મહાવાક્ય** કહું છું.

હું શાસ્ત્રી કે પંડિત નથી. એક જિજ્ઞાસુની દૃષ્ટિથી હું આ કહી રહ્યો છું અને કોઈ પ્રકારની પારિભાષિક ભૂલ મારાથી થતી હોય તો વાચક ક્ષમા કરે.

મારા જેવા જિજ્ઞાસુ માટે મહાવાક્યોનો શો ઉપયોગ? તો હું એમ સમજું છું કે જીવ, જગત અને ઈશ્વર વિષે, તથા એ ત્રણેના પરસ્પર સંબંધ વિષે આપણને જે સંતોષકારક ખુલાસો આપે તે ઉત્તમ મહાવાક્ય. આ દૃષ્ટિએ મને ઉપરનાં ચારે મહાવાક્યો ઊણાં લાગે છે.

પહેલું વાક્ય લઈએ : प्रज्ञानम् ब्रह्म । એમાં માત્ર બ્રહ્મ કે ઈશ્વર – અથવા જગતનું જે અધિષ્ઠાન છે, તેનો જ ખુલાસો કે તેની વ્યાખ્યા મળે છે. આ વાક્ય પરથી જીવ કે જગત વિષે કશું જાણવા મળતું નથી. એટલું સમજાય છે કે જે કાંઈ છે – જે Reality છે તે જ્ઞાનસ્વરૂપ અથવા ચૈતન્ય સ્વભાવવાળી છે; જડ નથી. બીજું વાક્ય થોડો વધારે ખુલાસો આપે છે. જીવ વિષે પણ તે કહે છે કે જીવ પોતે (अहं) પણ ब्रह्म જ છે. એટલાથી આ દૃશ્યમાન જગત સાથે બ્રહ્મનો અને/અથવા अहम् નો શો સંબંધ છે તે બરોબર સ્પષ્ટ થતું નથી. તેવું જ तत्त्वमसि વાક્યનું સમજવું. ગુરુ શિષ્યને કહે છે: “તે તું જ છે” અર્થાત્ જીવ બ્રહ્મ જ છે. આના સ્વીકારમાં જીવની અલ્પજ્ઞતા અને બ્રહ્મની સર્વજ્ઞતા વગેરે વિરુદ્ધધર્મો આડે આવે છે. તેનો ઉકેલ એમ બતાવાય છે કે આ બંનેની તે ધર્મો ઉપાધિ છે. તેનો ત્યાગ કરવાથી જીવ અને ઈશ્વરનો અભેદ થઈ શકે છે. એમ છતાં, આ ઉપાધિઓ અને આ દૃશ્યમાન જગતનો કંઈ ખુલાસો મળતો નથી. अयम् आत्मा ब्रह्म એ મહાવાક્યથી પણ જીવ અને બ્રહ્મનો અભેદ સિદ્ધ થઈ શકે છે; પરંતુ એથી વિશેષ પ્રકાશ મળતો નથી.

હવે નરસિંહ મહેતાનું મહાવાક્ય જુઓ. એ કહે છે :–
“બ્રહ્મ લટકાં કરે બ્રહ્મ પાસે”

મને પોતાને તો ઉપલાં ચારે વાક્યો કરતાં આ મહાવાક્ય ઘણું વધારે સંતોષકારક લાગે છે. ईशोपनिषद્‌ના શાંતિપાઠમાં જે પૂર્ણત્વનું વર્ણન છે, ॐ पूर्णमद : पूर्ण मिदम् વગેરે તેની પાસેમાં પાસે કોઈ વાક્ય હોય તો તે નરસિંહ મહેતાનું આ મહાવાક્ય છે, ઉપરનું એકે મહાવાક્ય નહિ એવું મારું માનવું છે. નરસિંહ મહેતા કહે છે, જે કંઈ છે, તે બ્રહ્મ જ છે; નથી જીવ, નથી જગત, નથી ઈશ્વર. જે **દેખાય** છે તે બ્રહ્મનાં બ્રહ્મ સાથેનાં લટકાં છે – લીલા છે, અને તેથી **મિથ્યા નથી.** દૃષ્ટિ સૃષ્ટિવાદમાં જાણ્યે અજાણ્યે દૃશ્ય કરતાં દૃષ્ટાને વધારે મહત્ત્વ આપવામાં આવે છે અને દૃશ્ય મિથ્યા કે અનિત્ય છે, એનો આભાસ ઊભો થાય છે (જુઓ, સ્વ. માધવ-તીર્થનાં લખાણો). નરસિંહ મહેતા પેલા ઋષિની માફક કહે છે, આ પણ બ્રહ્મ (पूर्ण) છે, પેલું પણ બ્રહ્મ છે. કોઈ અપૂર્ણ નથી, ઓછું નથી અનિત્ય નથી, દુ:ખી નથી, સુખી નથી; મેઘધનુષ મંડાય કે ચાંદની રેલાય, ધરતીકંપ થાય કે નદીઓ ગાંડીતૂર બને, બધાં જ બ્રહ્મનાં બ્રહ્મ સાથેનાં **લટકાં** છે. આ લટકાં છે, માટે કવિના કાવ્યની પેઠે એનું કોઈ પ્રયોજન નથી, એમાં કોઈ યોજના નથી, એમાં વિકાસ નથી – અને તેથી શ્રી અરવિંદના વિકાસવાદને પણ સ્થાન નથી. પ્રારબ્ધ પણ બ્રહ્મનું લટકું છે અને લટકું છે તેથી જ કાર્ય કારણના નિયમથી પર છે, અને માટે જ સદ્‌ગુરુ કે સંત કોઈ વાર પ્રારબ્ધની રેખ પર મેખ મારે છે – મારી શકે છે.

ઉમાશંકરે એક વાર યથાર્થ રીતે જ લખ્યું હતું કે, “... ... માત્ર પાંચ શબ્દોમાં માયાનું, સંસ્કૃતમાં તેને વિષે લખાયેલા સમગ્ર લખાણનું જ કરતાં કદાચ વધુ વિશદ દર્શન કરાવતું, ભવ્ય લલિત આલેખન” (संस्कृति) જુલાઈ ૧૯૭૪ પાનું ૨૨૧).

**–ડૉ. કાન્તિલાલ શાહ**

# જૈન સાહિત્ય સમારોહ

મહાવીર જૈન વિદ્યાલયના હીરક મહોત્સવના એક ભાગ રૂપે ભારતીય વિદ્યાભવનના ગીતા મંદિર હૉલમાં 'જૈન સાહિત્ય સમારોહ' તા. ૨૨, ૨૩, ૨૪ના રોજ ત્રણ બેઠકોમાં યોજાયો હતો. આ સમારોહના પ્રમુખસ્થાને પદ્મશ્રી કે. કા. શાસ્ત્રી હતા, જ્યારે તેનું ઉદ્ઘાટન શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહે કર્યું હતું. જૈન સાહિત્ય પરિષદની ગરજ સારતા આ સમારોહમાં 'સાહિત્ય, કલા અને દર્શન' એમ ત્રણ વિભાગ રાખવામાં આવ્યા હતા, જેનું વિભાગીય પ્રમુખ તરીકે સંચાલન અનુક્રમે ડૉ. હરિવલ્લભ ભાયાણી, ડૉ. ઉમાકાન્ત શાહ અને ડૉ. દલસુખભાઈ માલવણિયાએ કર્યું હતું. સમારોહના મંત્રી તરીકે ડૉ. રમણભાઈ શાહ, શ્રી અમર જરીવાલા અને શ્રી કાંતિલાલ કોરા હતા.

જૈન સાહિત્ય સમારોહના ઉદ્ઘાટન પ્રસંગ વખતે મહાવીર જૈન વિદ્યાલયના મંત્રી શ્રી જે. આર. શાહે જણાવ્યું હતું કે ૬૩ વર્ષ પહેલાં મહુવા ખાતે આવો જ સમારોહ યોજાયો હતો; પરંતુ આ ૬૩-૬૩ વર્ષના વહાણા વાઈ ગયા પછી સૌ પ્રથમ વખત આ કાર્યની શરૂઆત થાય છે અને હવે તે નિયમિત રૂપે પોતાની જૈન સાહિત્ય પ્રત્યેની ફરજ અદા કરશે.

સદ્ગત આચાર્ય શ્રી વિજયવલ્લભ સૂરીજી મહારાજની પ્રેરણાથી શરૂ થયેલ મહાવીર જૈન વિદ્યાલય એ કોઈ હૉસ્ટેલ નથી; પરંતુ સંસ્કાર ધામ છે અને તેથી જ જૈન સાહિત્ય પ્રત્યે તેમણે આગવો અભિગમ અપનાવી 'આગમ પ્રકાશન'ની યોજના પણ હાથમાં લીધી છે. જૈન સાહિત્ય ખૂબ ગંજાવર છે, અને હજુ ઘણું બધું સાહિત્ય અપ્રસિદ્ધ છે. તેમાંથી ઘણું સાહિત્ય પ્રગટ થઈ શકે અને તેથી કાયમી પ્રકાશનની વ્યવસ્થા પણ થઈ શકે.

શ્રી શાહે જણાવ્યું હતું કે જૈન સાહિત્યનો અભ્યાસ જૈનોની જેમ જૈનેતરો પણ કરે છે. આ પ્રદ્ધતિ અને પ્રવૃત્તિ વધારે વિકસે તેને વિદ્યાલય આવકારશે અને તેનાથી બનતી તમામ ઉપયોગી સેવા પૂરી પાડશે.

'જૈન સાહિત્ય સમારોહ' જેવી કોઈ પ્રવૃત્તિ હાથ ધરવી જોઈએ એવો વિચાર વહેતો મુકનાર ડો. રમણલાલ શાહ આ સમારોહના મંત્રી હતા ... તેમણે આ સમારોહ પાછળનો ઉદ્દેશ જણાવતાં કહ્યું હતું કે આ એક સંશોધન અને વિકાસનું કાર્ય છે અને મહાવીર જૈન વિદ્યાલય એ કાર્ય સરળતાથી ઉપાડી શકે, કારણ કે વિવિધ સ્થળે સાધનો ધરાવતી તેની શાખાઓ છે. સાહિત્ય સમારોહની કાયમી કચેરી અને ભંડોળ પણ એકઠું કરવાની તેમની શક્તિ છે.

ડૉ. શાહે આ સમારોહને સાહિત્યની ભૂમિકામાં બીજ સમાન ગણાવ્યું હતું અને ઉમેર્યું હતું કે હવે ક્રમશઃ તેનો વિકાસ થશે.

આ પ્રસંગે તેમણે એક સ્પષ્ટતા પણ કરી હતી કે જૈન સાહિત્ય સમારોહ સાંપ્રદાયિક કે સંકુચિત દષ્ટિથી નથી શરૂ થતો ... જૈનો પાસે અઢળક સાહિત્ય અને કલા છે જેને વ્યવસ્થિત કરવાનો, પ્રોત્સાહન આપવાનો અને પ્રકાશિત કરવાનો પ્રયાસ છે.

ડૉ. શાહે જૈન સાહિત્ય કલા ક્ષેત્રે એક કરૂણતાનો નિર્દેશ કરતાં જણાવ્યું હતું કે ભારતમાંથી પ્રાધ્યાપકો જૈનના શાસ્ત્રોનો વધારે અભ્યાસ કરવા જર્મની જાય છે! ભારત કરતાં જર્મનીની યુનિવર્સિટીઓમાં જૈન ચેર વધારે છે! જર્મની પાસે જે અલભ્ય હસ્તપ્રતો છે તે આપણી પાસે નથી!

અમેરિકા અને યુરોપમાં આજે જૈન શાસ્ત્રના અભ્યાસની માગ વધી છે ત્યાં આ વિભાગના પ્રાધ્યાપકો નિમાતા જાય છે. તેથી આપણે ત્યાં આપણે સમયસર જૈન સાહિત્ય, કલા, દર્શન અંગે અભ્યાસ-સંશોધન અને 'કમ્પેરેટીવ' અભ્યાસ કરવાની જરૂર ઊભી થઈ છે. આ સાથે જ જૈન સાહિત્યનો જૈનેતર સાહિત્ય સાથે તુલનાત્મક અભ્યાસ હાથ ધરવાનો સમય પણ હવે પાકી ગયો છે આ જવાબદારી આજની નવી પેઢી ઉપર છે.

આ કાર્ય કરતાં સંકુચિતતા ન આવે તેથી જ પદ્મશ્રી કે. કા. શાસ્ત્રી જેઓ ચુસ્ત વૈષ્ણવ છે તેમને પ્રમુખસ્થાને બિરાજમાન કરાયા છે. તેમનામાં જૈન અને વૈષ્ણવના ઉભય સંસ્કાર સિંચિત થયેલા છે.

આ પ્રવૃત્તિ જૈનો પૂરતી જ સંકુચિત ન રહે અને જૈન કલા, સાહિત્ય દર્શનનો અભ્યાસ પણ મર્યાદિત ન રહે એ દષ્ટિને ધ્યાનમાં રાખીને આ પ્રવૃત્તિને અમે ઉપાડી છે અને એને વેગ આપવામાં આવ્યો છે.

સમારોહનું ઉદ્ઘાટન પ્રવચન કરતાં શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહે જણાવ્યું હતું કે આ એક અત્યંત મંગળ પ્રસંગ છે અને આવું કાર્ય હાથ ધરવા માટે મહાવીર જૈન વિદ્યાલય અભિનંદનના અધિકારી છે.

શ્રી ચીમનભાઈએ વિનમ્રભાવે જણાવ્યું હતું કે આ સાહિત્ય સમારોહનું ઉદ્ઘાટન કરવા જેટલી વિદ્વતા કે ગહનતા મારામાં નથી છતાં મારા પ્રત્યેના પ્રેમને કારણે આ કાર્ય મને સોંપાયું છે અને ૨૫૦૦મી નિર્વાણ શતાબ્દી પ્રસંગે જે અઢળક સાહિત્ય પ્રકાશિત થયું તે વાંચવાનો મને મોકો મળ્યો છે અને તેના ઉપરથી લાગ્યું છે કે જૈનો પાસે અઢળક સાહિત્ય ભંડાર પડેલો છે. આ સાહિત્ય એટલું વિશાળ અને વિપુલ છે કે જ્ઞાનનો એવો કોઈ વિષય નથી કે જે જૈન સાહિત્યમાં ન હોય. ન્યાય, ભૂગોળ, ખગોળ આ સર્વ વિષયો તેમાં આવરી લેવાયા છે.

તેમણે એક પ્રશ્ન ઊભો કર્યો હતો કે જૈન સાહિત્ય એટલે શું? જૈનોએ લખેલું સાહિત્ય કહેવું? સાહિત્યમાં વાડા હોતા નથી. જૈન સાહિત્ય એ ભારતીય સાહિત્યથી જુદું નથી. ભારતીય સંસ્કૃતિનું અંગ છે - આ તેનું વિશિષ્ટ અંગ છે. તેણે સાહિત્યમાં વિશિષ્ટ પ્રદાન કર્યું છે. જૈન દર્શનોએ અન્ય દર્શનો જેટલો જ ફાળો આપ્યો છે. વૈદિક, બુદ્ધ અને જૈન આ દર્શનો પરસ્પરથી સાવ અલગ નથી. એક દર્શને બીજા દર્શન ઉપર પ્રભાવ પાડયો છે. આ દષ્ટિએ વ્યવહારુ દૃષ્ટિએ વિચાર કરવાની આવશ્યકતા છે.

શ્રી ચીમનભાઈએ જણાવ્યું હતું કે જૈન શાસ્ત્રો જોતાં એ સહજભાવે જણાશે કે તેમાં વ્યક્તિ પૂજા ક્યાંય નથી. બધે ગુણની પૂજા જ જોવા મળે છે. આ દૃષ્ટિએ જોવા જઈએ તો આ સાહિત્ય ઉપનિષદની નજીક આવે છે. ઉપનિષદમાં જેમ ક્ષત્રિયોનો ફાળો મોટો હતો તેમ જૈનશાસ્ત્રમાં પણ બન્યું છે.

તેમણે જણાવ્યું હતું કે શંકરાચાર્ય - આદિએ બૌદ્ધ અને જૈન ધર્મ ઉપર પ્રહારો કર્યા, પરંતુ તેમાં બૌદ્ધ ધર્મ નામશેષ થયો અને જૈન ધર્મ વધી ગયો તેનું કારણ એ હતું કે જૈન ધર્મે હિન્દુ ધર્મ સાથે અવિરોધનું વલણ અપનાવ્યું અને જૈનો વ્યવહારમાં લગભગ હિન્દુ જેવા જ રહ્યા! કપડાં, નાત-જાત, લગ્નના રિવાજો, મૃત્યુના રિવાજો અપનાવી લીધા અને છતાંય જૈન રહ્યા!

શંકરાચાર્યના જમાનામાં તેમણે 'સંન્યાસ'ની પદ્ધતિ સ્વીકારી એ હિન્દુ ધર્મ ઉપર જૈન તથા બૌદ્ધ ધર્મની અસરને કારણે જ.

શ્રી ચીમનભાઈએ જણાવ્યું હતું કે જૈનોની અનોખી અને મોટામાં મોટી કોઈ દેણ હોય તો તે અનેકાંતવાદની છે. આ વાત સાચી છે. પણ આપણે એ વિચારવું જોઈએ કે આપણા જીવનમાં અને વ્યવહારમાં આ 'અનેકાંતવાદ' ક્યાં સુધી ઊતર્યો છે? આપણી કોઈ ટીકા કરે તો શાંત રહેવાનું નથી. આપણામાં પણ અંધશ્રદ્ધા

ઓછી નથી. આપણે કોઈ ફેરફારો કરવા તૈયાર નથી, એટલું જ નહીં પણ જો કોઈ નાનામાં નાની ભિન્ન વાત રજૂ કરે તો આપણે તેના પર તૂટી પડીએ છીએ!

આગમો એ જ્ઞાનનો ભંડાર છે પણ આ કેવળ જ્ઞાનીના વચનો છે એટલે તેમાં સ્વતંત્ર વિચારની કોઈ આવશ્યકતા જ રહેતી નથી એમ આપણે માની લઈએ છીએ.

જૈન ધર્મ, શાસ્ત્ર, દર્શન આમાંથી આપણે કેટલું સ્વીકાર્યું? તેનો તલસ્પર્શી અભ્યાસ કેટલો થયો? આનો વર્તમાનમાં કેટલો અભ્યાસ થયો? મારે ખેદ સાથે એમ કહેવું પડે છે કે 'Critical' કહી શકાય તેવું બહુ જ ઓછું લખાણ થયું છે.

આપણે જેને સ્વતંત્ર ચિંતન અને મૂલ્યાંકન કહીએ તેવો અભ્યાસ કરવાની તૈયારી છે? કોઈ મહારાજ કે મહાસતી કહે તો અનેક પ્રકાશનો થાય છે, આ પ્રકાશકો પણ એ પુસ્તકો વાંચતા હોય એવું નથી. આમાં પણ કોઈ નવી દૃષ્ટિએ મૂલ્યાંકન જોવા નહીં મળે, એકનું એક જ પ્રકાશન...આવા પ્રકાશનો ઘણાં જોવા મળશે પણ લાખો રૂપિયા ખર્ચ્યા પછી ગુણવત્તા જેવું કંઈ જોવાં ન મળે?

જૈન સાહિત્ય સમારોહ જ્યારે નવી દૃષ્ટિથી આગળ ધપવા માગે છે ત્યારે કેવું સાહિત્ય પ્રગટ કરવું તેનો પણ વિચાર કરવો જોઈએ. માત્ર હાથ વડે તે હસ્તપ્રતોનું પ્રકાશન કરવાથી કંઈ ન વળે. કેટલીક હસ્તપ્રતો પ્રકાશિત કરવાની જરૂર ન પણ લાગે તો તેની પાછળ વ્યર્થ ખર્ચ ન કરવો જોઈએ પરંતુ પ્રગટ કરેલી કૃતિ એ 'તુલનાત્મક અભ્યાસવાળી, ઊંડી સમજ આપનારી અને જ્ઞાનના માર્ગો ખોલનારી હોવી જોઈએ. આજે સંશોધનને નામે જે ચાલી રહ્યું છે તેવું નહીં પરંતુ ખરેખર જ જેને 'તુલનાત્મક' સંશોધન કહી શકાય તેવું કાર્ય થવું જોઈએ તો વધારે ઉપયોગી થઈ પડે અને આવાં કાર્ય પાછળ જીવન સમર્પણ કરવાવાળા કેટલા!

તેમણે જણાવ્યું હતું કે આપણા શાસ્ત્રોમાં કેટલીક ખગોળ, ભૂગોળની બાબતો છે - આમાંથી આજે કેટલીક અપ્રસ્તુત છે છતાં આ બાબતો આજના જમાનાથી અપ્રસ્તુત છે એમ કહેવાની હિંમત કેટલાની? આપણી 'બાયોલોજી' ગહનમાં ગહન છે તેમાં અંતરદર્શન છે, પરંતુ જૈન બાયોલોજી અને વર્તમાન બાયોલોજી એ પ્રમાણે જ જૈન તર્ક અને વર્તમાન તર્ક શાખાઓ, જૈન માનસશાસ્ત્ર અને વર્તમાન માનસશાસ્ત્ર આ અંગે કોઈ તટસ્ટ અભ્યાસ થયો છે? આવો અભ્યાસ હાથ ધરવો જોઈએ.

– આ ઉપરાંત ભગવાન મહાવીરે પોતાના યુગમાં સંસ્કૃત છોડીને એક વખતની પ્રાકૃત ભાષામાં ઉપદેશ કર્યો. આપણે હજી પણ એ પ્રાકૃત જ ગોખ્યા કરીએ છીએ પછી ભલે તેમાં કોઈ સમજ ન પડે! આપણા બાળકોને પણ એ ગોખાવ્યા કરીએ છીએ. આજે આપણી તૈયારી વર્તમાન ભાષામાં આપણું સાહિત્ય પ્રદાન કરવાની છે?

સાહિત્ય સમારોહના પ્રમુખસ્થાનેથી પદ્મશ્રી કે. કા. શાસ્ત્રીએ જણાવ્યું હતું કે જૈન સાહિત્ય વિશે કંઈ કહેવાનું હોય ત્યારે તત્ત્વજ્ઞાનમાં માથું મારવું પડે. આમ ઊંડા ઉતરતાં 'અનેકાન્તવાદ' સામે જ આવે - ઋગ્વેદમાં નજર કરીએ તો આ અનેકાંતવાદનાં બીજ જોવા મળે છે. "નઅસાદસિ - નસદાસી' જે જણાવ્યું છે તે જૈનોના અનેકાંતવાદથી કંઈ દૂર નથી. આમ સમાંતર– વિચારધારા અનેક પ્રકારે વિકસેલી છે અને તે સાથે સાથે ચાલે છે.

તેમણે જણાવ્યું હતું કે ધર્મના વિકાસ થવા તરફ ભિન્ન ભિન્ન માન્યતાઓ રહેલી છે. બૌદ્ધ અને જૈન ધર્મ એ વૈદિક ધર્મમાં એ વખતે વધેલી હિંસાના પ્રતિકારત્મક રૂપે ઉદ્‌ભવેલી અહિંસાત્મક બાબત છે. હિંસામય યજ્ઞો સામે 'જ્ઞાનયજ્ઞ'માં 'જ્ઞાન દર્શન અને ચારિત્ર્ય' ની પ્રણાલી પડી. આ બાબત ગીતામાં પણ સ્પષ્ટ રીતે અન્ય સ્વરૂપે મુકાયેલી જ છે. જ્ઞાનમાર્ગના ઉદયમાં મોક્ષમાર્ગનો ઉદય છે એવું પણ વૈદિક ધર્મમાં કહ્યું છે.

શ્રી કે. કા. શાસ્ત્રીએ જણાવ્યું હતું કે પુનર્જન્મ અને કર્મવાદ ભારતના સમગ્ર ધર્મોમાં છે. ભારતીય પ્રણાલી અને બહારના દેશોની પ્રણાલી વચ્ચેનું અંતર એ પુનર્જન્મ અને કર્મવાદની માન્યતામાં રહેલ છે.

તેમણે જણાવ્યું હતું કે અમે તો ઈતિહાસકાર છીએ એટલે અમારે તો પ્રમાણ જોઈએ - ભગવાન બુદ્ધે પાલી - માગધી ભાષામાં અને ભગવાન મહાવીરે અર્ધ - માગધીમાં ઉપદેશ કર્યો એ શબ્દો એમના એમ આપણી પાસે આવ્યા તેનો યશ વલ્લભીને ફાળે જાય છે.

જૈનધર્મ પાસે વિપુલ સાહિત્ય પડ્યું છે. પ્રાકૃત, સંસ્કૃત, અપભ્રંશ, મધ્યકાલીન ગુજરાતી હોય કે અર્વાચીન ભાષા હોય, ઢગલાબંધ સાહિત્ય તેની પાસે પડ્યું છે અને જો આ સાહિત્યની કોઈની સાથે તુલના કરવી હોય તો હિન્દુ ધર્મના ગ્રંથો ઓછા પડે. હિન્દુઓએ શ્રુતિ સાહિત્ય અનેકગણું લખ્યું હશે, પણ સાચવવાની પરિપાટી જૈનધર્મના ભંડારોએ કેળવી તે હિન્દુઓ પાસે સંપૂર્ણ રીતે ન હતી, તેથી તે બહુધા નાશ પામી.

જૈન ભંડારો ઉપર પણ આક્રમણો થયાં છે છતાં અઢળક સાહિત્ય ભંડારોમાં હજી તો હાથ લગાડ્યા વગર પણ પડ્યું હશે. ઇતિહાસ તથા તેના અભ્યાસને હમેશાં પ્રમાણો જોઈએ - મૂળ જોઈએ. જૈન સાહિત્ય, ધર્મ પાસે આવા સબળ પ્રમાણો પડેલાં છે.

પ્રાચીન આચાર્યોના સામે પણ તુલનાત્મક અધ્યયનનો પ્રશ્ન આવ્યો હશે...આપણે જોવા જઈએ તો જ્ઞાનદેવમાં શુદ્ધાદ્વૈદી પડેલ છે.

તેમણે જણાવ્યું હતું કે આપણે આ ગ્રંથોમાં ઊંડા ઊતરવું પડશે. તેની જાળવણી કરવી પડશે અને કોઈ અણઘડ હાથોએ એ આડાઅવળા ન જાય કે દરિયામાં પધરાવાઈ ન જાય તેની કાળજી લેવી પડશે અને જમાનાને અનુરૂપ વ્યાપક દૃષ્ટિ કેળવવી પડશે. આજના જમાનામાં સાંપ્રદાયિકતાથી પર જવું પડશે.

તા. ૨૩ ના રોજ સવારે ૯ વાગે જૈન સાહિત્ય સમારોહની પ્રથમ કાર્યવાહી અંગે 'સાહિત્ય'નું પરિમાર્જન કરવામાં આવ્યું હતું. ડૉ. હરિવલ્લભ ભાયાણીએ સાહિત્ય વિભાગનું સંચાલન કર્યું હતું.

સૌ પ્રથમ સાહિત્ય વિભાગમાં પોતાનું વકતવ્ય રજૂ કરતાં ડૉ. હરિવલ્લભ ભયાણીએ જણાવ્યું હતું કે આપણે જ્યારે જૈન સાહિત્ય વિશે વાત કરીએ ત્યારે મર્યાદાને કઈ રીતે લેખવી? ભારતીય પરંપરા, સાહિત્ય અને સાંસ્કૃતિના વિવિધ પ્રવાહોના તત્ત્વ તરીકે જ વાત કરવી જોઈએ.

જૈન સાહિત્યનો ૨૫૦૦ વર્ષનો ગાળો છે. તેમાં સંસ્કૃત પ્રાકૃત, અપભ્રંશ, જૂની ગુજરાતી, મરાઠી, હિન્દી, તામિલ, કન્નડમાં જૈન સાહિત્ય છે. વિશ્વમાં પણ વૈવિધ્ય ભરપૂર છે અને ધાર્મિક ઉપરાંત જેને આપણે સાંપ્રદાયિકતાથી પર કહી શકીએ તેવું પણ વિપુલ સાહિત્ય પડેલું છે. પ્રાકૃત સાહિત્યના ઈતિહાસમાં મોટો ફાળો જૈન સાહિત્યનો છે અને અપભ્રંશમાં માત્ર જૈન સાહિત્યની જ કૃતિઓ મળે છે.

વ્યાકરણ કે ગુજરાતીમાં ભાષાનું મૂળ સ્વરૂપ કયું હતું તે પ્રમાણે જો ભાષાનો ઈતિહાસ આપવો હોય તો આ ગ્રંથોના જ આધારે લેવા પડે. ત્રીજી શતાબ્દીથી લઈ ૧૦મી શતાબ્દીનો સાંસ્કૃતિક ઈતિહાસ રચવો હોય તો એના માટેના આધારગ્રંથો જૈનો પાસેથી જ મળે છે.

તેમણે જણાવ્યું હતું કે આપણી પાસે લાખો પ્રતો છે તેની નોંધ નથી, મને ભય છે કે કેટલીક વેચાઈ ગઈ છે. આ સાહિત્યસર્જકોએ સાહિત્યનિર્માણ માટે જે શ્રમ કર્યો તેની જાળવણી માટે પણ આપણે શ્રમ લેતા નથી. એને આ જૈનોએ કરવાની જ બાબત નથી; આ જ્ઞાન છે અને તે સમગ્ર ભારતનો વારસો છે.

આવી જાળવણીમાં કેન્દ્ર તથા રાજ્યોએ પણ મદદ કરવી જોઈએ.

તેમણે કહ્યું હતું કે અભ્યાસ ત્રણ રીતે થઈ શકે જૈનો પૂરતો, ભારતીય દષ્ટિએ અને ભારત-જૈન નહીં પ્રાંત બહારના આધ્યાત્મિક માનવીને રસ પડે તે રીતે. આપણી પાસેના સાહિત્યમાં જે કેટલુંક પડયું છે તે સમયબહારનું થઈ ગયું છે તેને તારવવું જોઈએ અને કેટલુંક અત્યારના માણસની બૌદ્ધિક જરૂરિયાત માટે ઘણુ કામનું છે.

ડૉ. ભાયાણીએ જણાવ્યું હતું કે મૂળ ગ્રંથો તો છે, પણ તેનો ભારતીય ભાષામાં અનુવાદ જરૂરી છે. ગ્રીક તથા અને લેટીનમાંથી અંગ્રેજીમાં સાહિત્ય ઊતારવામાં આવ્યું ...આપણે પણ આવું કંઈક કરવું જોઈએ. જો ટ્રાન્સલેશન ઈન્સ્ટિટયૂટ ઊભી કરવામાં આવશે તો જ આ જ્ઞાન જીવંત રહેશે નહિ તો જીવતા માણસના જીવનના ભાગરૂપે એ નહીં રહે.

ત્યાર પછી 'નલાયન' મહાકાવ્ય વિશે પોતાનો નિબંધ વાંચતાં મુંબઈ યુનિવર્સિટીના ગુજરાતી વિભાગના અધ્યક્ષ ડૉ. રમણલાલ શાહે જણાવ્યું હતું કે જેના ઉપરથી મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં કવિ નયસુંદરે 'નળદમયંતી' રાસની રચના કરી છે એ માણિક્યદેવસૂરિકૃત' 'નલાયન' મહાકાવ્ય એ લુપ્ત થઈ ગયેલો ગ્રંથ છે એમ ઘણાં વર્ષો પૂર્વે મનાતું હતું. પરંતુ સદ્ભાગ્યે જેસલમેર અને બીજા ભંડારોમાંથી એની ચાર હસ્તપ્રતો મળી આવેલી છે અને શ્રી વિજયસેનસૂરિએ એનું સંશોધન કરી ઈ. સ. ૧૯૩૮માં ભાવનગરની યશોવિજયજી ગ્રંથમાળા તરફથી પ્રતાકારે આ ગ્રંથ છપાવ્યો છે. આમ આ ગ્રંથ પ્રસિદ્ધ થઈ ચૂકયો હોવા છતાં એને જોઈએ તેટલી પ્રસિદ્ધિ મળી નથી અને તેથી ગુજરાતી સાહિત્યના ઈતિહાસોમાં અને અન્યત્ર એ લુપ્ત થઈ ગયેલો ગ્રંથ છે એ પ્રકારનો નિર્દેશ હજુ સુધી થયા કરે કરે છે, જે ખેદની વાત છે.

વિક્રમના ચૌદમા શતકમાં થઈ ગયેલા 'પંચનાટક' યશોધરચરિત્ર' વગેરે ગ્રંથોમાં કર્તા કવિ માણિક્યદેવસૂરિએ દસ સ્કંધના નવ્વાણુ સર્ગમાં આ મહાકાવ્યની સંસ્કૃત ભાષામાં રચના કરી છે. ચાર હજાર કરતાં યે વધુ શ્લોકમાં આ મહાકાવ્યની રચના કવિએ સંસ્કૃત મહાકાવ્યોની પ્રણાલી અનુસાર કરી છે. નળદમયંતી વિશે લખાયેલી તમામ રચનાઓમાં સૌથી મોટી રચના આ 'નલાયન' મહાકાવ્ય છે. વળી, આ મહાકાવ્યની બીજી એક વિશિષ્ટતા એ છે કે કવિએ મહાભારતની નવલકથાની પરંપરા અને જૈન નવલકથાની પરંપરા બંનેનો સુભગ સમન્વય કર્યો છે, જે આ કવિ પૂર્વેની કોઈ કૃતિમાં જોવા મળતો નથી. આ મહાકાવ્ય ઉપર શ્રી હર્ષકૃત 'નૈષધીયચરિત' અને ત્રિવિક્રમકૃત' 'નલચંદ્ર'ની કયાંક કેટલીક અસર પડી છે અને તેમ બનવું સ્વાભાવિક છે. છતાં કવિની પોતાની સ્વતંત્ર મૌલિક પ્રતિભાનું દર્શન પ્રત્યેક સ્કંધના પ્રત્યેક સર્ગમાં આપણને થાય છે. વળી નવલકથા વિશેની એ બે સુપ્રસિદ્ધ કૃતિઓ કરતાં આ મહાકાવ્યની વિશિષ્ટતા એ છે કે એ કૃતિઓમાં દમયંતીના સ્વયંવર અને કળિના પ્રસંગ સુધીનું નિરૂપણ થયું છે, એટલે કે એમાં નળદમયંતીની સમગ્ર કથાનું નિરૂપણ નથી થયું, જ્યારે 'નલાયન' મહાકાવ્યમાં સમગ્ર કથાનું નિરૂપણ થયું છે.

આપણા સંસ્કૃત સાહિત્યમાં ઓછું જાણીતું રહેલું આ મહાકાવ્ય આપણાં ઉત્તમ મહાકાવ્યોની હરોળમાં બેસાડી શકાય એવું છે. કાવ્યની દષ્ટિએ તેમ જ નવલકથાના વિકાસમાં એણે આપેલા ફાળાની દષ્ટિએ આ મહાકાવ્ય એક વિરલ અને અદ્વિતીય કૃતી છે એમ કહી શકાય.

આ બેઠકમાં ધોળકાની આર્ટ્સ અને સાયન્સ કોલેજના પ્રિ. બિપિન ઝવેરીએ 'પૃથ્વીચન્દ્ર ચરિત' ઉપર તથા ડૉ. કનુભાઈએ 'ફાગુ' વિશે પોતાના અભ્યાસ નિબંધો રજૂ કર્યા હતા.

તા. ૨૩ની સાંજની બેઠકમાં 'કલા વિભાગ'નું સંચાલન ડૉ. ઉમાકાન્ત શાહે કર્યું હતું. આ વખતે મુંબઈના મ્યુઝિયમના વડા ડૉ. ગોરક્ષકરે સ્લાઈડો દ્વારા જૈન મૂર્તિઓ તેની વિશેષતાઓ ઉપર પ્રકાશ પાડયો હતો. તેમણે પોતાનો અભ્યાસ નિબંધ પણ આ પ્રસંગે રજૂ કર્યો હતો.

ડૉ. ઉમાકાન્તભાઈએ પોતાનો અભ્યાસ નિબંધ રજૂ કરતાં જૈન કલાને 'જૈનાશ્રિત કલા" તરીકે ઓળખાવતાં જણાવ્યું હતું કે, વાસ્તવિક રીતે એ સર્વ ભારતીય કલાનાં સર્જનો છે અને ૨૫૦૦ વર્ષથી વિવિધ ક્ષેત્રે જે કલા નિર્માણ થઈ તેમાં જો ધર્માચાર્યોએ ધર્મને નામે વિરોધ કર્યો હોત તો આ સર્જન થઈ શકયું ન હોત.

આટલું મોટું કલાસર્જનનું કામ થયું તો હવે તેના અભ્યાસ અને પ્રદર્શન સામે વિશેષ વિરોધ થવો ન જોઈએ. પરંતુ શ્રી. મહાવીર નિર્વાણ શતાબ્દી પ્રસંગે એક પ્રદર્શન સામે નાનકડા વર્ગે વિરોધ કર્યો હતો. અને એ પ્રદર્શન બંધ રાખવાની ફરજ પડી હતી.

તેમણે જણાવ્યું હતું કે જૈનોની કેટલીક કલાકૃતિ વિદેશમાં પગ કરી ગઈ છે; પરંતુ હવે જૈન ભંડારોમાંથી અને જૈન મંદિરોમાંથી ઉપડી જતી આ વિરલ કૃતિઓને બચાવી લેવા માટે સમગ્ર સમાજે સતત જાગૃત રહેવું ઘટે અને ભૂતકાળનો બોધપાઠ લઈ ભવિષ્યમાં તમામ જૈન કૃતિઓના ફોટાઓ પડાવી તેના કેટલોગ તૈયાર કરવાં જોઈએ. અને આ સમગ્ર સાહિત્ય - કૃતિઓ અભ્યાસીઓ માટે ઉપલબ્ધ હોવી જ જોઈએ.

તેમણે એવી ટકોર કરી હતી કે નવા મંદિરો બાંધવા પાછળ જેટલી ધગશ હોય છે તેટલી જૂનાં મંદિરો જાળવી રાખવા પાછળ હોવી જોઈએ. સાધુ મહારાજો પણ પોતાના અભ્યાસ માટે રાખવામાં આવેલી પ્રતો પણ કાળ ક્રમે બીનવારસ ન થાય તે માટે કાળજી રાખે અને સુરક્ષિત ભંડારો કે અભ્યાસ સંસ્થાઓને તે સોંપે એ જરૂરી છે.

ડૉ. ઉમાકાન્ત શાહે આ પ્રસંગે કૃતિઓ રાખનારા અને તેનું ગૌરવ લેનારને જણાવ્યું હતું કે, આ સમગ્ર પ્રાચીન સાંસ્કૃતિક વારસો જૈન સંઘની માલિકીનો છે અને વ્યવસ્થા હેઠળનો છે. એટલું જ નહીં, પણ સમગ્ર ભારતીય સંસ્કૃતિનો વારસો છે, અને જૈનેતર ભારતીય સમાજને વ્યવસ્થા સૂચવવાનો, વ્યવસ્થા રહે છે કે, નહીં તે જોવાનો હકક છે.

તેમણે જણાવ્યું હતું કે, જેમ બુદ્ધ ભગવાને તેમની પ્રતિકૃતિઓની પૂજા કરવાની મનાઈ ફરમાવી હતી તેમ શ્રી મહાવીર ભગવાને એવું કંઈ કહ્યું હોય તેવી હકીકત મળતી નથી. શ્રી મહાવીર–સમકાલીન કોઈ મંદિરની ચોક્કસ માહિતી મળતી નથી. ભગવાન મહાવીર અને તેમનાં માતા - પિતા પાર્શ્વનાથનાં ઉપાસક હતાં, તેઓ કોઈ મંદિરમાં ગયા હોવાના ઉલ્લેખો મળતા નથી પણ ભગવાન મહાવીરના સમયની 'જીવંત સ્વામી'ની એક કાષ્ઠ પ્રતિમા મળી છે.

ડૉ. ઉમાકાન્ત શાહે ભગવાન મહાવીરની પ્રતિમા, નગ્ન પ્રતિમાઓ લાંછનો, અષ્ટ મંગળ, સ્તંભો વગેરે અંગે અભ્યાસપૂર્ણ, પ્રમાણભૂત માહિતી પણ પૂરી પાડી હતી.

"ગુજરાતનાં જૈન શિલ્પ સ્થાપત્યો" અંગે ડૉ. હરિલાલ ગોદાણીનો અભ્યાસ નિબંધ વાંચી સંભળાવવામાં આવ્યો હતો. તેમાં તેમણે જણાવ્યું હતું કે જૂનાગઢની બાવા પ્યારાની ગુફાઓને બાદ કરતાં ગુજરાતમાં જૈન સ્થાપત્યો કોતરવાની શરૂઆત સંવતના પહેલા સૈકામાં થઈ હશે.

તેમણે એમ પણ જણાવ્યું હતું કે ગુજરાતમાં જૈન ધર્મનો પ્રચાર ઈ. સ. પૂર્વેના ત્રણ થી ચાર સૈકા અગાઉથી થયો હતો એ

હકીકત પુરવાર થઈ છે.

તા. ૨૪ના રોજ સવારે તત્ત્વજ્ઞાન વિભાગનું સંચાલન શ્રી દલસુખભાઈ માલવણિયાએ કર્યું હતું.

ડૉ. દલસુખભાઈ માલવણિયાએ 'જૈન દાર્શનિક વિચારણાનો આદિકાળ' અંગે સમય ચર્ચા કરી હતી.

તેમણે જણાવ્યું હતું કે જૈન ધર્મના સાહિત્યનો સ્રોત જૈન આગમો છે અને અત્યારે જે 'આગમ સાહિત્ય' આપણી પાસે ઉપલબ્ધ છે તે બધું જ ભગવાન મહાવીર કાલીન છે એમ કહી શકાય તેમ નથી. તેમાં પણ કાલ દષ્ટિએ અનેક સ્તરો છે; પરંતુ આપણી પાસે જે આગમ સાહિત્ય છે તે વલ્લભીમાં દેવર્ધિગણીએ લખેલ કે લખાવેલ છે અને વલ્લભીમાં જે લેખન થયું તે વલ્લભી વાચનાનુ સારી નથી પણ માધુરી વાચનાનુ સારી છે.

ડૉ. દલસુખભાઈએ જણાવ્યું હતું કે વિદ્વાનો એવા સામાન્ય નિર્ણય પર આવ્યા છે કે આગમોમાં સૌથી પ્રાચીન આચારાંગ પ્રથમ શ્રુત સ્કંધ છે અને તે પછી સૂત્રકૃતાંગ પ્રથમ સંધનું સ્થાન આવે છે.

તેમણે જણાવ્યું હતું કે આચારાંગમાં ષડજીવ નિકાયની પ્રરૂપણા મુખ્ય ભાગ ભજવે છે જ્યારે તત્ત્વાર્થમાં પંચાસ્તિકાય કે ષડ્દ્રવ્ય વિચારણા સ્પષ્ટ છે. આથી એમ માનવું જોઈએ કે તે કાળે ષડ્દ્રવ્યો વિશે ખાસ કોઈ વિચારણા નહીં થઈ હોય, અને કાળક્રમે જૈન દર્શનમાં તે ઊતરી આવી હશે.

જૈન દર્શનમાં જગત જીવોથી વ્યાપ્ત છે એ માન્યતા છે પરંતુ અજીવનો ઉલ્લેખ નથી. આથી એમ માની શકાય કે આચારાંગને બધું જીવરૂપ જ માન્ય છે જીવનનો બંધ થાય છે અને તે કર્મથી મુકત થવાનો અને મોક્ષ પામવાનો ઉલેખ છે. ઉપરાંત આત્માને પુનર્જન્મ છે તેનો પણ ઉલ્લેખ છે.

તેમણે જણાવ્યું હતું કે આચારાંગના કાળે ક્રિયાવાદ અને અક્રિયાવાદ એમ બે પક્ષો હતા એમાં ભગવાન મહાવીરે પોતાનો પક્ષ ક્રિયાવાદ તરીકે સ્પષ્ટ રજૂ કર્યો હતો. આચારાંગમાં આત્મા અને તેના સ્વરૂપ વિષે પણ જાણવા મળે છે. આમ મોક્ષ અને નિર્વાણની કલ્પના પણ તેમાં છે; પરંતુ મુકત જીવોના સ્થાન વિશેની કોઈ કલ્પના નથી.

ડૉ. દલસુખભાઈએ જણાવ્યું હતું કે સૂત્રકૃતાંગના પ્રથમ શ્રુત સ્કંધ જોતાં પણ હજી જૈન દર્શનની પોતીકી પરિભાષા સ્થિર થઈ નથી એટલે માનવું પડે કે અહીં પણ જૈન દર્શન તેની પ્રાથમિક ભૂમિકામાં છે. આ સૃષ્ટિ કોણે નિર્માણ કરી તે વિશેના નાના મતોનું નિરાકરણ પણ સૂત્રકૃતાંગમાં છે.

ત્યાર પછી 'જૈન ધર્મ અને બૌદ્ધ ધર્મ – એક તુલના' એ વિશે પોતાનો નિબંધ વાંચતા ડૉ. રમણલાલ શાહે જણાવ્યું હતું કે ભારતીય સંસ્કૃતિની ધર્મની દષ્ટિએ બે પરંપરા ચાલી આવે છે, બ્રાહ્મણ પરંપરા અને શ્રમણ પરપરા. એમાં શ્રમણ પરંપરામાં બે મુખ્ય ધર્મો છે—જૈન ધર્મ અને બૌદ્ધ ધર્મ. જૈન ધર્મ વૈદિક ધર્મની જેમ પ્રાચીન છે, જ્યારે બૌદ્ધ ધર્મ ભગવાન બુદ્ધના સમયથી ચાલુ થાય છે. ભગવાન બુદ્ધ ભગવાન મહાવીરના ઉત્તર સમકોલીન હતા અને બંને મગધમાં વિચર્યા હતા છતાં એ આશ્ચર્યની વાત છે કે આ બે મહાવિભૂતિઓ એકબીજાને મળી હોય એવો ક્યાંય નિર્દેશ મળતો નથી.

ભગવાન મહાવીર અને ભગવાન બુદ્ધ, બંને ક્ષત્રિય રાજકુમારો હતા અને બંનેએ ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કર્યો હતો, પરંતુ તરત જ તેઓ સંન્યાસના માર્ગે વળ્યા હતા. બંનેએ યજ્ઞમાં હોમાતા પશુઓની બાબતમાં વિરોધ કર્યો હતો, વર્ણભેદ અને જાતિભેદને તિલાંજલિ આપી હતી અને બંનેએ લોકભાષામાં પોતાનો ઉપદેશ આપ્યો હતો.

જૈન ધર્મમાં પંચમહાવ્રતોનો ઉપદેશ છે તેમ બૌદ્ધધર્મમાં પંચશીલનો ઉપદેશ છે. બંને ધર્મોમાં અહિંસા, સત્ય, અસત્ય, બ્રહ્મચર્ય વગેરે વ્રતોને સ્વીકારવામાં આવ્યાં છે. જૈનધર્મમાં જેમ સાધુ અને ગૃહસ્થનાં વ્રતોમાં થોડો ફરક કરવામાં આવ્યો છે, તેવી રીતે બૌદ્ધ ધર્મમાં પણ ભિક્ષુ અને ઉપાસકનાં વ્રતોમાં અને એના પાલનમાં ફરક કરવામાં આવ્યો છે. જૈન ધર્મમાં મૈત્રી પ્રમોદ, કરુણા. અને મધ્યસ્થ એ ચાર ભાવનાઓ છે તેમ બૌદ્ધ ધર્મમાં પણ છે જૈન ધર્મમાં જેમ પૌષધનું વ્રત છે તેમ બૌદ્ધ ધર્મમાં ઉપોસથનું વ્રત છે. જૈન ધર્મમાં જેમ વિહાર, ચાતુર્માસ અને પર્યુષણ પર્વ છે તે જ પ્રમાણે બૌદ્ધ ધર્મમાં છે, માત્ર નામ જુદાં છે – ચારિકા, વર્ષાવાસ અને પ્રવારણા. જૈન ધર્મમાં આલોચના છે તેવી બૌદ્ધ ધર્મમાં પ્રતિમોક્ષ છે. જૈન ધર્મમાં ચાર શરણ – અરિહંત, સિદ્ધ, સાધુ, અને ધર્મ છે—તેમ બૌદ્ધ ધર્મમાં ત્રણ શરણ - બુદ્ધ, ધર્મ અને સંઘ – છે. જૈન ધર્મમાં જેમ સમ્યગ્ દર્શન, સમ્યગ્ જ્ઞાન અને સમ્યગ્ ચરિત્ર એ રત્નત્રયી મોક્ષને માટે આવશ્યક મનાય છે તેમ બૌદ્ધ ધર્મમાં શીલ, સમાધિ અને પ્રજ્ઞા. જેમાં આર્ય અષ્ટાંગિક માર્ગ આવી જાય છે તે નિર્વાણ માટે આવશ્યક મનાય છે. જૈન ધર્મમાં જેમ શુભ અને અશુભ ધ્યાનના પ્રકાર છે, તેમ બૌદ્ધ ધર્મમાં અકુશલ સમાધિ અને કુશલ સમાધિ છે. ધ્યાનની સાથે જૈન ધર્મમાં જેમ લેશ્યાનો વિચાર કરવામાં આવ્યો છે, તેમ બૌદ્ધ ધર્મમાં પણ તેનો વિચાર કરવામાં આવ્યો છે અને તેને અભિજાતિ કહેવામાં આવે છે.

જૈન ધર્મ અને બૌદ્ધ ધર્મ જગતના કર્તા તરીકે ઈશ્વરમાં માનતા નથી, કર્મ, અને પુનર્જન્મ અને મોક્ષમાં બંને માને છે. જૈન ધર્મમાં તીર્થંકર અને સિદ્ધના ભેદ છે તેમ બૌદ્ધ ધર્મમાં અર્હત્ અને બુદ્ધના ભેદ છે. જૈન ધર્મમાં આત્માના વિકાસ માટે ચૌદ ગુણસ્થાનકોનો વિચાર કરવામાં આવ્યો છે તેમ બૌદ્ધ ધર્મમાં દસ સંયોજનોનો વિચાર કરવામાં આવ્યો છે. જૈન ધર્મમાં જેમ દસ યતિધર્મ છે તેમ બૌદ્ધધર્મમાં દસ પારમિતાઓ છે.

આમ છતાં આત્માના સ્વરૂપ વિશે જૈન ધર્મ અને બૌદ્ધ ધર્મમાં પાયાનો મતભેદ છે. જૈન ધર્મ આત્માને દ્રવ્યથી નિત્ય અને પર્યાયથી અનિત્ય માને છે. ત્યારે બૌદ્ધ ધર્મ આત્માને ક્ષણિક અને અનિત્ય માને છે. આ તાત્ત્વિક વિચારણા ઘણી ગહન અને જટિલ છે.

આ બેઠકમાં આ ઉપરાંત ડા. ઝેડ. વી. કોઠારી અને ડૉ. બિપિનચંદ્ર કાપડિયાએ પોતાના નિબંધો વાંચ્યા હતા. શ્રી ચીમનલાલ ચકુભાઈએ આગમોના સંશોધન વિશે પોતાના વિચારો રજૂ કર્યા હતા. વિદ્યાલયના મંત્રી શ્રી જે. આર. શાહે તથા જૈન સાહિત્ય સમારોહના મંત્રી શ્રી અમર જરીવાલાએ ઉદ્ઘાટક, પ્રમુખ, વિભાગીય પ્રમુખો અને વિદ્વાનોનો આભાર માન્યો હતો.

'જૈન સાહિત્ય સમારોહ'નું બીજું સંમેલન મહુવામાં યોજવા માટે મહુવાના આગેવાનોએ નિમંત્રણ આપ્યું હતું.

સંકલન: કનુભાઈ મહેતા

## ભગવાનની દયા

મારા હાથે કોઈ કામ બગડી જાય તો, પ્રભુને પોકારી પોકારીને કહું છું કે: "મેં તારો સાથ લીધા વિના જ કામ શરૂ કરવાનું ખોટું સાહસ કર્યું હતું, તેનું પરિણામ જ ભોગવી રહ્યો છું." અને જ્યારે કોઈ કામ સારી રીતે પાર પડી જાય છે ત્યારે એની સફળતા માટે હું પ્રભુને ધન્યવાદ આપું છું.

એવે વખતે મારા મનમાં પ્રભુના ચિંતન સિવાય બીજા કશાયે વિચારો આવતા નથી.

બીજા વિચારોને મારું મન બેસવા દેતું જ નથી. આવતાં વેંત જ જ એમને જાકારો દઈ દે છે.

ભગવાનની દયાથી જ મને આ શકિત મળી ગઈ છે.

— સંત લોરેન્સ

# ☆ રાષ્ટ્રીય અસ્મિતા ☆

તા. ૧-૨-૭૭ના રોજ, સંઘના શ્રી પરમાનંદ કાપડિયા સભાગૃહમાં સંત યોગેશ્વરજીનું એક જાહેર વ્યાખ્યાન "રાષ્ટ્રીય અસ્મિતા" એ વિષય ઉપર યોજવામાં આવ્યું હતું. સંઘના મંત્રી શ્રી ચીમનલાલ જે. શાહે તેમને આવકાર આપ્યો હતો અને વ્યાખ્યાનના અંતે મંત્રી શ્રી કે. પી. શાહે આભારવિધિ કરી હતી.

વ્યાખ્યાન શરૂ કરતાં યોગેશ્વરજીએ રાષ્ટ્રીય અસ્મિતાનો અર્થ સમજાવતાં જણાવ્યું કે અસ્મિતા એટલે સભાનતા– હું છું એવી ભાવના-મારું રાષ્ટ્ર છે એવી ભાવના–મારી અને રાષ્ટ્ર વચ્ચે અભિન્ન સંબંધ છે. સમસ્ત વિશ્વ સાથે–બ્રહ્માંડ સાથે પણ મારો સંબંધ છે. કેવળ રાષ્ટ્રીય નહિ પણ વૈશ્વીક અસ્મિતા–સિમિત રીતે રાષ્ટ્રીય અસ્મિતા–રાષ્ટ્ર મારું છે, રાષ્ટ્રના સ્વરૂપમાં હું છું. આવી વિચારસરણી કેળવાય તેમાંથી રાષ્ટ્રીય એકતા ઉદ્ભવે. દરેક વ્યકિતએ આવી ભાવના ભાવવી જોઈએ. એની સાધના વ્યકિતગત રીતે અને સમસ્તિગત રીતે થઈ શકે.

દરેક રાષ્ટ્રની કોઈ ને કોઈ રીતે વિશિષ્ટતા હોય છે, તો ભારતની વિશિષ્ટતા–વિશેષતા કઈ છે એ પ્રથમ સૌએ જાણી લેવું જોઈએ. આપણે આજે તેનો વિચાર કરતા નથી, ભૂલી ગયા છીએ; પરંતુ પરદેશના મોટા મોટા વિદ્વાનોને એવી પ્રતીતિ થઈ છે કે ભારત પાસે મોટી સંત – પરંપરાનો વારસો છે અને એ કારણે તેની પાસે વિશિષ્ટ એવી આધ્યાત્મિક સંસ્કૃતિ છે. એના દ્વારા જીવનમાં પ્રકાશ પામી શકાય એવી પ્રતીતિ તેમને થઈ છે. સ્વામી વિવેકાનંદ અને રામતીર્થ જેવા સંતોના ઉપદેશોને સાંભળીને ભારતવર્ષને તેમણે આદરણીય ગણ્યું છે. આ રીતે આપણી સંસ્કૃતિના સંદેશવાહકોએ આધ્યાત્મિક સંદેશો પરદેશોમાં પહોંચાડયો છે.

સ્વામી વિવેકાનંદ અમેરિકા ગયેલા ત્યારે ત્યાં તેમણે કહેલું કે તમો પાદરીઓને ભારતમાં ધર્મપ્રચાર માટે મોકલતા નહિ, કારણ, અમારે ત્યાં આધ્યાત્મિક જ્યોતિર્ધરોની ખોટ નથી. હા, વૈજ્ઞાનિકો, ટેકનિશિયનો, ભૂસ્તરશાસ્ત્રીઓને અવશ્ય મોકલજો.

આ રીતે વિશ્વના અન્ય રાષ્ટ્રોને-મનુષ્ય જાતિને–શાંતિનો સંદેશ ભારત વર્ષ જ આપી શકે તેમ છે. આજે પણ આ બાબતમાં દુનિયાના બીજા દેશોએ આપણી પાસેથી શીખવાનું છે.

પ્રાગ–ઐતિહાસિક કાળમાં મનુમહારાજે કહેલ હતું કે આ દેશની અંદર જે મનીષીઓ છે તેમના જીવનમાંથી બોધપાઠ લઈને પ્રેરણા પ્રાપ્ત કરવી. જે કારણે બીજા દેશના નાગરિકો એનું અનુસરણ કરી શકે.

આપણે મનુસ્મૃતિ વાંચતા નથી અને તેને ખોટી રીતે સમજીએ છીએ. તેણે નારી જાતની ટીકા નથી કરી પરંતુ એમ કહ્યું છે કે જે દેશમાં નારી-સ્ત્રીનું સન્માન થાય છે ત્યાં સર્વ પ્રકારના દેવતાઓ ક્રિડા કરે છે.

રાષ્ટ્રીય અસ્મિતાને જાગૃત કરવી હોય તો પ્રથમ સ્કૂલો અને યુનિવર્સિટીઓમાં આપણી સંતપરંપરાની એ લોકોને જાણકારી મળે, આધ્યાત્મિકતા વિષે–ભારતીય સંસ્કૃતિથી જ્ઞાન થાય એવું શિક્ષણ અપાવું જોઈએ. રાષ્ટ્રીય સંસ્કૃતિને લગતા શિક્ષણ અંગે સરકારે નિમેલા કમિશનોના અહેવાલો અભેરાઈ પર ચડાવી દેવામાં આવ્યા છે.

મનુષ્યને પ્રેરણા, શાસ્ત્રોમાંથી પૂર્વપુરુષોના જીવનદ્વારા મળે છે. તેઓ ધર્મદ્વારા રાષ્ટ્રીય એકતા જગાડતા હતા. દેશ આત્મીય રીતે એક છે તે ધાર્મિક રિવાજો દ્વારા જાણવા મળતું. આજે તો ચિન્તન કરવાનો ક્રમ જ નેસ્તનાબૂદ થતો જાય છે.

આજે આપણે સેવા ભૂલી ગયા છીએ. આપણી કરુણ હાલત એ છે કે રાષ્ટ્રને રાષ્ટ્ર તરીકે આપણે જોતા નથી. દરેકની નજર ખુરસી પર જ છે. સેવા કરવા માટે ખુરસી જોઈએ એવી બેહૂદી માન્યતા આપણા મગજમાં ઘર કરી બેઠી છે. ગાંધીજી જેવો રાષ્ટ્રીય નેતા એક પણ છે નહિ. તેમનું વ્યકિતત્વ લોહચુંબકીય હતું. તેમને ખુરસીનો મોહ ન હતો. તેઓ સત્યને જ ઈશ્વર સમજતા હતા. તેમની વાણી અને વર્તનથી લોકોને પ્રેરણા મળતી હતી. એટલે તેમના વચન ઉપર ચારે છેડેથી આખા ભારતની પ્રજા, જાનફેસાની કરવા તત્પર થતી. આપણે દરેક જગ્યાએ રાજકારણને ઘુસાડી દીધું. સેવાના ક્ષેત્રો જેવાં કે ગ્રામપંચાયતો, કેળવણી તંત્ર, આવી પવિત્ર જગ્યાએ પણ રાજકારણનું ઝેર પ્રસરાવ્યું. આ ઝેરને નાબૂદ કરીને નવી હવા ઊભી કરવાની ખૂબ જ જરૂર છે. બીજી બધી વાતો ભૂલી જઈને દરેક નાગરિકે પ્રથમ પોતે ભારતીય છે એ વાતને દઢ રીતે સ્વીકારવી જોઈએ. દેશને નુકસાન થાય એવું એક પણ પગલું હું નહિ ભરું એવો નિશ્ચય કરવો જોઈએ. પક્ષાપક્ષી છોડી દેવી જોઈએ. આજે આપણે સત્તાને માટે, ખુરસીને માટે ભાઈ ભાઈ વચ્ચે, કુટુંબ કુટુંબ વચ્ચે, પ્રાંત પ્રાંત વચ્ચે વેરના બીજો રોપી દીધાં છે. આ રીતે રાષ્ટ્ર આગળ વધવાનું છે? ગાંધીજી કહેતા વેરથી વેર નહિ શમે. તેના પર પ્રેમરૂપી જળધારા રેડવાથી વેર શમી જશે. પ્રેમથી ગમે તેવી અઘરી વસ્તુને જીતી શકાય છે, ગાંધીજી, મહમદઅલી જીણાને મળવા જતા ત્યારે કયારેક તેમનું અપમાન થતું. તેમનું જીણા સ્વાગત નહોતા કરતા, એમ છતાં તેઓ તેમની સાથે પ્રેમની વાણી બોલતા તેઓનો દઢ મત હતો કે વિરોધીઓનું પણ પોતાના દિલમાં સન્માનીય સ્થાન હોવું ઘટે. આ રીતે આજની પરિસ્થિતિ બગાડવામાં વધારે જવાબદારી શાસક પક્ષની છે. શાસક પક્ષ ચીન સાથે તેમ જ અન્ય રાષ્ટ્રો સાથે વાટાઘાટો કરવા તૈયાર થાય છે; પરંતુ ભારતના અંદરોઅંદરના પક્ષો સાથે કેમ વાટાઘાટ કરવામાં આવતી નથી. દરેક પક્ષોને રાષ્ટ્ર પ્રત્યેનો પ્રેમ છે જ. તો પછી બધા સાથે બેસીને નક્કી કરો ને કે કયાં કોની ભૂલ છે? જે દેશના હિતમાં નથી તેનો ત્યાગ કરીને દેશના હિતની વાત હોય તેમાં બધા સંમતિ સાધો-પછી કડવાશ કયાં રહેવાની છે? તમારે તો રાષ્ટ્રની સેવા જ કરવી છે ને? પરંતુ પરિસ્થિતિ સાવ જુદી છે. કોઈના દિલમાં રાષ્ટ્ર વિષે મમતા છે જ નહિ, સૌની દષ્ટિ ખુરસી અને સત્તા ઉપર છે અને રાષ્ટ્રની સેવાની વાતો જ કરવી છે. આ રીતે સંઘ દ્વારકા કેવી રીતે પહોંચશે?

જો સાથે બેસીને વાટાઘાટો કરીને પ્રશ્નો પતાવો તો ચૂંટણી કરવામાં જે કરોડો રૂપિયાનું આંધણ કરો છો તે નાણાં રાષ્ટ્રના ઉત્થાનમાં વાપરી શકાશે; પરતુ કોઈના મનમાં આ ભાવના નથી અને સૌને લોકશાહીનું નાટક ભજવવું છે, તેનો ભાર પ્રજાની કેડ પર આવે છે. પ્રજાના ભોગે શાસકો એશઆરામ કરે છે. તમારા વિસ કે પચ્ચીસ મુદ્દાના કાર્યક્રમમાં કેમ એકેય મુદ્દો એવો નથી કે શાસક વર્ગના પ્રધાનો, ધારાસભ્યો કે અમલદારોએ લાંચ ન લેવી? આજે તો ખૂબ ચર્ચાઓ-વાટાઘાટો કરવામાં આવે છે? શું આ લોકોમાં સમજનો અભાવ છે? સમજ તો બધામાં છે; પરંતુ કોઈએ સમજવું નથી દેખાવ જ કરવો છે. આજે શિક્ષણશાસ્ત્રીઓ, ધર્માચાર્યો બધા જ સાચી વાત બોલતા બંધ થયા છે. તેઓ તેમની ફરજ ચૂકી ગયા છે. ગાંધીજી પછી સત્યનિષ્ઠ વ્યકિત એકેય જોવા મળતી નથી. આજે કર્તવ્યનું ક્ષેત્ર પાંગળુ બની ગયું છે. બીજો ગાંધી, માર્ગદર્શક તરીકે આપણને મળે એવી પ્રાર્થના કરીએ અને શ્રદ્ધા સાથે રાષ્ટ્રીય અસ્મિતાને આપણા જીવનમાં સ્થાન આપીએ. આપણા પોતાથી તેની શરૂઆત કરીએ.

સંકલન : **શાંતિલાલ ટી. શેઠ**

# નૂતન જર્મનીનું નૂતન દર્શન

ઉપરોક્ત વિષય ઉપર 'મુંબઈ સમાચાર'ના તંત્રી શ્રી જે. ડી. દારૂવાળાનું જાહેર પ્રવચન તા. ૨૮-૧-૭૭ના રોજ સાંજના, સંઘના પરમાનંદ કાપડિયા સભાગૃહમાં, શ્રી મુંબઈ જૈન યુવક સંઘના આશ્રયે, શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહના પ્રમુખપણા નીચે યોજવામાં આવ્યું હતું.

પ્રથમ સંઘના મંત્રી શ્રી કે. પી. શાહે શ્રી દારૂવાલાને આવકાર આપ્યો હતો અને સંઘની પ્રવૃત્તિઓ વિષેની જાણકારી આપી હતી. ત્યાર બાદ સંઘના પ્રમુખ શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહે હાર પહેરાવ્યો હતો અને પ્રવચનના અંતે મંત્રી શ્રી ચીમનલાલ જે. શાહે શ્રી દારૂવાલાની નમ્રતાની પ્રશંસા કરી હતી અને તેમનો આભાર માન્યો હતો.

શ્રી દારૂવાલાએ પ્રવચન શરૂ કરતાં જણાવ્યું કે અમારા મુંબઈ સમાચારમાં અમે જૈન કોલમ ચલાવીએ છીએ તે ઘણી મહત્ત્વની કોલમ છે. મને આપની સંસ્થાની મુલાકાત લેતાં આનંદ થાય છે. હું પ્રવચન આપવાના આશયથી નહિ, પરન્તુ આપ જે વિવિધ સેવાલક્ષી પ્રવૃત્તિઓ ચલાવો છો તેની જાણકારી મેળવવા માટે આપની સમક્ષ આવ્યો છું.

આપના સંઘ દ્વારા પ્રગટ થતું "પ્રબુદ્ધ જીવન"માં લેખકની વિદ્વતા, ભાષાની સરળતા અને સુંદરતા જોવા મળે છે, તેનો હું આશક છું, મને તેમાંથી ઘણી પ્રેરણા મળે છે, આના માટે તેના તંત્રી શ્રીયુત ચીમનભાઈને હું મારા અંતરના અભિનંદન આપું છું. તમારી પ્રવૃત્તિઓ ખૂબ જ વખાણવાલાયક છે અને એમાં પણ એ સાર્વજનિક સ્વરૂપની હોઈ તેનું ખૂબ જ મૂલ્ય ગણાય. તમારી આ પ્રવૃત્તિઓ ખૂબ જ ફૂલેફાલે એવી મારા અંતરની શુભેચ્છા છે.

ત્યાર બાદ, તેમના જર્મની વિષેના અનુભવો રજૂ કરતાં જણાવ્યું કે જર્મનીમાં મહત્ત્વની બાબત એ જોવા મળી કે તેઓ ભૂતકાળને ભૂંસી નાખવા માગે છે. હિટલરને તેઓ એક પાગલ મનુષ્ય તરીકે ખપાવે છે. તેઓ ખૂબ જ આધુનિક રીતે દેશનું ઘડતર કરી રહ્યા છે. નવા સર્જન માટે સતત અનેક પ્રયત્નો ચાલી રહ્યા છે. ત્યાં નવા બંધાતા મકાનોમાં મોટા પ્રમાણમાં કલાકૃતિઓ રાખવી તે ફરજિયાત છે. એ કારણે કલાકારોને ખૂબ જ ઉત્તેજન મળે છે; જ્યારે આપણે ત્યાં કલાકારો પોતાની કૃતિઓના પ્રદર્શનો યોજે છે તેનો ખર્ચ પણ નથી કાઢી શકતા હોતા. આ આપણી શરમ ગણાય.

ટેકનિકલ બાબતની અંદર વિશ્વમાં જર્મની સૌથી મોખરે છે. એક દૈનિક વર્તમાનપત્રની ચાલીસ લાખ નકલો નીકળે છે અને ત્યાંના વર્તમાનપત્રો અદ્યતન સુવિધાઓ ધરાવે છે. એની પાસે આપણા મોટા પ્રેસો પણ વામણા લાગે. સ્પેસની પૂરવણી, કરેકશનો, લેઆઉટ બધું જ ઓટોમેટિક મશીનો દ્વારા થતું હોય છે. લડાઈમાં ૭૦/૮૦ ટકા શહેરો તારાજ થયેલા હતા એમ છતાં નૂતન જર્મનીનું ઘણી ઝડપથી સર્જન થયું તેની પાછળ એ લોકોની દેશભક્તિ અને સતત મહેનત કરવાની ટેવે ભાગ ભજવ્યો છે.

ત્યાં યાંત્રિકરણ એટલું બધું આગળ વધેલું છે કે એક જગ્યાએ મેં જોયું કે એક પતિ-પત્ની અને તેનો છોકરો – ત્રણ જણ સો એકર જમીનની ખેતી અને સાઠ ઢોરોની માવજત-બીજા કોઈની મદદ વગર કરી શકે છે. ગાયોને યંત્રોથી દોવામાં આવે છે. મોટે ભાગે તેઓ કુદરતી ખાતર વાપરે છે, ઢોરોની વિપુલતાના કારણે. ત્યાંના ખેડૂતને ત્યાં રેડિયો, ટી.વી. જેવાં અદ્યતન સાધનો સારા પ્રમાણમાં જોવા મળે છે. એની સામે આપણા ખેડૂતની છબી મૂકીએ ત્યારે નિરાશા જ ઉપજે.

ત્યાંના યુવાનો ઉપર હજુ વડીલોનું વર્ચસ્વ જોવા મળે છે. ત્યાંની પ્રજા કાયદાને પૂરેપૂરું માન આપે છે. કોઈ પણ દેશની પ્રજા કરતાં જર્મની પ્રજા શિસ્તમાં પ્રથમ આવે તેવી શિસ્તવાળી પ્રજા છે અને સૌજન્ય તેમ જ સભ્યતાનો મોટો ગુણ આ પ્રજામાં જોવા મળે છે. ટ્રાફિકના નિયમનોને પ્રજા પૂરી રીતે પાળે છે. ત્યાં મોટરોના હોર્ન સાંભળવા મળે જ નહિ.

ત્યાં સારા રિપોર્ટવાળા કેદીઓને ખુલ્લી જેલમાં રાખવામાં આવે છે. બે વિશ્વયુદ્ધોના અનુભવો પછી હવે તેઓ શાન્તિથી જીવવાનો પ્રયત્ન કરે છે. તેઓ કહે છે કે હવે ફરીથી અમારે એ રસ્તે જવું નથી.

ત્યાંની જીવનપદ્ધતિ ખૂબ જ વ્યવસ્થિત રીતે ગોઠવાયેલી છે. પશ્ચિમ જર્મનીની સમૃદ્ધિ કલ્પનાતિત છે. પ્રેમ અને મિત્રતા એ ત્યાંની પ્રજાનો આગવો ગુણ છે. અજાણ્યા પરદેશીને માર્ગદર્શન આપવામાં તેની સાથેનું તેઓનું વર્તન વડીલ સાથેનું વર્તન હોય એવું હોય છે.

ત્યાં રાત્રે પણ મહિલા ડ્રાઈવરો ટેક્સી ચલાવે છે – તેમનામાં નિર્ભિકતાનો અદ્‌ભુત ગુણ જોવા મળ્યો. ત્યાંનો શહેરી પોલીસની મદદની અપેક્ષા રાખતો નથી હોતો. કોલેજ પહેલાના કાળનો અભ્યાસ વિનામૂલ્યે મળે છે અને કોલેજિયનોને પણ ૬૦૦ માર્ક (ત્યાંનું ચલણ) સુધી સ્કોલરશિપ મળે છે.

પત્રકારોને પૂરું ફિલ્ડ છે. યુવાનોને માટે ત્યાં ખૂબ જ અદ્યતન સગવડો મળે છે. ફિઝિકલ કલ્ચર – સ્પોર્ટ્સ માટે અદ્‌ભુત સગવડો ઊભી કરવામાં આવી છે.

વસ્તુઓ વેચવા માટે ત્યાં ફેરિયાઓ હોતા નથી. નક્કી કરેલા સ્થળે છાપાઓનો ઢગલો કરવામાં આવે છે, તેની કિંમતની રકમ ત્યાં મૂકી દરેક છાપું લઈ જતા હોય છે. ત્યાં કુટુંબનિયોજન હદની બહાર લઈ જવામાં આવ્યું છે, એટલે જન્મપ્રમાણ ખૂબ જ ઘટી ગયું છે અને ૫૦ થી ૭૦ વર્ષના સ્ત્રી-પુરુષોની વસતિ મોટા પ્રમાણમાં જોવા મળે છે.

ત્યાંના યુવાનવર્ગની જિજ્ઞાસાવૃત્તિ ખૂબ હોય છે – તેઓ ઘણી અન્ય ભાષાઓનો અભ્યાસ કરવા ખૂબ જ રસ દાખવતા જોવા મળે છે. તેઓનો પ્રવાસશોખ અદ્‌ભુત છે. આખા વિમાનો ચાર્ટર કરીને ત્યાંના યુવાનો પ્રવાસો ગોઠવતા હોય છે.

ત્યાં સામાન્ય ગણાતા કામો, જેવા કે મોચી, હજામ, વિ. માટે પણ સરકારી સર્ટિફિકેટો લેવાં પડે છે – ત્યાર બાદ જ સ્વતંત્ર ધંધો કરી શકાય છે.

આવી જાગૃત, સુદૃઢ, દેશાભિમાની પ્રજા અને સરકારને કારણે જર્મની ટૂંકા ગાળામાં અદ્‌ભુત પ્રગતિ સાધી શક્યું છે.

**સંકલન-શાંતિલાલ ટી. શેઠ**

# એમ્નેસ્ટી ઈન્ટરનેશનલ શું છે?

કોઈ પણ દેશમાં રાજકીય કેદી ઉપર અત્યાચાર થતો હોય તેની ગુપ્ત વિગતો ગમે તેમ કઢાવીને પ્રગટ કરવાનું કામ "એમ્નેસ્ટી ઈન્ટરનેશનલ" નામની સંસ્થા કરે છે. એટલું જ નહીં પણ રાજકીય કેદી ઉપર અત્યાચાર કરનારી સરકાર ઉપર નૈતિક દબાણ લાવીને કેદીને છોડાવવાની પ્રવૃત્તિ પણ આ આંતરરાષ્ટ્રીય સંસ્થા કરે છે. ઘણા લોકોને ગેરસમજ છે કે આ સંસ્થા સંયુક્ત રાષ્ટ્રસંઘે સ્થાપેલી છે. એમ્નેસ્ટી ઈન્ટરનેશનલની રચનાનો ટૂંકો ઈતિહાસ અને તેની પ્રવૃત્તિની ઝલક જોઈએ :-

પંદરેક વર્ષ પહેલાં લંડનના "ઓબ્ઝરવર" નામના દૈનિકમાં પિટર બેનેનસન નામના એક બ્રિટિશ વકીલે "ભૂલાયેલો કેદી" એવા મથાળાના લેખ લખ્યો. તેમાં તેણે લખ્યું હતું કે "સવારે તમે કોઈ પણ વર્ત-

માનપત્ર ઉઘાડો તો અમુક દેશની સરકાર પોતાને પ્રતિકૂળ હોય તેવો મત ધરાવનાર વ્યકિતને કેદ કર્યાના કે તેના પર અત્યાચાર કર્યાના સમાચાર મળશે." આવા કેદી ઉપરના અત્યાચાર ઓછા થાય તે માટે આ બ્રિટિશ વકીલે ઝુંબેશ ઉપાડી. ૧૯૫૦ના દાયકા દરમિયાન આ વકીલે હંગેરી, સાયપ્રસ, દક્ષિણ આફ્રિકા અને સ્પેન જેવા દેશોની મુલાકાત લઈને ત્યાં કાયદાના સલાહકાર તરીકે કે એક કાનૂની નિરીક્ષક તરીકે રાજકીય કેદીને અપાતી ફાંસી કે કેસમાં હાજરી આપવા માંડી: આ વકીલે 'ઓબ્ઝરવર'માં લેખ લખ્યો હતો તે દરમિયાન તેણે પોર્ચુગલની એક રસ્ટોરામાં બે વિદ્યાર્થીની ધરપકડ જોઈ હતી. તે રેસ્ટોરામાં બેઠો હતો ત્યારે બે વિદ્યાર્થીઓએ ટેબલ ઉપર બેસીને બે ગ્લાસ સામસામા ધરીને "ચાલો મુકિત મોટેનું પાન કરીએ" તેમ બુલંદ અવાજ કાઢયો અને તુરંત પોલીસે તે બન્નેને પકડયા અને તે બન્નેને આઝાદીનો નારો લગાવવા માટે ૭ વર્ષની કેદની સજા થઈ. આ જોઈને બ્રિટિશ વકીલ ઉકળી ઉઠયો. તેણે લંડન સ્થિત પાર્ચુગીઝ એલચીની કચેરી સામે દેખાવો કર્યા. પણ પછી માલૂમ પડયું કે આ બધું એકલે હાથે નહિ થાય. શ્રી બેનેનસન નામનો આ વકીલ પછી તેના મિત્રોને મળ્યો અને જગતભરમાં સડી રહેલા રાજકીય કેદીઓની બૂરી દશાનો અંત આણવા આંતરરાષ્ટ્રીય ઝુંબેશ ચલાવવી જોઈએ તેવી ગોઠવણ કરી અને તે રીતે ૧૯૬૧ની સાલમાં "અપીલ ફોર એમ્નેસ્ટી" નામની એક કામચલાઉ સંસ્થા અસ્તિત્વમાં આવી. આ ઝુંબેશ ૧ વર્ષ માટે ચલાવવાની ધારણા હતી. લંડન ખાતે આની એક કચેરી પણ સ્થપાઈ. ગણ્યાગાંઠયા સ્વયંસેવકો આ સંસ્થામાં મફત કામ કરતા હતા. રાજકીય કેદીઓ વિષે ગુપ્ત રીતે માહિતી એકઠી કરવા માંડયા. થોડા જ મહિનામાં આ સંસ્થાને વ્યાપક ટેકો મળ્યો. એ જોઈને ૧૯૬૨માં "એમ્નેસ્ટી ઈન્ટરનેશનલ" નામની કાયમી સંસ્થા સ્થપાઈ.

બસ ત્યારથી આ સંસ્થાની કચેરીમાં જગતભરમાં થતી અન્યાયી ફાંસી, અત્યાચાર અને ગેરકાયદે અટકાયતોના અહેવાલોનો પ્રવાહ વહેવા માંડયો. અત્યારે ઈન્ડોનેશિયામાં ૧૦૦૦૦૦ અટકાયતીઓ કેદમાં છે. ત્યાં થયેલા લશ્કરી બળવા પછી ૧૯૬૫ની સાલથી આટલા બધા રાજકીય કેદીઓ છે. ભારતમાં કટોકટી દરમિયાન આટલી જ સંખ્યાના અટકાયતીઓ હતા તે હવે જો કે છૂટવા માંડયા છે. થાઈલેન્ડમાં નવી લશ્કરી સરકારે તંત્રીઓ સહિત ઘણા વિદ્યાર્થી અને પ્રોફેસરને કેદ કર્યા છે. ચીલી, ઉરૂગ્વે અને ઈરાનમાં થતા અત્યાચારોની કંપાવનારી વાતો એમ્નેસ્ટી ઈન્ટરનેશનલને મળે છે. ઉરૂગ્વેમાં રાજકીય મહિલા કેદીઓ ઉપર શારીરિક બળાત્કાર થાય છે.

લંડનની કચેરીમાં ૪૦ જેટલા બાતમી એકઠી કરનારા કર્મચારીઓ કામ કરે છે. જે કોઈ વ્યકિત પોતાની ધાર્મિક કે રાજકીય મત કે માન્યતાને ખાતર જેલમાં ગોંધી દેવાય તેવા લોકો એમ્નેસ્ટી ઈન્ટરનેશનલના રજિસ્ટરમાં નોંધણીને પાત્ર છે. જે લોકો હિંસા કે ખૂન કરીને પકડાય તેને નોંધણી માટે લાયક ગણવામાં આવતા નથી.

જુદા જુદા કાર્યકરોના જૂથો જુદા જુદા દેશમાંથી રાજકીય અટકાયતીની માહિતી એમ્નેસ્ટી ઈન્ટરનેશનલને મોકલે છે. આ માટે "કેઈસ શિટસ" અર્થાત વ્યકિતગત કિસ્સાના કાગળો તૈયાર કરાય છે. પોતાના દેશના કેદીઓ માટે કોઈ જૂથ કામ કરતું નથી. કેદી વિષે માહિતી મળે એટલે અટકાયતીના કુટુંબનું ભરણ પોષણ કરવા તેમને નાણાકીય સહાય, ભેટની ચીજો અને આશ્વાસનના કાગળો લખાય છે અને ઝુંબેશ ઉપાડીને કેદી સાથે સંપર્ક સાધવા મળે તો સંપર્ક સાધીને તેને પૌષ્ટિક આહાર પહોંચાડાય છે. ઉપરાંત જે જેલમાં અટકાયત થઈ હોય તે દેશની સરકારને જેલખાનાના અધિકારીને ખૂબ જ નમ્રતાપૂર્વક વિનંતી કરતા પત્રો લખીને કેદીને છોડાવવા કોશિશ થાય છે. કેટલીક સરકારો આવી વિનંતીને ગુપ્ત રીતે માન પણ આપે છે.

ઉપરની પ્રકારના ૪૧૦ જેટલા જૂથો જગતભરના અટકાયતીઓની માહિતી ૫૯ દેશોમાંથી મેળવતા હતા. હવે ૧૦ વર્ષ પછી ૩૦ દેશોમાં ૧૬૬૫ જેટલા એમ્નેસ્ટી ઈન્ટરનેશનલના જૂથો કામ કરે છે.

—કાન્તિ ભટ્ટ

# કસ્તૂરી કુંડલમાં વસે!

[ ૨ ]

## "અહીંયાં (હૃદયને) ગમે એવું કશુંક!"

સાનફ્રાન્સિસ્કો (યુ. એસ. એ.) માં પંચોતેર વર્ષનાં વૃદ્ધ આચાર્યા શ્રીમતી જૅરેમીના મહેમાન થવાનું બન્યું. યજમાન તરીકે એમણે ઘણી કાળજી લીધી. એમની કારમાં જાતે ડ્રાઈવ કરી સાનફ્રાન્સિસ્કો શહેરની ટેકરીઓ પર ફેરવ્યો. સાથે ઘણી ચર્ચાઓ થઈ. ભારત વિશેની ચર્ચા અને આધ્યાત્મ જ્ઞાનની ચર્ચા.

યુ. એસ.એ. માં આવાં યજમાન બનવા તત્પર એવાં ઘણાં કુટુંબો છે. મને એ ન સમજાય કે જૅરેમીમા શાને માટે આટલો બધો યત્ન કરતાં હશે? એમનું મારી સાથે ફરવું, રસોડામાં રસોઈ બનાવવી, સંગીત સાંભળવું અને ... જરાયે થાક દર્શાવ્યા વિના આધ્યાત્મની જ્ઞાન ચર્ચા કરવી – પંચોતેર વર્ષે એમનો ઉત્સાહ અને સ્વસ્થતા જોઈ મને નવાઈ લાગી. પણ પ્રશ્ન મારા મનમાં રહ્યો.

છેલ્લે દિવસે ન્યૂયોર્ક જવાનું હતું. સાનફ્રાન્સિસ્કોના એર પોર્ટ પર એ વળાવવા આવ્યાં અને મેં પ્રશ્ન પૂછયો:

'તમે નિવૃત્ત અવસ્થામાં, આટલી ઉંમરે મા! શા માટે યજમાન બનો છો? આ બધું શાને માટે કરો છો?' તો જવાબ મળ્યો:

'દિકરા! અહીંયાં (મગજ પાસે આંગળી ચીંધી) સારું લાગે એવી અનેક પ્રવૃત્તિઓ દિવસમાં કરીએ છીએ, પણ (હૃદય સામે આંગળી ચીંધી) અહીંયાં સારું લાગે એવી એકાદ પ્રવૃત્તિ પણ કરવી જોઈએ ને?'

શબ્દો દશ વર્ષ સુધી મનમાં કોતરાઈ રહ્યા. વાતેય ખરી! ચિત્ત માટે, મનમાં રહેલી એષણા, ઈચ્છા, આકાંક્ષાને સંતોષવા તો ઘણી હડિયાપાટુ કરીએ છીએ. પણ જેથી હૃદયને શાંતિ મળે, પ્રસન્નતા મળે, એવી પ્રવૃત્તિ ઓછા પ્રમાણમાં કરીએ છીએ. એની જરૂર! આજના જમાનામાં ભારે જરૂર.

Motives of Man પર દશ વર્ષનાં સંશોધનોમાં ત્રણ Motives (પ્રેરણો) જાણીતા. Power Motive (સત્તા પ્રેરણ,) Achievement Motive (સિદ્ધિ પ્રેરણ) અને Affiliation Motive (સંબંધ પ્રેરણ) પણ એક નવો Motive ભારતના વિદ્યાર્થીઓમાં દેખાયો. Altruistic Motive એટલે કે અન્યને મદદરૂપ બનવાનું પ્રેરણ – નિસ્વાર્થ ભાવે મદદરૂપ બનવાનું પ્રેરણ.

દરરોજની આપણી ચર્ચાના અંતે કોકવાર, કોકને અજાણી કરેલી મદદ.

કોકની માંદગીમાં ઉપયોગી થયેલા આપણે, કો'ક ભિક્ષુકને અતિભૂખ્યાને ખવરાવેલ રોટલો, કો'ક નિરાશ વિદ્યાર્થી જોડે જ્ઞાનચર્ચા દ્વારા અપાયેલી આશા અને શ્રદ્ધા, કો'ક એકાકી વૃદ્ધજન જોડે એમને એકલતા ન લાગે માટે નિયમિત કરાયેલી પૃચ્છા – વાતચીત... આ બધી હૃદયની પ્રવૃત્તિઓ છે.

હૃદયને સારું લાગે (એટલે જે પ્રવૃત્તિમાં 'પ્રેય' નથી – પ્રેય'ની ઈચ્છા નથી...) એવી પ્રવૃત્તિ આપણામાં એક પ્રકારની પ્રસન્નતા બક્ષે છે. આનંદ નહીં પણ પ્રસન્નતા. આનંદ સમુદ્રનાં મોજા જેવો. પ્રસન્નતા એ સમતોલ હોય.

આજના જમાનામાં જરૂર છે: 'અહીંયાં (હૃદયને) સારું લાગે એવી સ્વાર્થવિહિન કોક પ્રવૃત્તિ – કોક કર્મ – કોક ક્રિયા – ની' – જેથી "માહ્યલો જણ" જીવતો રહે. જાત માટેની પ્રવૃત્તિઓમાં તો જનમ પૂરો થાય – જાતની બહાર, જાતથી અદકી પ્રવૃત્તિ અનેરી પ્રસન્નતા બક્ષે, જનમમાં સાર્થકતા બક્ષે.

ડૉ. દોલતભાઈ દેસાઈ
૧૪, હરિનગર સોસાયટી,
ગોત્રી રોડ, વડોદરા : ૩૯૦ ૦૦૭

# વાસના

વાસના એટલે ઇચ્છા - પછી તે સારી પણ હોઈ શકે છે, ખરાબ પણ હોઈ શકે છે. ઇચ્છા એટલે માનવીનાં સ્થૂળ કે સૂક્ષ્મ અહમ્‌માંથી ઊઠતી વૃત્તિ. આ વૃત્તિ મનુષ્યને કંઈક કરવા માટે સતત પ્રેરતી રહે છે. ઘણી વાર તો મનુષ્યને એ એટલી પ્રબળ રીતે પ્રેરે છે કે એ સારા-નરસાનો વિચાર કરે તે પહેલાં જ અમલમાં મુકાઈ જાય છે.

વાસના અનેક પ્રકારની હોય છે. એના બાહ્ય સાધનોમાં કાન, ચામડી, આંખ, જીભ અને નાક છે. આ જ્ઞાનેન્દ્રિયોનો સંપર્ક બાહ્ય જગત સાથે થતો હોવાથી મનુષ્યનાં મનમાં સતત ઇચ્છાઓનો ઉદ્‌ભવ થયા કરે છે.

(૧) સારું કે ખોટું સાંભળવાની ઇચ્છા; જેમ કે કોઈ સુમધુર સંગીત, ગીત કે ભાષણ અથવા તો નિંદા, બીભત્સ વાણી વિગેરે.

(૨) સુંદર ચામડી જોઈ કામેચ્છા જાગવી વિગેરે.

(૩) આંખો જગતમાં સતત કોઈકને શોધ્યા કરે જેમ કે કોઈ ચીજવસ્તુને અથવા તો પ્રેમીને કે કોઈ સુંદર સ્ત્રી કે પુરુષને અથવા તો પોતાને કોઈ જગતમાં ઓળખે, બોલાવે, સન્માને, સમભાવ પ્રગટ કરે એ આશાએ ......

(૪) રસાસ્વાદને કારણે સારું ખાવાપીવાની સતત ઇચ્છા પછી ઘરમાં કે બહાર.

(૫) નાકદ્વારા અનેક પ્રકારની સુગંધ માણવી જેમ કે-સેન્ટ અત્તર વિગેરેનો સતત ઉપયોગ અને એમાંથી જાગતી ભોગ-વિલાસની વૃત્તિઓ.

બીજી કેટલીક ઇચ્છાઓ અંતઃકરણમાંથી સતત ડોકિયાં કરતી રહે છે. જેમ કે ધનની ઇચ્છા, પુત્રની ઇચ્છા, કોઈનું ભલું કરવાની ઇચ્છા, શરીરને ગમે તે ભોગે ટકાવી રાખવાની ઇચ્છા, પોતાના જ્ઞાનને સમાજમાં વહેતું કરવાની ઇચ્છા, લોકોમાં પોતાનું સ્થાન સદાય રહે અને ભુલાઈ ન જાય તે માટે વિધવિધ પ્રવૃત્તિ કરવાની ઇચ્છા.

આવી અને એવી અનેક પ્રકારની ઇચ્છાઓ માનવીને એના સ્થૂળ અને સૂક્ષ્મ અહમ્‌માંથી જાણે કે અજાણે ઊઠ્યા કરે છે. વાસનાનાં અનેક સ્તરો છે. સ્થૂળથી માંડી સૂક્ષ્મ સુધી એનો અનેરો વિસ્તાર છે.

જ્યાં સુધી મનુષ્યમાં આવી ઇચ્છાઓ એના અહમ્‌માંથી ઊઠ્યા કરે છે ત્યાં સુધી એ વિશ્વચક્રમાં ગોળ ગોળ ફર્યા કરે છે. એ દ્વંદ્વમાં જ જીવ્યા કરે છે. એને કેટલીક વાર સુખનો અનુભવ થાય છે તો કેટલીક વાર દુ:ખનો અનુભવ થાય છે, કારણકે વાસનાને સંતોષવા માટે થતાં પ્રયત્નોનો એ જ ક્રમ છે. એમાંથી જ એના માનવ કર્મો બંધાય છે, અને એ દિવ્ય કર્મોથી વંચિત રહે છે.

સૌથી પહેલી આ જગતમાં મનુષ્ય એ ભૂલ કરે છે કે એ પોતે પોતાને ફક્ત આ શરીર, મન અને પ્રાણ સમજે છે. પોતે અમુક વ્યક્તિ છે, પોતાનું અમુક નામ છે, પોતાનું અમુક સ્થાન તથા પ્રતિષ્ઠા છે, પોતાનું અમુક કાર્ય છે અને તેને કારણે ઊઠતી અનેક પ્રકારની ઇચ્છાઓ એ પોતાની સમજે છે.

આ શરીર મન અને પ્રાણને આધાર આપતો આત્મા જે ખરી રીતે એ પોતે છે તેની એને બિલકુલ વિસ્મૃતિ છે; અને આ જ કારણે એ પોતાની ખૂબ જ નાની એવી અહમ સૃષ્ટિમાં જકડાઈ ગયો છે. એમાંથી ઊઠતી દરેક ઇચ્છાને પૂરી કરવા, પોષવા બનતું બધું જ કરી છૂટે છે. એને તે વખતે બિલકુલ ખ્યાલ પણ આવતો નથી કે મારી ઇચ્છાઓ, મારા વિચારો બીજાને માન્ય છે કે નહીં. એ ઇચ્છાઓ પોષતા કે પૂરી કરતાં મારી સાથેનાં બીજાઓને કંઈ અગવડ પડે છે કે નહીં? એનાથી બીજાઓને આનંદ થાય છે કે ત્રાસ થાય છે? આ ઇચ્છાઓ કલ્યાણમયી છે, મારી અંદર રહેલ આત્મામાંથી ઊઠે છે, કે ફક્ત મારી અંદર અમુક પ્રકારની વાસનાઓ છે (જેમકે મોટાઈ, કીર્તિની લાલસા, બીજાને ખુશ કરવાની તમન્ના વિગેરે) તેના પર રચાયેલી છે.

મનુષ્યે પોતાની અંદર રહેલી ઇચ્છાઓનું ખૂબ જ શાંતિથી નિરીક્ષણ કરવું જરૂરી છે. પોતામાં રહેલી ઇચ્છા ક્યાંથી ઉદ્‌ભવી શા માટે ઉદ્‌ભવી? એનું જોર કેટલું છે? એ પૂરી કરવી કે નહીં? એનું લક્ષ્ય શું છે? શા માટે એને જ ઉદ્‌ભવી અને બીજાને નહીં?

આ રીતે નિરીક્ષણ કરતાં કરતાં એને બધી ય ઇચ્છાઓનું મૂળ મળી જશે. આ ઇચ્છાઓ સારી પણ હોય છે, છતાં એનું મૂળ માનવીની (માનવ ચેતના) અંદર રહેલું છે, દિવ્યતામાં નહીં. એ જેમ જેમ વધુ ઊંડાણમાં જશે તેમ તેમ એને સમજાતું જશે કે પોતે જેને પોતે સમજે છે તેનાથી પર અને છતાં એના પોતાનાં જ ઊંડાણમાં એક એવી ચેતના આવેલી છે કે ખરી રીતે તો એ જ એને હંમેશાં દિવ્ય કર્મ માટે પ્રેરી રહી છે; અને એનું મૂળ હમેશાં દિવ્યતામાં જ રહેલું છે. આપણે જ્યારે આ મન, પ્રાણ અને શરીરને આપણા માનીએ છીએ ત્યારે આખી ય વસ્તુને ખુબ સંકુચિત કરી નાંખીએ છીએ અને નાના નાના કાર્યો કરીને આનંદ અનુભવીએ છીએ.

જ્યાં સુધી, આપણે પોતાની અંદર રહેલ આ દિવ્ય ચેતનાનો સ્રોત શોધી ન લઈ શકીએ ત્યાં સુધી ઉત્તરોત્તર સારા કામો જરૂર કરીએ પણ એમાં પણ ઉપલી વાતોનો ખાસ ખ્યાલ રાખીએ તો કાર્યો મંગળમય થાય.

દિવ્ય કર્મોનો સ્રોત દિવ્ય ચેતનામાંથી ઉદ્‌ભવે છે અને દિવ્ય ચેતના તે સ્વયં આત્માની જ શકિત, જેને આપણે બ્રહ્મની શકિત પણ કહીએ છીએ તે જ છે. આ આખા ય જગતનું સર્જન એ દિવ્ય શકિતમાંથી જ થયેલું છે; અને આપણે અજ્ઞાન હોઈએ કે સજ્ઞાન પણ આપણામાંથી વહેતી શકિતનાં સ્રોતનું મૂળ આ એક જ સ્થાન છે. આપણે જ્યારે નાના અહમ્‌માંથી કાર્યો કરીએ છીએ એટલે કે અજ્ઞાન દશામાંથી; ત્યારે આપણે વ્યકિતગત કાર્યો કરતા રહીએ છીએ અને જ્યારે આપણે એ દિવ્ય ચેતના સાથે એક થઈ જઈએ છીએ, સજ્ઞાન બનીએ છીએ, ત્યારે જે પણ કર્મ આવે અને તેને આપણે આપણી કર્મેન્દ્રિયો દ્વારા આ પૃથ્વી પર પ્રગટ કરીએ છીએ ત્યારે એ દિવ્ય કર્મ બની રહે છે.

આમ જ્યારે આપણામાં દિવ્ય ચેતના સાથે ઐક્ય (Union with the divine) સર્જાય છે ત્યારે આપણી અંદર એક આરામદાયક શાંત પરિસ્થિતિનો અનુભવ આપણને સતત થાય છે. પછી આપણું પોતાનું કહેવાય એવું કોઈ કર્મ રહેતું નથી. જે પણ કાર્ય અંદરથી આવે તે સહજ રીતે થાય છે. એમાં મહેનત પડતી નથી. એ કર્મથી બીજાને નુકસાન થતું નથી કે તકલીફ પડતી નથી. એમાં ક્યાંય દ્વંદ્વ નથી - માન અપમાન, યશ-અપયશ, રાગ દ્વેષ, હર્ષ શોક એનાથી એ પર છે. કારણ કે એ કાર્ય સ્વયં પરમાત્મામાંથી આવતું હોય છે. પૃથ્વીનાં સર્જન ખાતર તેનાં દિવ્ય ધ્યેય ખાતર અને તેની ઉત્ક્રાન્તિને વેગ આપવા માટે સર્જાતું હોય છે.

મનુષ્ય જો આ દિવ્ય ચેતના સાથે ઐક્ય અનુભવતો થઈ જાય તો પૃથ્વી પરની અનેક બિનજરૂરી પ્રવૃત્તિઓનો, વિટંબણાઓનો અને સંઘર્ષોનો આપોઆપ અંત આવી જાય. જૈન શાસ્ત્રમાં મિથ્યા દર્શન, મિથ્યાજ્ઞાન અને મિથ્યા ચારિત્ર કહીએ છીએ તે આ છે ... અજ્ઞાનમય વાસનામાંથી સર્જાતું આખું જ જગત અને તેનો વ્યવહાર.

ગીતામાં સમજાવેલો કર્મયોગ તે આ છે ...... ઇચ્છાઓનાં ક્ષયને અંતે આસકિત રહીત દશામાંથી ઉત્પન્ન થતાં પ્રભુનાં સંકલ્પને પૃથ્વી પર પ્રગટ થવા દેવો અને તેના દિવ્યકર્મને સહજ રીતે કોઈ પણ અપેક્ષા વગર કરતાં રહેવું.

—દામિની જરીવાલા

માલિક: શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, મુદ્રક અને પ્રકાશક: શ્રી ચીમનલાલ જે. શાહ, પ્રકાશન સ્થળ: ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ ૪૦૦ ૦૦૪. ટે. નં. ૩૫૦૨૯૬. મુદ્રણસ્થાન: ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, કોટ, મુંબઈ ૪૦૦ ૦૦૧.

(૧)

Regd. No. MA. By South 54
Licence No.: 37

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૩૮ : અંક : ૨૧

# પ્રબુદ્ધ જીવન

મુંબઇ, ૧ માર્ચ ૧૯૭૭, મંગળવાર
વાર્ષિક લવાજમ રૂા. ૧૦, પરદેશ માટે શિલિંગ : ૩૦

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ ૦–૫૦ પૈસા

તંત્રી: ચીમનલાલ ચકુભાઈ શાહ

## મુખ્ય મુદ્દો શું છે?

ચૂંટણીનો જંગ જામ્યો છે. પ્રચારનો વંટોળ ચડયો છે. ભાષણોનો ધોધ વહે છે. આક્ષેપો અને પ્રતિ–આક્ષેપોની ઝડી વરસે છે. સામાન્ય માણસ કાંઈક મૂંઝાઈ જાય. આવા પ્રચારમાં ઘણી વાતો અપ્રસ્તુત હોય, અંગત હોય, સ્થાનિક પ્રશ્નો હોય, અર્ધ સત્યો હોય, અફવાઓ હોય, એવું ઘણું બધું હોય છે. લોકોની લાગણી ઉશ્કેરવી, બહેલાવવી, આવાં પ્રચારનો એક હેતુ હોય છે. સ્થિર ચિત્તે, બુદ્ધિપૂર્વક, મુખ્ય મુદ્દાઓ વિચારવાનો અવકાશ ઓછો રહે છે. ઈન્દિરા ગાંધી એમ કહે કે હું વડા પ્રધાન તરીકે તમારી સમક્ષ નથી આવી; તમારી બહેન થઈને આવી છું. દેશના કલ્યાણ માટે મારા હાથ મજબૂત કરો. વળી કહે, વિરોધીઓ મને ઘેરી લઈ, પીઠ પાછળ ખંજર ભોંકવા માગે છે. મોરારજીભાઈ કહે, 'મને જેલમાં પૂર્યો તે માટે ઈન્દિરા ગાંધીનો આભાર માનું છું, મારી તબિયત સુધરી; ઈન્દિરા ગાંધી ઉપર હુમલો થાય અને હું હાજર હોઈશ તો મારા જાનના જોખમે વચ્ચે પડી બચાવીશ,' જયપ્રકાશ કહે, 'ઈન્દિરા ગાંધી મારી પુત્રી છે, તેના પ્રત્યે મને કાંઈ રાગદ્વેષ નથી.' આ બધા પ્રચારમાં બુદ્ધિશાળી માણસે ભરમાવું નહિ અને મુખ્ય મુદ્દાઓ શું છે તે ઉપર લક્ષ કેન્દ્રિત કરવું જોઈએ. આવા ભાષણોમાં ૯૫ ટકા પુનરુક્તિ હોય છે. મુખ્ય મુદ્દા જે થોડા હોય તેને તારવી લેવા અને તેનું તારતમ્ય કાઢવું જોઈએ.

કૉંગ્રેસ પક્ષે મુખ્ય મુદ્દાનો સાર આવી રીતે મૂકાય:

કૉંગ્રેસને ૯૧ વર્ષનો ભવ્ય ભૂતકાળ છે. કૉંગ્રેસે દેશને સ્વતંત્રતા અપાવી છે. કૉંગ્રેસ દઢપણે લોકશાહીમાં માને છે. ચૂંટણી કરે છે તે જ તેનો સબળ પુરાવો છે. દેશને અરાજકતા અને અંધાધૂંધીમાંથી બચાવવા કટોકટી જાહેર કરવી પડી. તેથી દેશ બચી ગયો. ઈન્દિરા ગાંધીના સબળ નેતૃત્વને કારણે દેશને સ્થિર રાજતંત્ર મળ્યું છે. કૉંગ્રેસ સિવાય કોઈ પણ પક્ષ સ્થિર રાજતંત્ર આપી શકે તેમ નથી. જનતા પક્ષ શંભુમેળો છે. જનતા પક્ષ સત્તા પર આવશે તો ટકશે નહિ અને દેશ છિન્નભિન્ન થશે. જનતા પક્ષને કોઈ કાર્યક્રમ નથી. 'ઈન્દિરા હટાવ' એ જ એક કાર્યક્રમ છે. જનતા પક્ષ પ્રત્યાઘાતી જમણેરી સ્થાપિત હિતો અને કોમવાદી તત્ત્વોની ખીચડી છે. કૉંગ્રેસે પ્રગતિશીલ સમાજવાદી આર્થિક કાર્યક્રમ અપનાવ્યો છે અને તે દિશામાં આગેકૂચ કરે છે.

જનતા પક્ષના મુખ્ય મુદ્દાનો સાર આવી રીતે મૂકાય:

ઈન્દિરા ગાંધીના નેતૃત્વ નીચેની વર્તમાન કૉંગ્રેસે લોકશાહીને તિલાંજલિ આપી છે. એક વ્યકિતની આપખૂદ સત્તા છે. દેશે લોકશાહી અને સરમુખત્યારી વચ્ચે પસંદગી કરવાની છે. કટોકટી દેશને બચાવવા નહિ પણ ઈન્દિરા ગાંધીની સત્તા કાયમ કરવા લાદવામાં આવી છે. વ્યકિત અને વાણીસ્વાતંત્ર્ય જેવા માનવીય મૂળભૂત અધિકારો રહ્યા નથી અને આ કૉંગ્રેસ ફરી સત્તા પર આવશે તો રહેશે નહિ. દેશમાં ભયનું સામ્રાજ્ય વ્યાપ્યું છે, કોઈની સલામતી નથી. કૉંગ્રેસના ભવ્ય ભૂતકાળને ભૂંસી નાખ્યો છે. બંધારણમાં પાયાના ફેરફારો કરી, મિસા અને વર્તમાનપત્રો વિષે કાયદા કરી, વ્યકિત અને વાણીસ્વાતંત્ર્ય તથા સ્વતંત્ર ન્યાયતંત્ર કાયમં માટે છીનવી લીધાં છે. જનતા પક્ષ શંભુમેળો નથી. એક સંગઠિત રાજકીય પક્ષ છે. જનતા પક્ષ સાચા સમાજવાદ–ગાંધીવાદમાં માને છે. લોકો નિર્ભય બને અને લોકશકિત કેળવાય તેમાં લોકકલ્યાણ છે. ભય અને જબરજસ્તીથી કોઈ દિવસ લોકકલ્યાણ થતું નથી.

બન્ને પક્ષના આ દાવાઓને કેવી રીતે મૂલવીશું, કેવી રીતે નિર્ણય કરીશું? કોઇ શું કહે છે તેના કરતાં તેણે શું કર્યું છે તે જોવું જોઈએ. માણસનો હેતુ તેના વર્તન ઉપરથી નક્કી થાય. તેના અંતરમાં ઊતરવાની બીજી કોઈ ચાવી આપણી પાસે નથી.

કેટલીક સ્પષ્ટતા કરી લઈએ. ઈન્દિરા ગાંધીના નેતૃત્વ નીચેની વર્તમાન કૉંગ્રેસ, તિલક, ગાંધી કે નહેરુની કૉંગ્રેસ નથી તે બરાબર સમજી લેવું. આ ઇન્દિરા ગાંધીની કૉંગ્રેસ છે, હવે પછી કદાચ સંજય ગાંધીની થાય. તેથી, કૉંગ્રેસના ભવ્ય ભૂતકાળનો યશ કોઈ એક પક્ષને આપવાની જરૂર નથી. જનતા પક્ષમાં એવી વ્યકિતઓ છે કે જેમણે દેશસેવામાં જીવન સમર્પણ કર્યું છે અને કૉંગ્રેસનો ભવ્ય ભૂતકાળ ઘડવામાં મહત્ત્વનો ફાળો આપ્યો છે. જયપ્રકાશ, મોરારજી, જગજીવનરામ કે વિજયાલક્ષ્મી, ઈન્દિરા ગાંધી કરતાં વધારે હકથી, કૉંગ્રેસના વારસદાર હોવાનો દાવો કરી શકે છે.

બીજું; જનતા પક્ષ શંભુમેળો છે અને "ઈન્દિરા હટાવ" સિવાય બીજો કોઈ તેને કાર્યક્રમ નથી એવો આક્ષેપ સત્યથી વેગળો છે. એ પક્ષને હજી વધારે સંગઠિત થવાનું રહે છે. પણ એ પક્ષ હવે વિકલ્પી રાષ્ટ્રીય રાજકીય પક્ષ છે, એ હકીકત છે. Alternative National Party. આ અંકમાં શ્રી વાડીલાલ ડગલીનો એક લેખ આપ્યો છે તેમાં આ વાત સરસ રીતે સમજાવી છે. આપણા દેશમાં પહેલી જ વખત આવા બીજા સંગઠિત રાજકીય પક્ષનો જન્મ થયો છે તે ઘણું આવકારદાયક છે. તે પક્ષમાં પીઢ, અનુભવી, સેવાભાવી અને નિષ્ઠાવાન આગેવાનો છે. કૉંગ્રેસમાં અત્યારે જે આગેવાનો છે તેનાં કરતાં લેશ પણ ઓછું નહિ, પણ કદાચ વધારે–દેશહિત તેમના હૈયે છે. ઈન્દિરા ગાંધી એક જ આ દેશને સબળ નેતૃત્વ આપી શકે તેમ છે એ ભ્રમ કાઢી નાખવો. જનતા પક્ષ ઈન્દિરા ગાંધીને સત્તાસ્થાનેથી હટાવવા માગે છે તે સાચી વાત છે. જનતા પક્ષ માને છે કે દેશના હિતમાં આ જરૂરી છે. પણ જનતા પક્ષ પાસે આ એક જ કાર્યક્રમ છે અને એક જ હેતુ માટે એ બધા ભેગા થયા છે તે આક્ષેપ સાચો નથી. ઈન્દિરા ગાંધીને એટલે કે કૉંગ્રેસને સત્તાસ્થાનેથી હટાવવી એ પહેલું પગથિયું છે. જનતા પક્ષે સર્વસંમતિથી ચૂંટણી ઢંઢેરો બહાર પાડયો છે. તેમાં સ્પષ્ટ અને સુરેખ

આર્થિક અને સામાજિક કાર્યક્રમ છે. તેના અમલ માટે કૉંગ્રેસને સત્તા સ્થાનેથી હટાવવી અનિવાર્ય છે. ગાંધીજી પાસે સ્વરાજ્યનું સ્પષ્ટ ચિત્ર હતું પણ તેનું પહેલું પગથિયું વિદેશી શાસન હટાવવું તે હતું. તેથી ગાંધીજીએ અંગ્રેજોને કહ્યું હતું કે તમે જાવ, અમે અમારું સંભાળી લઈશું. અમારી ચિન્તા તમે ન કરશો. કોઈ વ્યકિતને એવો ભ્રમ થાય કે પોતે જ દેશનું ભલું કરી શકે તેમ છે તેના જેવી ખતરનાક વસ્તુ બીજી કોઈ નથી. લોકોને નક્કી કરવા દો.

માત્ર કૉંગ્રેસ જ – એટલે માત્ર ઈન્દિરા ગાંધી જ સ્થિર અને સબળ રાજતંત્ર આપી શકશે એ ભ્રમ છોડી દઈએ. આ દેશ અને આ પ્રજા જો એટલી બધી પામર હોય તો ટકી નહિ શકે. આપણે શ્રદ્ધા રાખીએ કે આ દેશ એટલો પામર નથી. ગાંધી ગયા, નહેરુ ગયા, સરદાર ગયા, આ દેશ ઊભો છે, ઊભો રહેશે.

વર્તમાન રાજતંત્રમાં પણ સ્થિરતા કયાં છે? કોઈ પણ રાજ્યના મુખ્ય મંત્રીને ઘડીના છઠ્ઠા ભાગમાં દૂર કરી, ધારાસભાના સભ્યોને અવગણી, ઉપરથી નક્કી કરેલ વ્યકિતને મુખ્ય મંત્રી બનાવી દેવાય છે. કેન્દ્રમાં કે રાજ્યોમાં કોઈ મંત્રી પોતાની જાતને સ્થિર અથવા સલામત માને છે? કૉંગ્રેસમાં કેટલી ખટપટ અને વિખવાદ છે. લોકોમાં કેટલો ભય છે? પણ આપણે સ્વીકારી લઈએ કે કટોકટી પછી કેટલાક લાભો થયા છે, ઈન્દિરા ગાંધીને દઢ મનોબળ છે, ઘણાં શકિતશાળી છે, તેમણે ઘણાં સારાં કાર્યો કર્યા છે. પણ પ્રશ્ન એ છે કે છેલ્લા ૧૮ મહિનામાં જે બન્યું અને તેમણે જે કર્યું તેથી હવે એવો વિશ્વાસ રહે છે કે તેમનું નેતૃત્વ દેશને હિતકારી રહેશે? માણસ સારો હોય, સારો દેખાય, બધું સીધું ચાલે ત્યાં સુધી. ખરાખરીનો ખેલ આવે ત્યારે તેનું સાચું સ્વરૂપ જોવા મળે. તે સ્વરૂપ કેવું છે?

એમ કહેવાય છે કે દેશમાં અંધાધૂંધી ફેલાવવાના પ્રયત્નો ડામવા કટોકટી જાહેર કરવી પડી અને વિશાળ સત્તાઓ લેવી પડી. સાચી હકીકત એ છે કે ગુજરાત, બિહારમાં જે આંદોલન ચાલતું હતું તેને પહોંચી વળવા સરકાર પાસે પૂરતી સત્તા અને સાધનો હતા. અલાહાબાદ હાઈ કોર્ટના ચૂકાદાએ જે પરિસ્થિતિ ઉત્પન્ન કરી તેમાં વડા પ્રધાનના સ્થાન અને સત્તાને મોટો પડકાર થયો. એ સ્થાન અને સત્તા જાળવી રાખવા કટોકટી જાહેર કરી. અલાહાબાદ હાઈ કોર્ટનો ચૂકાદો કાયમ રહે તો છ વર્ષ સુધી વડા પ્રધાન કોઈ ચૂંટણીમાં ઊભા રહી ન શકે અને તેમનું રાજકીય જીવન ખતમ થઈ જાય. આ ચૂકાદાએ આંદોલનને બળ આપ્યું. વડા પધાનનું આસન ડગમગ્યું એટલે આંદોલને જોર પકડ્યું. વડા પ્રધાને સુપ્રીમ કોર્ટને અપીલ કરી, તેમ કરવાનો તેમને પૂરો અધિકાર હતો. સુપ્રીમ કોર્ટનો આખરી ચુકાદો ન આવે ત્યાં સુધી વડા પ્રધાન તરીકે ચાલુ રહેવાનો તેમને અધિકાર હતો. સુપ્રીમ કોર્ટે વચગાળાના હુકમથી એ પ્રમાણે ઠરાવ્યું હતું. પણ આંદોલને જોર પકડ્યું કે કાયદા પ્રમાણે અધિકાર હોય તો પણ નૈતિક અધિકાર નથી. આ માગણી વધારે વ્યાપક બની જોર પકડે અને ફરજિયાત રાજીનામું આપવું પડે, તે પહેલાં તેને દબાવી દેવી જોઈએ,, એટલે કે કટોકાટી જાહેર કરી, બધા આગેવાનોની ધરપકડ કરી લીધી. ત્યાં સુધી માની લઈએ કે વ્યાજબી હતું. સુપ્રીમ કોર્ટનો આખરી ચુકાદો ન આવે તે પહેલાં તેમને રાજીનામું આપવાની ફરજ પાડવી તે બંધારણીય ન હતું. એક બે મહિનાની વાત હતી. પણ પછીના બનાવોએ બતાવ્યું છે કે સુપ્રીમ કોર્ટનો ચૂકાદો પોતાની વિરુદ્ધ જાય તે સ્વીકારવા વડા પ્રધાનની તૈયારી ન હતી. એટલે ચુકાદાની રાહ જોયા વિના, ચૂંટણી ધારામાં, ભૂતકાળને લાગુ પડે એવી રીતે, ફેરફારો કર્યા અને જેટલા મુદ્દાઓ પોતાની વિરુદ્ધ ગયા હતા તે બધાની કાયદાની જોગવાઈઓ પોતાની તરફેણમાં ફેરવી નાખી. આ લોકશાહી પગલું ન હતું. સત્તા ટકાવી રાખવા સૌને બંધનકર્તા હતા એવા કાયદા, પોતાના હિતમાં ફેરવી નાખ્યા. એટલેથી સંતોષ ન થયો. બંધારણમાં ૩૯મો ફેરફાર કરી, અલાહાબાદ ચુકાદાને ગેરકાયદેસર જાહેર કર્યો અને પોતાની ચૂંટણીને કાયદેસર જાહેર કરી. એક વ્યકિત માટે બંધારણ ફેરવ્યું. પછી બે ડગલાં આગળ ગયા. જાણે પોતે સદા વડા પ્રધાન રહેવાના છે એમ માની, ભવિષ્યમાં વડા પ્રધાનની ચૂંટણીઓને કોર્ટમાં પડકારી જ ન શકાય એવો ફેરફાર કર્યો અને સંસદની સમિતિને એ અધિકાર આપ્યો. રાષ્ટ્રપતિ ગિરિની ચૂંટણીને કોર્ટમાં પડકાર થયો હતો ત્યારે રાષ્ટ્રપતિએ કોર્ટમાં જવું પડે એમાં કોઈને નાનમ લાગી ન હતી, પણ વડા પ્રધાનને કોર્ટમાં જવું પડ્યું એ વાતમાં તેમના પદ અને મોભાને નાનમ લાગે એમ ગણી કાયદો ફેરવી નાખ્યો અને સાથેસાથે રાષ્ટ્રપતિ, ઉપ-રાષ્ટ્રપતિ અને સ્પીકરને પણ એ લાભ આપ્યો!

આગેવાનોની ધરપકડ પછી સંપૂર્ણ શાન્તિ થઈ, આંદોલનનું નામનિશાન ન રહ્યું. પણ મિસાનો કોરડો ચારે તરફ વીંઝ્યો અને લાખો માણસોને જેલમાં ધકેલી દીધા. કોર્ટનો કોઈ ચુકાદો અટકાયતી માટે બારી ખુલ્લી કરે તો તુરત મિસાના કાયદામાં ફેરફાર કરી બારી બંધ થાય. એવા કેટલાય ફેરફારો કર્યા. કાંઈ પણ કારણ આપ્યા વિના, કોર્ટમાં રજૂ કર્યા વિના, ભૂલથી બદદાનતથી, અદાવતથી ધરકપડ કરી હોય તો પણ નિર્દોષને બે વર્ષ 'જેલમાં' ગોંધી રાખે અને કોર્ટ પાસે કોઈ દાદ–ફરિયાદ ન થાય. હેબિયસ કોર્પસ અરજી પણ ન થાય. એટર્ની જનરલ નિર્લજપણે કોર્ટને કહે કે કોઈ કુદરતી કાનૂન રહેતો નથી. જેલમાં ભૂખે મારે, મરી જાય તો પણ કોઈ ઉપાય નથી અને સુપ્રીમ કોર્ટ આ દલીલ સ્વીકારે! આ મિસાનો કાયદો કાયમ માટે દરેકના ઉપર લટકતી તલવાર પેઠે ઊભો છે અને બંધારણમાં ફેરફાર કરી જોગવાઈ કરી છે કે તેને કોર્ટમાં પડકારી શકાય નહિ. લોકશાહી કહેવાતા કોઈ પણ દેશમાં આવો કાયદો અકલ્પ્ય છે. છતાં ધૃષ્ટતાથી કહેવામાં આવે છે કે મિસાનો કાયદો બંધારણપૂર્વકનો છે અને કૉંગ્રેસ લોકશાહીમાં દઢ શ્રદ્ધા રાખે છે!

વર્તમાનપત્રો ઉપરનાં અંકુશો, વાંધાજનક લખાણોને નામે વર્તમાનપત્રોની સ્વતંત્રતા હણે છે. આ કાયદાને પણ કાયમનું સ્વરૂપ આપ્યું છે અને બંધારણમાં જોગવાઈ કરી છે કે કોર્ટમાં તેને પડકારી શકાય નહિ.

આટલેથી જ ન અટકતાં, કાયમ માટે બંધારણનું પાયાનું સ્વરૂપ પલટાવી નાખ્યું અને આપખૂદ સત્તાને બંધારણનો સદર પરવાનો આપ્યો. ન્યાયતંત્રની સ્વતંત્રતા હણી. ચૂંટણી જાહેર કર્યા પછી પણ, જસ્ટીસ ખન્નાને ચીફ જસ્ટીસ થવા ન દીધા અને તદ્દન ખોટા કારણો આપ્યાં.

હજી પણ કટોકટી પાછી ખેંચી નથી. બધા હથિયાર સાબૂત છે. ૧૮ મહિનાના આ બનાવો ઉપર નજર નાખીએ તો કોણ વિશ્વાસ કરે કે આ કૉંગ્રેસ લોકશાહીનું જતન કરશે?

Judge them, not by their words, but by their acts and there is irrefutable evidence of utter lack of faith in democratic values and fundamental human rights.

સત્તાના મોહમાં કેટલી હદે જઈ શકાય છે તેની કાંઈક ઝાંખી થઈ છે. લોકશાહીમાં માને છે એવું બતાવવા ચૂંટણી કરી છે. સરળતાથી મોટી બહુમતી મળશે અને છ વર્ષની નિરાંત થશે એવી કાંઈક ગણતરી હશે, પણ ચૂંટણી જાહેર કર્યા પછીના કેટલાક બનાવોએ આવી ગણતરીઓ ઊંધી વાળી છે. આપખૂદ સત્તાના મૂળ ઊંડા જાય તે પહેલાં તેનાથી બચી જવાની પ્રજાને તક મળી છે. પાર્લા-

મેંટમાં મોટી બહુમતીને કારણે પાર્લામેંટને અને કૉંગ્રેસની મહાન સંસ્થાને સંપૂર્ણપણે પોતાના વશવર્તી બનાવ્યાં. કૉંગ્રેસના પ્રમુખ કહે, ભારત એટલે ઈન્દિરા, ઈન્દિરા એટલે ભારત. 'ઇલસ્ટ્રેટેડ વીકલી'ના તંત્રી સંજય ગાંધીની અનહદ ખુશામત કરે. દેશનું અને પ્રજાનું, ભય અને આપખૂદ સત્તાને કારણે, કેટલું નૈતિક અધઃપતન થયું છે? ભયથી માણસ કાયર થાય છે. આપખૂદ સત્તા ભય ઉપર જ નભે છે. આપખૂદ સત્તામાં નોકરશાહી અને અસામાજિક તત્ત્વોનું જોર વધે. દાદ ફરિયાદની કોઈ બારી ના હોય એટલે લાંચરુશ્વત વધે. હજી ક્યાં ભય ઓછો થયો છે? આવા બધા કાળા કાયદા ઊભા છે ત્યાં સુધી ભય ઓછો થાય ક્યાંથી?

આ બધા કારણે આ ચૂંટણી ઐતિહાસિક છે, તેમાં પ્રજાની કસોટી છે.

'પ્રબુદ્ધ જીવન'ના ગયા અંકમાં સોલી સોરાબજીના લેખમાં બતાવ્યું છે કે સરમુખત્યારી આકાશમાંથી ઊતરતી નથી. પ્રજાની કાયરતા અને પ્રમાદ (Thoughtlessness)માંથી જન્મે છે ને તેના ઉપર નભે છે. પ્રજાએ બતાવી આપવું જોઈએ કે તે કાયર નથી, પ્રમાદી નથી. નિર્ભય છે, વિચારવંત છે.

૨૫-૨-'૭૭. —ચીમનલાલ ચકુભાઈ

# આખરે મળેલો વિકલ્પ: જનતા પક્ષ

જનતા પક્ષનો ચૂંટણી ઢંઢેરો તેના ચારેય ઘટકોનાં સહિયારા નિર્ધારનું પુનરુચ્ચારણ કરે છે. એ નિર્ધાર એ છે કે આ માત્ર એક જોડાણ નથી પણ એક નવો રાષ્ટ્રીય પક્ષ છે. ચૂંટણી ઢંઢેરાનું ધ્યાનથી વિશ્લેષણ કરતાં એ સ્પષ્ટ જણાઈ આવે છે કે તેના ઘટકોનાં જુદાં જુદાં દષ્ટિબિન્દુઓનો સુમેળ કરવા માટે ઉત્કટ પ્રયત્નો થયાં છે અને તે પ્રયત્નોને સારા પ્રમાણમાં સફળતા મળી છે. આ પક્ષ પાસે કોંગ્રેસ પક્ષને સત્તા પરથી હટાવવાનો ફક્ત નકારાત્મક કાર્યક્રમ જ નથી. ચૂંટણી ઢંઢેરામાં એક સુસંકલિત વૈકલ્પિક કાર્યક્રમ રજૂ કરવામાં આવ્યો છે, જેને તેમાં "ગાંધીવાદી વિકલ્પ" તરીકે ઓળખાવવામાં આવ્યો છે. તે જનતાને રોટી અને સ્વતંત્રતા બન્નેની ખાતરી આપે છે. ઢંઢેરો લોકસભાની આવતી ચૂંટણીને દેશમાં સ્વાતંત્ર્ય પછી થનારી સૌથી વધુ નિર્ણાયક ચૂંટણી તરીકે ઓળખાવે છે. મતદારો સમક્ષ રહેલી પસંદગી આ ઢંઢેરામાં આવા રણકતા શબ્દોમાં રજૂ કરવામાં આવી છે: 'આ સ્વતંત્રતા અને ગુલામી વચ્ચેની, લોકશાહી અને સરમુખત્યારી વચ્ચેની, લોકોની સત્તા જતી કરવા અને તેનો ઉપયોગ કરવા વચ્ચેની, ગાંધીવાદી માર્ગ અને અનેક દેશોને સરમુખત્યારી, અસ્થિરતા, લશ્કરી સાહસ અને રાષ્ટ્રીય વિનાશની ગર્તામાં ફેંકી દેનારા માર્ગ વચ્ચેની પસંદગી છે". ઢંઢેરો ભારપૂર્વક કહે છે કે રોટી અને સ્વતંત્રતા સામસામે મૂકી શકાય નહીં. આ પ્રતિપાદનનું રાજકીય, આર્થિક અને સામાજિક કાર્યક્રમના ત્રણ દસ્તાવેજોથી સમર્થન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમો જનતા પક્ષના ઘટકોમાં સર્વસ્વીકૃત થયેલા વિચારોનું પ્રતિબિંબ પાડે છે.

તેના આર્થિક કાર્યક્રમમાં સાદાઈ, અંત્યોદય અને વિકેન્દ્રિત અર્થતંત્રનાં ગાંધીવાદી મૂલ્યોનો સમાવેશ થાય છે. તે શહેર અને ગામડાં વચ્ચેની અસમાનતાને ઓછી કરવાનું વચન આપે છે અને સામુદાયિક વપરાશ માટે રોજીના ધોરણે માલના ઉત્પાદન ઉપર, સંપત્તિની પુનરવહેંચણી કરે એ પ્રકારના કરવેરા ઉપર, કરમુકિતની ઓછામાં ઓછી મર્યાદા વધારીને ૧૦,૦૦૦ રૂપિયા સુધી પહોંચાડવા ઉપર અને ૨.૫ હેકટરથી ઓછી જમીનો ઉપરનું મહેસૂલ કાઢી નાખવા ઉપર ભાર મૂકે છે. ઢંઢેરો જરાય વખત ગુમાવ્યા સિવાય આવક, વેતન અને ભાવની એક રાષ્ટ્રીય નીતિ ઘડવાનું અને તેનો અમલ કરવાનું વચન આપે છે. આ નીતિ જે સિદ્ધાંતો ઉપર રચાશે તે સિદ્ધાંતોમાં એક કંઈક ચર્ચાસ્પદ વિધાનનો સમાવેશ થાય છે. એ વિધાન કહે છે કે જનતા પક્ષ બોનસને મુલતવી રાખેલું વેતન ગણવાનો સિદ્ધાંત સ્વીકારે છે. કદાચ આ વિધાનને તેની પછીના વાક્યની સાથે જ વાંચવાનું હશે. એ વાક્ય આવું છે: "પક્ષ ઉત્પાદનક્ષમતામાં વૃદ્ધિની જરૂરિયાત પ્રત્યે પૂરતું ધ્યાન રાખીને શ્રમજીવી વર્ગનાં યોગ્ય હિતોનું રક્ષણ કરશે." આમ છતાં જો સ્પષ્ટ રીતે કહેવામાં આવ્યું હોત કે બોનસને ઉત્પાદનની અને ઉત્પાદનક્ષમતાની વૃદ્ધિ સાથે સાંકળવામાં આવશે તો તે વધારે સારું થાત. બોનસને મુલતવી રાખેલું વેતન ગણવાનો ખ્યાલ ફરી દાખલ કરવો એ પાછું પગલું ભરવા જેવું થશે. ખાસ કરીને તો એટલા માટે કે ઢંઢેરામાં એવું સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે વાજબી વેતન એ જ લઘુતમ વેતન હોવું જોઈએ અને કર આપ્યા પછીની લઘુતમ અને ગુરુતમ આવકોનું પ્રમાણ ઘટાડીને ૧:૨૦ જેટલું કરવું જોઈએ. આ પ્રમાણ તો જ સિદ્ધ થઈ શકે જો ઉત્પાદનક્ષમતા ઊંચામાં ઊંચી કક્ષાએ લઈ જવા માટે જોરદાર પગલાં લેવામાં આવે અને કામદારો પૂરા દિલથી સહકાર આપે.

મિલકતને મૂળભૂત અધિકાર તરીકે દૂર કરવાની દરખાસ્ત વિષે થોડીક ગેરસમજૂતી ઊભી થઈ છે. સૌથી પહેલું તો એ કહેવાની જરૂર છે કે કેટલાક લોકોએ ઘટાવ્યું છે તેમ, આ દરખાસ્તનો અર્થ મિલકતના કાયદેસરના અધિકારનો અસ્વીકાર એવો થતો નથી. આપણું બંધારણ જે પાયાના સિદ્ધાંત ઉપર રચાયું છે તે સિદ્ધાંતો જાળવવાની પક્ષની ચિન્તા અને બંધારણમાં સામેલ કરેલા રાજનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો અમલી બનાવવામાં મિલકતનો મૂળભૂત અધિકાર મુશ્કેલી ઊભી કરે છે એવી સંસદની ફરિયાદ, એ બે વચ્ચે જનતા પક્ષે કોઈક મધ્યમ માર્ગ શોધ્યો લાગે છે. આ વિવાદને પરિણામે તમામ મૂળભૂત અધિકારો સંસદની ઈચ્છાને અને કારોબારીની ઈચ્છાને આધીન બનાવી દેવામાં આવ્યા છે. એટલે કે આ અધિકારો મૂળભૂત મટી ગયા છે. આ પરિસ્થિતિ સુધારવા માટે જ એ પરિસ્થિતિનું નિર્માણ કરનાર મિલકતના અધિકારને મૂળભૂત અધિકારથી જુદો પાડવાનો ઈરાદો રખાયો છે. તમામ રાજકીય પક્ષોએ જમીનધારાના સુધારાની જરૂરિયાત ઉપર ભાર મૂકયો છે અને તેને પરિણામે મિલકતના અધિકારના મૂળભૂતપણાને પાતળું પાડ્યું છે.

સામાજિક કાર્યક્રમનો દસ્તાવેજ વસતિને લગતી વિશાળ નીતિમાં જોરતલબી વિનાના કુટુંબનિયોજનનો સમાવેશ કરે છે. આ કાર્યક્રમને લગતી સરકારી નીતિની સખત ટીકા ઢંઢેરામાં નીચેના શબ્દોમાં કરવામાં આવી છે: "હકીકતમાં, સમજાવટ અને શિક્ષણની પદ્ધતિઓનો ત્યાગ કરીને અને જોરતલબી તથા ફરજિયાતપણું દાખલ કરીને આ રાષ્ટ્રીય હેતુને ચોખ્ખું નુકસાન કરવામાં આવ્યું છે." વર્તમાનપત્રોમાં અવારનવાર એવા અહેવાલો પ્રગટ થયા છે કે નસબંધીની નક્કી થયેલી સંખ્યા સિદ્ધ ન કરી શકવા બદલ સરકારી નોકરિયાતો અને શિક્ષકોને મહિનાઓ સુધી પગાર અથવા બીજા લાભોથી વંચિત રાખવામાં આવ્યા છે. આ અહેવાલોનો રદિયો આપવામાં આવ્યો છે પણ અફવાઓ તો ચાલુ જ છે. કદાચ આ બાબતમાં લોકોને નિશ્ચિત કરવાનો ઉત્તમ રસ્તો જનતા પક્ષના ઢંઢેરામાં સૂચવાયું છે તેમ આક્ષેપો માટે તપાસ સમિતિ નીમવાનો છે. આમાં માનવગૌરવ અને મનુષ્યનો સૌથી મૂળભૂત કુદરતી અધિકાર સમાયેલો છે. તે સાથે એ વાત પણ ખરી છે કે વસતિનો વિસ્ફોટ એ આપણા દેશનો અત્યંત મહત્ત્વનો પ્રશ્ન બની ગયો છે અને માનવગૌરવને ઈજા પહોંચાડયા સિવાય કુટુંબનિયોજન અસરકારક બનાવવાની કોઈક પદ્ધતિઓ શોધી કાઢવાની જરૂર છે.

આ ઢંઢેરામાં સમાયેલી કલમો રાષ્ટ્રની સમક્ષ પડેલા પાયાના

પ્રશ્નોને સ્પષ્ટ રીતે બહાર લાવે છે અને આવતી ચૂંટણીઓમાં લોકોએ તે વિષે પોતાનો આદેશ આપવો પડશે. કૉંગ્રેસ સરકારે આટલા મોડા પણ લોકોને આધુનિક સંસ્કારી જીવનને લગતા અત્યંત મૂળભૂત પ્રશ્નો વિષે ચુકાદો આપવામાંથી ઊગારી લેવા જોઈએ. સરકાર તે આ રીતે કરી શકે – કટોકટી ઉઠાવી લઈને, તમામ રાજદ્વારી કેદીઓને મુક્ત કરીને, વાંધાભરી વાતોનું પ્રકાશન અટકાવનારો ધારો અમલી બનાવવાનું મોકૂફ રાખીને, બંધારણના ૪૨મા સુધારાની પુનર્વિચારણા કરવા સંમત થઈને અને ન્યાયતંત્રની કામગીરીની તથા સંસદ અને ન્યાયતંત્ર વચ્ચે આપણા બંધારણના વિધાયકોએ જે સૂક્ષ્મ સમતુલા સર્જી હતી તેની પુનઃસ્થાપના કરીને. આમ કરવાથી ટાળી શકાય તેવી કડવાશથી ચૂંટણીઓ મુક્ત રહેશે અને રાષ્ટ્રની સેવા માટે સંયુક્ત પ્રયત્નોમાં દ્વાર ખુલ્લાં થશે, જે પ્રયત્નોની ઈષ્ટતા વડા પ્રધાને લાલ કિલ્લા ખાતે શ્રી ફખરુદ્દીન અલી અહમદની શોકસભામાં ભારપૂર્વક દર્શાવી હતી.

[વાડીલાલ ડગલીના તંત્રીપદ નીચે ચાલતા અંગ્રેજી આર્થિક સાપ્તાહિકના 'કૉમર્સ' ના ફેબ્રુઆરી ૧૯, ૧૯૭૭ ના અગ્રલેખનો અનુવાદ. ]

## શ્રી મુંબઈ જૈન યુવક સંઘ

**જાહેર સભા**

વકતા: શ્રી સોલી જે. સોરાબજી
વિષય: ચૂંટણી અને જનતા
**સમય: મંગળવાર તા. ૮ મી માર્ચ સાંજે ૬ વાગ્યે.**
**સ્થળ: તાતા ઓડિટોરિયમ, હોમી મોદી સ્ટ્રીટ, કોટ.**
**શ્રી ચીમનલાલ ચકુભાઈ સભાનું પ્રમુખસ્થાન લેશે.**
**સૌને હાજર રહેવા ભાવભર્યું આમંત્રણ છે.**
**ચીમનલાલ જે. શાહ, : કે. પી. શાહ, માનદ્ મંત્રીઓ.**

## "પ્રબુદ્ધ જીવન"

રજિસ્ટ્રેશન ઓફ ન્યૂઝ પેપર્સ (સેન્ટ્રલ) રૂલ્સ ૧૯૫૬ ના અન્વયે ફોર્મ નં. ૪

'પ્રબુદ્ધ જીવન' સંબંધમાં નીચેની વિગતો પ્રગટ કરવામાં આવે છે.

| | |
|---|---|
| ૧. પ્રસિદ્ધ સ્થળ | : ટોપીવાળા મેન્શન, ૩૮૫, સરદાર, વી. પી. રોડ, મુંબઈ ૪. |
| ૨. પ્રસિદ્ધિ ક્રમ | : દર મહિનાની પહેલી અને સોળમી તારીખ. |
| ૩. મુદ્રકનું નામ | : શ્રી ચીમનલાલ જે. શાહ |
| ક્યા દેશના | : ભારતીય |
| ઠેકાણું | : ટોપીવાળા મેન્શન, ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ - ૪. |
| ૪. પ્રકાશકનું નામ | : શ્રી ચીમનલાલ જે. શાહ |
| ક્યા દેશના | : ભારતીય |
| ઠેકાણું | : ટોપીવાળા મેન્શન, ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ - ૪. |
| ૫. તંત્રીનું નામ | : શ્રી ચીમનભાઈ ચકુભાઈ શાહ |
| ક્યા દેશના | : ભારતીય |
| ઠેકાણું | : ટોપીવાળા મેન્શન, ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ - ૪. |
| ૬. માલિકનું નામ | : શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, |
| અને સરનામું | : ટોપીવાળા મેન્શન, ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ - ૪. |

હું ચીમનલાલ ચકુભાઈ શાહ, આથી જાહેર કરું છું કે ઉપર આપેલી વિગતો મારી જાણ અને માન્યતા મુજબ બરોબર છે.

તા. ૧-૩-'૭૭ — ચીમનલાલ ચકુભાઈ શાહ, તંત્રી.

# કસ્તૂરી કુંડલમાં વસે

## [૩]

## 'કહો સા'બ ક્યાં પહોંચવું છે?'

ઓટો રિક્ષા ધીમી ગતિએ હતી. મારે પ્રેસમાં લેખ આપવા પહોંચવું હતું. મનમાં ઉતાવળ હતી. લેખ આપીને કૉલેજમાં પહોંચવાનું હતું. એવામાં રિક્ષા અટકી. મશીનમાં કંઈ ખામી હતી. મનમાં અકળામણ વધતી હતી. રિક્ષાવાળાએ મશીન સુધારી બે મિનિટમાં આગળ ચલાવી. રિક્ષાવાળાએ રિક્ષા અટકાવી ત્યારે પૂછ્યું,

"ભાઈ ! કેટલી વાર ! આમ રસ્તામાં ......?"

એ કહે, 'શું થાય સા 'બ ! મશીન છે, અટકે યે ખરું... એમ તો... કહી એ કંઈ બોલવા જતો હતો ને વાત અધૂરી રાખી. હું વિચારતો હતો. 'એમ તો દેહનું મશીન પણ અટકે ત્યારે ...' પણ વિચાર અધૂરો રહ્યો.

મેં કહ્યું 'ભાઈ ! પહોંચવું છે – જલદી ચલાવ.'

એણે રિક્ષા ધીમી પાડી પૂછ્યું.

"સા'બ ! ક્યાં પહોંચવું છે ?"

મેં કહ્યું, 'પ્રેસમાં'.

એ કહે, 'સા' બ, આ ચાલુ સ્પીડે પ્રેસમાં પહોંચાશે.

પણ આનાથી વધુ સ્પીડે ઉપર (આકાશ બતાવી) પહોંચાય !"

વાત સાચી. તેજ ગતિ – મશીનની તાકાત કરતાં – રાખીએ તો ઉપર પહેલું પહોંચાય. આપણે ગતિના જમાનામાં છીએ. "સુપર એક્ષપ્રેસ" ને "સ્પૂટનિક" ને "સુપર સોનિક"ના જમાનામાં ગતિ વિક્રમ સર્જે છે. એ સાથે એ ગતિમાં "પો'રો ખાવા" ની વાત કશે જ દેખાતી નથી. ખેડૂતો 'પો'રો ખાવ" એમ બોલે છે. "પો'રો ખાવો' એટલે વિરામ કરવો.

કદીક વાગોળતી ગાયને બપોરે જોવા જેવી હોય છે. ભર બપોરે ખૂણે સૂતેલું કૂતરું જોવા જેવું – એ એટલા માટે કે પ્રાણીઓ પણ ગતિ વચ્ચે વિરામ કરે છે, થંભે છે, શ્વાસ ખાય છે, જંપે છે. "જંપ" માણસ સાથે પડછાયાની જેમ હોવો જોઈએ. જંપ જાય એમાંથી 'અજંપો' આવે. કશુંક માણસની સાથે જ છે. "જંપવું' એ પ્રાણીનો સ્વભાવ છે. એ સ્વભાવમાંથી એ હકારાત્મક ભાવ જાય એટલે નકારાત્મક ભાવ પ્રવેશે. 'અજંપો' એ નકારાત્મક – અભાવાત્મક – સ્થિતિ છે. પ્રસન્નતા એ હકારાત્મક સ્થિતિ થઈ. માણસે એના મૂળ સ્વભાવ સાથે વણાયેલી પ્રસન્નતા ગુમાવી એથી અપ્રસન્નતા અથવા રોષ, ગ્લાનિ, વિષાદ આવ્યાં. માણસની મૂળ પ્રકૃતિમાં ગતિ અને જંપ બન્ને સાથે છે. પણ માણસે ગતિ રાખી, ગતિ વધારી ને જંપ છોડયો. પરિણામે હાર્ટ ફેઈલ – હાર્ટ એટેક – બ્લડ પ્રેશર – ડાયાબિટિસ વડે ઉપર વહેલો પહોંચવા માટે ધકેલાયો.

આજના જમાનાના હડિયાપટ્ટુ, દોડધામ કરતા માણસે પો'રો ખાવાની, જંપવાની તરકીબ (મૂળ ખાસિયત) પ્રાણીઓ પાસે શીખવા જેવી છે અને ઝડપ પર કાબૂ મેળવવા જેવો છે.

રસ્તે ઝડપથી ચાલતાં સાંજ પડે ને બે ક્ષણ આકાશના રંગો જોઈએ, સબર્બન ટ્રેનમાં મુસાફરી કરતાં બારીમાંથી ખાલી આકાશ ને અંતરમાં ઊતારીએ, ફૂટપાથ ક્રૉસ કરતાં સાઈડ અપાઈ ન હોય ત્યારે જે ક્ષણ મળે તે ક્ષણે ચિત્તની શાંતિ રાખીએ, પરભાતે ચકલાંનો ચહુકાર સાંભળવા કાન ખુલ્લા રાખવાની મનને ટેવ પાડીએ, દરિયાનાં મોજાંનો ઘુઘવાટ કદી અંતરમાં ઊતારીએ, આંખમાં સમાવીએ – આ બધી જંપવાની રીતો થઈ.

"જંપ' અને 'ગતિ' એ બન્ને સાથે જ જાય.

ગતિમાં આપણે છીએ, 'જંપ' દિનચર્યામાં ઊતારીએ – ગતિ વધે, અજંપો વધે ત્યારે રિક્ષાવાળાનો સવાલ જાતને પૂછવા જેવો !

"કહો, જીવ ! ક્યાં પહોંચવું છે ?' (!!!)

—ડૉ. દોલતભાઈ દેસાઈ

# પૂર્ણ કુંભ-મેળાનાં દર્શન: અપાર શ્રદ્ધાના મહાસાગરનાં દર્શન

જેમ રામાયણ અને મહાભારત જેવા મહાકાવ્ય-ગ્રન્થોએ તેમ જ અમુક પ્રમાણમાં હિંદુ ધર્મના પુરાણગ્રન્થોએ પણ વિશાળ ભારતવર્ષની જનતાને સાંસ્કૃતિક અને ભાવાત્મક એકતાના સૂત્રે બાંધી રાખીને ભાઈચારાની લાગણીને છેક જૂના સમયથી ટકાવી રાખવાનું પુણ્યકાર્ય કર્યું છે, તેમ આપણા દેશનાં કેટલાંય તીર્થ-સ્થાનો, પર્વ દિનો અને મહોત્સવોએ પણ દેશની જનતાને "વસુધૈવ કુટુમ્બકમ્"ની એકતાની ભાવનાના માર્ગે દોરવામાં ભારે મહત્ત્વનો ભાગ આપ્યો છે; તે એટલે સુધી કે જમાનાઓથી ચાલ્યા આવતા રાજદ્વારી ઝંઝાવાતો, ભૌગોલિક ભેદો કે એવાં જ કોઈ બીજાં નિમિત્તો પણ એને ભાગ્યે જ ખંડિત કરી શક્યાં છે. મુરબ્બી શ્રી પરમાનંદભાઈએ, હિમાલયની યાત્રા કર્યા પછી, ક્યારેક એવી મતલબનું લખ્યું હતું કે જ્યાં સુધી હિમાલય પર્વત ટકી રહેવાનો છે, ત્યાં સુધી ભારતની જનતાની ધર્મશ્રદ્ધા પણ ટકી રહેવાની છે, એ બિલકુલ સાચું છે.

જેમ જગન્નાથપુરીની જગન્નાથની રથયાત્રાનો (આષાઢી બીજનો) મહોત્સવ આપણા દેશનો જનતા-જનાર્દનનો મહોત્સવ છે, તેમ કુંભમેળાનો મહોત્સવ તો એના કરતાંય વધુ વ્યાપક પ્રમાણમાં ભારતની પ્રજાના હૈયામાં વસેલો મહોત્સવ છે અને એની ઉજવણી વખતે આપણા દેશની પ્રજાના અંતરતમ અંતરમાં, યુગોના યુગોથી વસેલી, એકતાની ભાવનાનાં વધારે પ્રતીતિકર અને આહ્લાદકારી દર્શન થાય છે; અને એની આગળ આપણું શિર ઝૂકી જાય છે.

કુંભમેળાના ઉત્સવની ઉત્પત્તિની કથાનું મૂળ અમૃતને મેળવવા માટે દેવો અને દાનવોએ, શેષનાગને નેતરું અને મેરુ પર્વતને રવૈયો બનાવીને, કરેલ સમુદ્રમંથનની પુરાણ-કથા સાથે સંકળાયેલું છે. સમુદ્રમંથન કરતાં કરતાં અમૃતનો કુંભ નીકળ્યો. આ અમૃતકુંભ દાનવોના હાથમાં ન પડે એટલા માટે દેવરાજ ઇન્દ્રનો પુત્ર જયંત એ કુંભને લઈને નાઠો અને માર્ગમાં નાસિક, ઉજ્જૈન, હરદ્વાર અને પ્રયાગ (અલ્લાહાબાદ) એ ચાર સ્થાને વિસામો લેવા થોભ્યો. એ વખતે એ ચારે સ્થાનોમાં અમૃતનાં બિંદુઓ પડયાં, એની સ્મૃતિમાં એ ચારે સ્થાનોમાં, એક પછી એક, દર ત્રણ વર્ષે, કુંભ-મેળો ભરવાની પ્રથા શરૂ થઈ. એટલે દરેક સ્થાનમાં દર બાર વર્ષે એક વાર કુંભ-મેળો ભરાય છે અને એમાં દેશભરની જનતા શ્રદ્ધા-ભક્તિ અને ઉલ્લાસથી ભાગ લે છે.

આ ચાર તીર્થસ્થાનોમાં ભરાતા કુંભ-મેળામાં પણ પ્રયાગમાં ભરાતા કુંભ-મેળાનો મહિમા વધારે હોય એમ લાગે છે; જ્યારે પણ કુંભ-મેળાની વાત નીકળે છે ત્યારે સહજપણે જ પ્રયાગ-તીર્થનું સ્મરણ થઈ આવે છે અને એનું કારણ એ છે કે નાગાધિરાજ હિમાલયની કંદરાઓમાંથી નીકળતી પવિત્ર ગંગા અને યમુના નદી તેમ જ લુપ્ત કે ગુપ્ત થયેલી મનાતી સરસ્વતી નદી— એ ત્રણ નદીઓનો ત્રિવેણી-સંગમ પ્રયાગતીર્થમાં થાય છે.

તેમાંય આ વર્ષે પ્રયાગતીર્થના ત્રિવેણી સંગમને આરે ભરાયેલા કુંભ-મેળા વખતે, આકાશી ગ્રહ-નક્ષત્રોનો જે વિરલ યોગ થયો હતો એવો યોગ, ૧૨ વર્ષની એક એવી ૧૨ સમયાવધિને અંતે, એટલે કે ૧૪૪ વર્ષે થતો હતો, તેથી એ કુંભ-મેળાએ દેશભરમાં અજબ ઉત્સાહ અને ભક્તિ-ભાવ પ્રગટાવ્યો હતો. લાખે લેખાં ગણાય એટલા અગણિત ભાવિકજનો એ મેળામાં જઈને અને ત્રિવેણીતીર્થમાં સ્નાન કરીને પાવન થવાના પુણ્ય અવસરની મહિનાઓથી રાહ જોઈ રહ્યાં હતાં અને સરકાર પણ આ પ્રસંગે, દેશના ખૂણે ખૂણેથી, પ્રયાગતીર્થમાં લાખોની સંખ્યામાં આવી પહોંચનાર યાત્રિકોની સગવડ માટે મહિનાઓ પહેલાંથી યોજના-બદ્ધ રીતે કામે લાગી ગઈ હતી અને એ માટે એણે કરોડો રૂપિયાની જોગવાઈ પણ કરી હતી. આ તૈયારીઓને જંગી કહેવી પડે એટલા વિશાળ પ્રમાણમાં એ કરવામાં આવી હતી, અને તેથી છ અઠવાડિયા સુધી ચાલેલ આ મહામેળામાં ખૂબ સારી વ્યવસ્થા છેક સુધી સચવાઈ રહી હતી. પણ આ તો આ મેળા અંગેની થોડીક આનુષંગિક વાત થઈ છે. હવે એની મુખ્ય વાત કરું.

૧૪૪ વર્ષે જેટલા અસાધારણ લાંબા સમયને અંતરે ભરાતા આ કુંભમેળા સંબંધી, એ માટે મોટા પાયે ચાલતી તૈયારી સંબંધી તેમ જ સંગમ-સ્નાન માટે લાખોની સંખ્યામાં મેળામાં પહોંચનાર ભાવિક યાત્રિકો અંગે છેલ્લા ચારેક મહિનાથી કંઈક ને કંઈક સમાચાર અખબારોમાં પ્રગટ થતા રહેતા હતા, અને જેમ જેમ મહામેળાનો સમય નજીક આવતો ગયો, તેમ તેમ, મેળામાં હાજર રહેનાર યાત્રિકોની સંખ્યામાં ઉત્તરોત્તર વધારો થતો રહેવાના સમાચાર પ્રગટ થતા ગયા, તે એટલે સુધી કે મૌની અમાવાસ્યાના (માહ વદિ અમાવાસ્યાના) પર્વ દિને તો સંગમ-સ્નાન માટે એક કરોડ કરતાં પણ વધુ જનસંખ્યા પ્રયાગ તીર્થને આંગણે એકત્ર થવાની વાત અખબારો દ્વારા જાણવા મળી હતી.

જેમ જેમ આ સમાચાર હું વાંચતો ગયો, તેમ તેમ આ મહામેળા સંબંધી વધુ ને વધુ માહિતી મેળવવાની અદમ્ય ઉત્સુકતા મારું ચિત્ત અનુભવી રહ્યું; અને એ માટે હું મળી શકે અથવા પ્રયત્ન કરીને મેળવી શકાય એ છાપાં જોતો રહેતો હતો. જેમ જેમ આ વિરાટ ધર્મોત્સવની આછી-પાતળી માહિતી પીરસતાં વર્તમાનપત્રો હું વાંચતો ગયો, તેમ તેમ મારી જિજ્ઞાસા અને ઉત્સુકતા સંતોષાવાને બદલે વધારે તીવ્ર બનતી ગઈ, પણ એ પૂરી થઈ શકે એવી સામગ્રી મળવી મુશ્કેલ હતી; અને છતાં એ સંબંધી છબીઓ અને લખાણો જોવા માટે હું હમેશાં ઝંખ્યા જ કરતો હતો—આ ઝંખના જાણે મનનો કબજો લઈ બેઠી હતી અને એને લીધે મહામેળાની નજીકના દિવસોમાં તો કેટલીયવાર મન એવું અધીર અને અહોભાવમય બની જતું હતું કે આવો અપૂર્વ અવસર નજરોનજર નિહાળવા અલ્લાહાબાદ જઈ શકાય અને આટલી વિરાટ જનમેદનીનાં અને એને દૂર અને નજીકનાં સ્થાનોમાંથી આટલી મોટી સંખ્યાય એક સ્થાને એકત્ર થવાની પ્રેરણા આપનાર ધર્મઆસ્થાનાં પ્રત્યક્ષ દર્શન કરવાનો અમૂલ્ય લહાવો લઈ શકાય તો કેવું સારું! પણ એ ભાવના પૂરી થાય એવા સંયોગો ન હતા, કદાચ એને સફળ કરવા જેટલું હૃદયબળ પણ ન હતું, અને એ ભાવના કે ઝંખના વણપૂરાયેલી જ રહી ગઈ! અને એમ કરતા કરતાં, સમય કોઈનીય રાહ જોવા થોભતો નથી, એ નિયમ મુજબ, કુંભમેળાનો મહામેળો શરૂ પણ થયો અને દોઢેક માસ સુધી ચાલુ રહીને પૂરો પણ થઈ ગયો. અને મારી મનની મનમાં જ રહી ગઈ!

અલબત્ત, આ મેળાના મુખ્ય મુખ્ય પર્વ દિનોની ઉજવણીના અને એ માટે એકત્ર થયેલ વિરાટ જનસમૂહના કંઈક સવિસ્તર સમાચાર, છબીઓ સાથે, અખબારોમાં પ્રગટ થતા રહ્યા હતા; અને તેથી એ પ્રસંગની અપૂર્વતા અને ભવ્યતાનો આહ્લાદકારી અને અહોભાવજનક કંઈક ખ્યાલ મળી શકતો હતો. અને છતાં મન તો કોઈક યાત્રિક પાસેથી કે કોઈ અમદાવાદમાં અપ્રાપ્ય છાપા મારફત આ મહામેળાની વિગતો મેળવવા તલસ્યા જ કરતું હતું અને અંતરનો કબજો લઈ બેસેલ આ તલસાટને અમુક

અંશે પણ પૂરો કરી શકાય એ માટે મને થયું કે આવા ઐતિહાસિક અને વિરલ પ્રસંગની કોઈકે ફિલ્મ ઉતારી હોય અને એ જોવાની તક મળે તો કેવું સારું! અને પ્રભુ કૃપાએ આવી તક મળી ગઈ. આ ફિલ્મ જોતાં કુંભમેળાનાં વિવિધ દશ્યોથી અંતર ઉપર જે ભાવ અને લાગણી કાયમને માટે અંકિત થયાં છે, તે શાબ્દિક વર્ણનથી પર છે, એમ જ લાગે છે; અને છતાં એનું અલ્પ-સ્વલ્પ પણ વર્ણન કરવાના આવેગને રોકી શકતો નથી—જાણે એ અવિસ્મરણીય દશ્યો, ભલે પાંગળી ભાષામાં પણ કંઈક ને કંઈક લખવાની લાગણીને ઉશ્કેરી રહ્યાં છે, અને એ લાગણીનો દાસ બનીને હું આ લખવા બેઠો છું—આ હું નથી લખતો પણ કોઈક મારી પાસે લખાવી રહ્યું છે.

અમદાવાદના શ્રી વિનય વોરા એક સિદ્ધહસ્ત છબીકાર છે અને વહોરા સ્ટુડિયોના નામથી એ પોતાનો ફોટોગ્રાફીનો વ્યવસાય કરે છે અને વિશિષ્ટ પ્રસંગોની ફિલ્મો પણ ઉતારે છે. તેઓ જેમ પોતાના વિષયમાં નિપુણતા ધરાવે છે, તેમ સાહસી અને હિંમત-બાજ પણ છે. તેથી જ તેઓ, જોખમ ખેડીને, બંગલા દેશના યુદ્ધની ફિલ્મ ઉતારી શકયા હતા. પ્રયાગમાં મળેલ પૂર્ણ કુંભમેળાની રંગીન ફિલ્મ પણ એમણે જ ઉતારી છે, અને એ ફિલ્મ જોવાનો મને સુયોગ મળ્યો હતો.

એક કલાકની આ ફિલ્મમાં એમણે મેળાનાં એટલાં બધાં દશ્યો હૂબહૂ મઢી લીધાં છે કે જે જોઈને ચિત્ત અહોભાવથી સ્તબ્ધ થઈ જાય છે અને એમાંના કયા દશ્યનું વર્ણન કરવું અને કયાનું ન કરવું એ બાબતમાં વાણી જાણે થંભી જતી હોય એમ લાગે છે.

મેળામાં એકઠાં થયેલાં લાખો માનવીઓનાં દર્શન કરીને મનમાં સર્વોપરી સવાલ એ થયો કે કયાં શ્રદ્ધાનું બળ અને કયાં બુદ્ધિનો ગજ? એ ગજ એ બળને કેવી રીતે માપી શકે?

એક જ સ્થાને અને એકી દિવસે કરોડ—સવા કરોડ માન-વીઓ કોઈ સ્વાર્થ સાધવા માટે નહીં પણ, પવિત્ર સંગમ-સ્નાન કરીને પોતાનાં પાપોનું વિમોચન કરીને પુણ્યનો સંચય કરવાની એકમાત્ર ભાવનાથી પ્રેરાઈને એકત્ર થાય એ ઘટના કદાચ દુનિ-યામાં અભૂતપૂર્વ હશે. સવા કરોડ માનવી એટલે હિંદુસ્તાનની કુલ વસતિનો બે ટકા જેટલો મોટો ભાગ! જનતા—જનાર્દનનું આટલું વિરાટ દર્શન કરવાનો લહાવો મળે તો જિંદગી કેટલી ધન્ય બની જાય! આવું દર્શન કરવાનો લાખેણો અવસર વારે વારે થોડો જ આવે છે? આ મહામેળાનાં પ્રત્યક્ષ દર્શન કરવાની મારી ઉત્કટ ઝંખનાની પાછળનો ભાવ આ જ હતો.

હું એક એક દશ્ય નિહાળતો જતો હતો અને મારી આંખો-માંથી અશ્રુપ્રવાહને વહાવ્યા કરતો હતો—જાણે એમ કરીને હું મેળામાં એકત્ર થયેલ લાખો—લાખો ભાવિકજનોની અવિચલ ધર્મ-શ્રદ્ધાને મારા આંસુનો નમ્રાતિનમ્ર અભિષેક કરીને ધન્ય બનવા મથતો હતો.

આ બધુ જોતાં જોતાં મનમાં સતત એ સવાલ ઊઠયા કરતો હતો કે એવી કઈ શકિતથી પ્રેરાઈને દેશના દૂર દૂરના પ્રદેશોમાંથી પણ આટલાં બધાં માનવીઓ અહીં એકત્ર થયાં હતાં? એ શકિતની પ્રેરણા એવી તે કેવી પ્રબળ અને કામણગારી હતી કે જેથી વૃદ્ધ-જનો પોતાના ઘડપણને, અપંગ માનવીઓ પોતાનાં પંગુતાને, અશકતો પોતાની અશકિતને, બીમારો પોતાની માંદગીને અને યુવાનો પોતાના ઉન્માદને ભૂલીને મેળામાં પોતપોતાનો અર્ધ્ય આપવા આવી પહોંચ્યાં હતાં? એ બળ અને એ શકિત હતી ભારતની પ્રજાના જીવનમાં હજારો વર્ષથી સિંચાતી રહેલી ધર્મ પ્રત્યેની સુદઢ આસ્થાની.

એ આસ્થાએ જાણે, મેળાના સમય પૂરતો, ગરીબ-તવંગર વચ્ચેના ભેદને ભુલાવી દીધો હતો અથવા ગૌણ બનાવી મૂકયો હતો. માથે સામાનનું પોટલું અને કાંખમાં બાળક લઈને આધેડ બહેનો પણ પૂરા ઉમંગથી મેળામાં જઈ પહોંચી હતી. પોતાના માથે સામાનનો ભાર વહન કરીને ચાલતા ચાલતા મેળામાં જવામાં પુરુષો પણ કંઈક અનેરો આનંદ અનુભવતા હતા. આ દશ્ય જેટલું જીવંત હતું એટલું જ હૃદયસ્પર્શી હતું.

જયાં આટલો મોટો માનવ-મહેરામણ એકત્ર થવાનો છે, ત્યાં આપણા જેવા સાધનહીન અને ગરીબ માનવીઓને ખાવાનું, રહેવાનું અને સૂવાનું કયાં મળશે અને આટલા બધા માનવીઓની ભીડા-ભીડમાં આપણી કેવી દશા થશે અને આપણે કેવી કેવી અગવડો અને હાલાકીઓ વેઠવી પડશે—એવી એવી કોઈ ચિંતા ન તો આ મેળાના યાત્રિકોને સતાવી શકતી હતી કે ન તો એમની પુણ્ય-યાત્રામાં રુકાવટ કરી શકતી હતી! બધાય જાણે ભગવાન ઉપરના ભરોસાના દિવ્ય બળે, બીજી બધી જળોજથા અને ચિંતા-વ્યાધિને વિસારીને અને નિશ્ચિંત બનીને, યાત્રાધામે પહોંચી ગયા હતા.

બીજું બધું તો ઠીક, પણ માહ મહિનાની કડકડતી ટાઢ અને મેળાના કેટલાક દિવસો દરમિયાન પડેલ લોહીને થીજવી નાખે એવી આકરી ઠંડી પણ આ આસ્થાવાન માનવીઓની આસ્થાને ડગાવી શકી ન હતી. અરે, આમાં હજારો માનવીઓ તો એવાં હતાં કે જેમની પાસે પહેરવા માટે પણ પૂરતાં વસ્ત્ર ન હતાં, તો પછી અસહ્ય ટાઢને રોકી શકે એવી ઓઢવા - પાથરવાની સામગ્રીની તો વાત જ શી કરવી? અને છતાં, સંગમ-સ્નાન માટેની એમની શ્રદ્ધા-ભકિતમાં જરાય ઓટ આવવા પામી ન હતી!

અને આટલું ઓછું હોય એમ, આ મહામેળાના સર્વ શ્રેષ્ઠ મનાતા મૌની અમાવાસ્યાના મહાપર્વ દિને, પ્રયાગમાં, વાદળનાં ગર્જના અને વીજળીના ચમકારા સાથે, ખૂબ વરસાદ પડયો અને આખું વાતાવરણ હિમાળા જેવું અસહ્ય અને ચોમેર કાદવ-કીચડ અને પાણીથી ભરેલું બની ગયું, છતાં મૌની-અમાવાસ્યાના સંગમ-સ્નાન-ની ભાવના એવી ને એવી જ ટકી રહી અને આવા અતિ સંકટ-જનક વરસાદ તરફ અણગમો બતાવવાને બદલે એને વિશેષ મંગલના એંધાણ રૂપે અને ભગવાનની મોટી કૃપા રૂપે સૌએ વધાવી લીધો—જો આકાશી દેવે, અમૃતકુંભના આ મહામેળા વખતે, આવાં અમીછાંટણાં ન કર્યાં હોત તો આ ધર્મમહોત્સવની પવિત્ર-તામાં એટલી ઊણપ રહી જવા પામત. આ અણધાર્યા વરસાદને કારણે બધે ફેલાઈ ગયેલ કાદવ-કીચડમાં પણ યાત્રિકોને આનંદથી ડગ ભરતાં જોવાં અને તંબૂઓમાં ભરાઈ ગયેલા પાણીથી પણ નહીં કંટાળેલાં જોવાં એ એક અવિસ્મરણીય દશ્ય હતું; અને એ પણ આ ધર્મભાવનાશીલ જનમેદનીની હિમાલય સમી અડગ શ્રદ્ધા-ભકિતની સાક્ષી પૂરતું હતું.

પણ આ માટે જેટલું લખીએ એટલું ઓછું છે. આ પ્રસંગની માત્ર ફિલ્મ જ જોયા પછી પણ જો હૃદય આવું ઊર્મિલ અને ભાવવિભોર બની જતું હોય તો જેમને એ મહામેળો નિરાંતે નજરોનજર નિરખવાનો સોનેરી અવસર મળ્યો હોય એમના આનંદનું તો પૂછવું જ શું? જો આ પ્રસંગનો મહિમા ટૂંકમાં વર્ણ-વવો હોય તો એમ કહેવું જોઈએ કે પ્રયાગના ગંગા, યમુના અને સરસ્વતીના ત્રિવેણી સંગમને આરે, આ મહામેળા પ્રસંગે, માનવસમૂહના સાધના - પથને સદાય અજવાળતી રહેલી શ્રદ્ધા-ભકિત, સંતોષ અને હર્ષોલ્લાસની ત્રિવેણીનો જે સર્વ મંગલકારી સંગમ જોવા મળ્યો તે સદા સ્મરણીય બની રહે એવો છે.

— રતિલાલ દીપચંદ દેસાઈ

# શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહનો

## અમૃત મહોત્સવ

મુંબઈ જૈન યુવક સંઘના પ્રમુખ શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ શુક્રવાર તા. ૧૧મી માર્ચે ૭૫ વર્ષ પૂરાં કરી ૭૬મા વર્ષમાં પ્રવેશ કરે છે એ નિમિત્તે અભિનંદન સમારોહ તથા એમના લેખોના પુસ્તક 'અવગાહન'નો પ્રકાશનવિધિ તેજ દિવસે સાંજે ૬-૩૦ વાગ્યે ભારતીય વિદ્યાભવનનાં સભાગૃહમાં યોજવામાં આવ્યો છે.

આ કાર્યક્રમનું પ્રમુખસ્થાન મુંબઈ હાઈકોર્ટના જસ્ટિસ શ્રી જે. એમ. ગાંધી શોભાવશે.

'અવગાહન'નો પ્રકાશનવિધિ આચાર્ય શ્રી અમૃતલાલ યાજ્ઞિકના શુભ હસ્તે થશે.

કાર્યક્રમની શરુઆત સુપ્રસિદ્ધ સંગીતકાર શ્રી અનુપ જલોટાજીના ભકિતસંગીતથી થશે.

આ પ્રસંગે પધારવાનું સૌને નિમંત્રણ છે.

ચીમનલાલ જે. શાહ
કે. પી. શાહ
મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ.

# એ ગુણો આપણામાં કેમ નથી?

ભારતીય પુરાતત્ત્વના પ્રખર વિદ્વાન સર મોર્ટીમર વ્હીલર ગયા જુલાઈમાં ગુજરી ગયા ત્યારે તેમને આપણા પુરાતત્ત્વવિદ્ શ્રી. સાંકળિયાએ આપેલી અંજલિ વાંચીને વિચાર આવ્યો કે અંગ્રેજો-માં કે રશિયનો, ફ્રેન્ચો, અમેરિકનો વગેરેમાં જે ગુણો છે તે આપ-ણામાં કેમ નથી આવતા? આપણે અંગ્રેજોને દુષ્ટ સામ્રાજ્યવાદીઓ તરીકે ઓળખીયે છીએ; પરંતુ ઢાલની બીજી બાજુ ઘણી ઊજળી છે તેના વિશે વિચાર કરતા નથી.

અંગ્રેજો અહીં વેપાર કરવાના બહાને આવ્યા અને આપણી નબળાઈઓને જોઈને આ દેશના ધણી થઈ બેઠા. રાજ ટકાવી રાખવા તેમણે ઘણી અનીતિ કરી, પાપ કર્યા, જુલમ કર્યા, પરંતુ તેમણે આ દેશને ઘણું આપ્યું પણ ખરું. તેમાં વિવિધ વિદ્યાઓ અને વિશુદ્ધ ન્યાયતંત્ર પણ હતાં. અંગ્રેજની નિમણૂક રણમાં થઈ હોય, જંગલમાં થઈ હોય કે પહાડમાં થઈ હોય, પણ તે તેની પ્રજા, ભાષા ભૂગોળ, તેનાં ભૂસ્તર, પ્રાણી, વનસ્પતિ, હવામાન વગેરે વિશે તલસ્પર્શી અભ્યાસ કરીને સાહિત્ય લખી જતો. આજે આપણી પાસે અંગ્રેજોના જમાનાનાં પુસ્તકો, સામયિકો, અહેવાલો વગેરે છે એ તેમનું સર્વો-ત્તમ પ્રદાન છે અને આપણો અમૂલ્ય વારસો છે. કૉંગ્રેસનો સ્થાપક હ્યુમ પક્ષીશાસ્ત્રી હતો, અને બ્રિટનના પહેલા મજૂર વડા પ્રધાન રામેસે મેકડોનાલ્ડનો પુત્ર દિલ્હીમાં બ્રિટિશ એલચી તરીકે નીમાયો ત્યારે તેના વસવાટ દરમિયાન દિલ્હીનાં પક્ષીઓનો અભ્યાસ કરીને બર્ડઝ ઈન માય ગાર્ડન નામનું એક સરસ પુસ્તક લખી ગયો. હિંદુસ્તાનના પશુઓ, પક્ષીઓ, સરીસૃપો મત્સ્યો, જીવડાં અને બીજાં કીટકો વિશે વૈજ્ઞાનિક અભ્યાસ કરીને અંગ્રેજો આપણા માટે પુસ્તકો મૂકી ગયા છે. ભારતના ભૂસ્તર વિજ્ઞાન, હવામાન વિજ્ઞાન માનવવંશશાસ્ત્ર, સમુદ્ર વિજ્ઞાન, સ્થાપત્ય-પુરાતત્ત્વ ઈતિહાસ, ભૂગોળ જલવિજ્ઞાન વગેરે જ્ઞાન-વિજ્ઞાનના બધા વિષયો પર તેમણે અભ્યાસ-પૂર્ણ સાહિત્ય આપ્યું. જેથી સ્વતંત્રતા પછી જેમને આ વિષ-યોમાં રસ હોય તેમણે એકડેએકથી શરૂઆત કરવી નથી પડી. દા. ત. તેમણે ગઈ સદીમાં આપણા પ્રદેશોનાં ગેઝેટિયરો લખ્યાં હતાં. આ ગેઝેટીઅરો તે સમયના આપણા દેશના અને તેના ભૂતકાળના જ્ઞાનના અમૂલ્ય ગ્રંથો છે. દેશ સ્વતંત્ર થયા પછી કેટલાક વર્ષો બાદ એ ગેઝેટીઅરોની સુધારા-વધારા સાથેની આવૃત્તિઓ પ્રગટ કરવાનો કોઈ શાણા પ્રધાનને વિચાર આવ્યો. સ્વતંત્રતાનાં ત્રીસ વર્ષો પછી પણ એ કામ પૂરું નથી થયું અને જે થયું છે તે અધકચરું છે. આપણા અભ્યાસનો અભાવ બતાવે છે.

આપણે આપણા દેશમાં જ રસ નથી લેતા તો અંગ્રેજોની જેમ બીજા દેશોમાં શોધખોળ કરવા તો ક્યાંથી જઈએ? હિમાલયનું આરો-હણ અને સંશોધન અંગ્રેજોએ શરૂ કર્યું હતું. પછી બીજા પણ ઘણા દેશના જિજ્ઞાસુઓ અને સાહસિકો ઊતરી આવ્યા હજી આવે છે. સદ્ભાગ્યે આપણને પણ પાનો ચડયો અને આપણા જુવાનો પણ એવરેસ્ટ પર ચડી આવ્યા; પરંતુ તેનસિંગથી માંડીને આપણા બધા પર્વતારોહકો એવરેસ્ટની કે બીજાં શિખરોની ટોચ પર પહોંચીને ત્યાં અટકી ગયા. જાણે પૃથ્વીનો અને જ્ઞાનનો છેડો ત્યાં આવી જતો હોય! રશિયનો, અમેરિકનો, યુરોપીઓ વગેરે આપણા દેશમાં સંશો-ધન કરવા આવે છે. આપણે કોઈને રશિયાના કોકેસસ કે પામીર, યુરોપના આલ્પ્સ કે પીરિનીસ કે અમેરિકાના રોકીઝકે એન્ડીઝ પર્વતો ચડવા માટે મોકલ્યા નથી. તેનસિંગના સાથી અને એવરેસ્ટના પહેલા સહ - વિજેતા હિલેરી એવરેસ્ટ જીત્યા પછી બીજો વિક્રમ જીતવા દક્ષિણ ધ્રુવ ખંડ ગયા હતા અને દક્ષિણ ધ્રુવ ખંડને એક છેડાથી બીજા છેડા સુધી ફેર્ગ્યુસન ટ્રેક્ટર ગાડી વડે પાર કરીને અજોડ સાહસ કર્યું. હવે ઊતરતી અવસ્થામાં તેમણે હિમાલયના શેરપાઓના કલ્યાણની યોજનાઓમાં ચિત્ત પરોવ્યું છે. કારણ કે એવરેસ્ટ આરોહણ તેમણે શેરપાઓના સહકાર વડે કર્યું હતું. દુનિયામાં સૌથી ઊંચા શિખર તરીકે એવરેસ્ટની શોધ ભલે શીખધરે કરી હોય, પણ આશાસ્પદ તરવરિયા યુવાનોનો ભોગ આપીને પણ એવરેસ્ટની ટોચ ઉપર પહોંચવાની તાલાવેલીમાં અંગ્રેજો કદી ઢચુપચુ થયા ન હતા, અને પહેલો વિજય મેળવ્યો.

આજે આપણે ભરતખંડનું પેટાળ જાણે નજરે જોયું હોય એમ તેના વિશે જાણીએ છીએ અને તેના પરિણામે તેમાંથી તેલ અને બીજાં અમૂલ્ય ખનિજો મેળવીને દર વર્ષે સેંકડો અબજ રૂપિયાની સમૃદ્ધિ મેળવીએ છીએ. આ સદીના બીજા દાયકામાં ડૉ. દારાશા વાડિયાએ ભરતખંડની ભૂસ્તર રચના વિશે એક અમૂલ્ય ગ્રંથ લખીને આપણને ભરતખંડના પેટાળનું દર્શન કરાવ્યું; પરંતુ ગઈ સદીના અંત ભાગમાં અને આ સદીના આરંભમાં બ્લેનફોર્ડ, ઓલ્ડહામ, મેડલીકોટ, હોલેન્ડ, મિડલમિસ વગેરે મહાન ભૂસ્તર વિજ્ઞાનીઓએ જો ભરતખંડના ભૂસ્તર વિજ્ઞાનનો અભ્યાસ કરીને અમૂલ્ય સાહિત્ય ન આપ્યું હોત તો વાડિયા અને વર્તમાન ભૂસ્તર વિજ્ઞાનીઓ આપણી આજની જરૂરિયાતથી કેટલા બધા પાછળ રહ્યા હોત! ગુજરાતમાં, સમુદ્રોમાં અને બીજે તેલક્ષેત્રો શોધી આપવામાં રશિયન ભૂસ્તર શાસ્ત્રી વિજ્ઞાનીઓએ તથા તેલવિજ્ઞાનીઓએ આપણને દોરવણી આપી છે એ પણ ભૂલી જવું ન જોઈએ.

ગઈ સદીના ઉત્તરાર્ધમાં બંગાળ પર અભૂતપૂર્વ વિનાશક વાવા-ઝોડું અને વર્ષા ત્રાટક્યાં હતાં. ત્યારે બ્રિટિશ સરકારને લાગ્યું કે હવામાનનો અભ્યાસ કરીને આવી રહેલા હવામાનની આગાહી કરી શકે એવું ખાતું હોવું જોઈએ. તેની ઉપરથી હવામાન ખાતાની સ્થાપના થઈ. હવામાન વિજ્ઞાની એચ. એફ. બ્લેનફોર્ડે ઈ. સ. ૧૮૮૯માં હિંદ, લંકા અને બ્રહ્મદેશના હવામાન વિશે એક સરસ પુસ્તક લખ્યું હતું. તેના પછી આ ખાતાના વડા સર ગિલબર્ટ વૉકરે આ ઉપખંડના હવામાનના અભ્યાસમાં વધુમાં વધુ ફાળો આપ્યો હતો. આજે આ વિજ્ઞાન શાખાને આપણા હવામાન વિજ્ઞાનીઓએ સારી રીતે ખીલવી છે. પરંતુ જગ-તના હવામાન ક્ષેત્રે આપણું નૈઋત્યનું ચોમાસું એવું વિશિષ્ટ છે કે રશિયન, અમેરિકન, બ્રિટિશ વગેરે હવામાનશાસ્ત્રીઓ હજી ભારતી વિજ્ઞાનીઓના સહકારમાં તેનો અભ્યાસ કરી રહ્યા છે. ગુજરાતને તેના હવામાનનું જ્ઞાન ડૉ. ભીખાભાઈ દેસાઈ સિવાય કોઈએ આપ્યું નથી.

અંગ્રેજો સ્વભાવથી પ્રકૃતિ પ્રેમી છે. આથી તેમણે ભરતખંડના પ્રકૃતિવિજ્ઞાનનો વિશદ્ અભ્યાસ કર્યો. આપણે સાપને જોઈને ભાગી જઈએ છીએ, તેને ભયથી પૂજીએ છીએ અથવા મારી નાખીએ છીએ. વૉલે આપણા બધા સાપનો અભ્યાસ કર્યો, ઝેરી અને બિનઝેરી સાપને કેમ ઓળખવા તેનાં રેખાંકનો તૈયાર કર્યાં જેથી ડૉકટરો, શિક્ષકો, વિદ્યાર્થીઓ અને રસ ધરાવનારા બધાને ઉપયોગી થઈ પડે. બોમ્બે નેચરલ હિસ્ટરી સોસાયટીએ તેના ચાર્ટ પ્રગટ કર્યા. આ ચાર્ટ સર્પ-દંશના કિસ્સામાં સાચી મહિતી આપીને જિંદગી બચાવી શકે.

એ જમાનામાં હિંદમાં જંગલી પ્રાણીઓ અને જંગલ ભરચક હતાં. તેથી શિકારના આકર્ષણથી તેમ જ વિદ્યાભ્યાસની વૃત્તિથી પ્રેરાઈને અનેક અંગ્રેજોએ ભરતખંડના અને તેની આસપાસના પ્રદેશોના પ્રકૃતિ વિજ્ઞાન ઉપર ઉત્તમ સાહિત્ય આપ્યું. આજે મુંબ-

ઈમાં બોમ્બે નેચરલ હિસ્ટરી સોસાયટીની લાઈબ્રેરી તેનાથી ભરચક છે.

આ યાદી ઘણી લાંબી થાય. પણ આ બધાનો વિચાર આવે છે, ત્યારે સ્વતંત્રતામાં જન્મેલી કે ઊછરેલી આપણી નવી પ્રજા વિશે વિચાર આવે છે કે તેમાંથી કોઈએ વિદેશ જઈને તે દેશના જ્ઞાનમાં વધારો તો ભલે ન કર્યો, પણ તેને આપણા દેશના જ્ઞાન - વિજ્ઞાનમાં પણ કેમ રસ નહિ? સાહસ અને શોધખોળ માટે દુનિયામાં અફાટ સાગર અને ધરતી છે, તો આપણે ત્યાં ક્યાં ઓછું છે? હિમાલય પર માત્ર ચડવાનો બહુ અર્થ નથી. તેના ભૂસ્તર, હવામાન, ખનિજો, જીવ, વનસ્પતિ અને તેમાં વસતી જાતિઓનો અભ્યાસ કરવાની જરૂર છે. સાહસ અને સંશોધનની એક નવી શાખા વિદેશોમાં જૂની થઈ ગઈ છે, પણ આપણા દેશમાં આવી જ નથી. એ છે જલ ફેફસાં (acqua lungs) અથવા ડૂબક પોશાક (diving dress) પહેરીને સમુદ્રના પેટાળ અને તે તળિયાનું સંશોધન કરવાની વિજ્ઞાન શાખા, નૌકાદળને અને ખનિજ તેલ ઉદ્યોગને પોતાના દરિયાઈ તેલ સાહસ માટે આવા મરજીવાઓની જરૂર હોય છે. પશ્ચિમના દેશોમાં આવા મરજીવાઓએ સનસનાટી ભર્યાં સાહસ અને શોધો કર્યાં છે.

પશ્ચિમમાં વિમાનોમાંથી છત્રી વડે ભુસ્કા મારવા નાગરિકોની ક્લબો હોય છે. આ અતિ રોમાંચક છતાં તદ્દન સલામત ખેલમાં હેરત-ભર્યા વિક્રમો સર્જાય છે. આપણા દેશમાં વિમાની દળના સૈનિકો સિવાય બીજા કોઈ માટે સગવડ નથી.

ઓલિમ્પિકની વિશ્વ રમતોમાં આપણે મીંડું મૂકીને આવીએ છીએ, ત્યારે રશિયા, નાનકડું પૂર્વ જર્માની અને અમેરિકા સુંડલો ભરાય એટલા ચંદ્રકો જીતી જાય છે.

આ બધું જોતાં અને વિચારતાં વિચાર આવે છે કે આપણામાં સાહસની વૃત્તિ અને જ્ઞાન - વિજ્ઞાનની જિજ્ઞાસા કેમ નથી? આપણે વિદેશોને કંઈ પ્રદાન ન આપી શકીએ તો કંઈ નહિ, આપણા દેશમાં અને આપણા હિતમાં કંઈક રસ લઈએ! સશસ્ત્ર દળો, અણુશક્તિ, અવકાશ સંશોધન અને તેલ ઉદ્યોગ જેવાં થોડાંક ક્ષેત્રો તે બાદ કરતાં સાહસ વૃત્તિ કે જિજ્ઞાસા કે કુતૂહલ ક્યાંય દેખાતાં નથી. આપણું કુતૂહલ અને આપણી દૂરસશક્તિ સિનેમામાં કે બહુ તો ક્રિકેટમાં સમાઈ જાય છે. દેશના ભાવિ માટે આ સારું નથી.

— વિજયગુપ્ત મૌર્ય

# સંઘના આજીવન સભ્યોની યાદી

તા. ૧૬-૯-૭૬ના અંકમાં ૮૭૪ સુધીના સભ્યોના નામે પ્રગટ થયાં છે—ત્યાર બાદ થયેલા સભ્યોની યાદી નીચે પ્રગટ કરવામાં આવે છે.

૮૭૪ થી ૯૩૫ સુધી પહોંચવામાં સારો એવો પ્રયત્ન કરવો પડયો છે—એ પ્રયત્નમાં સહકાર આપી જેઓ આજીવન સભ્યો થયા છે તેમનો અમો અંતઃકરણપૂર્વક આભાર માનીએ છીએ—આપણા ૧૦૦૦ના લક્ષ્યાંકને પહોંચવા માટે હવે ફક્ત ૬૫ સભ્યો મેળવવાના રહે છે—હમણાં ઘણા સમય બાદ આજીવન સભ્યો માટે આપને અપીલ કરીએ છીએ—તો દરેક સભ્ય ફક્ત એક એક આજીવન સભ્ય મેળવી આપે એવી અમારી આગ્રહભરી વિનંતી છે.

૮૭૫ શ્રી અમીચંદ જે. શાહ
૮૭૬ „ દિલીપકુમાર નટવરલાલ શ્રોફ
૮૭૭ „ વર્ધમાન પ્રભુદાસ તુરખિયા
૮૭૮ „ હંસરાજ લાલજી
૮૭૯ „ કુસુમબહેન એસ. પરીખ
૮૮૦ „ હંસ ખીમજી
૮૮૧ „ હરકિસનદાસ છોટાલાલ
૮૮૨ „ નવિનચંદ્ર હરિલાલ ભીમાણી
૮૮૩ „ વિનય એન. શાહ.
૮૮૪ „ રવીન્દ્ર મોહનલાલ શાહ
૮૮૫ „ દિલીપ ચીમનલાલ મહેતા
૮૮૬ „ કાંતિ જગદીશ સેતલવાડ
૮૮૭ „ પુનમચંદ ફત્તેહચંદ
૮૮૮ „ મોહનલાલ ટી. કોઠારી
૮૮૯ „ વિનોદ ઝવેરચંદ વસા
૮૯૦ „ નવિનચંદ્ર નાગરદાસ શાહ
૮૯૧ „ પ્રતાપરાય પ્રેમજી
૮૯૨ „ વસંત મો. ઝવેરી
૮૯૩ „ શાંતિલાલ ડી. શેઠ
૮૯૪ „ હસમુખ પી. વોરા
૮૯૫ „ રમણીકલાલ ડી. શાહ
૮૯૬ „ જસવંતીબહેન પ્ર. વોરા
૮૯૭ „ જયાનંદ નાગજી
૮૯૮ „ પ્રવીણચંદ્ર જી. દેઢિયા
૮૯૯ „ ઉમેદભાઈ બી. દોશી
૯૦૦ „ પ્રેમરજી રતનશી શાહ
૯૦૧ „ રજનીકાન્ત એસ. સંઘવી
૯૦૨ „ પ્રેમજી ડુંગરશી નંદુ
૯૦૩ „ નવિનચંદ્ર બી. શાહ
૯૦૪ „ જયંતીલાલ એમ. દોશી
૯૦૫ „ હેમન્ત રતિલાલ શાહ
૯૦૬ „ સેવંતિલાલ સી. દાણી
૯૦૭ „ નેમચંદ એસ. ગાલા
૯૦૮ ડૉ. રમાબહેન કે. શુક્લા
૯૦૯ શ્રી પ્રફુલ્લ બી. વોરા
૯૧૦ „ રસિક કાપડિયા
૯૧૧ „ નવિનચંદ્ર જે. મહેતા
૯૧૨ „ ભીખુભાઈ સી. શાહ
૯૧૩ „ એસ. સી. તુનારા
૯૧૪ „ જયંતીલાલ જે. ગાંધી
૯૧૫ „ મધુકર સી. શેઠ
૯૧૬ „ હરખચંદ લાલજી
૯૧૭ „ નંદલાલ એમ. વોરા
૯૧૮ „ નીતિન જે. તલાજીઆ
૯૧૯ „ શરદ આર. શાહ
૯૨૦ „ બી. જી. શાહ
૯૨૧ „ રમણભાઈ મણિલાલ
૯૨૨ „ મનસુખ ટી. પારેખ
૯૨૩ „ હંસાબહેન અરવિંદભાઈ ભણસાળી
૯૨૪ „ મંગળાબહેન નાગરદાસ શાહ
૯૨૫ „ કાંતિલાલ ડાહ્યાભાઈ શાહ
૯૨૬ „ ડી. એસ. મહેતા
૯૨૭ „ કમલબહેન પીસપાટી
૯૨૮ „ શાન્તકુમાર એમ. ઉદાણી
૯૨૯ „ મોહનભાઈ પટેલ
૯૩૦ „ કાંતિલાલ વેલસીભાઈ શેઠ
૯૩૧ „ નવિનચંદ્ર ચીમનલાલ શાહ
૯૩૨ „ અનિલકુમાર એન. દોશી
૯૩૩ „ હસમુખલાલ આર. શેઠ
૯૩૪ „ સુધીર અમૃતલાલ ગોસળિયા
૯૩૫ „ પ્રાણલાલ ડુંગરશી શાહ

ચીમનલાલ જે. શાહ * કે. પી. શાહ
—મંત્રીઓ

# યુવાનોનો અજંપો

તા. ૨૨-૨-૧૯૭૭ના રોજ સંઘ સંચાલિત અભ્યાસ વર્તુળના આશ્રયે ડૉ. વી. એન. બગડીઆનું "યુવાનોનો અજંપો" એ વિષય ઉપર એક જાહેર વ્યાખ્યાન રાખવામાં આવ્યું હતું.

શરૂઆતમાં શ્રી નીરૂબહેને પ્રાર્થના ગાઈ હતી. સંઘના મંત્રી શ્રી કે. પી. શાહે આવકાર આપ્યો હતો.

વ્યાખ્યાનની શરૂઆતમાં ડૉ. બગડીઆએ કહ્યું કે આ સંસ્થા પ્રત્યે મને આદર અને મમતા છે–એટલે સમય કાઢીને પણ અહીં ઉપસ્થિત થવામાં આનંદ અનુભવું છું. ત્યાર બાદ તેમણે જણાવ્યું કે આજના યુવાનોનો જે વ્યવહાર છે તે તેની ઉમ્મર પ્રમાણે નૈસર્ગિક ગણાય. ઊલટું જો તેમનામાં તે ન હોય તો આપણે વિચાર કરવો જોઈએ કે તેનામાં કાંઈક ખામી તો નથીને? ૧૫થી ૨૫ સુધીની યુવાવસ્થાની ઉંમર એવી છે કે જ્યારે તે વ્યક્તિ નથી બાળક કે નથી પુખ્ત. એ કારણે મોટેરાઓ તેમની પાસે એવી અપેક્ષા રાખે છે કે તેણે વ્યવહારકુશળ થવું જોઈએ–યુવાન પણ એવી અપેક્ષા રાખે છે કે તે હવે પુખ્ત થયો હોવાથી તેની વાત માન્ય રહેવી જોઈએ; પરંતુ તે ત્યારે ખરેખર પુખ્ત નથી થયો હોતો. બાળકમાંથી પુખ્ત થવાનો જે ૧૦ વર્ષનો ગાળો છે તેમાં અનેક જાતના સંઘર્ષો ઊભા થતા હોય છે, એ કારણે પરિસ્થિતિ વિષમ બનતી હોય છે. આ કાળે એમનામાં સંવેદન, થનગનાટ, મહત્ત્વાકાંક્ષા આ બધું હોવું મહત્ત્વનું છે. યુવાનોમાં અજંપાને લગતા પ્રશ્નો હમણા છેલ્લા પંદરેક વર્ષમાં જ ઊભા થયા છે. આંતરરાષ્ટ્રીય પરિસ્થિતિ પણ આને આભારી છે એમ કહી શકાય. આજના યુવાનો માટે એક નવી જ સંસ્કૃતિ નિર્માણ થઈ છે. આજનો યુવક સમાજ સાથે પહેલા કરતાં જુદી જ જાતના વર્તન અને વ્યવહાર કરે છે, કારણ કે તે પરિવર્તન માગે છે. છેલ્લા સૈકામાં દુનિયાની સંસ્કૃતિ અને વિજ્ઞાનનો જે વિકાસ થયો છે–તેનો અંશ પણ આગલા સૈકાઓમાં થયો નહોતો અને આવા ઝડપી પરિવર્તનને બધા લોકો ઝીલી શકે, સ્વીકારી શકે એમ બનવું સંભવિત નથી. આજે દુનિયા ખૂબ જ નાની થઈ ગઈ છે, એ કારણે એક દેશના વ્યવહારને બીજા દેશમાં પહોંચતા જરા પણ સમય લાગતો નથી. એ કારણે આજનો અજંપો પરદેશોમાંથી આવ્યો છે. પરદેશની સ્થાપિત સંસ્કૃતિને અનુરુપ થઈને રહેવાનું ત્યાંના યુવકો માટે શક્ય નથી બનતું.

આજની નવી પેઢીમાં કેટલીક બાબતોમાં ઘણું જ્ઞાન છે–જે વડીલો પાસે નથી હોતું અને વડીલોની રૂઢિવાદી પરંપરાના આગ્રહને કારણે વડીલો તેમની સાચી વાત પણ સ્વીકારી શકતા નથી એ કારણે યુવાનોને વડીલોનું વર્તન અજ્ઞાનમૂલક અને મૂર્ખતાભરેલું લાગે છે. આગળના જમાનામાં વર્ષો સુધી બધી પેઢીઓ અમુક નક્કી કરેલા ધોરણને પરંપરાગત સ્વીકારીને ચાલતી હતી. આજે આજ્ઞાંકિતપણાની એ ભાવનાની ખોટ હોવાથી બે પેઢી વચ્ચે મોટું અંતર પડી ગયું છે.

આગળ કુટુંબભાવના–સંઘભાવનાને વધારે મહત્ત્વ અપાતું. આજનો યુવાન એમ વિચારે છે કે વ્યક્તિ સ્વાતંત્ર્યના ભોગે આ બધું કેમ સ્વાકીરી શકાય? આજના યુવાનમાં સ્વતંત્ર વિચારશક્તિ, જ્ઞાન, કંઈક કરી છૂટવા માટેનો થનગનાટ છે એ કારણે આ પરિસ્થિતિ ઊભી થઈ છે.

યુવાનોનો અજંપો એ આજની સામાન્ય સમસ્યા છે. એને સ્વીકાર્યા સિવાય બીજો રસ્તો નથી. કારણ કે તેના નિવારણનો કોઈ ઉપાય નથી. માટે એના વિષે વિચાર કરવો જોઈએ.

આપણા જીવનમાં આપણે, દુ:ખ, ક્રોધ, નિરાશા, ઈર્ષ્યા, વિગેરે કેટલા પ્રકારની વિવિધ લાગણીઓ અનુભવી છીએ? અને એ બધી ભાવનાઓને અને કોન્શ્યસ માઈન્ડમાં ભંડારી રાખવી પડે છે. આપણને વિવિધ પ્રકારની કેટલી બધી ઈચ્છાઓ થતી હોય છે. પરંતુ તે અસામાજિક હોય છે ત્યારે આપણું સંસ્કારી મન તેને દબાવી દે છે. આ રીતે આપણો અંતરાત્મા હરપળે સેન્સરશિપ લાવે છે અને તેને લાગે કે આ અનિતિમય છે તો તે તેને દબાવી દે છે. આવા દબાયેલા ભાવો અંદર ખડકાયા જ કરે છે. તે ખૂબ જ શક્તિશાળી હોય છે અને તે સતત બહાર નીકળવા માટેના પ્રયત્નો કરતા હોય છે. મન તેને નીચે જ દબાવી રાખવાની સતત કોશીશ કરતું હોય છે અને આવી બધી વૃત્તિઓને મન દબાવી રાખી શકે છે ત્યારે એમ કહેવાય છે કે આ વ્યક્તિનું માનસિક સ્વાસ્થ્ય સારું છે. આ રીતે વૃત્તિઓને સતત દબાયેલી રાખવાને લગતું વધારે પડતું કામ મનને કરવું પડે છે ત્યારે તે વ્યક્તિની બહારની દુનિયા સાથે સંબંધ રાખવાની ક્ષમતા ઘટે છે. એ કારણે તેને અશક્તિ લાગ્યા કરે છે અને દબાયેલા ભાવો જાતજાતના ઉપદ્રવો પેદા કરે છે અને આને કારણે મોટી બીમારીઓ પણ આવતી હોય છે. આ રીતે ૫૦ ટકા લોકોની બીમારી શારીરિક હોવા છતાં તે શારીરિક નથી હોતી માનસિક જ હોય છે અને એ દબાયેલા ભાવો વધારેમાં વધારે આ યુવાન વયમાં ઊભા થતા હોય છે. આ રીતે કાં બીમારી આવે છે અગર તો તેનું ઉર્ધ્વીકરણ થાય તો તે ભક્તિને મારગે વળી જાય છે. અને તેમાં તે ઊંડો ઊતરતો જાય છે. પરંતુ આ અંતરની સાચી ભક્તિ નથી હોતી. અંદરના દબાણથી તેને તે તરફ વળવું પડયું હોય છે. આવી યુવાશક્તિને કોઈ એવી ચેનલમાં વાળી લેવામાં આવે તેને મનગમતી પ્રવૃત્તિઓ દ્વારા, કોઈ પણ કન્સ્ટ્રક્ટીવ કામ દ્વારા–તો તેની મોટા ભાગની શક્તિ એમાં વપરાય અને સમાજને પણ મોટો ફાયદો થાય. પણ તેના અભાવના કારણે તેનો અજંપો વધે તે સ્વાભાવિક છે. એ કારણે આજનો સ્ટુડન્ટ અનડીસિપ્લીન છે. તેને બહાર આવવાની તક મળવી જોઈએ. મા-બાપે નાનપણથી તેની સાથે સારા સંબંધો રાખવા જોઈએ તેના સ્વતંત્ર માનસને સંભાળપૂર્વક યોગ્ય રીતે પોષવું જોઈએ.

મા-બાપે કેમ જીવવું તેને લગતું કોઈ શિક્ષણ આજે તેમને મળતું નથી–એટલે આજનો યુવાન મા-બાપથી ચડતો રહે છે અને સાથીદારો, મિત્રો સાથેની મમતાના કારણે તેમના તરફ વધારે ખેંચાય છે–તે દવાઓના–દારૂના વ્યસનોમાં સપડાય છે. જાતીયવૃત્તિઓ તેની ઉશ્કેરાય છે. વિજાતીય આકર્ષણ થાય છે. સહકારની ઈચ્છાઓ ઉદ્ભવે છે. આ બધો તેને માટે નવો અનુભવ હોય છે; આપણે યુવાન–યુવતીઓને જાતીય જ્ઞાન આપીને તૈયાર નથી કરતા એટલે આ બધી વસ્તુ વિષે તેના મનમાં ગ્રન્થિ બંધાય છે. અને તેને લાગ્યા કરે છે કે હું પાપ કરું છું, એ કારણે તેના મનમાં દોષનો ભાવ આવે છે. આ સમયે તેના અંગ ઉપાંગોમાં જબરું પરિવર્તન થતું હોય છે. ફેરફારો થતા હોય છે. આ બધા કારણે તે ખૂબ મુંઝવણ અનુભવે છે. અને તેને પોતાને એમ લાગે છે કે હું બગડી ગયો છું. આ રીતે તેનું વ્યક્તિત્વ પણ બગડે છે.

આ વાતનું ઘણું ઊંડાણ છે. તેના અનેક પાસા છે. તેને સમજવા સમજાવવા માટે ઘણો બધો સમય જોઈએ એમ ડોકટર બગડીઆએ કહ્યું. ત્યાર બાદ થોડી પ્રશ્નોત્તરી થઈ હતી અને તેના સચોટ જવાબો તેમણે આપ્યા હતા.

અંતમાં મંત્રી શ્રી ચીમનલાલ જે. શાહે તેમનો હાર્દિક આભાર માન્યો હતો.

સંકલન : શાંતિલાલ ટી. શેઠ

૧૦



# પૈસાની પેથોલોજી

'જન્મભૂમિ' દૈનિકની કચેરીમાં એક કસ્ટમ ઑફિસર આવ્યો અને તેણે મને ઠપકાની ભાષામાં કહ્યું કે 'તમે કસ્ટમના અમલદારો ભ્રષ્ટાચારી છે તેમ લખ્યા કરો છો પણ એ લોકો શું કામ ભ્રષ્ટાચાર કરે છે તેના મૂળમાં ગયા છો?" મેં કહ્યું તમે જ કહો. ત્યારે તેમણે કહ્યું: "તમને ખબર છે કે સિંધી કોમમાં તો મુરતિયો કસ્ટમ ખાતામાં નોકરી કરતો હોય એટલે સોનાના ઈંડાં મૂકતી મુરઘી જેવો છે. સિવાયના-સમાજમાં પૈસો એ જ મૂળ માપદંડ છે."

એ કસ્ટમ ઑફિસરની વાત સાચી છે. તાજેતરમાં 'હાર્પર' નામના પ્રતિષ્ઠિત અમેરિકન મેગેઝિનના તંત્રી શ્રી લેવીસ લેપહામે પણ પૈસા પાછળના અમેરિકન ગાંડપણની ભારે ટીકા કરી હતી. થોમસ જેફરસને કહેલું: "Money and Morality, is the Principle of Commercial Nations". આમ રાષ્ટ્રીય ધોરણે પણ પૈસાને મહત્ત્વ અપાય છે. જવાહરલાલ નહેરુ પ્રથમ વાર અમેરિકામાં ગયા ત્યારે તેમના માનમાં અપાયેલા ભોજન સમયે અમેરિકન પ્રમુખે તેમને કહેલું: "મિ. નહેરુ તમને ખબર છે? આ તમારા સમારંભમાં આખા ભારતને ખરીદી લે તેવા કરોડાધિપતિ અમેરિકનો જમવા આવ્યા છે?" અમેરિકન પ્રમુખની આ પ્રકારની ટકોરથી જવાહરલાલજીને ભારે દુ:ખ થયું હતું.

માનવી પૈસાનો પૂજારી બની ગયો છે. પૈસામાં માનનારો એક પંથ જાણે રચાઈ ગયો છે. આ લોકો પૈસાનું દિનરાત ચિંતન કરે છે અને તેના તેજપૂંજથી એટલા પ્રભાવિત થઈ જાય છે કે બીજા વિચારો તેમને સ્ફુરતા જ નથી. વિચારવાની શકિત જ ગુમાવી બેઠા છે. પૈસાની પેથેલોજી અર્થાત તેના વિકૃતિના વિજ્ઞાનને આપણે નીચે મુજબના મથાળાથી જોઈએ:–

**માન્યતા – સિદ્ધાંત:** પૈસો બધું જ ખરીદી શકે છે. જો પૈસા વડે રોગને જીતી શકાતો હોય, આયુષ્ય લંબાવી શકાતું હોય, ચૂંટણીઓ જીતી શકાતી હોય અને પૈસા વડે જ દુ:ખનું પરિવર્તન સુખમાં થઈ શકતું હોય, પૈસા વડે લડાઈ કરી શકાતી હોય, પ્રશંસા ખરીદી શકાતી હોય, ખૂનીઓને ભાડે લઈ શકાતા હોય અને ઉનાળામાં પંચગીની કે મહાબળેશ્વર જઈ શકાતું હોય તો પછી પૈસો મૃત્યુને કેમ ખરીદી લેતો નથી. જનતા પક્ષને પ્રથમ વૉટ નહિ પણ પ્રથમ નોટ માગવી પડી છે. લોકશાહી પુન:સ્થાપિત કરવા પ્રથમ 'નોટ'ની જરૂર પડી છે. આપણને પૈસાની આ ગરજ ક્યાં લઈ જશે. લોકશાહી નાબૂદ કરવા માટે પણ પૈસાની જરૂર જ પડી હશે ને?

**સ્ફોટ:** કેટલાક દાણચોરો જેલમાં ગયા છે પણ હજી ઘણા દાણચોરો, હૂંડિયામણના ચોરો મુંબઈ, લંડન અને ન્યૂ યોર્કમાં આલેશાન એપાર્ટમેન્ટમાં રહે છે. અપ્રામાણિક અને ભ્રષ્ટાચારી રાજકારણીઓ મોટા હોદ્દા લઈને બેઠા છે. ઘણા લોકો મોટા મોટા ટ્રસ્ટના અધિપતિ બની બેઠા છે. અમેરિકામાં તો પાઈનીય અક્કલ ન હોય અને નૈતિક દ્દષ્ટિએ દેવાળું ફૂંક્યું હોય તેવા જુવાન અમેરિકનો મોટી તેલ કંપનીઓ વારસામાં મેળવે છે. અને પછી પૈસાને જોરે પ્રમુખની ખુરસીની બાજુમાં બેસે છે. રાજકારણમાં પણ વારસદાર હોવાને જ નાતે એક પાઈની અક્કલ ન હોય છતાં ઉચ્ચ નેતાની બાજુમાં જ ઘણા લોકોના આસન જામી જાય છે. હાર્પરના તંત્રી કહે છે કે પૈસાના પૂજારી લોકો "Substitute the magical substance of money for the substance of life itself". અર્થાત્ આ જીવનમાં કાંઈ પણ સાર તત્ત્વ છે તેને અભરાઈએ ચઢાવીને ઘણા લોકો તેના બદલામાં પૈસાને જ સત્વ સમજી બેસે છે. તેના જાદુમાં આવી જાય છે.

**આંકડાનો જાદુ:** અમુક વ્યકિત પાસે એક લાખ રૂપિયા છે એમ સાંભળો છો ત્યારે તમારા મનમાં કેવા ભાવ થાય છે? કશોક પ્રભાવ પડે છે. તમારા મન ઉપર કશો જ પ્રભાવ ન પાડવો હોય તો ક્ષણભર એમની સમૃદ્ધિ વિષે તમારા મનમાં શું થાય છે? તમે જાણો છો કે શું થાય છે અને તમને જે થાય છે તે પૈસાના સામ્રાજ્યનો વ્યાપ પ્રગટ કરે છે.

**મુકિત:** પૈસો ઘણી ચીજમાંથી મુકિત અપાવે છે. પ્રમુખ નિક્સને જબરો ભ્રષ્ટાચાર કર્યો. તે જો પુસ્તકમાં સંસ્મરણો લખે અને એ પુસ્તકના હક્કો રૂ. ૨ કરોડમાં વેચાય એટલે પછી ભ્રષ્ટાચારી નિક્સન ભૂલાઈ જાય. ડાકુ, હાજી મસ્તાન કે યુસુફ પટેલ જેલમાંથી બહાર નીકળીને દાણચોરી અંગેના સંસ્મરણો લખે એટલે તે શુદ્ધ બની ગયા હોય તેમ સમાજમાં ફરી શકે છે.

**નિર્દોષતા:** ગુનો તો ગરીબો જ કરે. ટ્રેનના અકસ્માતમાં ગરીબ જ મરે. પૈસાવાળો માણસ ખોટું કરે જ નહિ. નિર્દોષતા પણ પૈસા વડે ખરીદી શકાય છે. લખપતિ ગુનો કેમ કરી શકે? આવો પ્રશ્ન સૌને ગળે ઊતરી જાય છે.

**મરેલા ઉપર તાગડધિન્ના:** માણસ મરે છે ત્યારે હવે શોકની જગ્યાએ તેની મિલકત અંગેની કારવાઈ થાય છે. માણસ મરે એટલે એક એસ્ટેટ જેવો બની જાય છે. એક જીવનું મન હોય તો તેની સાથે વિખવાદ થાય પણ મરેલો માનવ વિખવાદ કરવા આવતો નથી. વિરોધ પક્ષનો નેતા મરી જાય તો પ્રતિ પક્ષના નેતા પણ અંજલિ આપે છે. કારણ કે હવે તે ક્યાં વિરોધ કરવાનો છે? પ્રતિસ્પર્ધી વેપારી મરી જાય ત્યારે બીજા વેપારી તેને અંજલિ આપે છે કારણ કે હવે તે સ્પર્ધા કરીને પૈસા ઝૂંટવવાનો નથી. એ મરેલો માણસ એકાએક જીવતો થાય તો?

**કલા:** આ જગતમાં હવે કંઈ પણ વેચાય છે. ઘરમાં બેઠાં ન વેચાય તો આર્ટ ગેલેરીમાં જઈને વેચાવા જવું પડે છે. આર્ટ ગેલેરીમાં ન વેચાય તો ફૂટપાથ ઉપર વેચાવું ખરું. એક લેખક, કલાકાર કે કવિ પોતાની શકિત સ્થાપિત કરે છે એટલે તે કલા અંગેની શકિત નહિ પણ કલાની કૃતિઓ વેચીને પૈસો પેદા કરવાની શકિત હાંસલ કરે છે એટલે જ તેની શકિતને માન્યતા અપાય છે. તેની કલા પેદા કરવાની નહિ કલા દ્વારા પૈસો હાંસલ કરવાના કૌવતને માન અપાય છે.

**ભય:** પૈસો ભય પ્રેરે છે એ પૈસા વડે પાછો ભયને નિવારી શકાય છે. પૈસો થાય એટલે અગણિત દુશ્મનો ઊભા થાય, ચોર, આવક વેરા ખાતું, પત્રકારો, એજન્ટો, બ્લેક મેઈલર, દલાલો, ભૂતકાળમાં પરિચયમાં આવેલી રૂપાળી મહિલાઓ, છોડી દીધેલી પત્ની એ તમામ લોકો પૈસાપાત્ર વ્યકિત માટે ભયરૂપ બને છે. એ ભયને પણ પૈસા વડે ખરીદી શકાય છે અને પૈસો બધું જ ખરીદી શકે છે પણ જ્યારે પૈસાવાળો આદમી બદનામ બને અને તૂટી પડે ત્યારે જગતમાં તેના પ્રત્યે કોઈને સહાનુભૂતિ થતી નથી.

કાન્તિ ભટ્ટ

માલિક: શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, મુદ્રક અને પ્રકાશક: શ્રી ચીમનલાલ જે. શાહ, પ્રકાશન સ્થળ: ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ ૪૦૦ ૦૦૪. ટે. નં. ૩૫૦૨૯૬. મુદ્રણસ્થાન: ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, કોટ, મુંબઈ ૪૦૦ ૦૦૧.

(૧)

Regd. No. MA. By South 54
Licence No.: 37

# પ્રબુદ્ધ જીવન

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૩૯ : અંક : ૨૨

મુંબઇ, ૧૬ માર્ચ ૧૯૭૭, બુધવાર
શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર

વાર્ષિક લવાજમ રૂા. ૧૦, પરદેશ માટે શિલિંગ : ૩૦
છૂટક નકલ ૦–૫૦ પૈસા

તંત્રી : ચીમનલાલ ચકુભાઈ શાહ

## પંચોતેર પૂરાં

૧૧મી માર્ચના દિને મને પંચોતેર વર્ષ પૂરાં થયાં. આ દિવસની હું બહુ રાહ જોતો હતો. છેલ્લા વર્ષમાં મહિનાઓ અને દિવસો ગણતો. આટલી બધી આતુરતા કેમ હતી તે મને પણ સમજાતું નથી. એક કારણ એમ હોય કે ૭૫ વર્ષ સુદીર્ઘ આયુષ્ય છે. એટલું લાંબું આયુષ્ય પ્રાપ્ત થયું અને તે સાથે પ્રમાણમાં સ્વાસ્થ્ય રહ્યું તે વાતનો આનંદ થાય છે. આમ તો મારું સ્વાસ્થ્ય સદા નબળું રહ્યું છે. બે વખત મોટા ઓપરેશન કરવાં પડયાં. ડૉકટરોએ ટી. બી. કહ્યો, પછી કેન્સર કહ્યું, ૭૫ વર્ષનું આયુષ્ય ભોગવીશ એવો ભરોસો મને ન હતો. એક રીતે એમ કહી શકું કે મારી દઢ ઈચ્છાશકિતથી દીર્ઘ આયુષ્ય અને સ્વાસ્થ્ય જાળવી શકયો છું. સાથે ઈશ્વરનો મોટો અનુગ્રહ માનું છું.

આ દિવસની રાહ જોતો તેનું બીજું પણ એક કારણ છે. ઘણા સમયથી મનમાં છે કે ૭૫ વર્ષ પૂરાં થાય એટલે મારે પ્રવૃત્તિ ઓછી કરવી અને ચિન્તન – મનન પાછળ વધારે સમય આપવો. મારું જીવન સારી પેઠે પ્રવૃત્તિમય રહ્યું છે. મારામાં વિરોધાભાસી વૃત્તિઓ જોઉં છું. પ્રવૃત્તિ વિના હું રહી શકતો નથી. છતાં નિવૃત્તિની ઝંખના છે. હું માનું છું કે વૃદ્ધાવસ્થા થતાં અનુભવ વધે, કદાચ દુનિયા જેને ડહાપણ કહે છે એવું કાંઈક આવે, પણ ઉત્સાહ મંદ થાય છે. સાહસવૃત્તિ રહેતી નથી. કેટલેક દરજ્જે સ્થિતિસ્થાપક વૃત્તિ થાય છે. ઉત્સાહ અને સાહસવૃત્તિ વિના પ્રગતિ થતી નથી. વૃદ્ધોએ યુવાનોને સ્થાન અને તક આપવાં જોઈએ. પડખે રહી સલાહ આપે પણ તેમના માર્ગમાંથી ખસી જવું જોઈએ. આપણા વિના નહી ચાલે એવો ભાવ કાઢી નાખવો જોઈએ. આપણામાં વૃદ્ધાવસ્થામાં વાનપ્રસ્થ અને છેવટ સંન્યાસ છે. તે, જીવનનું વૈજ્ઞાનિક આયોજન છે. It is a scientific scheme of life ઘણા ને વૃદ્ધાવસ્થા ભારરૂપ લાગે છે કારણ કે જીવનમાં વૈવિધ્ય નથી હોતું અને આત્મનિરીક્ષણની ટેવ નથી. દષ્ટિ બહિર્મુખ હોય ત્યારે બાહ્ય પ્રવૃત્તિ બંધ પડતાં અંતર શૂન્યતા આવે છે. અંતર્મુખ દષ્ટિ હોય અને ચિન્તન, મનન હોય તો એક અગાધ આંતર જગતનો પરિચય થાય છે.

નિવૃત્તિની ઝંખનાનું બીજું પણ એક કારણ છે. એક સમય એવો આવે કે જ્યારે મનને સવાલ થાય, કયાં સુધી પ્રવૃત્તિ કરવી અને શેને માટે? આજીવિકા માટે જેને અનિવાર્ય હોય તેની વાત જુદી છે. પણ એવી જરૂરિયાત જેને નથી તેવાએ આ વિચાર કરવો જ જોઈએ. પારમાર્થિક પ્રવૃત્તિમાં વધારે સમય આપવો તેમ કહેવાય છે. આવી પ્રવૃત્તિ પણ મેં ઠીક પ્રમાણમાં કરી છે. હવે તેમાં પણ બહુ દિલ નથી. એક કારણ એ છે કે આવા કામમાં જેટલો સમય અને શકિત આપવાં જોઈએ તેટલાં હવે આપી શકાતા નથી. ત્યાં પણ શારીરિક મર્યાદા અને ઉત્સાહમંદતાને કારણે મને સંતોષ થાય એટલે દરજ્જે કામ કરી શકાતું નથી. મારા પૂરતું કહું તો, હું જ્યાં હોઉં ત્યાં બીજા સાથીઓ મારા ઉપર વધારે આધાર રાખતા થાય છે. કેટલીક વખત એમ થાય છે કે જે થવાનું હોય તે થાય પણ મારે તો છૂટા થઈ જવું જેથી બીજા કામ ઉપાડી લે. એક બીજી વૃત્તિ મનમાં છે. આ અનાદિ અને અનંત સંસાર આમ જ ચાલ્યા કરવાનો છે. હું કાંઈક કરી નાખું અને બધું પલટાવી નાખું એવો ગર્વ કરવાનું કોઈ કારણ નથી. હું બધી પ્રવૃત્તિ કરું છું પણ મનમાં એક પ્રકારની ઉદાસીનતા અથવા અનાસકિત છે. ગીતામાં કહ્યું છે.

> यः सर्वत्रान भिस्नेह, स्तत्तत्प्राप्य शुभाशुभम्,
> नाभिनन्यति न द्वेष्टि, तस्यप्रज्ञा प्रतिष्ठिता.

> **આસકત નહિ જે કયાંય મળ્યે કાંઈ શુભાશુભ**
> **ન કરે હર્ષ કે દ્વેષ, તેની પ્રજ્ઞા થઈ સ્થિર.**

અનભિસ્નેહનો અર્થ આસકિત રહિત એમ કર્યો છે. શબ્દાર્થ છે સ્નેહથી રહિત, એટલે ઉદાસીનતા.

ઉદાસીનતા કે અનાસકિત હોય તો કામમાં વેગ અથવા ધગશ આવે? જે થાય તે, એવી વૃત્તિ ન રહે? એવી વૃત્તિ હોય તો કામ સફળ થાય? અથવા ગમે તેમ કરી સફળ કરવું જ એવો આગ્રહ રહે? આનું ઘણું વિવેચન થઈ શકે તે હું જાણું છું. હું તો માત્ર મારા મનના ભાવનો નિર્દેશ કરવા પૂરતું, મારી આ વૃત્તિની નોંધ લઉં છું.

આ પ્રશ્નની એક બીજી બાજુ મારા મનમાં છે અને જેણે મને પ્રવૃત્તિમય રાખ્યો છે, તેની પણ નોંધ કરું.

આ જગતમાં શુભ - અશુભ, સત્ - અસત્, શ્રેય - પ્રેય, ના દ્વન્દ્વ સતત ચાલ્યા કરે છે. તેનો સંઘર્ષ છે. જેટલે દરજ્જે શુભ, સત્ અને શ્રેયનું પલ્લું ઊંચું રહે, તેટલે દરજ્જે પ્રાણીમાત્રનું કલ્યાણ છે. તેમ કરવામાં દરેક મનુષ્ય નિમિત્ત બની શકે છે. બનવું જ જોઈએ. લોકસંગ્રહ અર્થે તેણે પ્રવૃત્તિ કરવી જોઈએ. તેમાં તેનું પોતાનું પણ શ્રેય છે. આ કર્તવ્યમાંથી છૂટી ન શકાય. અનાસકિતના નામે પ્રમાદ ન સેવાય. તો પણ, કોઈ વખત મનને એમ થાય કે પારમાર્થિક પ્રવૃત્તિ પણ કયાં સુધી?

પંચોતેર વર્ષ પૂરાં થયાં ત્યારે આવા વિચારો મનમાં આવે છે. જીવનની દિશા હવે કેવી હશે તે જાણતો નથી. કોઈ આકાંક્ષા રહી નથી. There is a sense of fulfilment. સર્વ રીતે કૃતાર્થતા અનુભવું છું. મારું જીવન લાગણીવશ નથી, મુખ્યત્વે બુદ્ધિપ્રધાન છે. જીવન એકધારું સતત વહેતું રહ્યું છે. તેમાં ચડ - ઉતર નથી. ગરીબાઈ, માંદગી, જોયાં છે. પણ તેની કાંઈ અસર રહી નથી. ખરી રીતે, સાચું દુ:ખ; Real suffering અનુભવવું પડયું નથી. દુ:ખ જીવનનું રસાયણ છે.

પચાવી શકે તેનો આત્મા બળવાન બને છે. ન પચાવી શકે તે ભાંગી પડે છે. એક વાતની દઢ પ્રતીતિ થઈ છે. આત્મ-સંયમ તે જ સુખનું કારણ છે. જેને પોતાની જાત ઉપર કાબૂ નથી તે વ્યકિત સાચા સુખનો અનુભવ કરી શકતી નથી. સંજોગો બળવાન છે. માણસના જીવનને ઘણી અસર કરે છે. પણ અંતે સુખદુ:ખ પોતાના હાથની વાત છે. માણસે આત્મનિરીક્ષણ સતત કરતા રહેવું જોઈએ.

પંચોતેર વર્ષના ભૂતકાળ ઉપર દષ્ટિ નાખું છું ત્યારે સફળતા-નિષ્ફળતાનો કોઈ ભાવ નથી. એક જ લાગણી છે. મારી આસપાસના લોકોને કેટલો પ્રેમ આપી શકયો છું અને કેટલો મેળવ્યો છે. આ બાબતમાં સંતોષ છે. ભગવાન બુદ્ધે ચાર આર્ય સત્યો શોધ્યાં. તેમાંનું પ્રથમ સત્ય એ કે જગતમાં દુ:ખ છે. જન્મ, જરા, વ્યાધિ, મૃત્યુ, પ્રિયનો વિયોગ, અપ્રિયનો સંયોગ, આ બધું છે. શા માટે છે એ પ્રશ્ન પૂછવાનો અર્થ નથી. છે તે હકીકત છે. પણ બીજું ઘણુ દુ:ખ માણસ પોતે પોતાના સ્વાર્થ અને લોભથી ઊભું કરે છે. પોતે દુ:ખી થાય છે અને બીજાને વિના કારણ દુ:ખી કરે છે. જીવન યાત્રાને અંતે માણસ એટલું જ કહી શકે કે મેં ઈરાદાપૂર્વક કોઈને દુ:ખ આપ્યું નથી. અને બને તેટલાનું દુ:ખ ઓછું કરવાનો પ્રયત્ન કર્યો છે. તો જીવન ધન્ય છે. તેથી અંતિમ પ્રાર્થના છે.

न त्वमहम् कामये राज्यम्, न स्वर्गम्. नापुनर्भवम् :
कामये दुःख तप्तानाम् प्राणिनाम् आर्तिनाशनम्

રાજ્ય - એટલે કે સત્તા - નથી જોતી, સ્વર્ગ એટલે કે સુખોપભોગ નથી જોતું. અપુનર્ભવ એટલે કે મોક્ષ પણ નથી જોતો. એક જ પ્રાર્થના છે કે દુ:ખથી તપ્ત થયેલ પ્રાણીઓના દુ:ખનો નાશ કરવાની ભગવાન શકિત આપે.

૧૧-૩-૭૭ —ચીમનલાલ ચકુભાઈ

# ચૂંટણી અને પ્રજા

મતાધિકારની કિંમત ઓછી ન આંકતાં તેનો ઉપયોગ આગામી ચૂંટણીમાં સભાનતાપૂર્વક અને નિર્ભયપણે કરવાની સલાહ પ્રજાને જાણીતા ધારાશાસ્ત્રી સોલી સોરાબજીએ આપી હતી.

મુંબઈ જૈન યુવક સંઘ દ્વારા આયોજિત વ્યાખ્યાનમાં 'ચૂંટણી અને પ્રજા' ઉપર અત્યંત મુદ્દાસરનું છતાં પણ તાજેતરમાં બનેલી અખબારી સ્વાતંત્ર્ય અને ન્યાયસ્વાતંત્ર્ય અંગેની અનિચ્છનીય ઘટનાઓ ઉપર પોતાના મનોપ્રદેશના સાત્વિક રોષનો રણકાર આપતું આ પ્રવચન હતું.

શ્રી સોલી સોરાબજીએ મતદારોને ચેતવણીભરી છટામાં આગ્રહભરી અપીલ કરી હતી કે આગામી ચૂંટણી માટે જે ઉમેદવારો તમારી પાસે મત માગવા આવે તેમને તમે બે મહત્ત્વના સવાલ પૂછશો:

(૧) અખબારી સ્વાતંત્ર્ય અંગે તમારું વલણ શું છે?

(૨) ન્યાયતંત્રની સ્વતંત્રતા અંગે તમે શું માનો છો?

જો તેઓના પ્રતીભાવ આ બે પાયાની સ્વતંત્રતા પ્રત્યે નકારાત્મક હોય તો તમે તેમને જરૂર મત ન આપતા.

તેમણે બહુ જ સ્પષ્ટ ભાષામાં છતાં સરળ રીતે એ જણાવ્યું હતું કે વર્તમાન સંઘર્ષ એ સ્વાતંત્ર્યની લડાઈ કરતાં સહેજ પણ ઓછો ઊતરતો નથી.

ભારતીય પ્રજા તથા ઉચ્ચ વર્ગની રાજકારણ પ્રત્યેની પોતાની નારાજી વ્યકત કરતાં તેમણે જણાવ્યું હતું કે આ પ્રજા પોતાની સાડી પહેરવાની પસંદગી, આવતી કાલની કે સાંજની રસોઈ, હેરસ્ટાઈલ વિગેરે બાબતમાં ચર્ચા કરવામાં ઘણો સમય ગાળે, પરંતુ રાજકારણ એ 'ગંદવાડ' છે એમ બતાવી તેના પ્રત્યે ઉદાસીનતા દાખવે છે, તેઓ સભામાં જતા નથી. રાજકીય તુલનાત્મક ચર્ચા કરતા નથી... હકીકતે તો મને લાગે છે તેઓ સ્વાધીનતામાં રહેવા લાયક નથી.

વકતાનું સ્વાગત કરતાં શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહે ખાસ કરીને કટોકટી પછી શ્રી સોલી સોરાબજીએ સ્વાતંત્ર્ય માટે આપેલી સેવાઓને બિરદાવી હતી.

તેમણે જણાવ્યું હતું કે કુલદીપ નાયર હોય કે જસ્ટીસ નથવાણી હોય, 'સાધના' હોય કે 'હિમ્મત' હોય - શ્રી સોલી સોરાબજીની સેવાઓ હમેશાં ઉપલબ્ધ જ હોય અને કેટલીક વખત ગાંઠના—ગોપીચંદે!

શ્રી ચીમનભાઈએ જણાવ્યું હતું કે શ્રી રાજમોહન ગાંધીનું 'હિમ્મત' એ ખરેખર જ આ દેશની 'હિમ્મત' છે!

માનવીના હૈયે સ્વાતંત્ર્યનો હુતાશન ઝળહળતો હોય તેમ સોલી સોરાબજીએ 'માનવ અધિકાર' અંગે થયેલા અત્યાચારોને સખત રીતે વખોડી કાઢયા હતા અને અટકાયતીઓની 'ઠઠ્ઠા' કરવાની વૃત્તિને ઝાટકી નાખી હતી.

મહારાષ્ટ્રના એક વરિષ્ઠ પ્રધાનશ્રીએ મૃણાલ ગોરેની મુકિત પછી એવું વિધાન કર્યું હતું કે, અટકાયતમાંથી છૂટયા બાદ શ્રીમતી ગોરેના ગાલ ગુલાબી જણાય છે એવા વિધાન પ્રત્યે પોતાની સૂગ વ્યકત કરતાં તેમણે એવો ટોણો માર્યો હતો કે જો એમ જ હોય તો 'સત્તાધારીઓ સ્વૈચ્છિક રીતે એક મહિનો અટકાયત હેઠળ જાય ને પોતાના ગાલ ગુલાબી બનાવે!'

અટકાયત હેઠળ મૃણાલ ગોરેને પડેલી મુશ્કેલીઓ અંગેનો ચિતાર આપ્યો હતો અને શ્રી સોલી સોરાબજીએ જણાવ્યું હતું કે હજી પણ શ્રીમતી ગોરેને તેમની અટકાયતનું કારણ જણાવવામાં આવ્યું નથી.

અખબારી સ્વાતંત્ર્યની જ્યોત જલતી રાખવામાં આવી હોત, તંત્રી પરના પત્રો છાપવા દેવામાં આવ્યા હોત અને તંત્રીઓને ટીકા કરવાનો અધિકાર છીનવી ન લેવાયો હોત તો સરકારને જ લાભ થયો હોત, એવું પ્રતિપાદન કરતાં શ્રી સોલી સોરાબજીએ જણાવ્યું હતું કે કુટુંબનિયોજન અને બાબુશાહી સામે સરળતાથી કામ લઈ શકાયું હોત.

ન્યાયતંત્ર ઉપરની તરાપ અંગે તેમણે ભારે ટીકાઓ છોડયાં હતાં અને જણાવ્યું હતું કે બંધારણ સુધારાઓ અંગે હાઈકોર્ટ પર તરાપ મારવામાં નથી આવી એવી દલીલો કરનારાઓ અહા મંચ ઉપર કોઈ પણ જગ્યાએ ચર્ચા કરવા તૈયાર છે?

ન્યાયમૂર્તિઓની બદલીઓ, ભયનું વાતાવરણ, કાયદામાં ફેરફારો અને અદાલતે જવાના છીનવાયેલા અધિકારો અંગે સવિસ્તાર વિગતો આપતાં તેમણે જણાવ્યું હતું કે વિશ્વના અનેક દેશોને આપણા ન્યાયતંત્ર અને એના ચુકાદાઓ ઉપર ગર્વ હતો... તેઓ તેનો ઊંડાણથી અભ્યાસ કરતા હતા અને તે પ્રમાણે વર્તવા પ્રયાસ કરતા હતા, પરંતુ કટોકટી પછી આ વર્તુળો જ એવો પ્રશ્ન પૂછવા લાગ્યા હતા કે આ ચુકાદો કટોકટી પહેલાંનો છે કે પછીનો!

કટોકટી દરમિયાન અખબારી સેન્સરનો કેટલો આડેધડ ઉપયોગ કરવામાં આવ્યો હતો તેના કેટલાક રસપ્રદ દાખલાઓ પણ તેમણે ટાંકયા હતા અને જણાવ્યું હતું કે 'જે સમાચાર ન છાપવા' તે અંગેની સૂચનાઓ સેન્સર દ્વારા આપવામાં આવે ત્યાર પછી અખબારી કર્મચારીઓને જાણ થતી હતી કે 'આવું કંઈક થયું હતું' અને પછી તેઓ પૂરા સમાચાર મેળવતા!

તેમણે જણાવ્યું હતું કે જો અખબારો મુકત હોય તો કોઈ પણ વ્યકિત 'સરમુખત્યાર' બની શકે નહીં અને તેથી જ સૌથી પહેલો ભોગ અખબારોનો લેવામાં આવ્યો છે.

શ્રી સોલી સોરાબજીએ જણાવ્યું હતું કે ખરેખર તો આપણે પ્રાયશ્ચિત કરવું જોઈએ. ભાવી પેઢી આપણી સામે આંગળી ચીંધે નહીં તે પ્રમાણે વર્તવું જોઈએ. તમારું કાળજું કઠણ હોવું જોઈએ અને ચૂંટણીમાં તમે તમારી નાગરિક ફરજો નિર્ભય રીતે અને સભાનતા પૂર્વક અદા કરજો.

તેમણે પ્રવચન શરૂ કર્યું એ પહેલાં ભરચક તાતા ઓડિટોરિયમના શ્રોતાઓને બે મિનિટ ઊભા થઈ જેમણે ૨૦ મહિનાના કટોકટીના કાળમાં સહન કર્યું છે તે માટે મૌન પ્રાર્થના કરવા વિનંતિ કરી હતી.

પ્રવચનને અંતે શ્રી સોરાબજીએ ઉજજવળ ભાવિની કામના વ્યકત કરી હતી.

ગાંધીજીના પૌત્ર અને 'હિમ્મત'ના તંત્રી શ્રી રાજમોહન ગાંધીએ પોતે વિચારો નોંધી રાખેલા મુદ્દાઓને આધારે પ્રવચન શરૂ કરતાં પહેલાં સમગ્ર ભારતીય પ્રજાવતી શ્રી સોલી સોરાબજીનો આભાર માન્યો હતો.

શ્રી રાજમોહનદાસ ગાંધીએ પોતે શા માટે આ જંગમાં ઊતર્યા છે તેના કેટલાંક કારણો આપ્યાં હતાં. તેમાં જુઠાણાં, વચનભંગ, જેલ-યાત્રા, વ્યકિતવાદ, રાષ્ટ્રપતિ - વડા પ્રધાનને કાનૂનથી પર કરવાના કાયદા, કુટુંબનિયોજનનો ત્રાસ, જયપ્રકાશ નારાયણ જેવા નેતાની બદલી વગેરેનો સમાવેશ થાય છે.

જનતા પાર્ટી સામેના સત્તાધારીઓના વિધાનોનું તેમણે પોતાની રીતે ખંડન કર્યું હતું.

મહાત્મા ગાંધીની સમાધી રાજઘાટ ખાતે કટોકટી દરમિયાન પ્રાર્થના વખતે પોતાની સાથે તથા આચાર્ય કૃપલાણી તથા અન્ય સાથીઓ જોડે જે અશોભનીય વર્તાવ કર્યો હતો તેની છણાવટ કરી હતી.

સર્વોદય નેતા શ્રી જયપ્રકાશ નારાયણ સાથે કરવામાં આવેલા વ્યવહાર અંગે તેમણે ઘણી જ નારાજી વ્યકત કરી હતી અને કહ્યું હતું કે તેમના જેવી વ્યકિતની અટકાયત કરી એકલા રાખવાના કારણે જ તેમની તબિયત પણ બગડી હોય.

તેમણે જણાવ્યું હતું કે કોઈ પણ રાષ્ટ્રની પ્રગતિ માટે 'શિસ્ત' અનિવાર્ય છે અને 'હિમ્મત'માં અમે આ બાબત ઉપર ખાસ ભાર મૂકયો હતો.

શ્રી રાજમોહન ગાંધીએ જણાવ્યું હતું કે કટોકટી ચાલુ રાખવાના કારણો ક્રમશ: બદલવામાં આવે છે. પહેલાં આંતરિક વાત હતી, પછી કટોકટીના આર્થિક લાભની વાત સામે ધરવામાં આવી અને હવે દાણચોરીની વાતને આગળ ધરવામાં આવે છે.

તેમણે જણાવ્યું હતું કે આ તમામ કારણો ઘણા જ બોદા અને નાપાયાદાર છે.

શ્રી રાજમોહન ગાંધીએ પોતાના પ્રવચનમાં સમગ્ર રીતે જનતા પાર્ટી તથા તેની નીતિઓનો જોરદાર બચાવ કર્યો હતો.

સંકલન: કનુ મહેતા

## આભારદર્શન

મને પંચોતેર વર્ષ પુરાં થયાં તે પ્રસંગે મુંબઈ જૈન યુવક સંઘે એક અભિનંદન સમારંભ યોજયો. મારે મન આ અભિનંદન કરતાં મારા લેખસંગ્રહના પુસ્તક 'અવગાહન'નું તે દિવસે પ્રકાશન થાય તે વધારે મહત્ત્વની વાત હતી. તેના લખાણોમાં મારી જીવનદષ્ટિની ઝાંખી થશે. તેથી આ સમારંભમાં સાહિત્યકાર મિત્રો વકતાઓ હતા. આ પુસ્તકનું પ્રકાશન મારા જન્મદિને થાય તે માટે ભાઈ યશવંત દોશી અને ડૉ. રમણભાઈ શાહે અથાક પરિશ્રમ લઈ ઝડપથી તે તૈયાર કર્યું. આ સમારંભમાં ભાઈઓ અને બહેનો સારી સંખ્યામાં હાજર હતા. તેમાંના ઘણાંને અંગત મળવાની ઈચ્છા હતી. હું તે સૌને મળી ન શકયો તે માટે ક્ષમા ચાહું છું. તેમાંના કેટલાક ભાઈઓ અને બહેનોએ પત્રો લખી શુભેચ્છાઓ પાઠવી છે. બીજા ઘણાં ભાઈઓ અને બહેનો મુંબઈના અને બહારના, તરફથી શુભેચ્છાના પત્રો ખૂબ સદ્‌ભાવભર્યા મળ્યા છે. આ સૌનો આભાર માનતા અંગત જવાબો લખી નથી શકતો તે માટે તેઓ મને ક્ષમા કરશે. તે સૌનો અંત:કરણપૂર્વક આભાર માનવાની આ તક લઉં છું.

ચીમનલાલ ચકુભાઈ શાહ

## 'પ્રબુદ્ધ જીવન'નો ૨૧ મો અંક

'પ્રબુદ્ધજીવન'ના ગયા ૨૧મા અંકની નકલોની જરૂર છે તો જેમણે વાંચી લીધો હોય, અને એની જરૂર નહોય તો તે કાર્યાલય પર મોકલી આપવા વિનંતી છે.

## "ખરખરો"

(અછાંદસ)

અમે ખરખરો કરી આવ્યાં!
સવારના છાપામાં જ જોયું કે
"આઠથી દસમાં બેસણું છે"
એટલે જલ્દી જલ્દ, પરવારીને
પ્હોંચી ગયાં
એમને ઘેર.
કેટલું લોક હતું એમને ત્યાં!
આપણે આવ્યાંની ખબર પણ ના પડે કોઈને!
પણ વળી સારે નસીબે
એમનાં બહેન ને કાકીનું ધ્યાન પડયું
અમારી પર
(ચાલો આપણી હાજરી તો પૂરાઈ ગઈ!)

થોડી મિનિટો બાદ
બે હાથ જોડીને અમે બ્હાર નીકળી ગયાં,
(હાશ, છૂટયાં એ ભારેખમ વાતાવરણથી!)

દરવાજા પાસે ચંચળબહેન મળતાં
ખબર પડી બ... ધી વાતની
કે આમાં પોલીસ - કેસ કેમ થયેલો
વિગેરે વિગેરે ઘણું ય જાણવા મળ્યું.
(એમ તો ચંચળ બહેન હોંશિયાર છે,
જયાં હોય ત્યાંથી બધું ય જાણી આવે ને).
હં! હવે તાલ બેઠો બધી વાતનો –
આ બેસણામાં રમાના પીયરિયાં
કેમ કોઈ ન્હોતાં દેખાતાં,
અને ગંગાબાના મોં પર તો
આંસુ પણ જાણે મગરનાં જ કે?
ખેર, જવા દો

એ બધી લપ્પન છપ્પન!
આપણે તો જઈ આવ્યાં ને?
જવું તો જોઈએ જ ને?
નહિતર કોઈ કહે...
લોકમાં રહેવું ને અળગા કેમ રહેવાય?
એમાં તો આપણું ખરાબ દેખાય!

શું? શું પૂછયું – રમા વહુનું?
બિચારી હમણાં જ પરણી ને આવું થયું!
અરે પણ એને જોઈ જ છે કોણે?
એ ય ખરી અંદર ને અંદર જ ભરાઈ રહી!
આટલા બધા લોકો એને ત્યાં આવે ને
એ (મારી બેટી) બ્હાર પણ ન નીકળે?

ચાલો, જવા દો એની વાત!
એનું તો ભલું પૂછવું!
પણ આપણે તો જઈ આવ્યા,
એટલે એક કામ તો પત્યું ને?

કોણ? શું કહ્યું?
નીચેથી બૂમ ન પાડો, હું આવું જ છું.
લગ્નમાં જવાનું મોડું થશે?
હા, આ ઘડીયે આવી.
પણ જરા ધીમે બોલો ને
કોઈ સાંભળી જશે તો કહેશે બેસણામાંથી તરત લગ્નમાં?
વાંધો નહીં, આવું જ છું......
બસ, આ સાડલો બદલું
એટલી જ વાર........!

– ગીતા પરીખ

# બે કરુણ ખુવારી

ચૂંટણીઓ આવે છે અને જાય છે. આવતે વર્ષે અને આવતાં વર્ષોમાં વધુ ચૂંટણીઓ આવશે. આથી ચૂંટણીમાં સારી પ્રણાલિકાઓ પડે તે આવશ્યક છે, જેથી ભવિષ્યમાં તેની વિરુદ્ધ વર્તન કરવાનું દુ:સાહસ કોઈ ન કરે. સૌથી મોટા, જૂના, રાષ્ટ્રીય અને સત્તાધીશ પક્ષ તરીકે કોંગ્રેસની પહેલી ફરજ છે, કે અલ્પજીવી લાભ અને ગેરલાભને ખાતર તે અયોગ્ય પ્રણાલિકા ન પાડે.

આ ચૂંટણી યુદ્ધમાં બે ખુવારી થઈ છે. એક સત્યની અને બીજી કુટુમ્બનિયોજનની અત્યંત આવશ્યક યોજનાની.

યુદ્ધે ચડનારા એમ માનતા હોય છે કે યુદ્ધમાં, પ્રેમમાં અને ચૂંટણીમાં કોઈ શસ્ત્ર અયોગ્ય નથી. ગાંધીજી કહી ગયા છે કે સાધ્ય પવિત્ર હોવું જોઈએ એટલું બસ નથી, તે સદ્ધ કરવાનાં સાધન પણ પવિત્ર હોવાં જોઈએ, પણ આ ચૂંટણી યુદ્ધમાં કોઈ ગાંધીજીને અનુસર્યા ખરા ? ગાંધીજીના નામે સોગંદ તો ઘણા યે ખાધા. પરિણામે પહેલી ખુવારી સત્યની થઈ. મોટા ભાગના ઉમેદવારો અને તેમના ટેકેદારો જિંદગીમાં જેટલું ખોટું બોલ્યા હતા તેનાથી વધુ બે માસના ચૂંટણી સંગ્રામમાં બોલ્યા અને ખોટું આચર્યું પણ ખરું ! પરિણામે પહેલી ખુવારી બંને પક્ષોના હાથે સત્તાની થઈ. ઘણા એવા વિચારશીલ મતદારો પણ હતા કે જેઓ બેમાંથી એક પણ પક્ષને પોતાનો ટેકો આપી શકયા નહિ. કારણ કે કોઈના હાથ ચોખ્ખા ન હતા. ફરક માત્ર માત્રાનો હતો. જે આક્ષેપો ખોટા હતા અથવા જે અપકૃત્યો પોતે પણ કર્યા હતા તેનું દોષારોપણ સામા પક્ષ પર કરવામાં પણ ઘણાંએ સંકોચ ન અનુભવ્યો.

માણસ માત્ર ભૂલને પાત્ર છે અને રાજકારણમાં પડેલા આગેવાનો તેમની લાંબી કારકિર્દી દરમિયાન ભૂલો કરતા હોય છે, પણ પોતાની ભૂલ કબૂલ કરે એવા તો માત્ર ગાંધીજી જ હતા. આજના આગેવાનો એક ભૂલ છુપાવવા બીજી ભૂલ કરે છે અને આમ ભૂલોની પરંપરા ચાલી આવે છે. જેઓ રાગદ્વેષ વિના, નિષ્પક્ષપણે વિચારી શકે છે તેમની દષ્ટિએ છેલ્લા ૨૦ માસમાં આગેવાનોની પ્રતિષ્ઠા વધી નથી. ચૂંટણીટાણે ટોળાબંધ પક્ષાંતર થયા. જો સામા પક્ષમાંથી કોઈ પક્ષાંતર કરીને આવે તો તેનું આવકાર પાત્ર શુદ્ધિકરણ થયું કહેવાય, જો પોતાના પક્ષમાંથી કોઈ જતો રહે તો તે દ્રોહ, દગો અને પીઠમાં ખંજર ભોંકવા સમાન ગણાય. સેંકડો આગેવાનોમાંથી આંધ્રમાં એક જ એવો પ્રામાણિક ધારાસભ્ય નીકળ્યો કે જેણે પક્ષમાંથી રાજીનામું આપવા સાથે વિધાનસભામાંથી પણ રાજીનામું આપ્યું જેથી તે પોતાના પક્ષાંતર પર પોતાના મતદારોનો ચુકાદો મેળવી શકે. ગુજરાતમાં બાબુભાઈ પટેલે પ્રામાણિકતા દર્શાવી કે જેઓ સંસ્થા કોંગ્રેસ છોડી ગયા હતા તેઓ પોતાની ભૂલનો સ્વીકાર કરીને પાછા આવશે તો અમે તેમને સ્વીકારીશું, પણ બીજા પક્ષોમાંથી પક્ષાંતર કરનારાઓને અમે નહિ સ્વીકારીએ.

આપણા જાહેર જીવનમાં, ઉત્તરોત્તર સત્ય અને પ્રામાણિકતાનો હ્રાસ થતો રહ્યો છે. આપણે ભૌતિક પ્રગતિ ગમે એટલી કરી હોય કે કરીએ, પણ નૈતિક પીછેહઠ આપણું અધ:પતન જ કરશે.

બીજી ખુવારી કુટુંબનિયોજનની થઈ છે. દેશનો સૌથી મોટો દુશ્મન વસતિવધારો છે. પાકિસ્તાન, ચીન, અમેરિકા કે નકસલવાદીઓ નથી. સરકારે વંધ્યીકરણના અવિચારી લક્ષ્યાંકો નક્કી કર્યા અને નાના માણસોને કટોકટીના છત્ર નીચે મોટી સત્તા મળી. તેથી બળજબરી થઈ, અતિ નિંદનીય ઘટનાઓ પણ બની, કુટુંબનિયોજન ફરજિયાત બનાવવામાં નહિ આવે એવી વડા પ્રધાનની વારંવારની ખાતરી છતાં મહારાષ્ટ્ર સરકારે ફરજિયાત વંધ્યીકરણનો કાયદો પણ પસાર કરાવી નાખ્યો. પરિણામે ઘણા રાજ્યોમાં જુલમી જોહુકમી વાપરવામાં આવી, તેના કરતાં પણ વધારે અફવાઓ ફેલાઈ, કારણ કે સરકારે મૂર્ખાઈ કરીને અખબારોનો સાદ ગૂંગળાવી નાખ્યો હતો.

જ્યાં ચૂંટણીની જાહેરાત થઈ અને અખબારોનું મોઢું ખુલ્લું થયું ત્યારે આ અતિરેક સામે પુણ્યપ્રકોપ સળગી ઊઠયો. વિરોધ પક્ષોને સરકાર અને કોંગ્રેસ સામે ઝીંકવા માટે એક સબળ શસ્ત્ર મળી ગયું. તેઓ કુટુમ્બનિયોજનમે શાબ્દિક ટેકો આપીને અતિરેક સામે પ્રજાને ઉશ્કેરવા લાગ્યા. પરિણામે સરકારે વંધ્યીકરણ ઝુંબેશ પડતી મૂકવી પડી. સરકારી અને અર્ધસરકારી નોકરો પરનું દબાણ ખેંચી લેવું પડયું. તેનો અર્થ તો એ થયો કે સૌ કોઈને બેફામ વસતિવધારો કરવાની છૂટ છે. કારણ કે રાજકીય પક્ષો ચૂંટણી જીતવા માગે છે.

વડા પ્રધાને ચૂંટણીની જાહેરાત પછી તરત કટોકટી ઊઠાવી લીધી હોત, બધા રાજકીય અટકાયતીઓને વિનાવિલંબે છોડી મૂકયા હોત અને સર્વપક્ષોની પરિષદ ભરીને ચૂંટણી માટે આચારસંહિતા ઘડી હોત તો ઘણા અનર્થ દાબી શકાયા હોત.

પરંતુ અહીં સ્રીહઠ, રાજહઠ અને (સંજયની) બાળહઠ વણાઈને ગાંઠ વળી ગઈ છે.

વિજયગુપ્ત મૌર્ય

## શ્રી ચીમનભાઇના પુસ્તક 'અવગાહન'નાં પ્રાપ્તિસ્થાનો

'અવગાહન'માં શ્રી ચીમનભાઈના વિવિધ વિષયો પરત્વેના ચિન્તનસભર લેખોનો સમાવેશ કરવામાં આવ્યો છે. ૩૧૨ પાનાના આ પુસ્તકની કિંમત અઢાર રૂપિયા રાખવામાં આવી છે પણ 'પ્રબુદ્ધ જીવન'ના ગ્રાહકો, સંઘના ચાલુ સભ્યો તેમજ આજીવન સભ્યોને એ રૂા. ૧૨-૦૦માં આપવામાં આવશે.

ઘણાં ભાઈઓ તરફથી આ પુસ્તકની માંગ છે પણ દરેકને યુવકસંઘની ઓફિસે આવી લઈ જવાનું અનુકૂળ ન થાય તેથી હાલ તુરત નીચેના સ્થળોએથી પુસ્તક મળે તેવી વ્યવસ્થા કરી છે. બહારગામ માટેની વ્યવસ્થા હવે જાહેર કરશું. પણ કોઈ ભાઈ અથવા સંસ્થા ૨૫ અથવા તેથી વધારે નકલો મંગાવશે તો તેમને મોકલવાની વ્યવસ્થા કરીશું.

(૧) મે. ચીમનલાલ શાહ એન્ડ કું. સોલિસિટર્સ,
એક્ઝામિનર પ્રેસ બિલ્ડિંગ, દલાલ સ્ટ્રીટ કોટ,
મુંબઈ-૪૦૦ ૦૦૧. ટે.નં. ૨૭૧૩૧૯

(૨) (૨) શ્રી સુબોધભાઈ એમ. શાહ
C/o મે. એસ. એમ. શાહની કું.
૧૯, બેંક સ્ટ્રીટ, કોટ, મુંબઈ-૪૦૦ ૦૦૧. ટે.નં. ૨૫૯૮૯૭.

(૩) શ્રી ચીમનલાલ જે. શાહ
C/o. મે. શાહ બ્રધર્સ, ૨૩૪, નાગદેવી સ્ટ્રીટ, મુંબઈ-૪૦૦૦૦૩
ટે.નં. ૩૨૬૭૯૭

(૪) શ્રી શાન્તિલાલ ટી. શેઠ
૧૦૪, શીવરામ એપાર્ટમેન્ટસ, રામચંદ લેન, મલાડ (વેસ્ટ),
મુંબઈ-૪૦૦ ૦૬૪ ટે.નં. ૬૯૫૯૯૯

(૫) શ્રી પ્રતાપભાઈ ગાંધી
૭, બી કકડ નિકેતન, દેરાસર લેન, ઘાટકોપર,
મુંબઈ-૪૦૦ ૦૭૭. ટે.નં. ૫૫૧૪૭૬.

(૬) શ્રી મહાસુખભાઈ કામદાર
૯/૨૬૫, સાયન (ઈસ્ટ) રોડ, મુંબઈ-૪૦૦ ૦૨૨. ટે.નં. ૪૭૬૨૧૫

(૭) શ્રી રસિકલાલ શાન્તિલાલ શાહ
૩૨, મહેરવાન મેન્શન, ગાંજાવાલા લેન, બોરીવલી (વેસ્ટ),
મુંબઈ-૪૦૦ ૦૯૨. ટે.નં. ૬૬૧૧૯૮.

(૮) શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા
૪૭, ડૉ. એમ. બી. વેલકર સ્ટ્રીટ, મુંબઈ-૪૦૦ ૦૦૨.
ટે.નં. ૩૧૨૮૭૦.

ચીમનલાલ જે. શાહ
કે. પી. શાહ
મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ.

# વર્તમાન યુગની સમસ્યા અને ઉકેલ

(૧)

વર્તમાનયુગ વિજ્ઞાનયુગ કહેવાય છે. ભૌતિક કામનાઓની સિદ્ધિ માટે વૈજ્ઞાનિક સાધનો અને સામગ્રીનો ઉપયોગ માનવ કરી રહ્યો છે. ખાસ કરીને પશ્ચિમાત્ય દેશોમાં આવું વિશેષ જોવામાં આવી રહ્યું છે. સાથે સાથે, એ દેશોના લોકો માનસિક તાણ (tension) અનુભવી રહ્યા છે એવું પણ જોવામાં આવી રહ્યું છે.

દૈહિક અને માનસિક ઈચ્છાપૂર્તિ માટે વિજ્ઞાન એક સચોટ નિમિત્ત છે, ઉપાય છે. એ હકીકત છે. અમેરિકા અને રૂસમાં વિજ્ઞાનના અનેક આવિષ્કારો થઈ રહ્યા છે અને બીજા દેશો એમનું અનુકરણ પણ કરી રહ્યા છે. સુખ-સમૃદ્ધિમાં માનવને આળોટતો કરી દેવાની અને સંસારમાં સ્વર્ગનું અવતરણ કરી આપવાની પ્રતિજ્ઞા વિજ્ઞાને કરી હોવા છતાં માનવ પોતે ખરેખર સુખી છે એમ છાતી ઉપર હાથ મૂકીને કહી શકે એમ નથી.

બાહ્ય અયશારામનું જે વિજ્ઞાન કારણ બની રહ્યું છે એ વિજ્ઞાન જ ચિંતાનું પણ સમાંતર કારણ બની રહ્યું છે એ વિધિની એક વિચિત્રતા નથી શું?

વિજ્ઞાન દ્વારા વૈજ્ઞાનિકો માનવને સાચું સુખ આપી શકયા નથી એ ઘટના તરફ હવે એ આંખમીંચામણા કરી શકે એમ નથી એમ એમને પણ લાગવા માંડ્યું છે એટલે હવે પોતાના અભિગમમાં આમૂલ પરિવર્તન કરવાની પેરવીમાં એ લોકો પણ પડી ગયા છે એ તો આપણને મળી રહેલા સમાચારો ઉપરથી સ્પષ્ટ લાગે છે. પરિણામે, માનસશાસ્ત્રને, લગતી ઘણી શોધ અને ઔષધોના આવિષ્કારો વિજ્ઞાને કર્યા અને છતાં દિનપ્રતિદિન વધતાં જતાં અસંતોષ, ચિંતા, કચવાટ, ગ્લાનિ, ખેદ, ખોટ વગેરેને એ ઓછાં–જરાકે ય ઓછાં- કરી શક્યું નથી. બાહ્ય રીતે ઉપયોગી થવા વિજ્ઞાન ધમપછાડા મારી રહ્યું છે અને માનવ સમક્ષ અન્વેષણોનો એટલો મોટો ઢગલો ખડકી દીધો છે કે એ અપનાવવાની વાત તો ઘેર ગઈ પણ એને હવે સૂગ આવવા માંડી છે; જીવનમાં સ્વાદ રહ્યો નથી; આનંદની અનુભૂતિ થતી નથી. આ જાથુકના ચિંતાથી એનું કાળજું હવે ખવાઈ ગયું છે. એક પછી બીજી એમ અનેક આશાઓ ઠગારી નીવડી એટલે વિજ્ઞાને આપેલી સુખની પડીકીએ ઊલટું વિકૃતિ જન્માવી. માનવના સમગ્ર સંવેદન તંત્રના ભુક્કા ઊડી ગયા છે. કેટલી હદે અનુકૂળ થવાય? નિરાશાના વધતા જતા જુવાળ આગળ માનવ આંતરિક શકિત ગુમાવી બેઠો છે. એ બાઘા જેવો બની ગયો છે. એનો માનસિક તણાવ એટલો વધી ગયો છે કે એની સાચી ચિકિત્સા માટે એ ઝંખી રહ્યો છે. થવાનું હતું તે તો થઈ ગયું. આશામાં કિંમતી સમય અને શકિત ગુમાવી દીધા. હવે જાગ્યા ત્યાંથી સવાર ગણવા એ કટિબદ્ધ થઈ ગયો છે.

શારીરિક અને માનસિક–દરેકે દરેક રોગનું એક મધ્યવર્તી સર્વ સામાન્ય કારણ આ તાણતણાવ છે એમ વિજ્ઞાન પણ હવે કબૂલી રહ્યું છે. અમેરિકા અને ઈતર દેશોમાં રોજબરોજ વધતું જતું હૃદયરોગ તથા બ્લડ પ્રેસરનું કારણ આ માનસિક તાણમાં રહેલું છે. નિદ્રાનાશ માટે દિનપ્રતિદિન વધતો જતો નિદ્રાપ્રદ અને શામક ઔષધોનો ઉપયોગ, તથા દારૂ અને બીડીનો વપરાશ તાણના એક જ કારણને આભારી છે એવું સ્વીકારવું કોને માટે હવે બાકી રહ્યું છે? તાણના પ્રશ્નને હલ કરવા વિજ્ઞાને ઉપાયો તો એક પછી એક એમ ઘણા યોજ્યા પણ એ પણ હવે જખ મારે છે.

માનવ અને સમાજ અર્થાત વ્યષ્ટિ અને સમષ્ટિ વચ્ચેના સંબંધોની સાંકળ તૂટવા લાગી છે અને સમાજની સંવાદિતા તદ્દન જોખમાઈ ગઈ છે એ આ માનસિક તાણ (Stress and Strain)નું આખરી અને અવશ્યંભાવિ પરિણામ છે. સમગ્ર પરિસ્થિતિના આમૂલ પરિવર્તનની નોબત એટલા જોરશોરથી હવે વાગવા માંડી છે કે એને સાંભળવા પૂરતા સરવા વિજ્ઞાનના કાન થઈ ગયા છે.

પહેલાં આપણે કામ કરતા હતા તે કાંઈક સંગીન પ્રાપ્ત કરવા કરતા હતા. ત્યારે અત્યારે એ કેવળ આર્થિક આવશ્યકતા છે એમ માનીને કરીએ છીએ. ફુરસદ વખતે આપણને આનંદ મળે એ હેતુથી વિશ્રાંતિ કરતા હતા, જ્યારે અત્યારે એનો ઉપયોગ મુખ્યપણે અવનવી મોજ-મજાહ પાછળ દોટ મૂકવામાં કરીએ છીએ. નાના ગામડાઓમાં પણ સમાજ ભાવના સૂકાવા માંડી છે, જ્યારે શહેરમાં તો એનાં મૂળ જ હલબલી ઉઠયા છે. લગ્નો ફોક થવા માંડયા છે અને છૂટાછેડા બિલાડીના ટોપની માફક ઉભરાઈ ઊઠયા છે. નવી પેઢીને જૂની પેઢી અકારી લાગવા માંડી છે અને એ એટલી હદ સુધી કે જૂની પેઢી બીજી બધી રીતે સબળ હોય તે છતાં એ નિરાધાર જેવી બની ગઈ છે. ભવિષ્યનો સફળ મુકાબલો કરવા માટે આવશ્યક એવી બૌદ્ધિક અને હૃદયની સંપદા, વર્તમાન શાળાકીય શિક્ષણ આપણી સંતતિને પૂરૂં પાડતું નથી એવો આક્ષેપ અને આરોપ, મા-બાપ, શિક્ષકો અને સંતાનો સુદ્ધાં જાણે કે પોતાની કશી જ જવાબદારી નથી એમ માની, શાળાઓ ઉપર કરવા લાગી ગયા છે. આવી ઊથલપાથલનું શું કારણ છે એ એકદમ આપણી નજરે ચઢતું નથી પણ ખરી રીતે જોતાં આપણે જે તંગ વાતાવરણમાં જીવી રહ્યા છીએ એની આડપેદાશ કે જે માનસિક તાણ છે તે આ બધા વિપર્યાસનું કારણ છે. એ હવે ધુરંધર અભ્યાસીઓએ નિશ્ચિત કર્યું છે.

પ્રગતિ એ ધ્યેય છે એટલે એનો વેગ વધારવો એ પણ એક ધ્યેય છે, જ્યારે સમગ્ર માનવસમાજ દિનપ્રતિદિન વિશૃંખલ બની રહ્યો છે. આ હકીકતમાંથી કટોકટી જન્મી છે. એને નિવારવા માણસે કટિબદ્ધ થવું જ પડશે. સ્વસ્થ વિચારની ભૂમિકા ઉપર નિર્માણ કરવામાં આવેલું આચરણ એ એક જ રાહ છે. પણ તંદુરસ્ત વિચારણા લાવવી કયાંથી અને કેવી રીતે? આ લેખમાં જ આગળ જણાવ્યું તેમ મનનું મકાન ક્કડભૂસ થઈ પડી જવાની અણી ઉપર આવી ગયું છે. વિજ્ઞાને ઝાંઝવાના જળ ઊભા કરી દોડાવ્યા, પણ અંતે થાકી જવાયું. જળ તો ન જડયું, પણ શકિત હતી તે ય ગુમાવી. શ્રીમદ્ રાજચંદ્રે સાચું જ કહ્યું છે "લક્ષ્મી અને અધિકાર વધતાં શું વધ્યું તે તો કહો; વધવાપણું સંસારનું નરદેહને હારી જવો." સાચા સુખની વ્યાખ્યાનું આપણને સ્પષ્ટ દર્શન નથી. એ દર્શન નથી એનું કારણ પણ માનસિક તાણ જ છે. પરિવર્તનશીલ સમયના તકાદાને પહોંચી વળવા વિવેકદૃષ્ટિ બરાબર જાળવી રાખવી પડશે. ચિરસ્થાયી તૃપ્તિ માટે બાહ્ય જગત તરફ નજર ફેરવવાને બદલે આંતર-ખોજની અનિવાર્ય આવશ્યકતા સ્વીકારવાની રહેશે. વિસંવાદી વાતાવરણમાં સંવાદિતા સ્થાપી, એ દ્વારા સાચા સુખની અનુભૂતિ શોધવી પડશે. વિજ્ઞાનના એકધારા વિકાસના વાતાવરણ વચ્ચે માનવીએ પોતાની મૂળગત સર્જનશકિત અને બુદ્ધિમતાને પૂર બહારમાં ખીલવવી પડશે જેથી એના અસ્તિત્વનો ભય ઊભો ન થાય.

આપણે અનેક પ્રયોગો કરી ચૂકયા છીએ. એની સાખ ઈતિહાસ પૂરે છે. માનવનું અંતિમ ધ્યેય આનંદ-પ્રાપ્તિનું છે. એ આનંદ કોઈ પણના ભોગે ન મેળવી શકાય. ભૌતિક સુખ એ સાચા અર્થમાં સુખ નથી. ઉપરાંત, જે સુખના ઉદય - અસ્ત વારંવાર થતા

હોય એ પણ સાચું સુખ નથી. વિજ્ઞાને આપેલ સુખ - સગવડ-માંથી હમેશાં બીજા સુખની તૃષ્ણા જન્મતી રહે છે. એથી તૃપ્તિને બદલે અજંપો ઉત્પન્ન થયો છે અને એ અજંપાનું બીજું નામ જ માનસિક તાણ છે.

કોઈને એમ લાગે કે સમગ્ર દુ:ખપરંપરાનું કારણ વિજ્ઞાન છે એમ માનું છું. એ આક્ષેપ હકીકતથી દૂર છે. કહેવાનો આશય એ છે કે વિજ્ઞાને આપેલ દેનનો આપણે સાચો ઉપયોગ નથી કર્યો. વિજ્ઞાનનો આવિષ્કાર કરનાર આપણે અને એનો દુરૂપયોગ કરનાર પણ આપણે. બાહ્ય જગત અને પરિસ્થિતિ ઉપર આપણો અંકુશ ન હોઈ શકે અગર હોય તો પણ તે થોડોક જ હોય. એટલે રાગ-દ્વેષની પરંપરાને પેદા થવાની પૂરી સંભાવના છે. પણ અહિં જ આપણે સાવધાની રાખવાની છે. રાગ-દ્વેષની આબોહવાને મન સાથે જ સીધો સંબંધ છે.

આ બધી ચર્ચા પછી હું એક જ નિષ્કર્ષ ઉપર આવું છું કે વર્તમાન કટોકટીની સમસ્યાનો સાચો ઉકેલ મનમાં સમતાને સ્થાપવામાં રહેલો છે.

વર્તમાન યુગનો મોટામાં મોટો રોગ માનસિક તાણ છે. મનના વિજ્ઞાનને સાચી રીતે સમજવામાં એનો ઉકેલ રહ્યો છે. એ વિજ્ઞાન એટલે યોગ. ભગવાન પતંજલિને લાગ્યું કે પરલોક, આત્મા, પુનર્જન્મ, નીતિ, ધર્મ, બધી વાતો અને વાદવિવાદો જવા દઉં અને અહિં જ માનવને સાચી શાંતિનો માર્ગ બતાવું. એટલે એમણે યોગની પ્રરૂપણા કરી. યોગ એટલે શ્વાસોચ્છ્વાસની તાલીમ એ એક જ અર્થ એમને અભિપ્રેત હતો. આ યોગનું હરિભદ્રાદી જૈન આચાર્યોએ પણ દિગ્દર્શન કરાવ્યું છે જે હવે પછી.

(ક્રમશ:) —અમૃતલાલ ગોપાણી

# શૂન્ય અને પૂર્ણવિરામ

અંકગણિતમાં જેવું સ્થાન શૂન્યનું તેનું જીવનગણિતમાં પૂર્ણવિરામનું. સાહિત્ય એ જીવનનું, માનવજીવનનું ગણિત છે. આમ તો ગણતરીપૂર્વકનું જીવન જીવતાં શીખવે તે ગણિત. સાહિત્યમાં સૌનું હિત સમાયેલું હોય છે. સહિત શબ્દ ઉપરથી ઉદ્‌ભવ્યો સાહિત્ય શબ્દ. આમ સાહિત્ય એ સમાજજીવનનું ગણિત છે. કારણ કે જીવનાર્થમાં સ્વાર્થ અને પરમાર્થ બધું સમાઈ જાય છે. અર્થનો–અર્થ હેતુ. શરીરધારી મનુષ્યમાં સ્વાર્થ તો હોવાનો જ. પરમાર્થી તો કોઈક જ, કદાચ સાધુ–સંન્યાસી હોઈ શકે; પરંતુ દુ:ખની વાત તો એ છે કે આપણે ખરા અર્થમાં સ્વાર્થી પણ નથી હોતાં! 'સ્વ'ને ઓળખ્યા વગર તેનો અર્થ એટલે કે હેતુ શી રીતે ઓળખી શકાય? માટે તો બાઈબલમાં કહ્યું છે કે Know thy self તું તારી જાતને ઓળખ. "તું તારા દિલનો દીવડો થા ને!" આ જગતનું સૌથી વધુ અઘરું કાર્ય તે પોતાની જાતને ઓળખવાનું. ઓળખાણ એ આમ તો એક ઊંડી ખાણ છે. માણસને તેના વખાણ થાય તો તેને ગમે છે, તેની કોઈ સાથે ઓળખાણ થાય તો પણ તેને ગમે છે. પણ પ્રશ્ન એ છે કે જયાં સુધી આપણે આપણી જાતને ઓળખી શકતા ન હોઈએ, ત્યાં સુધી આપણને આપણા વખાણ થવાં દેવાનો કે કોઈની સાથે ઓળખાણ કરવાનો હક્ક ખરો? પોતાની જાતને પૂછી જોવા જેવો આ અઘરો–કપરો પ્રશ્ન છે. જેમ ખાણ ઊંડી તેમ તેમાંથી કિંમતી અમૂલ્ય રત્નો: હીરા, માણેક, મોતી, પન્ના મળી આવવાની શકયતા વધુ. આપણી ખાણમાં પણ કિંમતી સદ્‌ગુણો પડેલા છે. દુર્ગુણો રૂપી પથ્થરો પણ છે; આમ તો કોલસો, હીરો કે પથ્થર આખરે તો એક જ કુળના ને! પણ કોલસા કે પથ્થરમાંથી કિંમતી નંગોનું–રત્નોનું સર્જન કરે તે જ માનવી–તે જ સાચો સાહિત્યકાર, તે જ સાચો ગણિતજ્ઞ.

આંકડા કુલ નવ છે. અક્ષર કુલ બાવન છે. આખાના શબ્દોમાં કહું તો જયાં સુધી માનવી ત્રેપનમો અક્ષર એટલે કે ઈશ્વરને જાણતો–ઓળખતો નથી ત્યાં સુધી તેનું જીવન સાર્થક થતું નથી. બાવન અક્ષરના જાણકારને નવ આંકડારૂપી નવગ્રહો નડી શકે છે. પરંતુ જેણે ત્રેપનમો અક્ષર જાણ્યો છે તે અજર–અમર બની જાય છે. નવ આંકડામાં પણ સૌથી પહેલો આંકડો તે શૂન્ય, પછી એક. વળી, શૂન્ય. શૂન્ય ઉમેરતાં જાવ. પછી તો દશ, સો હજાર, દશ હજાર. અરે! અનંત એકડાની ડાબી બાજુ નહીં, પણ જમણી બાજુ જેને મીંડા ઉમેરતાં આવડયું તે ગણિતજ્ઞ, જ્ઞાની, વિજ્ઞાની. મીંડાની મોટાઈ પણ જાણવા જેવી, માણવા જેવી છે. શૂન્યમાંથી સર્જન કરવાની શકિત અગાધ છે. પૃથ્વીનો આકાર ગોળ છે. કદાચ, બ્રહ્માંડનો આકાર પણ ગોળ હશે! કેમ કે ઈંડાનો આકાર ગોળ–લંબગોળ છે. આપણું જીવન પણ ગોળ ગોળ ફરે છે.

चक्रवत् परिवर्तन्ते सुखानिच दुःखानि च । જીવનમાં સુખદુ:ખની ભરતી–ઓટ પણ ચક્રાકારે જ આવતી હોય છે. સમયનું પણ ચક્ર હોય છે. જીવનના પૈડાનું, ચક્રનું સ્થાન કેટલું અમૂલ્ય છે એ આપણે સૌ સારી પેઠે જાણીએ છીએ–સમજીએ છીએ. તેથી જ ગણિતમાં શૂન્ય અને સાહિત્યમાં પૂર્ણવિરામ ગોળ છે. બન્ને પોલાં. વાગે તેવાં. ગાજે તેવાં. કહેવત છે ને કે ઢમ ઢોલ, માંહે પોલ! મોટા માણસો (big man) પણ પોલા જ હોય છે ને! નક્કર હોત તો બીજા તેને ઓળખી શકત? કવિ દલપતે ગાયું છે ને કે "પોલું છે તે બોલ્યું તેમાં તેં શું કરી કારીગરી: સાંબેલું વગાડે તો હું જાણું કે તું શાણો છે!" શબ્દોમાં કથાથી વધુ વ્યથા છે. સમાજ ઉપર તીખો–તમતમતો કટાક્ષ છે. વળી, આપણે સૌ જાણીએ છીએ તેમ સમાજમાં પણ જે બોલે છે તેનાં બોર વેચાય છે. માટે જેણે બોર વેચવાં હોય, પોતાની જાતનું પ્રદર્શન કરવું હોય તેણે બોલવું જોઈએ. સાહિત્ય આપણને બોલતાં શીખવે છે, ગણિત મૂગા રહેતાં. પરંતુ જે ભણે છે પણ ગણતાં નથી. તેમની સમાજમાં કંઈ જ કિંમત હોતી નથી. કહેવત છે ને કે "ભણ્યો પણ ગણ્યો નહીં" માનવજીવન ગણતરીપૂર્વકનું હોવું જોઈએ. માણસે પોતાની આવકજાવકનો હિસાબ રાખવો જોઈએ. સમયાંતરે એનું સરવૈયું કાઢતાં રહેવું જોઈએ. કેટલું મેળવ્યું ? કે કેટલું ગુમાવ્યું? જે મેળવે છે તે ખર્ચી શકે છે, વાપરી શકે છે. પરંતુ, જે કમાતો જ નથી તે શું વાપરવાનો? જીવનને પણ પરોપકારાર્થે વાપરવાનું હોય છે. ઈશ્વરે આપેલા જીવનની પાછળ પણ તેનો હેતુ છે, ગણતરી છે. માનવજીવન વેડફી નાખવા માટે નથી. જેમ સૂર્યનો પ્રકાશ, નદીનું પાણી, કે વૃક્ષનું ફળ–અરે, કોડિયાંનો પ્રકાશ બીજા માટે છે તેમ આપણા જીવનનો ઉપયોગ, અલબત્ત સદુપયોગ અન્યના ભલા માટે થવો જોઈએ, જો તેમ ન થાય તો પછી માણસ અને પથ્થર વચ્ચે ફેર શો? પરંતુ આજે બન્યું છે એવું કે એક માનવી પથ્થર ઉપર વિશ્વાસ રાખી શકે છે, પણ પોતાના ભાઈ-માનવી ઉપર નહીં! તેનું કારણ શું? આજે માનવી–માનવમાંથી ઝડપભેર શ્રદ્ધા ગુમાવી રહ્યો છે. આજનો માનવી છીછરો (swallow) બની રહ્યો છે. તે પોતાની જાતમાંથી જ જો શ્રદ્ધા ગુમાવી રહ્યો હોય તો પછી પરમાત્માની તો વાત જ શી કરવી? આજના યુવકને ધર્મ એ ધતીંગ લાગે છે. સદાચારમાં એ સડાચાર જોતો થઈ ગયો છે. બાહ્ય ટાપટીપમાંથી જ તે ઊંચો આવતો નથી. તે ભૂલી ગયો લાગે છે કે પોતે તો માત્ર વિશ્વ–સાંકળની એક કડી માત્ર છે. તેને ભૂતકાળ હતો, તેને ભવિષ્યકાળ હશે એવું તે વિચારી જ નથી શકતો. ઈન્દ્રિયોને બહેકાવી બેકાર બનાવતો આજનો યુવક સ્વેચ્છાચારી થતો જતો હોય એમ નથી લાગતું? આપણું યૌવનધન વેડફાઈ રહ્યું છે: તેને યોગ્ય માર્ગે વાળવું એ આપણી નૈતિક ફરજ છે. યુવાનીને દીવાની ન બનવા દેવાય. સાંઈઠ વર્ષના જીવનને ત્રણ સરખા ભાગમાં વહેંચી તો વીસ વર્ષ એ ૧/૩ જીવન થયું. બાકીના ૩/૪ જીવનનું શું? માનવજીવનનું ઊર્ધ્વીકરણ કરવું જોઈએ. આત્માની ઉન્નતિ થવી જોઈએ. એને માટે યુવક વર્ગને વિચારપૂર્વકનું ભાથું બંધાવી દેવું જોઈએ. આ બધી બાબતો વિષે ગંભીરતાપૂર્વક વિચારવાનો સમય નજીક, ખૂબ નજીક આવી રહ્યો છે.

હરજીવન થાનકી

# ભર્યાભર્યા આંતરજીવનનું પ્રતીક

ચીમનભાઈએ "અવગાહન"માં 'પંચાવન વરસનો સહવાસ' એ લેખમાં લખ્યું છે એનાથી જ હું મારા વકતવ્યનો પ્રારંભ કરું છું :

**"એકલતામાંથી બચવા મારે કામ શોધવું પડે કે બીજાનો સહવાસ જોઈએ એવું નથી. મારું મન ભરેલું છે. ચિંતન–મનન નિરંતર ચાલે છે. ...મારું અંતર – જીવન એ જ ખરું જીવન છે ...જે છે અને અનુભવ્યું છે તે અતિસંક્ષેપમાં લખ્યું છે." ***

એટલે કે આ પુસ્તક એમના ભર્યાભર્યા આંતરજીવનનું સમૃદ્ધ પ્રતીક છે.

એમને વાંચીએ છીએ ત્યારે એક પ્રતીતિ એવી થાય છે કે જાણે આપણે એમના વિચારના યાત્રાસંઘ સાથે વિહાર કરીએ છીએ. એમની વિચારલીલાને અનુભવ અથવા જ્ઞાનની ભોંય છે. મનમાં ઊછરેલા વિચારના છોડને તેઓ સીધો જ કાગળમાં કાયમ માટે વાવી દે છે. "To enclose an eternity in a square-foot of paper" એ ચીમનભાઈની ચિંતનશીલ કલમની લાક્ષણિકતા છે. એમની વિચારલીલા એ બુદ્ધિનો પ્રપંચ નથી. શેતરંજ પર પ્યાદાં ફેરવવાની રમત કે કરામતમાં એમને રસ નથી. એમની કલમની ગતિ સીધી અને સોંસરવી છે. રોમેન્ટિક ઢબની રઝળપાટ કરવાની એમની કલમને ટેવ નથી. એમની પાસે શૈલી છે– પણ શૈલીના દેખાડા વિનાની.

ચીમનભાઈમાં વાણીની સરળતા છે, કારણ કે વિચારની સ્પષ્ટતા છે. શબ્દોની અટપટી વાકયરચનાઓથી એમને કોઈને ગૂંચવવા નથી કે એમને કોઈને આંજવા નથી, એ આત્મદર્શનના જીવ છે, બાહ્ય પ્રદર્શનના નહીં. એમની વિચારપદ્ધતિમાં કોઈ અંગત ખૂણાખાંચા નથી. અંગત બાબતોનો પણ એ બિનઅંગત રીતે વિચાર કરે છે અને બિનઅંગતને પણ એક ક્ષણ અંગતના કેન્દ્રથી જોઈ લેવાનું ચૂકતા નથી. રાજેન્દ્ર શાહની એક પંકિત યાદ આવે છે :

**"જીવનનું જરા આઘે રહીને કરું અહીં દર્શન "**

આઘે રહીને એટલે સ્થૂળ દૂરતા નહીં પણ સ્વસ્થ તાટસ્થ્ય. એમનામાં વ્યાપ છે, પણ ઊંડાણને ભોગે નહીં. કહો કે ઊંડાણ અને વ્યાપ એમની જીવનદષ્ટિમાં સમરસ થઈ ગયાં છે અને એટલે જ એ કેવળ જૈન ધર્મ વિશે વાત કરી શકે છે એવું નથી, 'રામાયણ' અને 'મહાભારત' વિશે પણ મુકત મને વરસી શકે છે. ઈતિહાસ, સમાજ કે ધર્મ, રાજકારણ* કે હૃદયકારણ, વ્યકિત કે વિભૂતિ, એ કશા પર પણ અંગત આશયને વચમાં લાવ્યા વિના ચિંતન કરી શકે છે. નવેસરથી વિચારવાનું આવે તો પોતાના વિચારોને ફરીફરીને તપાસી જુએ છે, ચકાસી જુએ છે અને કોઈ પણ વળ કે વમળ વિના ગૂંચનો ઉકેલ આણે છે.

એમની વાતમાં કયાંય આડંબર નથી. જે વાત આવે છે એને કોઈ પણ પ્રકારના વાઘા કે જરકશી જામા વિના તેઓ મૂકી શકે છે. એમની આડંબરરહિત નમ્રતા જુઓ–

**"મને યાદ છે ત્યાં સુધી ૧૯૩૫–'૩૬ થી આજ સુધી કોઈ વર્ષે મારું એક વ્યાખ્યાન ન હોય એમ બન્યું નથી. પરમાનંદભાઈનો આગ્રહ રહેતો અને મને પણ આનંદ થતો. ત્યારે મને ગુજરાતીમાં બોલવાનો અભ્યાસ નહોતો. આ વ્યાખ્યાનોથી મને ઘણો લાભ થયો. ***

'મુનશીનું જાહેર જીવન' વિષે લેખમાં એક જ શબ્દથી મુનશીની Extrovert Personality નો ખ્યાલ આપે છે :

**"૧૯૫૨ની ચૂંટણી પછી શ્રી મુનશીને ઉત્તર પ્રદેશના ગવર્નરપદે મૂકયા. મુનશી મહાલી શકે એવું આ સ્થાન હતું." ***

ચીમનભાઈ પોતે જ પોતાના વિદ્યાર્થી છે. હા, એમના ભીતરના ખંડમાં પ્લેટો, સોક્રેટિસ, શ્રીમદ્ રાજચન્દ્ર અને ગાંધીજીની ચિરંતન છબીઓ છે. દેખીતી રીતે ચીમનભાઈ વાત આપણી સાથે કરે છે, પણ ગુફતેગૂ આ ચાર જણ જોડે જ કરે છે.

જેમનામાં તત્ત્વજ્ઞાનની ઠાવકી, ઠરેલ, શાંત સ્ફૂર્તિ છે અને તર્કની શુદ્ધિ છે એવા ચીમનભાઈનું વ્યકિતત્વ અત્યંત સંવેદનશીલ છે. પણ સંવેદનશીલતા દેખાડતા નથી. કાલેલકરે કયાંક કહ્યું છે, "ન હોય તેને જ દેખાડવાનું હોય છે," એમની સંવેદનશીલતા જવાળામુખીની જેમ ભીતરથી પ્રજળી રહી છે, નહીં તો આવું લખી શકે ?–

**"સોલ્ઝેનિત્સિનનાં પુસ્તકો વાંચતાં રુંવાડાં ઊભાં થઈ જાય છે. વાંચી શકાતાં નથી. માનવી આટલો ક્રૂર થઈ શકે? પણ આપણી આસપાસ જોઈએ છીએ ત્યાં પણ જે ઠંડી ક્રૂરતા છે તે અંતરનાં દ્વાર ખુલ્લાં હોય તેને જંપીને સૂવા ન દે." ***

સોક્રેટિસે જે કટોરામાં ઝેર પીધું એનો આજે થૂંકદાની તરીકે ઉપયોગ થાય છે. ત્યારે એમને શું થતું હશે, એ જાણવા માટે 'પ્રબુદ્ધ જીવન'ના તંત્રીલેખો વાંચવા જોઈએ.

વ્યકિતની અને જીવનની એમની અંતિમ કસોટી આ જ રહી છે.

**"દરેક માણસે વિચારવાનું કે તેણે આ સંસારમાં રહી બીજાના દુ:ખમાં ઉમેરો કર્યો છે કે કાંઈ ઓછું કર્યું છે?" +**

એમને છીછરી અન્યશ્લાઘામાં કે આત્મશ્લાઘામાં રસ નથી. સમાજે એમને અઢળક પ્રેમથી ઘેરી લીધા છે. માનવધર્મી ચીમનભાઈ બધાના પ્રેમને માથે ચડાવે છે, પણ એની ગૂંગળામણને અનુભવ્યા વિના બહુ સિફતથી નિસ્પૃહ રહીને બહાર આવી શકે છે. સંસ્થા સાથેના અને વ્યકિત સાથેના એમના જલકમળવત સંબંધો વિષે એમણે અહીં અણસાર આપ્યો છે.

"કોઈ સંસ્થા સાથે મનને બાંધ્યું નથી. કોઈમાંથી છૂટા થતાં લેશમાત્ર સંકોચ થાય તેમ નથી. હકીકતમાં હવે, ક્રમશ: છૂટા થવાનું વિચારી રહ્યો છું.' +

**"સંસાર સાથે પ્રેમબંધનથી પ્રબળપણે મને બાંધી રાખનાર બે બળો હતાં. મારી પત્ની અને મારી માતા. મારી પત્ની કરતાં પણ મારી માતાનું વધારે. બન્ને ગયાં. મારી એકલતા વધતી જાય છે તે સાથે અંતરનિરીક્ષણ વધે છે.' ●**

સ્પેનિશ કવિ લોર્કાએ પોતાનું સન્માન થાય એનો વિરોધ કરેલો. Organised applause સામે એમને સૂગ હતી. ચીમનભાઈ, અમે અહીં તમને ખાતરી આપીએ છીએ કે અહીં વ્યવસ્થિત તાળીઓનો ગડગડાટ નથી; પણ જાપાનમાં હોય છે એવી, અથવા આપણી ગઝલમાં હોય છે એવી free play arrangement છે. અંતે એટલું કહીને વિરમીશ :

**તમારી ખુરશી પર બેઠેલા સિદ્ધિ પુરુષની પાછળ તમારામાં વસેલા ચિંતનપુરુષને હું ચૂપચાપ બેઠેલા જોઉં છું. તાળીઓનો ગડગડાટ વીજળીની જેમ પડે તો પણ તમારા મૌનના શિખરને કશું જ થાય એમ નથી. તમારામાં રહેલા ચિંતકને, મૌનના શિખરને પ્રણામ કરું છું.**

–સુરેશ દલાલ

---

* ચીમનલાલ ચકુભાઈ શાહ, 'અવગાહન', પ્ર. આ. મુંબઈ, મુંબઈ જૈન યુવક સંઘ, ૧૯૭૭, પૃ. ૩૦૧.

* રાજકારણ વિષે મેં ઘણુ લખ્યું છે. પણ હું રાજકારણનો જીવ નથી. રાજકારણ પ્રજાજીવનને ઘેરી વળ્યું છે તેથી તેને વિષે લખવું પડે છે. મારા અભ્યાસનો વિષય છે, તત્ત્વજ્ઞાન અને કેટલેક દરજજે સાહિત્યવાચન કરતાં, મેં મનન વધારે કર્યું છે.

–એજન 'બે બોલ.'

* એજન, પૃ. ૨૬૭.

* એજન પૃ. ૨૬૫.

* એજન, પૃ. ૪૮.

\+ એજન, પૃ. ૪૯.

\+ એજન, પૃષ્ઠ ૩૦૪.

● એજન પૃ. ૩૦૬

તા. ૧૧ માર્ચ ૧૯૭૭ના દિનેશ્રી ચીમનલાલ ચકુભાઈ શાહના અમૃતમહોત્સવ પ્રસંગનું વકતવ્ય.

# ચિરાગ જલા નહીં....

મૌલાના અબુલ કલામ આઝાદનો એક લેખ વાંચી રહ્યો હતો, એમાં એક ફારસી શેર પર નજર ચોંટી ગઈ-

જુજ મોહબ્બત હર ચે બુર્દમ
સુદ દર મહશર ન દાશ્ત
દીનો – દાનિશ અર્જ કદમ
કસ બચીજે બર ન દાશ્ત.

–ક્યામતને દિવસે મહોબ્બત સિવાયનું હું જે કંઈ લઈ આવ્યો તેનાથી કશો ફાયદો થયો નહિ. ધર્મ અને બુદ્ધિએ કહ્યું– 'અહીં અમારી કોઈ કદર નથી.

પ્રેમના શ્રેષ્ઠત્વનો સ્વીકાર આ કથનમાં છે. ધર્મે જગાવેલું પાશવી ઝનૂન કે બુદ્ધિએ જગવેલા અનેકાનેક અટકચાળા અંતે કશા કામના નથી, એની પ્રતીતિ વહેલી – મોડી સૌ કોઈને થયા વિના રહેતી નથી. પ્રેમના પાવક વારિથી આર્દ્રતા ન પામ્યો હોય એવો ધર્મ રૂઢ જડ, ક્રિયાકાંડ માત્ર બની રહે છે. એથી માનવીની દાંભિકતાને ભલે ધરવ થાય, એનું હૈયું એથી ધરાતું નથી.

બુદ્ધિના બણગા પણ હૃદયની આરઝૂને પરિતૃપ્ત કરવા શકિતમાન નીવડતા નથી. બુદ્ધિએ સર્જેલી અનેક ભૂલભૂલામણીઓ તો માનવીની મૂર્તિને ઊલટાની એવી તો મૂંઝવી મારે છે કે કદીક તો આપઘાત સિવાય એનો ઉગારો પણ થતો નથી.

બાકી બચે છે માત્ર પ્રેમ. પ્રતિપાર ઉદાર બનતા જતા, જગતની તમામ જીવ–સૃષ્ટિને, સર્જનહારના તમામ સૃજન પર ચાંદનીની જેમ શાતા ઢોળતા પ્રેમની પરિપૂર્ણિતા, પ્રફુલ્લતા અને પાવકતાની આછીપાતળી યે પ્રતીતિ જેના હૈયાને સાંપડે છે, એની દૃષ્ટિ એની ગતિ જુદી હોય છે.

સંતાને મહંતોએ આવા દિવ્ય પાવક પ્રેમનો મહિમા ગાયો છે. યુગે યુગે કૃષ્ણ, ઈસા મસીહ કે બુદ્ધ – મહાવીર કે મહાત્મા ગાંધીની જેમ અવતરતા આવા મહાનુભાવો પ્રેમનો મહિમા બુલંદ સૂરે ગાય છે. જ્યાં જ્યાં એમની એ પ્રેરકવાણીના પડઘા પડે છે, ત્યાં ત્યાં પરિવર્તન એક પરમ શાંતિદાતા પ્રક્રિયા આરંભાતી હોય છે. વ્યકિતની આ અંગત અનુભૂતિ છે. જાહેરમાં લેવાતી પ્રતિજ્ઞાઓ, શપથવિધિઓથી આ અનુભૂતિ આગવી ને અનુપમ છે. હૃદયની ઊંડી ગુહામાંથી ઊઠતો ધીર ગંભીર સાદ માનવીના ચિત્તને પ્રેમની પરમ પાવનકારી જાહ્નવીના જળથી અભિસિકત કરી, એ નિર્મળીએ બોજરહિત, મુકત કરી સુખી કરી મૂકે છે.

પરંતુ આ સ્થિતિની પ્રાપ્તિ સરળ નથી. મહાનુભાવોની વાણી એમના મરણ બાદ મૂક બની જાય છે. એમના વચનો ગ્રન્થોમાં કેદ પૂરાઈ જાય છે. ગ્રંથો ઊઘડે છે તો મતલબપરસ્ત લોકો એમાંથી મનફાવતા અર્થો તારવી કાઢી ગૂંચો સૂલઝાવવાના બદલે ઊલટાની વધુ ગૂંચવે છે. એ ઊલટી – સૂલટી વાતો હૈયામાં રહેલા સાહજિક ચૈતન્યને પણ હણી નાખે છે. રહ્યો – સહ્યો પ્રકાશ પણ નષ્ટ થાય છે.

બુઝા હૈ જબસે દિલ મુજ હજીંકા
ચિરાગ જલતા નહીં કહીંકા–

–જ્યારથી મુજ દુખિયાનું દિલ બૂઝાઈ ગયું છે ત્યારથી ક્યાંય પણ દીવો સળગતો નથી. અને પછી દુનિયા આખી યે ભેંકાર ભાસે છે.

આજે આપણાં મનની આ સ્થિતિ છે – સૌની આ સ્થિતિ છે. મન ગૂંગળાય છે, જીવ મુરઝાય છે, આત્માનું ચૈતન્ય હણાય છે.

સૌના હાલ અત્યારે આવા છે :

મુખ્તસર હાલે – ચશ્મો – દિલ યહ હૈ,
ઈસકો આરામ ઉસકો ખ્વાબ નહીં.

–ટૂંકમાં આંખો અને દિલની હાલત એવી છે કે દિલને ચેન નથી, આંખોમાં ઊંઘ નથી.

સૌની સ્થિતિ જ્યાં આવી હોય તો કોઈને કોઈના તરફ સહાનુભૂતિ પણ ક્યાંથી હોય ? તમે જો દુ:ખના માર્યા ચીસ પાડી ઊઠશો તો–

હમસાયા શુનીદ નાલાઅમ ગુફ્ત
ખ્વાકાની રા દિગર શબ આપદ ?

–જ્યારે મારી ચીસ – મારો પોકાર પાડોશીઓના કાને પહોંચ્યો તો બોલ્યા કે લ્યો ભાઈ સાહેબની રાત પડી.

આ પરિસ્થિતિમાં પછી માનવીના ચિત્ત માટે બે જ વિકલ્પ રહે છે. કાં તો પાગલપણ કાં આપઘાત. બંનેમાંથી એકે સારી ચીજ નથી. આ સ્થિતિથી દૂર રહેવું હોય તો માણસે માણસ માટે મહોબ્બત રાખતા શીખવું પડશે.

આ મહોબ્બત ઔપચારિક હશે તો કશો અર્થ નહિ સરે. એ દિલનો અવાજ, આત્માની ઝંખના હશે, તો જ એ બંનેનું કલ્યાણ કરશે. આજે પ્રેમભાવના, સેવાની વાતો તો સૌ કરે છે, પણ એ વાતો જ છે. જ્યાં સુધી હૃદયની ઊંડી પ્રતીતિથી એ ઉચ્ચારણો થતા નથી, ત્યાં સુધી એ માત્ર બકવાસ જ બની રહે છે.

'હું – પદ'માં અંધ બનેલો માણસ આવી સાદી વાતો ઝટ સમજતો નથી. પ્રતિદિન નવી – નવી મહત્ત્વાકાંક્ષાઓનો નશો જેની બુદ્ધિ પર સવાર થતો જાય છે એ માણસ સાચી વસ્તુ સ્થિતિનું મૂલ્યાંકન કરવામાં ગોથું ખાઈ જાય છે ને એક નાની સરખી ભૂલથી વ્યકિત શું આખો સમાજ, આખું રાષ્ટ્ર પોતાના આદર્શથી સેંકડો ગાઉ દૂર રહી જાય છે. સમયની તે જ રફતાર સાથે કદમ મિલાવવાની એ શકિત ખોઈ બેસે છે. સમય કોઈની રાહ જોતો નથી. વણઝાર પર વણઝાર વહી જ જાય છે. જે રુકયા તે રહી પડે છે, ડગ્યા તે ડૂબી મરે છે અને આ બધું થાય છે એક નાની સરખી ભૂલમાંથી –

યહ લમહા ગાફિલ બૂદમ
બ સદ સાલા ર હમ દૂર શુદ.

–ફકત એક ક્ષણ બેપરવાહીથી કામ લીધું કે મંઝિલ સો સાલ દૂર રહી ગઈ.

આપણા પણ અત્યારે એ જ હાલ થયા છે.

પણ નિરાશ થવાની જરૂર નથી. ભૂલ્યાં ત્યાંથી ફરી ગણીએ. જાગ્યા ત્યાંથી સવાર. ફરી ભૂલ ન થાય તેની સાવધાની રાખીએ અને હૃદયમાં પ્રેમમંત્રનો ઘોષ જગવીએ. વેરઝેર ભૂલીએ. ગઈ ગુજરી ભૂલી જઈએ.

અને એ આપણી પોતાની, સૌની અને સમયની માગ છે. કાળની એ માગને ન અવગણીએ, પ્રેમનું મૂલ્ય સમજીએ કેમ કે–

રાહર્ખા રા અસ્તગી – એ – રાહ ને સ્ત
ઈશ્ક હમરાહ અસ્તો – હમ ખુદ મંજિલસ્ત.

–પ્રેમનો રસ્તો એવો છે કે જે પર ચાલનારને થાક નથી લાગતો, કેમ કે પ્રેમ જેની સાથે છે, એની સાથે જાણે ખૂદ એની મંજિલ જ હોય છે.

અનવર આગેવાન

# શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહનો અમૃતમહોત્સવ

"જૈન સાહિત્યની આધ્યાત્મિક પરિભાષામાં જો એક જ શબ્દમાં શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહનો તલસ્પર્શી પરિચય કરાવવાનો હોય તો તેઓને આપણે 'નગરસ્થવીર' તરીકે ઓળખાવી શકીએ" એવું મુંબઈ જૈન યુવક સંઘ તરફથી શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહના અમૃતમહોત્સવ અને તેમના જ ચિંતનાત્મક લેખ સંગ્રહ 'અવગાહન'નું પ્રકાશન કરવા માટે ભારતીય વિદ્યાભવન ખાતે યોજાયેલા પ્રસંગોચિત સમારંભમાં મુંબઈ યુનિવર્સિટીના ગુજરાતી વિભાગના વડા ડૉ. રમણભાઈ શાહે જણાવ્યું હતું.

મુંબઈ જૈન યુવક સંઘના જીવંત કાર્યકર્તા તરીકે ડૉ. રમણભાઈ શાહને શ્રી ચીમનભાઈના ઘનિષ્ઠ સંપર્કમાં આવવાનું હરહંમેશ બન્યું છે—તે ઉલ્લેખ સાથે જ ડૉ. શાહે જણાવ્યું હતું કે તેમનું જીવન પુરુષાર્થની ભવ્ય અદ્વિતીય ગાથા છે. વિનમ્ર અને સંકોચશીલ સ્વભાવના શ્રી ચીમનભાઈ હમેશાં પોતાનાં સાથીઓની પરખ કરીને તેમને આગળ કરવા પ્રયત્નશીલ હોય છે.

તેમની પ્રતિભા અંગે ડૉ. રમણભાઈ શાહે જણાવ્યું હતું કે બહુમુખી પ્રતિભા છે. લોકહિતચિંતક પત્રકાર છે, સમાજ સુધારક છે, તત્ત્વજ્ઞાનનું ઊંડું ચિંતન કર્યું છે. ઉપરાંત જો તેમને આપણે યોજક, સંયોજક જેવા શબ્દોથી મુલવીએ તો વ્યકિતત્વનો નિચોડ તેમાં તારવી શકાય!

મુંબઈ હાઈકોર્ટના જસ્ટીસ શ્રી. જે. એમ. ગાંધીના પ્રમુખસ્થાને યોજાયેલા આ સમારંભમાં સ્વાગત પ્રવચન કરતાં મુંબઈ જૈન યુવક સંઘના મંત્રી શ્રી ચીમનલાલ જે. શાહે જણાવ્યું હતું કે જૈન યુવક સંઘ માટે આ ગૌરવનો દિવસ છે, મને તેમનામાં તરવરીયા યુવાનની ચપળતાના દર્શન થાય છે.

આ પ્રસંગે સર્વશ્રી જ્યોતિન્દ્ર દવે, વાડીલાલ ડગલી, કાન્તિલાલ શેઠ, કૃષ્ણવીર દીક્ષિત, ખીમજી ભુજપુરિયા, રામપ્રસાદ બક્ષી, વિષ્ણુપ્રસાદ ત્રિવેદી, યશવંત શુકલ, ગાંધી સ્મારકનિધિ નવી દિલ્હી. ઈસ્માઈલભાઈ નાગોરી અને બેચરલાલ દોશી, ઉપરાંત સંખ્યાબંધ મિત્રો - શુભેચ્છકોના સંદેશા આવ્યા હતા.

શરૂઆતમાં શ્રી રતિભાઈ કોઠારીએ પોતાના પ્રવચનમાં જણાવ્યું હતું કે મુંબઈ જૈન યુવક સંઘના ૪૮ વર્ષના ઈતિહાસમાં અનેક નબક્કાઓ આવ્યા છે. આ પ્રસંગ અમારા માટે આનંદ અને ગૌરવની મિશ્ર લાગણીઓનો છે.

શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહની "પ્રબુદ્ધ જીવન"ની લેખિનીની નોંધ લેતાં તેમણે જણાવ્યું હતું કે છ વર્ષમાં પ્રબુદ્ધ જીવન એકમાન્ય વિચાર - પાક્ષિક બન્યું છે તેનો યશ શ્રી ચીમનભાઈના ફાળે જાય છે.

ચિંતનાત્મક લેખ સંગ્રહ 'અવગાહન'નું પ્રકાશન કરતાં મીઠીબાઈ કૉલેજના પ્રિન્સિપાલ શ્રી અમૃતલાલ યાજ્ઞિકે જણાવ્યું હતું કે ગુજરાતી સાહિત્યમાં અનોખી ભાત પાડે તેવો આ વિચાર સંગ્રહ છે. ગુજરાતી સાહિત્યમાં સર્જન ઘણું થાય છે, પરંતુ ચિંતનાત્મક પુસ્તકો ઘણાં ઓછાં છે. આ ગ્રંથ ગુજરાતી ભાષાને 'સમૃદ્ધ' કરે છે તેનો અમને આજે આનંદ છે.

'અવગાહન' પુસ્તક અંગે બોલતાં આચાર્ય યાજ્ઞિકે જણાવ્યું હતું કે તેમાં તત્ત્વગ્રાહી અને મુલગામી દષ્ટિ પડેલી છે. સ્વસ્થ, સૌમ્ય વિચાર ચિંતન છે. શૈલી 'સંવાદ'ની છે જૈન માળખામાં રહી કહેવું હોય તો 'સમ્યક્' શૈલી છે.

તેમણે જણાવ્યું હતું કે આજે આ પ્રસંગને હું ભારતીય સંસ્કૃતિએ જે આપ્યું છે તેનો અહીં ઉત્સવ છે એમ હું મુલવું છું.

આચાર્ય અમૃતલાલ યાજ્ઞિકે એક એવું સૂચન કર્યું હતું કે શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહના વિચારો એટલા પાયાના અને તંદુરસ્ત છે કે આને ભાષાના સીમાડામાં બાંધી રાખવા ઉચિત નથી તેથી આવા ચિંતનાત્મક પુસ્તકનું રાષ્ટ્રભાષા હિન્દીમાં પ્રકાશન થાય અને રાષ્ટ્રીય સ્તરે તેનો લાભ પ્રજાને મળે એ ઘણું જ જરૂરી અને ઉચિત છે.

પ્રમુખસ્થાનેથી જસ્ટીસ ગાંધી સાહેબે ઘણા વક્તાઓના પ્રવચન પછી પોતે જ પ્રશ્ન કર્યો હતો કે મને એમ થાય છે કે ચીમનભાઈ શું નથી?

તેમના વિશે ભલે આટલું બધું બોલી જવાયું હોય છતાં ભંડાર ખૂટે તેમ નથી!

જસ્ટીસ ગાંધીએ જણાવ્યું હતું કે શ્રી ચીમનભાઈ એક ઝવેરી છે પણ 'કન્ઝરવેટિવ' છે.—તેમની પારખ અજબની છે. અને એક વખત વ્યકિતને પારખીને તેની તપાસ કર્યા પછી અને પસંદગી થયા પછી તેઓ તેમના પર સંપૂર્ણ વિશ્વાસ પણ મૂકે છે.

જસ્ટીસ ગાંધીએ આ પ્રસંગે તેમના એ વખતના 'બાર'ના અણીશુદ્ધ ભારતીય વકીલોને યાદ કર્યા હતા અને જણાવ્યું હતું કે શ્રી કનૈયાલાલ મુનશી, શ્રી ત્રીકમલાલ દ્વારકાદાસ અને શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહે કદી ભારતીય વેશ છોડયો ન હતો!

પોતાના અંગત જીવનના કેટલાક પ્રસંગોને તાજા કરતાં જસ્ટીસ શ્રી ગાંધીએ જણાવ્યું હતું કે મને તેમનામાં સ્વાભીમાન, સાદાઈ અને ભારતીય સંસ્કૃતિનાગુણ ઘણા જ સ્પર્શી ગયા છે.

તેમણે જણાવ્યુ હતું કે બહુવિધ પ્રતિભા ધરાવનાર શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહે રાષ્ટ્રીય સ્તર ઉપર ઘણી જ મોટી જવાબદારીઓ ઉપાડી છે. બંધારણ ઘડવામાં તેમણે ફાળો આપ્યો હતો અને આજે બંધારણમાં સુધારા થયા ત્યારે પણ તેમણે પોતાનો મત નિભિકપણે વ્યકત કર્યો હતો.

શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહનું "વિચારમંથન" પ્રવાહી છે તેવું જણાવતાં જસ્ટીસ ગાંધીએ જણાવ્યું હતું કે બંધારણને ૨૫ વર્ષ થયા એ પ્રસંગે ઓલ ઈન્ડિયા રેડિયો ઉપર એક વાર્તાલાપ યોજાયો હતો તેમાં હું, શ્રી ચીમનભાઈ અને શ્રી વાડીલાલ ડગલી સામેલ હતા. એ વખતે શ્રી ચીમનભાઈએ એવો મત વ્યકત કર્યો હતો કે સમયની માગ પ્રમાણે જરૂર જણાવાય તો અહીં તહીં થોડા હળવા સુધારા કરવા જોઈએ.

આજે બે વર્ષ પછી અને સુધારાના અનુભવ પછી અને તેની જોગવાઈઓના ઉપયોગ પછી તેમણે પોતાની અખંડ વિચાર વાહિનીને કારણે વિચાર પરિવર્તન કર્યું છે. અને તે છૂપું પણ રાખ્યું નથી આ નીડરતા અને નિખાલસતા છે.

તેમણે જણાવ્યું હતું કે શ્રી ચીમનભાઈમાં જ્ઞાનયોગ, કર્મયોગ અને ભકિતયોગનો સમન્વય થયો છે. તેઓ સ્થિતપ્રજ્ઞની સ્થિતિએ મનને લાવી શકયા છે.

'જનશક્તિ'ના સંપાદક અને સાહિત્યકાર શ્રી હીરેન્દ્ર દવેએ આ પ્રસંગે જણાવ્યું હતું કે આપણે સુવર્ણજયંતી, રજતજયંતી આ બધું ઊજવીએ છીએ તેનો ભાવાર્થ શોધવા મેં પ્રયત્ન કર્યો પરંતુ મને કોઈ સમાધાનકારક ઉત્તર મળ્યો નહીં પણ મને લાગે છે કે 'અમૃતમહોત્સવ' ત્યારે જ ઊજવાય છે જ્યારે વ્યકિત પ્રત્યેનો આપણો આદર ચોક્કસ થઈ ગયો હોય અને તેમાં કોઈ પણ પ્રકારની ઓટ આવવાની ન હોય. એ જ પ્રકારનો આ અમૃતમહોત્સવ છે!

તેમણે જણાવ્યું હતું કે મોડી રાત સુધી મેં 'અવગાહન'ના પાનાં ફેરવ્યાં ત્યારે મને તેમાં જ સજજનાત્મક ચિંતન અને નિર્વ્યાજ



**શ્રી મુંબઈ જૈન યુવક સંઘના ઉપક્રમે શ્રી ચીમનલાલ ચકુભાઇનો અમૃતમહોત્સવ ઉજવાયો એ પ્રસંગે જસ્ટિસ ગાંધીસાહેબ 'છોંતેર છોડની છાબડી' અર્પણ કરી રહ્યા છે.**

સંસ્કારિતાના પરિમલનો પમરાટ અને પારદર્શક સંસ્કારિતાનો અનુભવ થયો.

શ્રી હરીન્દ્ર દવેએ જણાવ્યું હતું કે શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહના વિરલ - વિચાર ચિંતનનો સુંદર સુયોગ પ્રબુદ્ધ જીવનમાં થયેલો છે. આ એક પ્રખર વિચાર સમાહૃત ઘણું જ આકર્ષક અને કંઈક નવું મેળવવા જેવું છે.

એસ. એન. ડી.ટી. યુનિવર્સિટીના ઉપ-કુલપતિ અને લિંબડીમાં શ્રી ચીમનભાઈ ચકુભાઈ શાહના પાડોશી ડૉ. મધુરી બહેન શાહે જણાવ્યું હતું કે શ્રી ચીમનભાઈએ સ્વપુરુષાર્થમાંથી ઘણી જ સિદ્ધિઓ હાંસલ કરી છે. તેમણે કદી પરાજય જોયો કે સ્વીકાર્યો નથી.

નાદુરસ્ત તબિયત, ગરીબી અને અનેક અડચણો છતાં તેઓ છેક લીંબડીના પાણશીળાથી અહીં આવી નામના કાઢી ગયા છે તે પોતાની જ સિદ્ધિ છે.

સાહિત્યકાર કવિ શ્રી સુરેશ દલાલે શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહના વ્યકિતત્વને સચોટ શબ્દો દ્વારા ચિત્રાંકિત કર્યું હતું.

તેમણે વાપરેલા કેટલાક હૃદયસ્પર્શી છતાં અત્યંત ઉચિત અને કસોટી પર વિધાનો વિચાર, યાત્રાના સંઘ સાથે વિહાર, અનુભવી – જ્ઞાતિની ભોંય, વિચારના છોડને સીધો જ કાગળમાં જ વાવી લે છે કલમની ગતિ સીધી – સોંસરવી નથી, રોમેન્ટીક ઢબની શૈલિ કે રઝળપાટ કરવાની ટેવ નથી, શૈલી કેવી તો એમના જેટલી જ સાદી ! વાણીની સરળતા, શબ્દોની ગૂંચવાડો ઊભો થાય જ નહીં તેવી પસંદગી, આત્મદર્શનનો જીવ, બાહ્ય દંભના નહીં !'

આટલા ઘાટાદાર અને ઝીણવટભર્યા - શ્રી સુરેશ દલાલના પ્રવચને શ્રોતાઓ ખરેખર શ્રી ચીમનલાલ ચકુભાઈના "માનસ-પટના વ્યકિતત્વનો' શબ્દોદ્વારા સચિત્ર -ચિતાર પામી ગયા હતા તે તેમનું પ્રવચન પુરું થયા પછી મળેલા આવકારદ્વારા તરી આવતું હતું.

શ્રી સુરેશ દલાલનું પ્રવચન ખરેખર જ આખું સાંભળવા –વાંચવામાં જ શ્રી ચીમનભાઈને સુરેશભાઈની નજરમાં જોઈ શકાય! રિપોર્ટિંગથી એ જણાવવું કાચું અ ને અધકચરું ચિત્ર નિર્માણ કરે !

અખિલ ભારતીય જૈન કોન્ફરન્સના મંત્રી શ્રી ચંદનમલ ચાંદે જણાવ્યું હતું કે હું શ્રી ચીમનભાઈના ત્રણ ગુણો વ્યવહાર, વિચાર અને દર્શનથી ઘણો જ પ્રભાવિત થયો છું.

તેમણે એવી ફરિયાદ કરી હતી કે તમે શ્રી ચીમનભાઈના બહુ મૂલ્ય વિચારોને શા માટે ગુજરાતી ભાષામાં જ બાંધી રાખો છો? રાષ્ટ્રીય વિચારોને રાષ્ટ્રભાષા જાણનારાઓ સમક્ષ પણ તેના લાભ માટે આવવા દો.

શ્રી ચંદનમલ ચાંદે આ માટે અનુવાદ કે અન્ય રીતે પોતાની તમામ સેવાઓ ઉપલબ્ધ હશે તેવી ઉદાર ઓફર પણ મૂકી હતી

'૭૬ પુષ્પ- છાબડી' દ્વારા શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહનું સન્માન જસ્ટીસ શ્રી ગાંધીના હાથે કરવામાં આવ્યા બાદ શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહે અત્યંત ટૂંકુ છતાં મુદ્દાસરનું પ્રવચન કરતાં જણાવ્યું હતું કે આ દિવસની હું આતુરતાપૂર્વક રાહ જોતો હતો. સન્માન થાય એ માટે નહીં પરંતુ જે નબળું શરીરસ્વાસ્થ્ય છે તે જોતાં પરમેશ્વર ૭૫ વર્ષનું આયુષ્ય આપશે કે કેમ ? પણ પરમેશ્વરે કૃપા કરી છે અને મિત્રોની શુભેચ્છાનું એ પરિણામ છે.

તેમણે જણાવ્યું હતું કે મેં હમેશાં મારી જાતને વફાદાર રહેવા પ્રયત્ન કર્યો છે. વર્તવામાં વિવેક જાળવ્યો છે, વિવેક સાથે મક્કમતા પણ જાળવી છે. પરંતુ એ કોઈને આકરી લાગી નથી એવો અનુભવ પણ મને થયેલો છે.

શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહે જણાવ્યું હતું કે કોઈને ગમશે કે નહીં ગમે એની ચિંતા કર્યા વગર વિચારવંત જીવન જીવવા અને વર્તવા પ્રયત્ન કર્યો છે. અને આમ કરવા જતાં મને લાગે છે કોઈને કંઈ ખોટું લાગે નહીં.

તેમણે જણાવ્યું હતું કે પ્રતિક્ષણ મેં મારી જાતને તપાસવા પ્રયત્ન કર્યો છે. આજે પણ હું આ પ્રક્રિયા જારી જ રાખું છું.

મેં લખવા ખાતર કંઈ લખ્યું નથી. અંતરખોજ કરી છે, પ્રબુદ્ધ જીવનના લેખો હું ફરી વાંચું છું ત્યારે મને કેટલીક વતખ પ્રશ્ન પા થાય છે કે ખરેખર આ મેં લખ્યું હશે ? કેટલુંક ઉત્તમ લખાયું છે– તે તે પળે લખાયું હશે પરંતુ એ લખવા પાછળનો ઉદ્દેશ અંતરખોજ હતો.

શ્રી ચીમનભાઈએ જણાવ્યું હતું કે મુંબઈ જૈન યુવક સંઘ, બીજી ૩૦, ૪૦ સંસ્થાઓ પ્રબુદ્ધ જીવનના બે હજાર જેટલા વાંચકો, આ બધો મારો પરિવાર છે.

તેમણે જણાવ્યું હતું કે "સંયમ ખલુ ધમ્મ' આ પ્રમાણે જીવવા મેં પ્રયત્ન કર્યો છે અને કોઈનું દુઃખ વધારવા મેં પ્રયત્ન નથી કર્યો અને ઘટાડવા જ પ્રયત્ન કર્યો છે ને ? એમ હું સતત ખ્યાલમાં રાખ્યા કરું છું. મેં કોઈને ઈરાદાપૂર્વક દુઃખ આપ્યું નથી પણ યત કિંચિત ઘટાડવા પ્રયત્ન કર્યો છે.

શ્રી ચીમનભાઈએ વિનમ્રતાપૂર્વક જણાવ્યું હતું કે હું નથી પત્રકાર, નથી સાક્ષર, હું તો અનુભવમાંથી લખું છું.

તેમણે જણાવ્યું હતું કે મારા ઉપર સોક્રેટિસ ટોલ્સ્ટો, ગાંધીજી, શ્રીમદ્ રાજચંદ્ર, આલ્બર્ટ સ્વાઈત્ઝર અને ટોલ્સ્ટોયની અસર પડી છે એ સાચું છે. હું કલ્પના કરું છું કે ઝેરનો પ્યાલો ગટગટાવી જનાર એ પૂર્વ જ્યારે સ્વસ્થતાથી - નમ્રતાથી આત્મા ઉપર–પ્રવચન આપે ત્યારે એ કેટલો સ્થિતિપ્રજ્ઞ હશે !

સંકલન: કનુ મહેતા

માલિક: શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, મુદ્રક અને પ્રકાશક: શ્રી ચીમનલાલ જે. શાહ, પ્રકાશન સ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ ૪૦૦ ૦૦૪. ટે. નં. ૩૫૦૨૯૬. મુદ્રણસ્થાન: ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, કોટ, મુંબઈ ૪૦૦ ૦૦૧.

Regd. No. MA. By South 54
Licence No.: 37

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૩૯ : અંક : ૨૩

# પ્રબુદ્ધ જીવન

મુંબઇ, ૧ એપ્રિલ ૧૯૭૭, શુક્રવાર
વાર્ષિક લવાજમ રૂા. ૧૦, પરદેશ માટે શિલિંગ : ૩૦

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ ૦–૫૦ પૈસા

તંત્રી : ચીમનલાલ ચકુભાઈ શાહ

## ભગવાન મહાવીરનો ધર્મમાર્ગ

૧. જે આત્મા છે તે વિજ્ઞાતા છે, જે વિજ્ઞાતા છે તે આત્મા છે. જેને જાણી શકાય છે તે આત્મા છે. જાણવાની શકિતથી જ આત્માની પ્રતીતિ થાય છે.

૨. શરીરધારિ આત્માના ત્રણ પ્રકાર છે. પરમાત્મા, અન્તરાત્મા અને બહિરાત્મા. બહિરાત્માનો ત્યાગ કરી, અન્તરાત્મા દ્વારા પરમાત્માનું ધ્યાન થઈ શકે છે.

૩. ઈન્દ્રિયો બહિરાત્મા છે, આત્મામાં જ આત્માનો સંકલ્પ કરવાવાળો અન્તરાત્મા છે. કર્મકલંકથી વિમુકત આત્મા પરમાત્મા છે. તેને જ દેવ કહે છે.

૪. (મનમાં ચિંતન કર) મારો આત્મા જ વૈતરણી નદી છે; અને એ જ કૂટ શાલ્પલી વૃક્ષ છે. મારો આત્મા કામદુધા ધેનુ અને મારો આત્મા જ નંદનવન છે.

૫. મારો આત્મા જ (મારા) સુખદુ:ખનો કર્તા છે. અને એ જ દુ:ખ અને સુખનો વિકર્તા (ક્ષય કરવાવાળો) છે. સદાચારમાં પ્રવૃત્ત આત્મા (પોતાનો) મિત્ર છે અને દુરાચારમાં પ્રવૃત્ત આત્મા (પોતાનો) શત્રુ છે.

૬. પોતાનો દુરાચાર મનુષ્યનું જે અનિષ્ટ કરે છે એવું અનિષ્ટ શીરચ્છેદ કરવાવાળો શત્રુ પણ નથી કરી શકતો.

૭. હે પ્રાણી, તારા આત્માના દુર્ગુણો સાથે જ યુદ્ધ કર બીજા સાથે યુદ્ધ કરવાનું શું પ્રયોજન છે? દુષ્ટ (રાગ દ્વેષયુકત) આત્મા સાથે યુદ્ધ કરવા યોગ્ય સામગ્રી (મનુષ્ય ભવ, ધર્મ-શ્રવણ વિગેરે) ફરી ફરી મળવી દુર્લભ છે.

૮. (દુષ્ટ) આત્માનું દમન કરવું જોઈએ. કારણ, વાસ્તવમાં (દુષ્ટ) આત્મા જ દુર્દમ છે. જે પોતાના (વસાનાયુકત) આત્માનું દમન કરે છે તે આ લોક અને પરલોકમાં સુખી થાય છે.

૯. પાંચ ઈંદ્રિયો, ક્રોધ, માન, માયા, લોભ અને પોતાનો દુર્જય (વાસનાયુકત) આત્મા - આ દસ શત્રુઓ છે. પોતાના (આવા) આત્મા ને જીતતા, સઘળું, જીતી લેવાય છે.

૧૦. મૂર્ખ મનુષ્યની મૂર્ખતા એ હોય છે કે પાપ-કર્મ કર્યા પછી તેનો અસ્વીકાર કરે છે. આ રીતે નિન્દાથી બચવાની કામના કરવાવાળો અસંયમી મનુષ્ય બમણું પાપ કરે છે.

૧૧. વિવેકી પુરુષ જાણે અજાણે કોઈ અધર્મ કૃત્ય કરી બેસે તો પોતાના આત્માને શિઘ્ર તેનાથી હટાવી લે છે અને બીજી વખત એવું કૃત્ય કરતો નથી.

૧૨. જ્યારે પણ પોતાની જાતને, મન, વચન, કાયાથી દુષ્કૃત્યમાં પ્રવૃત્ત થતા જુએ તો ધીર પુરુષે, લગામથી ઘોડાને ખેંચે તેમ, પોતાની જાતને, આવી દુષ્પ્રવૃત્તિથી ખેંચી લેવી.

૧૩. બીજા લોકો દ્વારા વધ અથવા બન્ધનથી દમન થાય, એવું થવા ન દેવું. બીજા દ્વારા દમન થાય તેની અપેક્ષા સંયમ અને તપથી હું જ મારા (વાસનાયુકત) આત્માનું દમન કરું એ જ યોગ્ય છે.

૧૪. જે વ્યકિત દુર્જય સંગ્રામમાં હજાર-હજાર શત્રુઓને જીતે છે તેના કરતાં જે કેવળ પોતાના (વાસનાયુકત) આત્માને જીતે છે તે શ્રેષ્ઠ વિજય છે.

૧૫. ઉત્તમ ક્ષમા, ઉત્તમ માર્દવ, ઉત્તમ આર્જવ, ઉત્તમ સત્ય, ઉત્તમ શૌચ, ઉત્તમ સંયમ, ઉત્તમ તપ, ઉત્તમ ત્યાગ, ઉત્તમ આકિંચન, ઉત્તમ બ્રહ્મચર્ય, ધર્મના આ દસ ભેદ છે.

૧૬. ધર્મ ઉત્કૃષ્ટ મંગલ છે. (ધર્મ એટલે) અહિંસા, સંયમ અને તપ. આવો ધર્મ જેના મનમાં વસ્યો છે તેને દેવો પણ નમસ્કાર કરે છે.

(મહાવીર જયન્તીના પ્રસંગે આત્મ ચિન્તન માટે, ઉપદેશામૃત)

૨૮-૩-૭૭ —ચીમનલાલ ચકુભાઈ

## ✻ પ્રતિજ્ઞા ✻

(રાજઘાટ ઉપર ગાંધીજીની સમાધિ સમીપે જનતા પક્ષ અને લોકશાહી કોંગ્રેસના ઉમેદવારોએ લીધેલી પ્રતિજ્ઞા).

અમે, ભારતની જનતાના ચૂંટાયેલા પ્રતિનિધિઓ અત્રે રાષ્ટ્રપિતા ગાંધીજીની સમાધિ પાસે એકત્ર થઈને તેમની પાસેથી પ્રેરણા વાંચ્છીએ છીએ અને નીચે મુજબ સન્નિષ્ઠ ઉપક્રમ અર્થે ગંભીર ભાવે પ્રતિજ્ઞા લઈએ છીએ:

રાષ્ટ્રપિતાનાં અધૂરાં કાર્યો પરિપૂર્ણ કરવાં; આપણા લોકોની સેવા કરવી અને તેમાંના સૌથી નબળા વર્ગ માટે બનતું બધું જ કરવું:

આપણા પ્રજાસત્તાકનાં નાગરિકોનાં જીવન અને સ્વાધીનતાના જન્મસિદ્ધ અધિકારોનું જતન કરવું.

રાષ્ટ્રપિતાના જીવન અને કાર્ય દ્વારા સૂચવાયેલી નિશ્ચિત દિશાને ખ્યાલમાં રાખીને અને સ્વાર્પણની ભાવનાને આત્મસાત કરીને સહિયારી રીતે કાર્ય કરતા રહીને રાષ્ટ્રીય ઐકય તથા સુમેળની સ્થાપનાને ઉત્તેજન આપવું.

અંગત રીતે તથા જાહેર જીવનમાં સાદગી અને પ્રમાણિકતાનું આચરણ કરવું;

ગાંધીજીના આશીર્વાદ અમારો કાર્યપથ અજવાળી રહો!

# જનતાનો ફેંસલો

અલ્હાબાદ હાઈકોર્ટના ચુકાદાએ સર્જેલી સ્થિતિનો જનતાના ફેંસલાએ ૨૦ માસ પછી અંત આણ્યો છે. બન્ને એટલા જ અણ-ધાર્યા હતા. એકની અવગણના કરી, બીજાની થઈ ન શકી. એ જ રાયબરેલી, એ જ રાજનારાયણ અને એ જ ઈન્દિરા ગાંધી. લોકસભાની આ ઐતિહાસિક ચૂંટણીના કલ્પનાતીત પરિણામોએ દેશ અને દુનિયાને આશ્ચર્યચકિત કર્યા છે. ૨૦ માસના ભયંકર દુ:સ્વપ્નનો અંત આવ્યો છે. ચૂંટણી જાહેર થઈ ત્યારે પ્રજા ભયગ્રસ્ત હતી. ચૂંટણી મુકત અને નિર્ભય થવાની ગંભીર શંકા હતી. ધીમે ધીમે ભય ઓછો થતો ગયો. મતદાન મોટે ભાગે નિર્ભયતાથી થયું. પરિણામોએ ફરી ભયમુકિત અર્પી. આ ચૂંટણીને સ્વાતંત્ર્યની બીજી લડત ગણી છે. શાંતિમય ક્રાન્તિ લેખી છે. વિદેશી પરાધીનતામાંથી મુકિત મેળવી, સ્વદેશી ગુલામી માથે આવી પડવાનો ભય પેદા થયો, તેમાંથી મુકિત મેળવી. આ ચૂંટણીમાં ઈંદિરા ગાંધી કે કોંગ્રેસ સફળ થયાં હોત તો આપખુદીના અને ગુલામીનાં મૂળ ઊંડા જાત. તેને ઉખેડતાં વર્ષો નીકળી જાત, ભારે કિંમત ચૂકવવી પડત. એ મૂળ ઊંડા જાય તે પહેલાં જ તેને ફગાવી દેવાની પ્રજાને તક મળી. પ્રજાએ તે તક ઝડપી લીધી એટલું જ નહિ પણ અસં-દિગ્ધપણે ફેંસલો આપ્યો કે પ્રજા, આપખુદી કોઈ સંજોગોમાં સહન નહિ કરે. આ ખરેખર બીજી ક્રાન્તિ છે. સત્તા પલટો થયો છે. ૩૦ વર્ષનાં (૧૮ મહિના બાદ કરતાં) નહેરુ કુટુમ્બના શાસનનો અંત આવ્યો છે. આ શાસન વંશપરંપરાગત થવાની બધી તૈયારીઓ થઈ રહી હતી તે નિષ્ફળ ગઈ. એટલું જ નહિ, ૩૦ વર્ષના કોંગ્રેસના શાસનનો અંત આવ્યો છે. સ્વતંત્રતા મળ્યા પછી ગાંધીજીએ કોંગ્રેસનું વિસર્જન કરવાની સલાહ આપી હતી. દેશને રાજકીય આઝાદી અપાવવાનું કૉંગ્રેસનું ધ્યેય પૂર્ણ થયું હતું. તેના ભવ્ય ભૂતકાળને કોઈ પક્ષ કે વ્યકિત વટાવી ન જાય તે જરૂરનું હતું. હવે એક નવો યુગ શરૂ થાય છે.

ઈન્દિરા ગાંધીનો ઉપકાર માનવો જોઈએ કે તેમણે ચૂંટણી યોજી. તેમની ગમે તે મુરાદ હોય, પરિણામ શુભ અને મંગળમય આવ્યું છે. પ્રજાનો આત્મા મૂર્છિત થયો હતો; ફરી જાગ્રત થયો છે. એટલું જ નહિ ભવિષ્ય માટે બધાને ગંભીર ચેતવણી આપી છે. આપણા દેશને જ નહિ પણ દુનિયાને બોધપાઠ મળ્યો છે.

This Historic election will reverberate for a long time and in many lands who will take courage that despotism can be fought by non-violent means if people have the courage to do so. અમેરિકા નિક્સનને હઠાવી શકે છે તો ભારત પણ ઈન્દિરા ગાંધીને હઠાવી શકે છે. ઉન્નત મસ્તકે આ દેશ ગૌરવપૂર્ણ સ્થાન દુનિયામાં પ્રાપ્ત કરે છે.

વ્યાપક માન્યતા હતી કે ઈન્દિરા ગાંધી કોઈ સંજોગોમાં સત્તા નહિ છોડે. તેમની સત્તાલાલસા જોતાં, આ માન્યતા પાયાવિનાની ન હતી. તેમણે ચૂંટણી કેમ યોજી? પોતે અથવા કોંગ્રેસ હારી જશે એવી કલ્પના સ્વપ્ને પણ તેમને ન હતી, કોઈને ન હતી. પ્રજાના અંતરમાં કેટલી આગ સળગતી હતી તેનું માપ કોઈને ન હતું. એમ લાગતું હતું કે આ પ્રજા કાયર છે, નિર્વીર્ય છે. ગાંધીએ શીખવેલ નિર્ભયતાના પાઠો ક્ષણિક હતા. ઈન્દિરા ગાંધી જ નહિ પણ મોટા ભાગના લોકો એમ માનતા થયા હતા કે સ્વતંત્રતા વિગેરે વાતો થોડા બુદ્ધિવાદી અને શહેરી લોકોનો વાણીવિલાસ છે, ગ્રામજનોને તેની પડી નથી. તેમને માત્ર રોટી સાથે જ સંબંધ છે.

The theory that democracy is important only to intellectuals or middle class citizens has been belied. An impoverished people rejected the siren song of authoritarianism every where, that bread must be bought at the cost of freedom. રોટી માટે સ્વતંત્રતા અને માનવતા ગૌરવ વેચવા ગરીબ માણસ પણ તૈયાર નથી એ સિદ્ધ થયું છે.

પોતે અને કોંગ્રેસ હારી જશે એવી કલ્પના કે શંકા પણ હોત તો ચૂંટણી ન જ યોજાત. ચૂંટણી દરમિયાન પણ એવી શંકા આવી હોત તો ગમે તે પગલાં લઈ આ પરિણામ અટકાવત. ચૂંટણીમાં ગોલમાલ કરત અથવા બીજાં પગલાં લેત. આપખુદ સત્તાધિશોનું એ મહા દુર્ભાગ્ય હોય છે કે તેઓ પ્રજાથી સર્વથા વિમુખ થઈ જાય છે. પોતે લોકપ્રિય છે એવા ભ્રમમાં રહે છે. અથવા ધાકધમકીથી પ્રજાને સદા દબાવી શકાય છે; એમ માને છે. વર્તમાનપત્રોની સ્વતંત્રતા હણી, પ્રજામત જાણવાના દ્વાર બંધ કરે છે. તેમની આસપાસ ખુશામતખોરોનું ટોળું જામે છે, જે સત્ય જાણવા દેતા નથી; એટલું જ નહિ પણ તેમને પ્રિય હોય એવું જ કહી તેમનું અહમ્ પોષે છે. પરિણામો આવવાં શરૂ થયાં અને આ ભ્રમ ભાંગ્યો ત્યારે બીજા કોઈ પગલાં લેવાનું અશકય બન્યું હતું. It was too late.

જે બન્યું તે માત્ર જનતા મોજું ન હતું. મોટું વાવાઝોડું હતું. ધરતીકંપ હતો. ઉત્તરભારતના હિન્દીભાષી છ રાજ્યો અને પશ્ચિમ બંગાલ તથા ઓરિસામાંથી કોંગ્રેસ નામશેષ થઈ ગઈ. ગુજરાત-મહારાષ્ટ્રમાં મોટો ફટકો પડયો. જે દુષ્ટ માણસો ઈન્દિરા ગાંધી આસપાસ વીંટળાયા હતા તે બધા સાફ થઈ ગયા. કોઈ બચ્યું નહિ. ઈન્દિરા ગાંધીએ આ ચૂંટણી ન યોજી હોત તો શું થાત? પ્રજા ગુલામી સ્વીકારી લેત? અત્યારે વાવાઝોડાથી પત્યું, પછી જવાળામુખી ફાટત. અત્યારે શાન્તિથી ક્રાન્તિ કરી, પછી ભારે કિંમત ચૂકવવી પડત. આ લોકોનો વિજય છે, કોઈ આગેવાન કે પક્ષનો નહિ. આ માત્ર રાજકીય ફેરફાર નથી, આ મહાન નૈતિક વિજય છે. નૈતિક મૂલ્યોને આધારે જ પ્રજાનો આત્મા જાગૃત કરી શકાય. ગાંધીજીએ એ જ કર્યું. માત્ર આર્થિક કે રાજકીય પ્રશ્નો ઉપર ક્રાંતિ ન થાય. આપણું પરમ સદ્‌ભાગ્ય કે બહુ ટૂંક સમયમાં જ આવી તક મળી. તેથી જ શાંતિમય માર્ગે થઈ શકયું. ભારતવર્ષે દુનિયાને ફરી નવો રાહ બતાવ્યો છે. આ મહાન બનાવની સમીક્ષા દુનિયાના રાજકીય નિરીક્ષકો કરતા રહેશે. આપણને પણ તેનું મહત્ત્વ પૂરું સમજતાં હજી સમય જશે.

આ દેશની બીજી વિશેષતા તો જુઓ. ઈન્દિરા ગાંધી પરિ-ણામને પૂરી રીતે સ્વીકારે છે. નવી સરકારને સહકારનો કોલ આપે છે, પોતાની શુભ કામનાઓ આપે છે. જગજીવનરામ, ઈન્દિરાનું અપમાન થાય કે તેની લાગણી દુભાય એવું કાંઈ ન કરવા પ્રજાને વિનંતી કરે છે. સરળતાથી નવી સરકારની રચના થાય છે. જાણે કાંઈ અસાધારણ બન્યું નથી. આ બધુ માત્ર દેખાવ કે શિષ્ટાચાર નથી. આ દેશની સંસ્કૃતિનો વારસો છે. આ ગાંધીનો દેશ છે. દુનિયાના કયા દેશમાં આપખુદ સત્તા કે સરમુખત્યારને આવી સભ્ય-તાથી દૂર કરી શકાય અથવા છૂટી શકે?

આ ચમત્કાર કેમ બન્યો? એક જ જવાબ છે, પ્રજાનો આત્મા જાગ્રત છે, બળવાન છે. માત્ર મૂર્છિત થયો હતો. નસબંધીના જુલમો, ગરીબોના ઝૂંપડાઓ બુલડોઝરથી ધરાશાયી કરવાના અત્યાચારો, ચારે તરફ ભય અને ત્રાસ, ,આ બધા બનાવોએ અને ભાવિની ચિન્તાએ પ્રજાને આઘાત આપ્યો હતો. તેની ચેતના જાગી ઊઠી. ગરીબ, અભણ, ગામડિયો કાંઈ સમજે નહિ એવું માનવાવાળા, આ પ્રજાને ઓળખી લે. પુખ્ત વય મતાધિકાર નક્કી કર્યો ત્યારે આ વાતની પૂરી વિચારણા કરી હતી.

People understand their interests better than political strategists. પ્રજાની સાદી સમજણમાં અને સંસ્કારિ-

તામાં વિશ્વાસ મૂકયો હતો તે સાર્થક થયો છે. અસ્થિરતા કે અરાજકતાનો ભય, મુકત સમાજના અંતિમ ધ્યેયમાંથી પ્રજાને વિચલિત કરી શકયો નથી. તેનું હૈયું સાબૂત છે, જોખમ ખેડવા તૈયાર છે. મત આપનારને આવી બધી વાતની સ્પષ્ટ સમજણ નહિં હોય; પણ તેનો અંતરાત્મા સાચે માર્ગે તેને દોરી ગયો. આ ૨૦ મહિનાના અંધકારમાં પણ અંતરાત્માના અવાજને મુઠીભર લોકોએ જાગ્રત રાખ્યો હતો. કોડિયાએ જ્યોતને જલતી રાખી હતી. કોઈ જજ, કોઈ વર્તમાનપત્ર, કોઈ ધારાશાસ્ત્રી, કેટલાય સત્યાગ્રહીઓ, લેખકો, એક અથવા બીજી રીતે, તેમાં નિમિત્ત બન્યા.

ઈન્દિરા ગાંધીએ ૧૧ વર્ષમાં ઘણાં સારાં કામો કર્યાં છે. તેમની શકિત અને દૃઢ નિશ્ચયબળ વિષે શંકા નથી. પણ તેમની સત્તાને પડકાર થયો ત્યારે કોઈ પણ ભોગે અને માર્ગે સત્તા ટકાવી રાખવાની લાલસા જાગી અને તેમાં સંજય ગાંધી અને તેના સાથીઓએ, બધીરીતે માઝા મૂકી, સત્તાનું નગ્ન તાંડવ ખેલ્યું. ફરીથી આવું ન બને તેની પૂરી તકેદારી રાખવી પડશે.

આ ચૂંટણીનાં પરિણામોમાં જનતા પક્ષના વિજય કરતાં કોંગ્રેસનો ઘોર પરાજય વધારે કારણભૂત છે.

જનતા પક્ષના કોઈ આકર્ષક આર્થિક કાર્યક્રમ કરતાં ૨૦ મહિના દરમિયાન થયેલ અત્યાચારો અને જુલમોને કારણે કૉંગ્રેસ પ્રત્યે ઊંડો ધિક્કાર પ્રજાના દીલમાં ભર્યો હતો. ઉત્તર ભારત અને દક્ષિણના પરિણામો આ હકીકત વધારે સ્પષ્ટ કરે છે.

જનતા પક્ષ સમક્ષ વિકટ સમસ્યાઓ પડી છે. એ પક્ષને હજી સંગઠિત થવાનું બાકી છે. અત્યારે તે માત્ર એક સંસદીય પક્ષ છે. દેશમાં તેનું તંત્ર નથી, લોક સંપર્કના માર્ગો હજી ઊભા કરવાના છે. આર્થિક સમસ્યાઓ ગંભીર છે. ગરીબાઈ, બેકારી, મોંઘવારી, ફુગાવો, ભ્રષ્ટાચાર બધા પ્રશ્નો મોં ફાડીને ઊભા છે. પ્રજાની આકાંક્ષાઓ મોટી છે. વિના વિલંબ રાહત માગશે. જગજીવનરામના પક્ષે જુદા રહેવાનું પસંદ કર્યું તે બહુ શુભ ચિહ્ન નથી. કૉંગ્રેસનું ભાવિ અનિશ્ચિત છે. એક રાજકીય પક્ષ તરીકે ટકી રહેશે કે તેનું વિસર્જન થશે તે જોવાનું રહે છે. ઈન્દિરા ગાંધી શું કરશે તે પણ જોવાનું રહે છે. રાજકીય વ્યકિતઓમાં રાતોરાત હૃદયપલટો થતો નથી. પરિસ્થિતિ કેટલોક સમય સારી પેઠે પ્રવાહિત રહેશે. મોરારજીભાઈને શીરે ૮૧ વર્ષની ઉંમરે મોટી જવાબદારી આવી છે. પ્રજાની સદ્ભાવના એમને માટે મોટું બળ છે. પ્રજાએ જનતા પક્ષ અને લોકશાહી કૉંગ્રેસમાં જે વિશ્વાસ મૂકયો છે તેને પાત્ર થાય એવી આશા રાખીએ.

લોકશાહીના આ મહાન વિજયનો યશ લોકોને છે, પણ આગેવાનના માર્ગદર્શન વિના, લોકોને દિશા સ્પષ્ટપણે સૂઝતી નથી હોતી. આવા માર્ગદર્શનનો યશ કોઈ એક વ્યકિતને આપવો હોય તો શ્રી જયપ્રકાશ નારાયણને આપવો જોઈએ. આ દેશના કલ્યાણ માટે ઈશ્વરે તેમને બચાવ્યા એમ કહીએ તો અતિશયોકિત નથી. તેમના દૃઢ સંકલ્પબળે, ભાંગેલા શરીરે, તેમણે જે કાર્ય કર્યું છે તેની તુલનામાં કોઈ આવે તેમ નથી. જયપ્રકાશ પટણા જવાના હતા તેને આગલે દિવસે જસલોકમાં હું તેમને મળ્યો ત્યારે ચૂંટણીના આવાં પરિણામો આવશે એવી કલ્પના ન હતી, છતાં જનતા પક્ષને દેશભરમાં જે ટેકો મળી રહ્યો હતો તે ઉપરથી મેં તેમને કહ્યું કે તમારું સ્વપ્ન સિદ્ધ થશે. તેઓ ગળગળા થઈ ગયા. આપણે પ્રભુ પાસે પ્રાર્થીએ કે તેમનું માર્ગદર્શન લાંબો સમય દેશને મળતું રહે.

૨૫-૩-'૭૭ **ચીમનલાલ ચકુભાઈ**

## ચૂંટણી પછી

૨૩મી માર્ચે ચૂંટણીના બધા પરિણામો આવી ગયા ત્યારે જણાયું કે જનતા પક્ષને સ્પષ્ટ બહુમતી મળી છે અને રાજ્યધુરા સંભાળવા બીજા કોઈ પક્ષની મદદ લેવાની અનિવાર્ય જરૂર નહિ પડે. પરિણામે કૉંગ્રેસની ગણતરી ઊંધી વળી એટલું જ નહિ પણ જગજીવનરામની ગણતરી પણ ખોટી પડી. લોકશાહી કોંગ્રેસને ૩૦ ૩૫ થી વધારે બેઠક મળશે નહિ એ જાણીતું હતું, પણ એવી માન્યતા હતી કે પરિણામ એવું આવશે કે ત્રાજવાની દાંડી. જગજીવનરામના હાથમાં રહેશે અને નવી સરકારની રચનામાં તેમનો ઉપર હાથ રહેશે. ચૂંટણી પછી લોકશાહી કોંગ્રેસ જનતા પક્ષમાં વિલીન થશે કે પોતાનું અસ્તિત્વ જાળવી રાખશે એ પ્રશ્ન ઈરાદાપૂર્વક લટકતો રાખ્યો અને પોતે તેનો નિર્ણય કરવાનાં સત્તા લીધી હતી. એમ પણ કહ્યું હતું કે લોકસભામાં જનતા પક્ષ અને લોકશાહી કોંગ્રેસ એક પક્ષ તરીકે કામ કરશે પણ પાર્લામેન્ટ બહાર લોકશાહી, કોંગ્રેસ અલગ પક્ષ રહેશે. ટૂંકામાં જગજીવનરામે પોતાને અનુકૂળ કોઈ પણ નિર્ણય કરવાનો અવકાશ રાખ્યો હતો.

આવા સંજોગોમાં વડા પ્રધાન પદ માટે નેતાની વરણી કરવાનો પ્રસંગ આવ્યો ત્યારે, સ્પષ્ટ સમજૂતી વિના, બન્ને પક્ષના સભ્યોએ સાથે મળી નેતા ચૂંટવાની તૈયારી કરી. નાટક જોરથી ચાલતું હતું. પહેલાં એમ નક્કી થયું કે, જયપ્રકાશ અને કૃપલાણી બધા સભ્યોને મળી દરેકનો મત ખાનગી રીતે જાણી લેશે અને બહુમતી કોના તરફ છે તે નક્કી કરશે. તુરત પવન બદલાયો અને દરેકને મળી મત જાણવાને બદલે, જયપ્રકાશ અને ક્રિપલાણીને યોગ્ય લાગે તેવો નિર્ણય લેવાનો બન્ને પક્ષના સભ્યોએ સર્વાનુમતે નિર્ણય કર્યો. આ બેઠકમાં જગજીવનરામ હાજર હતા. પણ જ્યારે તેમણે જાણ્યું કે, નિર્ણય મોરારજીભાઈની તરફેણમાં જાય છે ત્યારે મિજાજ બદલાયો. ત્યાર પછીની પક્ષની વિધિસરની બેઠકમાં હાજર ન રહ્યા. આ બેઠકમાં પણ બન્ને પક્ષના સભ્યો હાજર હતા અને નિર્ણય જાહેર કરતા પહેલાં ક્રિપલાણીએ ફરી સભ્યોને પૂછી જોયું કે, તેમનો નિર્ણય સૌને માન્ય છે ને? અને સૌએ સંમતિ આપી. ત્યાર બાદ મોરારજીભાઈનું નામ જાહેર થયું. થોડા કલાક બાદ વડા પ્રધાન તરીકે તેમના એકલાનો સોગંદવિધિ થયો. તેમાં જગજીવનરામ અને બહુગુણા હાજર ન રહ્યા ત્યાર પછીના ત્રણ દિવસમાં શેતરંજના કાંઈક દાવ ખેલાયા. વિજયાલક્ષ્મી પંડિત ગુસ્સે થઈ લોકશાહી કોંગ્રેસમાંથી છૂટાં થયાં. (૨૪ કલાક પહેલાં જ જોડાયા હતા) મોરારજીભાઈ પ્રધાનમંડળની રચનામાં પડયા. જગજીવનરામ અને બહુગુણાને મનાવવાના સતત પ્રયત્ન ચાલુ રહ્યા. જયપ્રકાશની તબિયત બગડતાં મુંબઈ આવવું પડયું. ફર્નાન્ડીઝ અને રાજનારાયણ પણ છટકયા. ચરણસિંહની કીંમત વધી પડી. બહુગુણા અને ચરણસિંહની જૂની હરીફાઈ અને ઈર્ષા બહાર આવ્યાં. મોરારજીભાઈએ છેલ્લો દાવ ફેંકયો અને જગજીવનરામને મળવા ગયા. પડદા પાછળ કાંઈક રમત રમાતી રહી. મંત્રીમંડળની જાહેરાત થઈ તેમાં જગજીવનરામ, બહુગુણા વિગેરેનાં નામો જાહેર થયાં પણ સોગંદ લેવા ન ગયાં. બધાય કાવાદાવા ખેલાયા, લોકો સ્તબ્ધ થઈ જોઈ રહ્યા. છેવટે લોકો ત્રાસ્યા અને બાજી પોતાના હાથમાં લીધી. જગજીવનરામ અને ફર્નાન્ડીઝને લોકોએ પોતાનો મિજાજ બતાવી દીધો. મુંબઈથી જયપ્રકાશે આગ્રહભરી અપીલ કરી છેવટે ૨૭ મી તારીખે બપોરે જગજીવનરામે હોદ્દા કે સ્થાનને ધ્યાનમાં લીધા વિના શ્રી મોરારજીભાઈને બિનશરતી ટેકો જાહેર કર્યો. આ એકદમ હૃદયપલટો કેમ થયો? એક નંબર, બે નંબરની રમત કયાં ગઈ? જગજીવનરામે જોયું કે, હવે જો તાણશે તો તૂટી જશે અને સદંતર રહી જશે. તેમાં અન્ના ડી. એમ. કે. એ જનતા

પક્ષને બિનશરતી ટેકો જાહેર કર્યો એટલે લોકશાહી કોંગ્રેસની બધી કિંમત ઘટી ગઈ.

એ સ્પષ્ટ છે કે આ સંજોગોમાં મોરારજીભાઈ સિવાય બીજા કોઈને વડા પ્રધાન બનાવી શકાય તેમ ન હતું. જગજીવનરામને નાયબ વડા પ્રધાન બનાવી શકાત. પણ નિર્ણય કરવાના તેમના વિલંબને કારણે કોકડું ગુંચવાઈ ગયું અને છેવટ બિનશરતે તેમને જોડાવું પડયું. ચરણસિંહે નાયબ વડા પ્રધાનપદની માંગણી કરી હોય તો ગેરવ્યાજબી હતું.

આ નાટકનો બોધપાઠ શું છે? એ કે આ બધા હતા તેવા જ માટી પગા માનવી છે. સંજોગો અને પ્રજાએ તેમને મોટા કર્યા છે. એ મહત્તાને પાત્ર થવાનું હજી બાકી છે. ૩૦/૪૦ વરસથી આ સૌને આપણે ઓળખીએ છીએ, જે છે તે છે. પ્રજાએ સતત જાગ્રત રહેવું પડશે. અને મોરારજીભાઈએ કહ્યું છે કે, અમારી ભૂલ થાય તો કાનની બૂટ પકડજો, તે બરાબર કરી બતાવવું પડશે. આ બાબતમાં વર્તમાનપત્રોએ ઘણો અગત્યનો ભાગ ભજવવાનો રહે છે. સ્વતંત્રતા ફરી પ્રાપ્ત થઈ છે તો નીડરતાથી લોકમત કેળવવાનો છે, અને લોકમતનો પડઘો પાડી સરકારને ચેતવતા રહેવાનું છે.

જે બન્યું છે તેથી નિરાશ થવાનું કારણ નથી. માણસની તૃષ્ણા અને સત્તાની ભૂખ છે જ. ખરી રીતે બહુ ટૂંક સમયમાં અને સારી રીતે પતી ગયું. પ્રજાને અને આગેવાનોને સારો બોધપાઠ મળ્યો.

કસોટી તો હવે શરૂ થાય છે. જનતા પક્ષ હજી એક પક્ષ નથી, તેના ચારે ઘટકો પોતાની જાતને જુદા માને છે. એ ધોરણે પ્રધાન-મંડળની રચના કરવી પડી છે. એ ચારે ઘટકોનું સંપૂર્ણ વિસર્જન થઈ, સાચો એક પક્ષ થશે ત્યારે એક રાગે કામ થશે.

અત્યારે અગત્યનો પ્રશ્ન કોંગ્રેસના ભાવિનો છે. તેમાં મોટો ખળભળાટ છે. કેટલું ટકશે તે જોવાનું છે. સંસદીય પક્ષના આગેવાન તરીકે યશવંતરાવ ચવ્હાણની પસંદગી થઈ તેથી બ્રહ્માનંદ રેડ્ડી સ્વાભાવિક રીતે નારાજ છે. ચન્દ્રજીત યાદવને ત્યાં કોંગ્રેસના ૧૨૫ સભ્યો મળ્યા અને કોંગ્રેસની ચંડાળ ચોકડી - બંસીલાલ, વિદ્યાચરણ શુકલ, ઓમ મહેતા અને સંજયને કોંગ્રેસમાંથી બરતરફ કરવાની માગણી થઈ. ઈંદિરા ગાંધીની પણ થોડી ટીકા થઈ. હું માનું છું કે, કોંગ્રેસનું સંપૂર્ણ વિસર્જન થવું જોઈએ. કોંગ્રેસ નામ કોઈ પક્ષે વાપરવું નહિ. સંસ્થા કોંગ્રેસ નહિ, લોકશાહી કોંગ્રેસ નહિ, શાસક કોંગ્રેસ નહિ. જેમ જનતા પક્ષ નવો રાજકીય પક્ષ થયો તેમ કોંગ્રેસના વર્તમાન સભ્યો જે ઈચ્છે તેણે નવો પક્ષ રચવો જોઈએ. કોંગ્રેસનું નામ કોઈને વટાવવા ન દેવાય. ઈન્દિરા ગાંધી શું કરે છે તે જોવાનું રહે છે. કેટલોક વખત કદાચ શાન્ત રહેશે. જો કે તેમને કોંગ્રેસના પ્રમુખ બનાવવાની દરખાસ્ત આવી છે. હું માનું છું રાજકીય જીવનમાં તેમનું કોઈ સ્થાન રહેવું ન જોઈએ. અને ફરી પ્રવેશ મળે એવી કોઈ બારી રહેવી ન જોઈએ. આ કારણે પણ કોંગ્રેસનું વિસર્જન જરૂરનું છે. તેમણે નવો પક્ષ રચવો હોય તો રચે. જે ચંડાળ ચોકડીની સામે કોંગ્રેસમાં પણ રોષ બહાર આવ્યો તેના મૂળમાં તો ઈન્દિરા ગાંધી છે. ૨૦ મહિનાના બનાવોએ બતાવ્યું છે કે, તેમની સત્તા-લાલસા એટલી અમર્યાદ છે કે, તે માટે કોઈ પણ હદે જવા તે તૈયાર થાય. આવી વ્યકિતથી સદા ચેતતા રહેવું પડે. દેશનો રાજકીય તખ્તો પલટાઈ રહ્યો છે. જનતા પક્ષ લોકશાહી મૂલ્યોનું રક્ષણ કરવા કટીબદ્ધ છે. ત્યારે લોકશાહી મૂલ્યોને નિર્મૂળ કરવા પ્રયત્ન કર્યો હોય એવી કોઈ વ્યકિત કે પક્ષને લેશ પણ ઉત્તેજન મળવું ન જોઈએ.

ઘણાં પ્રશ્નો હજી ઉકેલવાના છે. કેટલાય રાજ્યોમાં હજી કોંગ્રેસનું શાસન છે. ઉત્તર પ્રદેશ, બિહાર અને ગુજરાતમાં અવિશ્વાસની દરખાસ્તો રજૂ કરવામાં ઘણી ઉતાવળ કરી. રાષ્ટ્રપતિની ચૂંટણીનો સવાલ ઊભો છે. જનતા પક્ષ માટે આ પ્રશ્ન મુંઝવણભર્યો છે. રાજ્યોની અને પાર્લામેન્ટમાં હજી કોંગ્રેસની સારી સંખ્યા છે, પોતાના ઉમેદવારને સફળ બનાવવાનું જનતા પક્ષ માટે સહેલું નથી, આ દષ્ટિએ જગજીવનરામે પોતાનો પક્ષ હાલ જુદો જ રાખ્યો તે સારું છે. કોંગ્રેસમાંથી છૂટા થવું હોય તેમને માટે માર્ગ મોકળો રહ્યો છે. તેને પક્ષાંતર ન ગણવું જોઈએ.

જનતા પક્ષે સારી શરૂઆત કરી છે. રાષ્ટ્રપતિના પ્રવચનમાં વ્યકિતસ્વાતંત્ર્ય અને વાણીસ્વાતંત્ર્યને બાધક બધા કાયદા તુરતમાં રદ કરવાનું વચન આપ્યું છે, તે માટે બંધારણીય ફેરફારો કરવાની તૈયારી બતાવી છે. હાલ સ્પષ્ટ બેતૃતીયાંશ બહુમતિ નથી. ખાસ કરી રાજ્ય સભામાં એટલે બંધારણીય સુધારા કેવી રીતે કરે છે તે જોવાનું રહે છે. કોંગ્રેસ માટે પણ કફોડી સ્થિતિ થઇ છે. બંધારણીય સુધારાનો વિરોધ કરે તો વધારે ઉઘાડા પડે અને ટેકો આપે તો પોતે ખોટું કર્યું હતું તે પુરવાર થાય. જનતા પક્ષ કોંગ્રેસને આવી કફોડી સ્થિતિમાં મૂકવાનું જોખમ ખેડશે, પણ હવે તો બે મહિનામાં એ વાત જાય છે ત્યાં સુધીમાં કાંઈક ફેરફાર થઈ જશે. નિર્ભયતાનું વાતાવરણ થઈ ગયું છે એટલે કોંગ્રેસે મૂકેલ નિયંત્રણો માત્ર કાગળ ઉપર છે.

જનતા પક્ષને આ બધા કામ માટે પૂરી તક આપવી જોઈએ અને પ્રજાએ ધીરજ રાખવી જોઈએ. પાયાના પ્રશ્નો આર્થિક છે. મોંઘવારી, ફુગાવો, બેરોજગારી તેમાં જનતા પક્ષની ખરી કસોટી છે.

૨૯-૩-૭૭ **ચીમનલાલ ચકુભાઈ**

# પ્રકીર્ણ નોંધ

**જૈનો અને રાષ્ટ્રીય જીવન**

સંખ્યાની દષ્ટિએ જૈનો લઘુમતી કોમ ગણાય. પણ પારસીઓ પેઠે જૈનોએ લઘુમતી કોમ તરીકે કોઈ વિશેષ અધિકાર કે રક્ષણ કોઈ દિવસ માગ્યું નથી. જૈનો રાષ્ટ્રીય જીવનના અવિભાજ્ય અંગ થઈને રહ્યા છે. પોતાની ગુણવત્તા કે યોગ્યતાના ધોરણે રાષ્ટ્ર-જીવનના બધા ક્ષેત્રોમાં ગૌરવભર્યું સ્થાન પ્રાપ્ત કર્યું છે. ભગવાન મહાવીરના ૨૫૦૦મા નિર્વાણ મહોત્સવ પ્રસંગે અનુભવ થયો કે રાજ્ય અને કેન્દ્ર સરકારમાં હોય કે શૈક્ષણિક ક્ષેત્રે હોય, વ્યાપારી ક્ષેત્રે તો છે જ, જૈનો ઉચ્ચ સ્થાને સારી સંખ્યામાં છે. ૧૯૫૨માં હું લોકસભામાં હતો ત્યારે સહેજ તપાસ કરી તો માલૂમ પડયું કે, દેશના જુદા જુદા ભાગોમાંથી ૨૨ જૈનો પાર્લામેન્ટના સભ્ય હતા. અને ત્રણ મંત્રીમંડળમાં હતા.

આ એટલા માટે લખવું પ્રાપ્ત થાય છે કે, તાજેતરમાં લોક-સભાની ચૂંટણી થઈ તેમાં મુંબઈ દક્ષિણ વિભાગમાંથી કોંગ્રેસના ઉમેદવાર ભાઈ જૈન હતા. હું તેમને સારી રીતે ઓળખું છું. ઘણા સેવાભાવી છે અને તેમની સામે જનતાના હરીફ ઉમેદવાર કરતાં જરાય ઊતરતા ન હતા. છતાં જૈન છે માટે જૈનોએ તેમને જ મત આપવા એવો વિચાર કર્યો ન હતો. પણ કેટલાક જૈન ભાઈઓએ સાધુ–સાધ્વીઓના નામો વચ્ચે લાવી, કોંગ્રેસના આ ઉમેદવારને જૈનોએ મત આપવા એવી જાહેર ખબરો આપી અને બીજો પ્રચાર કર્યો, એટલું જ નહિ પણ આવી અપીલ, બૃહદ મુંબઈ જૈન સમાજ અને અખિલ ભારત જૈન યુવક કોન્ફરન્સ—એવા નામે કરી. આ નામની આવી કોઈ સંસ્થા જાણવામાં નથી. સમસ્ત જૈન સમાજને નામે આગેવાની લેવાની આ ભાઈઓ, જેમને કોઈ ઓળખતું નથી તેમણે આવી ચેષ્ટા કરી. ઘણા જૈન ભાઈઓ ગુસ્સે થયા અને મારી પાસે આવ્યા. બીજે જ દિવસે કેટલાક ભાઈઓએ આવા પ્રચારનો જાહેર-ખબરથી જવાબ આપ્યો. મને ખાતરી છે કે આવા અવિચારી પ્રચા-

રથી કોંગ્રેસ ઉમેદવારને કાંઈ લાભ થવાને બદલે થોડા મત ગુમાવ્યા હશે. કોંગ્રેસ કોમવાદમાં માનતી નથી, જૈનો માનતા નથી, કોમ, જાતિ કે ધર્મને રાજકારણમાં લાવવા ન જોઈએ. પણ આ લખવાનું મુખ્ય કારણ તો એ છે કે ગમે તે માણસો જૈન સમાજના આગેવાન હોવાનો દાવો કરી જૈન સમાજને નામે આવું કરે તેમાં જૈન સમાજને નુકસાન છે અને ભવિષ્યમાં તેવું ન બને તેની તકેદારી જૈન સમાજે રાખવી પડશે.

**ભગવાન મહાવીર કલ્યાણ કેન્દ્ર**

૧૯૬૭ ના બિહારના ભીષણ દુષ્કાળ સમયે, મહાવીર જયન્તીનો સમારંભ હતો અને શ્રી જયપ્રકાશ નારાયણ મુખ્ય અતિથિ હતા. હું તેમને તેડવા ગયો ત્યારે રસ્તામાં મને કહ્યું કે ભગવાન મહાવીરની જન્મભૂમિ, કર્મભૂમિ અને નિર્વાણભૂમિ એવા બિહારના આ મહાન સંકટ સમયે જૈનોએ કાંઈક કરવું જોઈએ. મને થયું કે અગાઉથી કહ્યું હોત તો ઠીક તૈયારી કરી શકત, છતાં મેં કહ્યું બનતું કરીશ. સ્ટેજ ઉપર થોડા આગેવાન જૈન ભાઈઓ બેઠા હતા, તેમને વાત કરી તુરત રૂપિયા ૨૫,૦૦૦ ના વચનો મેળવ્યાં અને મેં જાહેરાત કરી. શ્રી શ્રેયાંસપ્રસાદ જૈને કહ્યું આ રકમ બહુ ઓછી ગણાય અને બીજા ભાઈઓને પૂછીને મેં રૂા. ૧,૨૫,૦૦૦ જાહેર કર્યા. ત્યાર બાદ થોડા દિવસમાં લગભગ રૂપિયા ત્રણ લાખ એકઠા કર્યા, એટલું જ નહિ પણ કેટલાક કસાયેલા કાર્યકર્તાઓ બિહાર ગયા અને રાજગૃહીની આસપાસના ૪૦૦ ગામડાઓનું કામ સંભાળી લીધું. આ ભાઈઓનું કામ એટલું સુંદર અને વ્યવસ્થિત હતું કે શ્રી જયપ્રકાશ નારાયણ બહુ ખુશ થયા એટલું જ નહિ પણ તેમણે સ્થાપેલ બિહાર રાહત સમિતિ તરફથી આ વિભાગ માટે પુષ્કળ મદદ મોકલી. આ ભાઈઓએ પાંચ મહિના આ વિભાગમાં કામ કર્યું, રસોડાઓ ચલાવ્યા અને બીજી રાહત આપી. અંતે તેમની પાસે રૂપિયા બે લાખ બચ્યા. તેઓ મુંબઈ પાછા આવ્યા પછી વિચાર કર્યો કે આવી કુદરતી આફતો દેશના જુદા જુદા ભાગમાં વખતોવખત આવે છે અને એક કાયમી સંસ્થા હોય તો સારું. પરિણામે 'ભગવાન મહાવીર કલ્યાણ કેન્દ્ર'ની સ્થાપના કરી. આ વાતને દસ વર્ષ થઈ ગયાં. આ દસ વર્ષની પ્રવૃત્તિઓનો અહેવાલ કલ્યાણ કેન્દ્રે હાલ બહાર પાડયો છે. આ દસ વર્ષમાં કલ્યાણ કેન્દ્ર તરફથી બિહાર રાજસ્થાન, ઓરિસા, પશ્ચિમ બંગાળ, આન્ધ્ર, મહારાષ્ટ્ર, ગુજરાત, વિગેરે રાજ્યોમાં દુષ્કાળ, નદીઓની રેલ, અતિવૃષ્ટિ, ધરતીકંપ જેવી કુદરતી આફતોમાં મોટા પાયા ઉપર રાહત કાર્યો થયાં છે. આવા સંકટ સમયે તાત્કાલિક રાહત આપવા ઉપરાંત, કેટલાક સ્થળોએ મકાનો બંધાવી આપ્યાં છે. દુષ્કાળના સમયમાં મોટા પ્રમાણમાં અન્નરાહત અને પશુરાહતના કાર્યો થયાં છે. કલ્યાણ કેન્દ્રના કાર્યકર્તાઓ જાતે જઈ સ્થાનિક ભાઈઓના સહકારથી આ બધા કાર્યો કરે છે. આ દસ વર્ષના ગાળામાં કલ્યાણ કેન્દ્ર તરફથી લગભગ રૂપિયા ચાલીસ લાખ રાહત કાર્યોમાં વપરાયા છે. દર વખતે સારા પ્રમાણમાં દાનો મળી રહ્યાં છે. કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારોમાં કલ્યાણ કેન્દ્રની સારી પ્રતિષ્ઠા છે અને લાખો રૂપિયાની વગર વ્યાજની લોન કેન્દ્ર અને રાજ્ય સરકારો તરફથી મળી છે જે પૂરી ભરપાઈ કરી દીધી છે.

કલ્યાણ કેન્દ્રને વખતો વખત આવા રાહત કાર્યો કરવા પડે છે. તે માટે હવે કાયમી આવક થાય તે દૃષ્ટિએ એક યોજના કરી છે. કેટલાક ટ્રસ્ટો, કંપનીઓ, પેઢીઓ અને ભાઈઓને વિનંતિ કરવાના છીએ કે વાર્ષિક ગ્રાન્ટ, કલ્યાણ કેન્દ્રને આપે અને આ રીતે દર વર્ષે ઓછામાં ઓછી બે લાખ રૂપિયાની આવક કરવા ધારી છે. હાલ તુરત પાંચ વર્ષ માટે આ યોજનાનો અમલ થશે. બધા ટ્રસ્ટો, કંપનીઓ, પેઢીઓ અને ભાઈઓને અને ખાસ કરી ઉપાશ્રયો અને દેરાસરના ટ્રસ્ટીઓને, મારી આગ્રહપૂર્વક વિનંતિ છે કે આ રીતે વાર્ષિક ગ્રાન્ટ કલ્યાણ કેન્દ્રને આપવાનું નક્કી કરે, રૂપિયા એક હજારથી દસ હજાર સુધી વાર્ષિક સહાય આવી રીતે ટ્રસ્ટો અને બીજાઓ આપે તો બે લાખ રૂપિયા વાર્ષિક મેળવવા મુશ્કેલ ન હોવું જોઈએ. આ માત્ર જૈનો માટે જ નથી. કોઈ પણ પ્રકારના કોમ, જાતિ કે ધર્મના ભેદ વિના કલ્યાણ કેન્દ્ર રાહત આપે છે. દાનને ઈન્કમટેક્ષમાં કરમુકિત છે.

કોઈ સુભગ પળે કલ્યાણ કેન્દ્રની સ્થાપના થઈ છે. દસ વર્ષમાં ઘણું સુંદર કામ થયું છે અને ભગવાન મહાવીરના નામને સાર્થક કર્યું છે.

શ્રી શ્રેયાંસપ્રસાદ જૈન કેન્દ્રના પ્રમુખ છે. શ્રી પ્રતાપ ભોગીલાલ તથા શ્રી જગુભાઈ દોશી ઉપપ્રમુખો છે. શ્રી રીશભદાસ રાંકા અને હું મંત્રીઓ છીએ અને શ્રી છોટુભાઈ કામદાર ઉપ-મંત્રી છે. કલ્યાણ કેન્દ્રની ઓફિસ મરકન્ટાઈલ બેન્ક બિલ્ડિંગમાં સાતમા માળે છે.

— ચીમનલાલ ચકુભાઈ

# કસ્તૂરી કુંડલમાં વસે!

## [૪]

## "That goes with it!"

**પા**રિસના ફૂટપાથ પરના રેસ્તોરાંમાં બેસી મધરાતે કૉફી પીવાની મજા અનેરી હોય. તેમાં યે ઍફિલ ટાવરની પેલી કોરના રેસ્તોરાંમાં બેસો તો જગતના ભાતીગળ લોક જોતા રહો ને ચિંતન કર્યા કરો. કોઈ અલગારી મજા મળે. બેઠો' તો ૧૯૭૪ ના માર્ચમાં ત્યાં. પણ ઓર્ડર આપ્યો, વેઈટ્રેસને કૉફીનો. પાસે ભાતીગળ લોકો હતા. બધાં જ ઓળખ્યા વિના વાત કરતા બેસી જાય. ન નામ, ન ઠામ, ન રંગ, ન દેશ જૂઓ 'માણસ' છો એટલું પૂરતું. વિચાર આવ્યો : રંગનાં, નામનાં, દેશનાં, 'બીબાં' કોણે બનાવ્યાં? કેવી ઉત્કટ અજાણી "We-feeling?" જેને જિંદગીમાં પહેલી વાર જોયાં. ને પછી જોવાનાં નથી, તે વાતો કરે, ગીતો ગાય, ઘડી બે ઘડી બેસે ને પછી અલવિદા? વિચારું છું ત્યાં કૉફી આવી.

વેઈટ્રેસ અર્ધું અંગ્રેજી જાણે.

કૉફી જોડે કેક ને વેફર પણ હતાં.

મધરાતે કેક ખાવાની ઈચ્છા નહીં.

મેં કહ્યું, 'માત્ર કૉફી જોઈએ — કેક ન જોઈએ.'

વેઈટ્રેસ જોતી રહી. કહે,

'But, that goes with it ! Cake always goes with cofee!'

ભારે વાત કહી ગઈ. પેરિસનાં બહેન બેઠલાં. સમજાવે મને કે એકલી કૉફી પીવાથી અલ્સર થાય. કેક લેવાથી નુકસાન ન થાય. પૅરિસમાં, અરે આખા ફ્રાન્સમાં, યુરોપમાં સામાન્ય રિવાજ કૉફીનો ઓર્ડર આપો એટલે કૉફી જોડે કશુંક ખાદ્ય આપવાનો.

તે રાત વિચાર મનમાં ઘોળાયા.

પ્રવાસની ડાયરીમાં નોંધાયું:

'That goes with it!'

હજી સુધી એ વાકય ઉપનિષદની ઋચા જેવું લાગે છે.

એક જણે ગુલાબ ચૂટતાં અસંતોષ વ્યકત કર્યો.

'આ કેવું? આટલું સારું ફૂલ ને તે છોડને કાંટા કેમ કર્યા?' તો કો'કે ફરિયાદ કરી.

'નાળિયેર આટલું સારું ફળ પણ છોતરાં કેવાં કઠણ?' તો ત્રીજાએ કહ્યું:

'કેરી આટલું સારું ફળ પણ ઉનાળે જ કેમ થાય?'

એના ઉત્તર રૂપે પડઘો પડે.

'that goes with it!'

ગુલાબની મુલાયમતા કાંટા વડે જ સંચવાય ને સમજાય. કઠણ

છોતરાં વડે જ કોપરું ને પાણી નાળિયેરમાં સચવાય. ઉનાળાની ગરમીમાં જ કેરીની મીઠાશ સમજાય.

મનુષ્યસ્વભાવ એવો છે કે એને નાળિયેર જોઈએ પણ કઠણ છોતરાં વિના!

એને ગુલાબ જોઈએ પણ કાંટા વિના!

એને કેરી જોઈએ પણ ઉનાળા વિના!

આપણે વસ્તુને અપનાવીએ કે વ્યકિતને અપનાવીએ ત્યારે અધૂરપનો આભાસ આપણને સંપૂર્ણ સ્વીકારથી આઘાં ઠેલે.

ઉદ્ગાર આવા સાંભળું છું:

'મારાં પત્ની આમ ખૂબ સારાં પણ એનો સ્વભાવ વાતોડિયો.'

'મારા પતિ આમ સારા, પણ સ્વભાવે ઓછાબોલા.'

એક જ યુગલનો સંવાદ! પણ વાતોડિયાં પત્નીના પતિએ ઓછાબોલા જ રહેવું જોઈએને?

અધૂરપનું જ્ઞાન ઠીક છે, પણ એ જ્ઞાન અધૂરપની 'કસક' (દુ:ખ) ઊભી કરે ત્યારે વ્યકિત પૂર્ણપણે સ્વીકારાતી નથી.

આવી અધૂરપની ફરિયાદ સાંભળું છું ત્યારે એક વાકય મનમાં મનમાં તરે.

'But, that goes with it!"

ડૉ. દોલતભાઈ દેસાઈ

# કોના પુણ્યે રાજ્યાસન

કટોકટી ચાલુ હતી, ત્યારે નાગરિક અધિકારો અને સ્વતંત્રતાઓની વાત થતી, તેનો એક જવાબ એ અપાતો : 'આ દેશની મોટા ભાગની પ્રજા તો ગરીબીની રેખા નીચે જીવે છે તેઓને પહેરવા વસ્ત્ર કે ખાવા પૂરતું અનાજ નથી. આ પ્રજાને શી ચિંતા છે કે નાગરિક સ્વતંત્રતાની ખેવના કરે?'

આ દલીલ ત્યારે લાજવાબ લાગતી. ૧૯૭૭ની લોકસભાની ચૂંટણીઓએ તેનો જવાબ આપ્યો છે. શહેરોમાં કૉંગ્રેસને પરાજય મળ્યો છે, પણ ગામડાંમાં વધુ ઘેરો પરાજય મળ્યો છે. ગામડાંના અબુધ, ગરીબીની રેખા નીચે જીવતા, નિરક્ષર લોકોએ વધુ જાગૃતિ દર્શાવી છે.

આ કેમ બન્યું?

આનો જવાબ સરળ છે. શહેરના સંપન્ન માણસોને જ સ્વતંત્રતાની ઝાઝી ખેવના હોતી નથી. તેઓ પૈસા કમાતા અને પૈસા દ્વારા કામ કઢાવતા શીખી ગયા હોય છે. ભ્રષ્ટ નોકરશાહી વધુ ભ્રષ્ટ બને તો તેને ઝાઝી અસર પહોંચતી નથી. પણ ગામડાંના ગરીબો પાસે એક માત્ર સંપત્તિ તેમની સ્વતંત્રતાની હોય છે. આ સ્વતંત્રતા પર નાગરિક અધિકારો પૂર્ણપણે રક્ષિત હોય ત્યારે પણ તરાપો નથી પડતી એવું નહીં, પણ ત્યારે એને ફરિયાદ કરવા ઠેકાણું હોય છે. એની પાસે પુષ્કળ પૈસા નથી, કે એ દ્વારા તે ભ્રષ્ટ નોકરશાહીને જુલમ કરતી અટકાવી શકે. એની પાસે આવા પ્રસંગે માત્ર પોતાનો અવાજ હોય છે. સહન થાય ત્યાં સુધી તો એ સહન કરે છે—પણ હદથી વધારે થાય ત્યારે એ અવાજ ઉઠાવે છે.

જે દશોમાં ગુલામીની પ્રથા હતી, ત્યાં સશકત અને રાક્ષસી શકિતવાળા માણસો તેમનાથી વામણા અને અશકત માલિકો પાસે ગરીબડા થઈને રહેતા, ચાબૂકના માર ખાતા, પણ તેમના બરડામાં પડતો પ્રત્યેક ચાબૂક તેમની મુકિતને પાસે લાવતો હતો. આવું પ્રત્યેક દાસત્વ વખતે બને છે. તમે જેમ દાસત્વ હેઠળ પ્રજાને કચડો તેમ તેની સહનશકિતને તે તૂટી જાય એવી હદ સુધી મરડો છો; જ્યારે આ સહનશકિત તૂટે છે, ત્યારે પ્રતિસાદ પડે છે.

કોઈ વ્યકિત ગરીબ હોય, નિરક્ષર હોય એટલા ખાતર એને બુદ્ધિ નથી હોતી એમ માનવું ખોટું છે. એનામાં જાગૃતિ નથી હોતી, એ ખરું. આ જાગૃતિ બે રીતે આવે છે. કાં પ્રજાના આ સ્તર સુધી લોકો પહોંચે અને તેમને મુદ્દાઓ સમજાવે, અથવા તો પ્રજાનું દમન થાય.

આપણે ત્યાં આવેલી જાગૃતિ બીજા માર્ગે આવેલી છે. ઉત્તર ભારતે અને દક્ષિણ ભારતે તદ્દન વિભિન્ન રીતે મતદાન કર્યું એમાં કોઈ રાજકીય વિચારધારાનો ભેદ નથી, દેશના આ બે ભાગ ભવિષ્યમાં જુદા થઈ જાય એવો ભય પણ આ મતદાનની ભાતમાં નથી. કારણ સ્પષ્ટ છે. ઉત્તરમાં દમન થયું હતું; દક્ષિણમાં દમનનું પ્રમાણ ઓછું હતું.

આ સિવાય સ્થાનિક કારણો પણ હતાં; કેરળમાં અચ્યુત મેનનની અંગત પ્રતિમા અને પ્રતિભાએ કામ કર્યું હતું; તામિલનાડુમાં કરુણાનિધિ છેવટ સુધી હિંમત એકઠી કરી શકયા નહીં અને રામચન્દ્રન–મોજું ફરી વળ્યું, એટલું જ નહીં, દક્ષિણના નેતાઓમાં નવી દિલ્હીની તે વેળાની ગાદીની ખુશામત કરનારા 'સાયકોફન્ટસ'ની સંખ્યા ઓછી હતી.

પ્રજાને તો રોટી–રોજીની જ પડી છે– સ્વતંત્રતાની નથી પડી, એવી 'મિશ્ર' કટોકટી દરમિયાન ઊભી થઈ હતી, તે આમ ચૂંટણીમાં પરિણામો દ્વારા તૂટી પડી છે. નહીંતર રાયબરેલી કે અમેઠીના મતદાર વિભાગોમાં કયાં મોટાં શહેરો હતાં? એટલું જ નહીં, પણ એક અંદાજ પ્રમાણે છેલ્લા એક દાયકામાં ગુજરાતના વિકાસ માટે જેટલી રકમ ખર્ચાઈ છે એટલી કુલ રકમ એટલા જ ગાળામા એક માત્ર રાયબરેલી મતવિસ્તારમાં કેન્દ્રે તથા રાજ્યની સરકારોએ વિકાસ કાર્યો દ્વારા ખર્ચી છે.

આચાર્ય કૃપાલાની લોકસભાની ચૂંટણી ઝુંબેશમાં પ્રવચનો કરતી વખતે બે કથાઓ કહેતા; તમે પિંજરાના પંખીને સારામાં સારું ખાવાનું આપો; શુદ્ધ પાણી આપો, છતાં કદીક પિંજરાનું બારણું ખુલ્લું રાખશો તો તે એ પંખી ઊડી જવાનું. એ પછી તેઓ બીજી વાત આ કહેતા; ઘણા માણસોને ખાવા ધાન નથી મળતું. જેલોમાં ઘણા સુધારા થયા છે. માણસ ચોરી કરી એક વરસ જેલમાં જાય, તો તેને ખાવા ધાન, પહેરવા કપડાં—બધું જ મળી રહે. તેની પાસે મજૂરી પણ અમુક હદથી વધારે ન કરાવાય એવો કાયદો છે; છતાં મોટા ભાગના લોકો ગરીબીમાં ભૂખે મરવું પસંદ કરે છે, પણ ચોરી કરી જેલમાં જવાનું પસંદ કરતા નથી. ગરીબોને સ્વતંત્રતાની ખેવના નથી હોતી, એવી જે લાગણી કેટલાક બૌદ્ધિકોએ આપણા દેશમાં ફેલાવી હતી, તેનો આ બંને ઉદાહરણોમાં તો જવાબ છે જ; પણ આપણા દેશે જે રીતે મતદાન કર્યું એમાં વધુ મોટો જવાબ છે. બૌદ્ધિકો ઘણી વાર કામચલાઉ લાભ માટે પોતાની સ્વતંત્રતાનું સાટું કરે છે; પણ ગરીબોને એવી તકો હોતી નથી. એટલે સ્વતંત્રતા માટેની એની ખેવના વધુ પ્રામાણિક હોય છે.

એક બીજી દલીલ એ કરાય છે કે, ૧૯૭૧ માં ઈંદિરા - તરફી જુવાળ હતો; ૧૯૭૭માં ઇંદિરા - વિરોધી જુવાળ હતો. આ થોડું તથ્ય છે, પણ આ જુવાળ કે ઓટ કઈ રીતે થાય છે?

આપણે ત્યાં ચૂંટણી લડાય છે ત્યારે પક્ષ રાષ્ટ્રીય તખતા પર વચનો આપે છે; ઉમેદવાર તેના મતદાર વિભાગને વચનો આપે છે; અને ઉમેદવારના પ્રચારકો એક એક ગામડાંને વચન આપે છે. આ વચનોમાં સંગતિ હોય છે ખરી? રાષ્ટ્રીય કક્ષાએ અપાયેલા વચનથી કોઈ જુદી જ વાત ઉમેદવાર કહેતો હોય છે અને ગામ–કક્ષાયે તો રસ્તો રીપેર કરવાથી માંડીને, શાળા બંધાવી આપવાનાં, કૂવા ગળાવી આપવાનાં કે આવા અનેક વચનો આપવામાં આવે છે.

ઉદાહરણ તરીકે ૧૯૭૭ની ચૂંટણીમાં જ ગોધરાના નદીસર ગામના લોકોએ હિતેન્દ્રભાઈના શ્રધ્યે સાથી શંભુલાલ પટેલ મત ઉઘરાવવા ગયા ત્યારે તેમને કહી દીધું; 'રોડ નહીં તો વોટ નહીં.' અમારા ગામ સુધીનો રસ્તો બંધાવી આપો! તરત જ ગુજરાત રાજ્યના જાહેર બાંધકામ ખાતાના પ્રધાન ગોરધનભાઈ સુધી સંદેશો

પહોંચાડાયો કે જો આ ગામના મત મેળવવા હોય તો રસ્તો બાંધવો જ પડશે!

રસ્તો બંધાયો કે નહીં એ તો ખબર નથી, પણ આ ચૂંટણી લડવા માટેનો મુદ્દો હતો? ના, છતાં તે મુદ્દો ચૂંટણી પર પ્રભાવ પાડી શકે એટલો પ્રબળ હતો. અપાયેલાં વચનોથી જગાડાતી જે અપેક્ષાઓ જુવાળ આણે છે, અને ન પળાયેલાં વચનોથી પ્રવર્તેલી હતાશાથી ઓટ આવે છે, અને આવાં અસંગિતપૂર્ણ વચનો ચૂંટણીમાં બંને પક્ષો ભરપૂર આપે છે.

રાષ્ટ્રીય કક્ષાએ અપાયેલાં વચનોનાં પરિણામો દૂરગામી હોય છે. સ્થાનિક સ્તરે અપાયેલાં વચનો નિકટવર્તી હોય છે. ૧૯૬૯માં શ્રીમતી ગાંધી એમ કહેતાં હતાં કે મારે તો આ દેશની ગરીબી હટાવવી છે, પણ અમુક લોકો મારા માર્ગની વચ્ચે આવે છે. આ ગરીબી હટાવવાના મંત્ર પર ૧૯૭૧માં પ્રજાએ તેમને ભારે બહુમતી આપી. આ પછી અપાયેલાં વચનોને પરિપૂર્ણ કરવાની આડે જે વાજબી વિઘ્ન આવ્યા તેમાં એક તો ૧૯૭૧નું યુદ્ધ અને બીજું ૧૯૭૩નો પેટ્રોલનો ભાવવધારો. પણ આ વિઘ્નો એવાં મોટાં ન હતાં કે તેને અતિક્રમી ન શકાય. પણ રાજ્યસત્તાને જ્યારે વચનો પાળવા અને સત્તાને સુદૃઢ કરવા વચ્ચે પસંદગી આવે ત્યારે સત્તા જાય ને તે ભોગે પણ વચનો પાળવાની કૃતનિશ્ચયતા હોવી જોઈએ. ઈન્દિરા ગાંધીના વચનોએ તેમના તરફી જુવાળ આણ્યો હતો; અને વચનપાલન તથા સત્તાની જમાવટ વચ્ચે તેમણે બીજા વિકલ્પને પસંદ કર્યો ત્યારે ઓટ આવી. 'વચનો પાળી શકાયા નથી, પણ પાળવા માટે અમે કૃતનિશ્ચય છીએ' એવું કહી કોઈ કટોકટી લાદયા વિના ૧૯૭૬માં ચૂંટણીઓ સામાન્ય ક્રમમાં આવી હોત તો કદાચ લોકમત આટલો વિરુદ્ધ ન જાત; પણ વચનો ન પળાયાની હતાશાની સાથે સત્તાની જમાવટ માટે સ્વતંત્રતા પર પડેલી તરાપે પ્રજાના મિજાજને ફેરવી દીધો.

'મિસામાં પૂરી દઈશ' એવી ધમકી દેતો ગામડાંનો હવાલદાર જે બોલે તેની ધાક લોકોમાં પડે જ. જો દેશના સર્વોચ્ચ નેતાઓને કોઈ વાંક-ગુના વિના મહિનાઓ સુધી અટકાયતમાં રખાતા હોય તો આપણું તો શું ગજું એવી લાગણી પ્રવર્ત્યા વિના રહે નહીં.

પ્રેમાનંદ 'સુદામા ચરિત્ર'માં જ્યારે કૃષ્ણ રાજા થઈ સુદામા જેવા રંક બ્રાહ્મણનું આતિથ્ય કરે છે, ત્યારે કૃષ્ણની પટરાણીઓને આશ્ચર્ય થાય છે. ત્યારે કૃષ્ણ કહે છે.

હું જે ભોગવું રાજ્યાસન રે
એ તો એ બ્રાહ્મણનું પુણ્ય રે

આ લાગણી શાસકોમાં મતદારો માટે હોવી જોઈએ અને એટલે જ મતદારોને અપાતા વચનોને હળવી રીતે લેવાવા ન જોઈએ. વચન ન પાળી શકાય એ માટે પ્રજાનો રોષ એટલો નથી ભભૂકતો, નહીંતર તો કોંગ્રેસ સરકાર એકાદ દાયકા પહેલાં ઊથલી પડી હોત. કારણકે ચૂંટણી ઢંઢેરામાં કે પંચવર્ષીય યોજનામાં અપાયેલાં વચનોથી હમેશાં રાજપુરુષો પાછળ જ રહ્યા છે. પણ વચન વિસરી જવા માટે પ્રજા માફ નથી કરી શકતી. પ્રજા નિરક્ષર હોય છે, અબૂધ નથી હોતી, અજ્ઞાન હોય છે, અજાગૃત હોય છે, પણ જ્ઞાન મળે ત્યારે જાગૃત થવાની ક્ષમતા ગુમાવી બેઠેલી નથી હોતી. આ વાત ૧૯૭૭ની ચૂંટણીઓએ પુરવાર કરી આપી છે અને આ વાતની નોંધ હવે હારી ગયા છે એ પક્ષ કરતાં સત્તા પર આવ્યો છે એ પક્ષે લેવી જોઈએ. પોતે કોના પુણ્યે રાજ્યાસન ભોગવે છે એ હકીકત આસન પર બેઠેલાઓએ ક્યારે ય ભૂલવી ન જોઈએ.

—હરીન્દ્ર દવે

## ✱ વસંત વ્યાખ્યાનમાળા ✱

શ્રી મુંબઈ જૈન યુવક સંઘના આશ્રયે યોજાતી વસંત વ્યાખ્યાનમાળાનો કાર્યક્રમ નીચે પ્રમાણે યોજવામાં આવ્યો છે:

☆

**સ્થળ : તાતા ઓડિટોરિયમ, સમય : દરરોજ સાંજે ૬ વાગ્યે**

**Su ject :**

Verdict of the People; its causes & consequences

**વિષય :**

જનતાનો ફેંસલો - તેના કારણો અને ભાવિ પરિણામો.

તા. ૧૧-૪-૭૭ સોમવાર: શ્રી એમ. સી. ચાગલા (મુંબઈના વડા ન્યાયાલયના ભૂતપૂર્વ વડા ન્યાયમૂર્તિ)

તા. ૧૨-૪-૭૭ મંગળવાર: ડૉ. આલુ દસ્તુર (મુંબઈ વિદ્યાપીઠના રાજકારણ વિભાગના વડા)

તા. ૧૩-૪-૭૭ બુધવાર: શ્રી. પી. જી. માવળંકર સંસદ સભ્ય.

૧૪-૪-૭૭ ગુરૂવાર: શ્રી. બી. જી. વર્ગીસ (જાણીતા પત્રકાર)

**ચીમનલાલ જે. શાહ * કે. પી. શાહ — મંત્રીઓ**

## સંઘના આજીવન સભ્યો

☆

**તા. ૧૩-૩-૭૭ ના અંકમાં ૯૩૫ સુધીના સભ્યોના નામો પ્રગટ થયાં છે. ત્યાર બાદ થયેલા સભ્યોની યાદી નીચે પ્રગટ કરવામાં આવે છે.**

૯૩૬ શ્રી જયંતિલાલ હરજીવનદાસ શાહ
૯૩૭ શ્રી શશિકાન્ત મોહનલાલ ભાખરિયા
૯૩૮ શ્રી રતનસી રાઘવજી સાવલા
૯૩૯ શ્રી મહેન્દ્ર દામજી છેડા
૯૪૦ શ્રી ગાંગજી કુંવરજી વોરા
૯૪૧ શ્રી શશિકાન્ત ઠાકોરલાલ મહેતા
૯૪૨ શ્રી સુશિલાબહેન આર. મહેતા
૯૪૩ શ્રી હસમુખ એ. તલસાણીયા
૯૪૪ શ્રી નાગજી પ્રેમજી ગાલા

**એક હજારના લક્ષ્યાંકમાં હવે ફક્ત ૫૬ સભ્યો ખૂટે છે. નજીકના ભવિષ્યમાં લક્ષ્યાંક પૂરો કરવા માટે મિત્રોની સહાય જરૂરી છે.**

## * અવગાહન *

શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહનું પુસ્તક 'અવગાહન' સંઘના સભ્યો, આજીવન સભ્યો તેમજ પ્રબુદ્ધ જીવનના ગ્રાહકોને રૂા. ૧૮/ ને બદલે રૂા. ૧૨/માં મળી શકે છે. આના માટે ગતાંકમાં થોડાં વેચાણ કેન્દ્રોના નામો પ્રગટ કર્યા હતા. એ ઉપરાંત તે રાજકોટમાંથી નીચેના સરનામે મળી શકશે:

શ્રી મનુભાઈ વોરા : 'નિરૂપમા', સાડી માર્ગ, પરા બજાર, રાજકોટ ૩૬૦,૦૦૧.

**ચીમનલાલ જે. શાહ**
**કે. પી. શાહ**
**મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ**

# આસન સે મત ડોલ....

બહુ વખત થઈ ગયો. 'દક્ષિણા"ના એક અંકમાં શ્રી સુન્દરમ્‌નો 'ડોલતાં આસનો' નામનો નાનો પણ ખૂબ મજાનો લેખ આવેલો. આ લેખ અત્યારની રાજકીય કટોકટી વખતે સૌ કોઈને ખૂબ ઉપયોગી થઈ પડે તેવો લાગવાથી તેનો સાર નીચે મુજબ આપું છું.

જગતની આ ચંચળ લીલામાં અટવાયેલા માનવીની સ્થિતિ જોઈ કબીરે ગાયું- 'આસન સે મત ડોલ રે'-

વાત તો ઠીક કહી, પણ આસન પોતે જ ડોલતાં લાગે તો શું કરવું? રંગ મહલ મેં દીપ જલત હૈ, આસન સે મત ડોલ...?

દુનિયાના રંગો એવા તો સોહામણા ને આકર્ષક છે કે માણસ તેની પાસે નાચતો થઈ જાય છે. મોરલીના નાદે જેમ સાપ ડોલે તેમ. મહાજ્ઞાની કબીર કહે છે, અરે, ભાઈ! આમ ડોલી જઈશ, નાચતો રહીશ તો તારું થશે શું? જરા ધીરો પડ, મત ડોલ, મત ડોલ!......ક્યાંક સ્થિર થઈને બેસી જા, ઘુંઘટના પડદા ખોલી નાંખ. તારો પ્રિયતમ તને મળશે.

જગતની આ ચંચળ લીલામાં આ સાધના આરાધવાની છે. બીજી બાજુ માયાના નાચનખરા એવા તો છે કે સૌનાં આસનો ડોલતાં રહે છે. પોતાનું કરેલું જે છે તે કોઈને છોડવું ગમતું નથી. રસ્તામાં સદા એક જગ્યાએ પાથરણું પાથરી બેસતા ભિખારીને પણ એ સ્થાન સાથે કેવી માયા બંધાય છે! તો પછી જગતના મોટા માણસોની તો વાત જ શી કરવી! શેઠ શાહુકાર, મોટા રાજવીઓ, ધુરંધરો, નેતા, માલિકો કે મજૂરો, બધાં જ પોતપોતાનું સ્થાન ઊભું કરવાં કેટલી મહેનત કરે છે! પોતાનું કશુંક ઊભું કરીને એ સ્થાન સાથે એવા તો ચીટકી જાય છે કે એક તસુ પણ હલવું ગમતું નથી.

ઈતિહાસ કહે છે કે પહેલાં ગાદી મેળવવા માટે ભાઈ ભાઈનું ખૂન કરતો, કે પુત્ર પિતાની હત્યા કરી નાખતો. આજે એ યુગ તો નથી; પરંતુ આજના સત્તાધીશો તો એથી યે વધુ ભયંકર બન્યા છે. ઉપરથી ડોકું કાપી નાખવાની વાત નથી, ભીતરથી મૂળિયાં ખોદી નાખવાની જ વાત છે. 'ન રહેગા બાંસ ન બજેગી બાંસૂરી' દરેકને પોતાની ખુરશીના પાયા દઢ રાખવા છે.

પણ કુદરતની યોજના માણસની ઈચ્છા પ્રમાણે ચાલતી નથી. માણસ જે જે યોજનાઓ ઘડે છે તેની નીચે પ્રભુએ કંઈ સહી કરી એને મંજૂર રાખી નથી. પોતપોતાનો સમય આવ્યે સૌને પોતાનું માનેલું આસન છોડવું પડે છે. કુદરત એના આસનને હચમચાવી કહે છે, 'બહુ બેઠા ભાઈ, ઊઠો હવે, જગ્યા ખાલી કરી આપો.' ગમે કે ન ગમે, ઊઠવું જ પડે છે. કુદરતની ગતિ સાથ તાલ મેળવવો જ પડે છે.

આસનો ડોલી ઊઠે છે, કારણ કે એની નીચેની ખુદ ધરા ડોલવા લાગી છે, વધુ ને વધુ ડોલવાની છે.

આ ડોલી ઊઠેલા જગતમાં ટકી રહેવાનું માત્ર એક જ દઢ આલંબન છે—શેષ પર શયન કરતા વિષ્ણુ.

શ્રી સુન્દરમે કહેલી આ વાત રાજકારણથી માંડી નાની જવાબદારી સંભાળતી દરેક વ્યક્તિને લાગુ પડે છે. એટલે સુધી કે આપણા કૌટુમ્બિક જીવનમાં પણ જવાબદાર વ્યક્તિ પોતાનું સ્થાન જાગૃતિપૂર્વક ભોગવે એ જરૂરી છે. સચ્ચાઈનું પીઠબળ જાળવી રાખવું એ મુદ્દાની વાત છે.

મોટા ધુરંધર માણસોની મોટી દુનિયા અને નાના માણસોની નાની દુનિયા હોય છે. હકીકતમાં તો માણસ પોતાની આસપાસ કેવડી દુનિયા ખડી કરે છે એ કોઈ મહત્ત્વની વાત નથી, નાના વર્તુળમાં રહીને પણ માણસ પોતાનું કામ સચ્ચાઈપૂર્વક ચૂપચાપ કર્યે જાય એ મોટી વાત છે; પરંતુ મોટા બનવાનો મોહ સૌને પજવે છે. એમ ગણીએ તો રાવણ ઘણો મોટો હતો; પરંતુ રાવણની ઝાઝી બધી વાતો કરતાં શબરીના બોરની અને વિદુરની ભાજીની એકાદ વાત લોકહૃદય પર જીત મેળવી જાય છે. અસત્યનો આશરો લઈ ઝાઝો પથારો કરવો એ કરતાં સત્યનો આગ્રહ રાખી 'મારે એક ડગલું બસ થાય'ને પસંદગી આપવી એ ધ્યાનમાં રાખવા જેવી બાબત છે.

સચ્ચાઈથી જીવન જીવવાની હવે આપણને સૌને જરૂર લાગી છે. નિર્મોહી બનવું, અનાસક્તિ કેળવવી, પદપ્રતિષ્ઠા પ્રત્યે ઉદાસીન રહી સમર્પણ ભાવથી કર્મો કરવાં- આ બધી કોઈ નવીનવાઈની વાતો નથી. આપણે એ જાણીએ એટલા શિક્ષિત છીએ; પરંતુ આપણી ભીતર બેઠેલા કલિ પાસે આપણે લાચાર છીએ. કલિ નચાવે એમ આપણે નાચીએ છીએ, ડોલીએ છીએ ને દુનિયાદારીને વશ થઈ જઈએ છીએ. આમાંથી બચવાનો કેવળ એક જ ઉપાય છે- પ્રભુનું અવલંબન. આ આધાર વડે જ આપણાં કૃત્યોને આપણે શોભાવી શકીશું. થોડી ઝાઝી જિંદગીનો કે નાનાં મોટાં કામોનો કોઈ સવાલ નથી. આપણે સત્યને કેટલા વફાદાર રહીએ છીએ એ જ મહત્ત્વની બિના છે.

—શારદાબેન બાબુભાઈ શાહ

## "ઘેટાં નથી"

અમે ઘેટાં નથી રે તારા ગામનાં,

તને ફાવે ત્યાં દોર
તોય કરતાં ના શોર

સદા ગાતાં ગાણાં રે તારા નામનાં
એવાં ઘેટાં નથી રે તારા ગામનાં.

તેં તો રૂંધ્યા અમ શ્વાસ
તારી સત્તાને પાશ

હરી સુધબુધ અમારી તારા ધ્યાનમાં,
ભલાં, ઘેટાં નથી રે તારા ગામનાં.

તેં તો આંજી અમ આંખ
કરી રોશનીની રાખ

મથી ધકકેલી દેવા અંધારમાં,
હવે ઘેટાં નથી રે તારા ગામનાં.

તેં તો ચૂસ્યું અમ હીર
રખે પાકે કો વીર

હણે ક્રૂરતાના કંસને કારમા,
ખરે ઘેટાં નથી રે તારાં ગામનાં

છતાં મૂંગી અમ વાત
હવે ગજવે છે રાત

અરે ઝેલમહિ જનમ્યાં'તાં કાન*ના?
બેની ઘેટાં નથી રે તારા ગામનાં!

*(કૃષ્ણ = જનતાનો અવાજ)

—ગીતા પરીખ

# ☆ શ્રી ઢેબરભાઈ ☆

શ્રી ઢેબરભાઈના જીવન વિષે લખવાનો આ પ્રસંગ નથી. હું આશા રાખું છું તેમના કોઈ નિકટના સાથી તેમનું જીવન-ચરિત્ર વિનાવિલંબે લખશે. તેને માટે પુષ્કળ સામગ્રી છે, ખાસ કરી તેમનું પત્રસાહિત્ય. ચાલીસ વર્ષના દીર્ઘ જાહેર જીવનમાં દેશના બધા મહાપુરુષોના નિકટના સહવાસમાં ઢેબરભાઈ આવ્યા. ૧૯૩૭માં રાજકોટ સત્યાગ્રહથી શરૂ કરી, ૧૯૭૨માં ખાદી કમિશનના અધ્યક્ષપદેથી નિવૃત્ત થયા ત્યાં સુધી તેમનું જીવનકાર્ય સમૃદ્ધ રહ્યું. આઝાદીની લડતમાં, આરઝી હકૂમતમાં, સૌરાષ્ટ્રના ઘડતરમાં, કૉંગ્રેસ પ્રમુખ તરીકે, રચનાત્મક કાર્યક્રમોમાં અને ખાદી અને ગ્રામોદ્યોગ કમિશનના પ્રમુખ તરીકે, તેમણે મહત્ત્વનો ફાળો આપ્યો છે. અહીં તેમની સાથેના મારા કેટલાક સંસ્મરણો જ નોંધું છું.

ઢેબરભાઈનો પ્રથમ પરિચય મને રાજકોટની લડત વખતે થયો. લીંબડીની લડતમાં તે પરિચય વધ્યો. લીંબડીના અત્યાચારોથી ત્રાસી છ હજાર માણસોએ હીજરત કરી અને પાંચ વર્ષ વનવાસ વેઠયો. ૧૯૪૪માં લીંબડીમાં એડમિનિસ્ટ્રેશન આવ્યું ત્યારે, એડમિનિસ્ટ્રેટર સાથે હિજરતનું મેં સમાધાન કર્યું. તે વખતે ઢેબરભાઈ, રસિકભાઈ વિગેરે રાજકોટ જેલમાં હતાં. સમાધાનની શરતો બતાવવા હું રાજકોટ ગયો. શરતોના ગુણદોષ વિષે ઢેબરભાઈએ ખાસ કાંઈ ન કહ્યું પણ સમાધાનનો અમલ અને પાલન કરાવવાની જવાબદારી મારી છે એ ભારપૂર્વક કહ્યું. મેં આ વાત વિચારી ન હતી પણ મારાથી ના પડાય તેમ ન હતું. પરિણામે ભર ઉનાળામાં દોઢ મહિનો મારે લીંબડી રહેવું પડયું. ઢેબરભાઈની આ લાક્ષણિકતા હતી. ૧૯૪૭માં સ્વતંત્રતા મળી અને દેશી રાજ્યોના વિલીનીકરણનો પ્રશ્ન આવ્યો. પાકિસ્તાનમાં જોડાઈ જૂનાગઢે મોટી સમસ્યા ઊભી કરી. તે કામમાં હું અને ઢેબરભાઈ ઘણા નજીક આવ્યા. કાયદાના પ્રશ્નોની ઘણી ગૂંચવણો હતી. સદ્ભાગ્યે, સુકાન સરદાર સાહેબના હાથમાં હતું. મારે અને ઢેબરભાઈને આ કામ માટે વખતોવખત દિલ્હી જવું પડતું. દેશના ભાગલાથી ઉત્પન્ન થયેલ અતિ વિકટ પરિસ્થિતિમાં સરદાર સાહેબ ગળાબૂડ ડૂબેલા હતા. છતાં સ્પષ્ટ માર્ગદર્શન મળતું હતું. આવા એક પ્રસંગે હું અને ઢેબરભાઈ દિલ્હીથી પંજાબ મેલમાં મુંબઈ આવવા નીકળ્યા. ટ્રેનના ડબ્બામાં અમે બે જણ જ હતા દરેક સ્ટેશને શરણાર્થીઓના ટોળા ભમતા ભૂત પેઠે ટ્રેનને ઘેરી વળતા મિલટરી ગાર્ડ હતા. અમે બન્ને ખૂબ વિષાદમાં પડી ગયા. દશ્ય જોયું જાય નહિ અને બન્ને વિચારવમળે ચડયા અને જીવનની સમસ્યાઓ વિષે ખૂબ વિચાર વિનિમય થયો.

આ એક પ્રસંગથી હું અને ઢેબરભાઈ એકબીજાને સારી પેઠે ઓળખતા થયા. ત્યાર પછીના ૩૦ વર્ષમાં અમારો સંબંધ ઘણો ગાઢ થયો અને રહ્યો. ઢેબરભાઈને સ્પષ્ટપણે કહેવાવાળી થોડી વ્યકિતઓ હશે તેમાં હું એક હતો તેમ હું માનું છું.

આરઝી હકૂમતના કામમાં અમે બન્ને છેવટ સુધી જૂનાગઢની શરણાગતિ થઈ ત્યાં સુધી, સારી પેઠે સંકળાયેલા રહ્યા.

સૌરાષ્ટ્રના એકમની રચના થઈ અને ઢેબરભાઈ મુખ્યમંત્રી થયા. સૌરાષ્ટ્રનું એકીકરણ કરવું અતિ વિકટ કાર્ય હતું અને તેમાં બને તેટલી શકિતશાળી વ્યકિતઓનો સાથ મેળવવા ઢેબરભાઈ ઈન્તેજાર હતા. મંત્રીમંડળમાં તેમને ઘણા કુશળ સાથીઓ મળ્યા. પહેલા મને લીગલ રીમેમ્બ્રન્સર (કાયદા સચિવ) તરીકે જોડાવા તેમણે કહ્યું. મેં ના પાડી. પછી મુખ્ય સચિવ, (ચીફ સેક્રેટરી), તરીકે, પછી હાઈકોર્ટના જજ તરીકે, છેવટ ચીફ જસ્ટીસ તરીકે જોડાવા કહ્યું, મેં બધી ના પાડી કારણ મારે સહકારી નોકરી કરવી ન હતી. બીજી કેટલીક કામગીરી મને સોંપી તે કરી આપી. ઢેબરભાઈને સારી છાપ પડી એમ મારું માનવું છે. પરિણામે ૧૯૪૮ના નવેમ્બરમાં એક દિવસ અચાનક હું મારી ઓફિસમાં બેઠો હતો અને ઢેબરભાઈનો રાજકોટથી ટેલિફોન આવ્યો કે મને બંધારણ સભામાં સૌરાષ્ટ્ર ધારા સભાએ ચૂંટવાનું નક્કી કર્યું છે. મારે મન આ બહુ મોટું માન હતું. મારા જાહેર જીવનનું આ એક મોટું પગથિયું હતું. આ માટે હું ઢેબરભાઈનો સદા ઋણી રહીશ. ૧૯૫૨માં પ્રથમ લોકસભાની ચૂંટણી હતી. સામાન્યતયા, મારે સુરેન્દ્રનગર જિલ્લામાંથી ઊભા રહેવું જોઈએ, પણ શ્રી રસિકભાઈને ત્યાંથી ઊભા રહેવું હતું. એટલે મને સોરઠ - ગોહિલવાડ વિભાગમાંથી ઊભા રહેવા કહ્યું. આ વિસ્તાર મને સર્વથા અજાણ્યો હતો એટલે મેં ના પાડી. શ્રી રતિલાલ ગાંધી માટે કેટલાક ભાઈઓનો આગ્રહ હતો. પણ ઢેબરભાઈનો આગ્રહ હતો કે મારે જ ઊભા રહેવું અને તે પ્રમાણે નિર્ણય થયો.

અમારો સંબંધ ઉત્તરોત્તર ગાઢ થતો ગયો. માત્ર રાજકીય બાબતોમાં જ નહિ. તત્ત્વજ્ઞાનનો મારો અભ્યાસ અને ઢેબરભાઈને પણ તાત્ત્વિક વિષયોની ચર્ચામાં ઊંડો રસ હતો. મારી એવી છાપ છે કે અગત્યની બાબતોમાં ઢેબરભાઈ મારા અભિપ્રાયને ઠીક વજન આપતા. અમારી વચ્ચે મુક્ત ચર્ચા થતી. નવ વર્ષ ખાદી કમિશનના ચેરમેન રહ્યા તે દરમિયાન અમે ખૂબ નજીક આવ્યા. ખાદી કમિશનમાં બહુ સાફસૂફી કરવાની હતી. ઢેબરભાઈએ અથાક પરિશ્રમ લીધો. ઘણી સંસ્થાઓ અને વ્યકિતઓ સામે કડક પગલાં લેવા પડયાં. ખાદી કમિશનના કાયદાના સલાહકાર તરીકે મારી નિમણૂંક કરી, સંખ્યાબંધ બાબતોમાં ભારે દૂષણો હતા તે દૂર કરવા પ્રયત્ન કર્યો.

તેમની છેલ્લી માંદગી ગંભીર હતી. તેની માનસિક અસર ઘેરી હતી. તેમના મનને પ્રફુલ્લિત રાખવા હું, ગીધુભાઈ કોટક, તુલસીદાસભાઈ, કાંઈ નહિ તો ગપ્પા મારવા લાંબો સમય બેસતા. ઢેબરભાઈ ગંભીર દેખાતા. અમે એ ગંભીરતાને ટકવા નો'તા દેતા.

ઢેબરભાઈનું જીવન, સમર્પણની ભવ્ય ગાથા છે. ૩૨ વર્ષની યુવાન વયે, વકીલાત છોડી, ગાંધીજી અને સરદાર સાહેબને ચરણે જીવન ધરી દીધું. અંત સુધી પાછું વાળી જોયું નથી. કુટુમ્બની લેશ પરવા કરી નથી. સ્વેચ્છાએ આ ગરીબાઈ વહોરી લીધી; અંત સુધી એવા રહ્યા અને તે કારણે સારી પેઠે સહન પણ કરવું પડયું. ઢેબરભાઈ લાગણીપ્રધાન હતા પણ દેખાવા ન દે. ઘણી વખત હું તેમને કહેતો કે તેઓ ભારેલા અગ્નિ જેવા છે. તેમનું મન ઝટ કળી ન શકાય. ધાર્યું કરવા ટેવાયેલા પણ ખૂબ વિવેકથી, કુનેહથી કરે. તેમનામાં મૌલિકતા હતી. બીજા વિચારતા હોય તેના કરતાં કાંઈક જુદું જ વિચારે. સ્વભાવ આગ્રહી પણ સામાને આઘાત લાગવા ન દે. સંસ્કારની મૂર્તિ હતા. તેમની નમ્રતામાં મક્કમતા સમાયેલી હતી. તેમની કામ કરવાની રીતથી સાથીઓ કેટલીક વખત મૂંઝાય. પણ તેમના પ્રત્યેનો આદર જરાય ઓછો ન થાય. ગરીબો પ્રત્યે ઊંડી હમદર્દી. તેમનો લોકસંપર્ક ગાઢ હતો. સાદાઈ અને સદાચાર તેમના જીવનના મૂળમાં હતા. રચનાત્મક કાર્ય, ખાદી, ગ્રામોદ્યોગ, હરિજન કલ્યાણ આદિવાસી અને અનુસૂચિત જાતિઓનું કાર્ય, ગોસંવર્ધન અને ગોપાલન, આ બધામાં તેમને ઊંડો રસ હતો. છતાં રાજકારણના જીવ હતા. ચાર વર્ષ કૉંગ્રેસના પ્રમુખ રહ્યા. ત્યારે જવાહરલાલજી જેવા સાથે કુશળતાથી કામ લીધું. There was something unpredictable about him તેથી સાથીઓમાં કેટલીક વખત ગેરસમજણ થતી. મને કેટલીક વખત એમ રહેતું કે તેમનો આદર્શ ઘણો ઉચ્ચ હતો. તેને પૂરી રીતે પહોંચી શકતા નહિ તેનો અસંતોષ તેમના મનને રહેતો. He was a complex personality ગાંધીજીના ઘણા ગુણ અને વિલક્ષણતાઓ તેમનામાં હતી.

ઢેબરભાઈનું સૌથી મહાન અને ચિરંજીવ કાર્ય સૌરાષ્ટ્રના ઘડતરનું રહેશે. સૌરાષ્ટ્રની પ્રજા સદાકાળ તેમના ઋણી રહેશે. સૌરાષ્ટ્રનું સદ્ભાગ્ય હતું કે આવા વિકટ કાર્ય માટે ઢેબરભાઈ જેવા કુશળ સુકાની મળ્યા. જાનના જોખમે તેમણે આ સિદ્ધિ મેળવી. અંત સમયે લોકોએ તેમને અભૂતપૂર્વ માન આપ્યું તે સર્વથા ઉચિત હતું.

તા. ૨૭-૩-૭૭

**ચીમનલાલ ચકુભાઈ**

# ઢેબરભાઈ: રાજકારણમાં અનુકંપા

શ્રી ઉછરંગરાય ન. ઢેબરનું રાજકોટમાં માર્ચ ૧૧, ૧૯૭૭ ના દિવસે ૭૧ વર્ષની વયે અવસાન થયું. ઢેબરભાઈ એક એવા જાહેર-પુરુષ હતા જેમનામાં અનુકંપા એક સ્વયંભૂ વૃત્તિ હતી. આ દષ્ટિએ તેઓ ગાંધીવાદી રાજકારણના એક નમૂનેદાર પ્રતિનિધિ હતા. સત્તાનો તેમને અણગમો નહોતો, પણ તેમને મન સત્તા એ તો કરોડો ગરીબ સ્ત્રી-પુરુષોના જીવનના પોતમાં કશોક સાર્થક ફેરફાર કરવાનું સાધન હતું. આ કરોડો ગરીબ લોકો તે જ તેમનો સ્વાભાવિક મતદારવિભાગ હતો. સૌરાષ્ટ્રની રખડતી જાતિઓ હોય કે ભારતના પર્વત-પ્રદેશના આર્થિક રીતે નિરાધાર નાગરિકો હોય, ઢેબરભાઈને તે સૌ માટે સહજ રીતે લાગણી થતી. ઢેબરભાઈના શરીરને ભાંગી નાખનાર ગંભીર રોગો વળગેલા હોવા છતાં છેલ્લાં સાત વર્ષ દરમિયાન ગરીબોના હિત પ્રત્યેની આ ઊંડી નિષ્ઠાએ જ તેમને જીવંત રાખ્યા હતા.


રાજકોટમાં વકીલાતનો વ્યવસાય કરતા ઢેબરભાઈ ૧૯૩૮માં રાજકોટ સત્યાગ્રહના નેતા તરીકે ભારતના નકશા પર ચમકયા. એક વર્ષ પહેલાં ગાંધીજી અને સરદાર પટેલના સૂચનથી એમણે વકીલાત છોડીને જાહેર જીવનમાં પ્રવેશ કર્યો હતો. રાજકોટ સત્યાગ્રહ દરમ્યાન ઢેબરભાઈની વ્યવસ્થાશકિતને પ્રતાપે અંતિમવાદી ડાબેરી તત્ત્વોથી માંડીને જમણેરી તત્ત્વો સુધીના બધા ઘટકો એકત્રિત રહ્યા.

ઢેબરભાઈના જીવનને પાંચ વિભાગોમાં વહેંચી શકાય. બત્રીસ વર્ષની વય સુધી તેઓ જાહેર જીવનમાં નહોતા. તેંત્રીસ વર્ષની વયે એ રાજકોટ સત્યાગ્રહના નેતા થયા. ૧૯૪૮ માં તે સૌરાષ્ટ્રના મુખ્યમંત્રી થયા. આઠ વર્ષ પછી ઢેબરભાઈ કૉંગ્રેસના પ્રમુખ થયા. ૧૯૬૩ માં તેઓ ખાદી અને ગ્રામોદ્યોગ કમિશનના અધ્યક્ષ બન્યા અને લગભગ એક દાયકા સુધી તેમણે એ જવાબદારી સંભાળી. આ બધામાં એમના ઉત્તમ વર્ષો તો સૌરાષ્ટ્રના મુખ્યમંત્રીપદ સમયનાં વર્ષો હતાં. આ સમય દરમિયાન તેમણે ૨૦૦ રજવાડાંઓના બનેલા સામંતશાહી પ્રદેશને આશ્ચર્યજનક ખંત, ધીરજ અને સમજાવટથી લોકશાહી સમાજમાં ફેરવી નાખ્યો.

ઉત્તમ સાહિત્ય કૃતિ વિષે વાજબી રીતે જ એમ કહેવાય છે કે મહત્ત્વ તેના ફલકનું નથી પણ કૃતિમાં રહેલા સૌન્દર્યાનુભવના ઊંડાણનું અને એ અનુભવની સંક્રાંતિની ગુણવત્તાનું છે. જે સાહિત્ય માટે સાચું છે તે જીવન માટે પણ સાચું છે. દેશના એક નાનકડા ખૂણામાં એક ચિત્તે અને સંપૂર્ણ નિષ્ઠાથી સેવા કરીને એક વ્યકિત કેવી રીતે અખિલ ભારતીય વ્યકિતત્વ પ્રાપ્ત કરે છે તેનું દષ્ટાન્ત ઢેબરભાઈનું જીવન છે. ઢેબરભાઈએ ઉદ્યમ, સાદાઈ અને દરિદ્રનારાયણ માટેની અવિરત ચિન્તાથી સૌરાષ્ટ્રની સેવા કરી. અખિલ ભારતીય પ્રતિષ્ઠાની જરાય પરવા કર્યા સિવાય નાનકડા પ્રદેશની જે માણસે સેવા કરી તેનું મૂલ્ય સમસ્ત દેશે સ્વીકાર્યું. ઢેબરભાઈ જે રીતે રાષ્ટ્રીય તખતા ઉપર ચમકયા તે સરદાર વલ્લભભાઈ પટેલ બારડોલી સત્યાગ્રહ પછી ભારતભરમાં ઝળકયા તેને મળતું આવે છે. બારડોલીએ જે ભાગ સરદારના જીવનમાં ભજવ્યો તે સૌરાષ્ટ્રે ઢેબરભાઈના જીવનમાં ભજવ્યો.

ઢેબરભાઈ નાજુક અને બાંધી દડીના હતા. તેઓ ખાદીનું ધોતિયુ ઝભ્ભો અને સફેદ ટોપી પહેરતા. ડોળદમમાથી સદંતર મુકિત એવા આ માણસને જુદા તારવી આપતું એક માત્ર ચિહ્ન તે તેમની હિટલર જેવી અડધી મૂછો, એમનું વ્યકિતત્વ બ્રિટિશ મજૂર વડા પ્રધાન ઍટલીને ઘણા અંશે મળતું આવતું હતું. ઍટલીની હાજરી એ ખંડમાં દાખલ થાય ત્યારે ન વરતાય પણ કામ કરવા માંડે કે તરત વરતાય.

ઢેબરભાઈ સૌરાષ્ટ્રના મુખ્યમંત્રી હતા ત્યારે એક જ ઓરડામાં રહેતા. સત્તા ઉપર બેઠેલા લોકોએ કેવી રીતે રહેવું જોઈએ તેનો એ જીવતો નમૂનો હતા. ઢેબરભાઈ સામાન્ય માણસના પ્રતિનિધિ તરીકે રાજ્ય કરતા હતા. તેમણે પોતાને માટે અથવા પોતાના કુટુંબને માટે કોઈ વિશેષ સગવડો મેળવી નહોતી. તેમના એક પુત્ર પ્રફુલ્લભાઈ મુંબઈના એક પરામાં મધ્યમ વર્ગનું જીવન જીવતા હતા. ઢેબરભાઈના પુત્ર હોવાને નાતે એમને જરા જેટલો ય લાભ મળ્યો નથી. ઢેબરભાઈ ખાદી અને ગ્રામોદ્યોગ કમિશનના અધ્યક્ષ તરીકે નિવૃત્ત થયા તે પછી પ્રફુલ્લભાઈને ઘેર તેમને મળવા જવું એ આપણા ચિત્ત માટે પાવનકારી અનુભવ હતો. એ ઘરમાં એમને મળો ત્યારે તમને ખ્યાલ પણ ન આવે કે આ માણસ એકવાર સૌરાષ્ટ્રના મુખ્યમંત્રી, કૉંગ્રેસના પ્રમુખ અને ખાદી અને ગ્રામોદ્યોગ કમિશનના અધ્યક્ષ હશે.



સ્વ. ઢેબરભાઈ

ઢેબરભાઈ સાથે કોઈક રીતે સંકળાયેલા હોઈએ તે હકીકત જ જાહેરજીવનની કેળવણી બની જાય, તેઓ વૈકુંઠભાઈ મહેતા સ્મારક ટ્રસ્ટના અધ્યક્ષ હતા. આ ટ્રસ્ટ વૈકુંઠભાઈના જીવનકાર્ય સમા વિકેન્દ્રિત વિકાસની કામગીરીને વરેલું હતું. મને તેના મેનેજિંગ ટ્રસ્ટી થવાનું માન પ્રાપ્ત થયું હતું. મેં આ કામગીરી એક વર્ષ માટે જ સ્વીકારી હતી પણ પછી હું જ્યારે જ્યારે રાજીનામું આપવાની વાત કાઢું ત્યારે ઢેબરભાઈ કહે: "મારી તબિયત જુઓ, હું આ બોજો કેવી રીતે ખેંચું છું?" એક દિવસ તેમને ઘણી નબળાઈ હતી અને ટ્રસ્ટની બેઠકમાં હાજરી આપવા જતા હતા ત્યારે લિફ્ટમાં લગભગ બેભાન બની ગયા. આ સંસ્થાના કામ પ્રત્યે એમની આવી ઉત્કટ નિષ્ઠા જોઈ ત્યારે મેં મનોમન એવો નિશ્ચય કર્યો કે ઢેબરભાઈ જ્યાં સુધી આ ટ્રસ્ટના અધ્યક્ષ હોય ત્યાં સુધી મારે રાજીનામું આપવાની વાત ન ઉચ્ચારવી. ઢેબરભાઈની સેવાવૃત્તિ ચેપ લગાડે તેવી હતી.

ગરીબોના દુ:ખની સમજણ ઢેબરભાઈના હાડમાં ઊતરી ગયેલી હતી. સૌરાષ્ટ્રમાં પડેલ એક દુષ્કાળ વખતે ઢેબરભાઈ એક મોટા અધિકારી સાથે દુષ્કાળગ્રસ્ત વિસ્તારોમાં ફરતા હતા. અધિકારી એક રાજવી કુટુંબના નબીરા હતા. બન્ને એક ગામને પાદરથી પસાર થતા હતા. ઢેબરભાઈએ નાનકડાં ગંદા તળાવમાંથી ઘડામાં પાણી ભરતી એક નાની છોકરીને જોઈ. એમણે મોટર થોભાવી અને છોકરીને પૂછ્યું કે આવું ગંદુ પાણી કેમ ભરે છે? છોકરીએ કહ્યું કે પાણીનો ખટારો થોડા દિવસથી આવ્યો જ નથી.

ઢેબરભાઈએ પેલા અધિકારી તરફ ફરી પૂછ્યું: "પાણીનો ખટારો કેમ આવ્યો નથી?"

"સાહેબ, ખટારામાં કંઈક ખોટકો થયો હશે."

ઢેબરભાઈએ છોકરીને બોલાવી એક પ્યાલામાં પાણી કઢાવ્યું. પછી પેલા અધિકારીને કહ્યું: "આ પીઓ."

અધિકારીએ કહ્યું: "આ કેવી રીતે પિવાય?"

"જો તમારાથી ન પિવાય તો લોકો કેવી રીતે પી શકે? ખટારો આવે ત્યાં સુધી તમે અહીં રહો. આ પ્રશ્ન ઉકેલવા માટે મારે તમને અહીં જ રાખવા પડશે."

આટલું કહીને એમણે ડ્રાઈવરને ગાડી ચલાવવા કહ્યું: એ મોટા અધિકારી એ ગામમાં હાજર રહ્યા એટલે બે કલાકમાં જ ખટારો આવી પહોંચ્યો. લોકોની સ્થિતિ સુધારવાની આ તાલાવેલીને લીધે જ ઢેબરભાઈ પ્રજાની આંખની કીકી જેવા બની ગયા હતા.

મુંબઈ, માર્ચ ૨૬, ૧૯૭૭ **વાડીલાલ ડગલી**

# વર્તમાન યુગની સમસ્યાઓ અને ઉકેલ

[૨]

વર્તમાન યુગની સમસ્યાઓના સંબંધમાં મારા આ અગાઉના લેખમાં મેં કહ્યું હતું; એમાં એ સમસ્યાનો ઉકેલ 'યોગ'માં રહેલો છે એવો અણસાર પણ એ લેખના અંતે મેં કર્યો હતો. પ્રસ્તુત લેખમાં એ વિષે વિસ્તૃત વિચાર કરીએ.

"યોગશ્ચિત્તવૃત્તિ નિરોધ:" એવું સૂત્ર પતંજલિએ યોગસૂત્રમાં પ્રરૂપ્યું છે. વૃત્તિઓનો સમૂળો નિરોધ અશકય નહિ તો દુ:સાધ્ય છે એવું માની હરિભદ્ર, હેમચંદ્રાચાર્યાદિ આચાર્યોએ મોક્ષને સિદ્ધ-પ્રાપ્ત કરી આપનાર મનોવ્યાપારને યોગ કહ્યો છે. મનમાં શૂન્યાવકાશ સર્જવા કરતાં સદ્‌ભાવથી ભરી દેવું એ વધારે ઈષ્ટ છે, ઉપકારક છે એમ જૈનાચાર્યોએ માન્યું છે. સમ્યગ જ્ઞાન, સમ્યક્‌શ્રદ્ધા અને સમ્યગ્ ચારિત્રને મોક્ષમાર્ગ ગણી એને અપાવનાર વસ્તુને ધર્મ કહી, ધાર્મિક મનોવ્યાપારથી ચિત્તને ભરી દેવું એ પ્રક્રિયાને 'યોગ' શબ્દથી જૈન-ચાર્યોએ વિવક્ષિત કરી છે. સમતાને ગીતાકારે યોગ તરીકે ખપાવી છે. "મન્મના ભવ" કહીને બધી વૃત્તિઓનો ત્યાગ કરી "હું જ એક છું માટે મન્યમય બન" એવી એક જ વૃત્તિનો સહારો લેવા ફરમાવ્યું છે. આમ શાબ્દિક ભિન્નતાની ભીતરમાં પણ ધ્યેયની સમાનતા તો સ્વીકારવામાં આવી જ છે. ચિત્તને સંસ્કારશુદ્ધ બનાવતાં બનાવતાં ચિત્ત ઉપર આધિપત્ય સ્થપાતું જાય અને છેવટે વિચાર વિહીન બને, નિરોધ થાય, શૈલેશીકરણ થાય- આવું કહેવાનો આશય છે. વિચારની દરેક પ્રક્રિયામાં 'અહં' ને ભેળવવાનો ચિત્તનો સ્વભાવ થઈ ગયો છે અને એટલે જ રાગ-દ્રૂેષની પરંપરા શરૂ થઈ જાય છે. પછી તો માનસિક તાણ, ક્લેશ, દુ:ખ ઈત્યાદિ આવી પડે છે. હિંદુ ધર્મગ્રંથોમાં સાક્ષીભાવ, દષ્ટાભાવ સ્થાપવાનું કહેવામાં આવ્યું છે એ "સમતા"નું જ એક સ્વરૂપ છે. આત્મા કર્તા નથી અને એટલે જ ભોકતા પણ નથી; અર્થાત એ સ્વભાવે નિરંજન, નિરાકાર, નિર્લેપ છે અને જે કાંઈ દશ્ય જગતમાં બની રહ્યું છે એ કેવળ પુદ્‌ગલ –પરિણમન છે એમ કહીને પણ "અનાસકત રહેવું–બનવું" એવું ઉદ્‌બોધન આડકતરી રીતે કરવામાં આવ્યું છે. ઈશ્વર, જીવ અને જગત વિષેની દરેક ધર્મની કલ્પનાઓમાં ભલે વિસંવાદ હોય છતાં અનાસકત બનવું કે રહેવું, કર્મ કરતા, થકીં સમતા જોખમાવા ન દેવી, ચિત્તને રાગ-દ્રૂેષ વિનાનું બનાવવું, વૃત્તિઓનો નિરોધ કરવો- આ બધા એક જ સત્યના દષ્ટિકોણ છે. એક જ સત્ય જે છે તે છે આત્માનું સંધાન, યોગ શબ્દ પણ 'યુજ' ધાતુમાંથી આવ્યો હોઈ એનો જોડવાનો અર્થ લઈએ તો પણ ચિત્તને આત્મા સાથે જોડવું એ નિષ્કર્ષ જ નીકળે. પરંતુ આ વસ્તુ એકદમ પ્રાપ્ત નથી થઈ શકતી અને એટલે જ ક્રમિક વિકાસની પક્ષકારી જૈન ધર્મે કરી છે, શમ, દમ વગેરે ષટસંપત્તિનું શંકરાચાર્યે પુરસ્કરણ કર્યું તેમાં પણ એમનો આ હેતુ જ હોવો જોઈએ. કર્મ બંધ કરી દેવાનું અશકય હોઈ કર્મ કરતાં કરતાં પણ એ અસંગ ભાવે કરવા એમ ગીતાકારે કહ્યું. બુદ્ધે મૈત્રી, કરૂણાદિ ભાવનાને પોષવાનું કહ્યું તેમાં પણ મનને એકદમ નિસદ્ધ કરવાનું શકય નથી એટલે ભાવનાથી ભરવું ( Positive thoughts Ideals ) એમ કહેવાનો જ એમનો આશય છે.

પણ યોગના અધિકારી બધા એકદમ બની શકતા નથી. એ માટે પ્રાથમિક યોગ્યતા હોવી જોઈએ. યોગને માટે લાયક કોણ એ સંબંધમાં આચાર્ય હરિભદ્રે કહ્યું છે કે જે વ્યકિત આત્મા ઉપર પડેલા મોહના પ્રભાવને ઓછો કરી જાણે છે તે યોગનો અધિકારી છે. અહીં જૈન ગ્રંથાંતર્ગત મોહ શબ્દ વેદાંત કથિત અજ્ઞાનનો સમાનાર્થક શબ્દ છે. આત્માને કર્તા માનવો એ અજ્ઞાન છે, મોહ છે. અર્થાત્ રાગ-દ્રૂેષની પરિણતિને આ રીતે બંધ કરી દેવાનો માર્ગ સૂચવાયો છે.

વિજ્ઞાનના વર્તમાન યુગમાં આપણને ભૌતિક સુખ તરફ ઢળતા કરી દેવામાં આવ્યા છે અને એથી સુખને બદલે સુખાભાસને પ્રાપ્ત કરી સમય આવ્યે અકળામણ અનુભવીએ છીએ. ઈંદ્રિયજન્ય વિષય-સુખ તરફ દોટ મૂકવાનો આપણો વેગ વધી ગયો છે, કારણકે આપ-ણને વિજ્ઞાને ઘણા આલાબાલા આપ્યા છે. એથી અતૃપ્તિ, અસંતોષ, અશાંતિ વધ્યા છે. જીવન તરફનો આપણો અભિગમ ન ફેરવીએ ત્યાં સુધી આમ જ બનવાનું. માનસિક કટોકટી કે તાણ દરેક અનુભવે છે. ભલે કહેતું ન હોય કોઈ પણ હકીકત આમ જ છે. એટલે માનસિક સમતુલા ન સચવાય તો માણસ પોકાર પાડતો પાડતો મૃત્યુને ભેટે. આ વિષમ પરિસ્થિતિમાંથી બચાવી લેવાવાળું કોઈ શસ્ત્ર કે કોઈ શાસ્ત્ર હોય તો તે યોગ છે. સામાન્ય માનવી યોગ શબ્દથી ગભરાઈ જઈ વેગળો ભાગવા માંડે છે. પણ વસ્તુસ્થિતિ એવી નથી. મેં આગળ કહ્યું તેમ યોગનો અર્થ આત્માનુસંધાન જ થાય છે. આ સ્થિતિ એક વ્યકિત પ્રાણાયામ કે યમ, નિયમના આચરણથી ક્રમે ક્રમે મેળવી શકે તો બીજી વ્યકિત તત્ત્વના સાચા જ્ઞાનથી પણ મેળવી શકે. સાક્ષીભાવ કે શરણાગતિનો ભાવ વ્યકિત બરાબર કેળવી જાણે તો પ્રાણાયામ કરવાની અગત્ય જ છે એવું જરાય નથી. એ કરે તો એનો પ્રતિબંધ પણ નથી. એમ તો હઠાગ્રહીઓ લાંબા વખત સુધી પ્રાણ ઉપર વિજય મેળવી શકે છે. પણ પછી એ હતા એવાને એવા થઈ જાય છે. કહેવાનું તાત્પર્ય એ છે કે પ્રાણાયામ કરો ત્યાં સુધી મન સ્થિર રહે (મન અને પ્રાણગતિ, આ ગતિ પૂરતા સમાન ધર્મી હોવાને કારણે) પણ પછી વાંદરાની માફક કૂદવા, નાચવા માંડી પડે. માટે જો સાચી સૂઝથી જીવન, જગત, જીવ, વગેરે તરફનો દષ્ટિ-કોણ જ બદલ્યો હોય તો વ્યકિત લાંબા કાળ સુધી અસંગ ભાવ, સમતા ભાવ, નિર્લેપીપણું રાખી શકે. શંકરાચાર્યે વૈરાગ્ય અને અભ્યાસ– આ બે પ્રક્રિયા દ્વારા આત્મનિષ્ઠ બનવાનું આદેશ્યું છે. અહિંસા વૈરાગ્ય શબ્દને અભાવાત્મક સમજવાનો નથી. સામાન્ય રીતે વૈરાગ્ય શબ્દને નિર્વેદ, ગ્લાનિ, અફસોસ કે રંજ એવા અર્થમાં વાપરીએ છીએ. વસ્તુ તરફ કે વિષય તરફ અપ્રતિકાર્ય આકર્ષણ ન થવા દેવું એ અર્થ જ શંકરાચાર્યને માન્ય છે. વિષયોથી ભાગતા ફરવાની સલાહ નથી આપી. ભાગેડુ વૃત્તિ -( escapirt વલણ) એ શબ્દથી વિવક્ષિત નથી. સહજભાવે સ્વીકારો, રાગ ન કેળવો તેમ જ દ્રૂેષ પણ નહિ. આ અર્થ શંકરાચાર્યસંમત છે. અભ્યાસ શબ્દનો અર્થ મહાવરો કરવાનો છે. વૈરાગ્યનો- રાગ, દ્રૂેષરહિતતાનો-અસંગનો–સમતાનો, વારંવાર મહાવરો વ્યકિત કર્યા કરે–કર્તવ્ય–કર્મને એ પોતે નથી કરતો એ ધ્યેયથી કર્યા કરે self involvement રફતે રફતે ઓછું કરતો જાય તો સમયના વહેવા સાથે આત્મનિષ્ઠતા સારી માત્રામાં મેળવી શકે ખરો.

આગળના જમાનામાં માનવ સંતોષી હતો. એનો અર્થ એ નહિ કે એ આળસુ હતો. બલ્કે, સાચા સુખની ચાવી તો એણે મેળવી હતી. વર્તમાન યુગે આપણને સુખના સાધનો ન ખૂછે એટલા આપ્યા છે અને છતાં તૃપ્તિના ઓડકાર એને નથી આવતા એનું કારણ શું? આ એક Paradox છે. સાચું સુખ શોધ કે આવિષ્કારોથી નહિ મળે, પણ મળશે એને સાચી દષ્ટિથી અપનાવશું તો. ભગવાને "મુચ્છા પરિગ્ગહો વુત્તો" કહ્યું એમાં એમણે સ્થૂલ વસ્તુનો પરિગ્રહ નથી કહ્યો પણ સ્થૂલ વસ્તુની મૂર્છાને- મોહને પરિગ્રહ કહ્યો છે. અત: ફરી ફરીને કહેવાનું એ જ મોહને પ્રાપ્ત છે કે મૂર્છા, મોહ, અજ્ઞાન, આસકિત, કર્તુત્વ ભાવ વગેરે જે રીતે દૂર કરી શકાતા હોય એ રીતે કરવા, પછી ભલે એ શંકરાચાર્યે, હરિભદ્રા-ચાર્યે કે ગીતાએ ગમે તેણે કહી હોય.

"શુનિ ચૈવ શ્વપાકે ચ પંડિતા: સમદર્શિન:" શ્વાન તરફ અને ચાંડાલ તરફ પંડિતો સમદષ્ટિ ધરાવનારા હોય છે. આ સમ-

દષ્ટિ-સમતા-જૈન ધર્મ કથિત સમભાવ એ જ યોગ. યોગનું આચરણ ગમે તે, ગમે ત્યારે ગમે તે સ્થિતિમાં કરી શકે છે. એ માટે પૂરક કુંભક, રેચકની અનિવાર્ય આવશ્યકતા નથી; પરંતુ સાચું મુમુક્ષુપણું, શમ-દમાદિ ષટ્સંપત્તિ જો હોય અગર વિકસાવવામાં આવે તો ઔર બલિહારી, વળી યોગનો અધિકારી સંન્યાસી જ હોવો જોઈએ એવું જૈન ધર્મ તો નથી કહેતો. હેમચંદ્રાચાર્યે યોગશાસ્ત્રનું નિર્માણ કુમારપાળ રાજાને અનુલક્ષીને જ કર્યું હતું.

સદાચાર, સદ્ભાવ અને સદવર્તન પણ યોગ જ છે. એ વિવેકની આધારશિલા ઉપર નિર્મિત થયેલો હોવો જોઈએ. માનવસમૂદાય પદાર્થોના ભોગવટામાં મશગુલ બની ગયો છે. સાધનને સાધ્ય માની લઈ તેની પાછળ ગાંડાની માફક દોડે છે એટલે પદાર્થોને એ પકડે એને બદલે પદાર્થોથી એ પકડાઈ જાય છે. અહીં આગળ સત અને અસતનો વિવેક કરી વૈરાગ્ય તરફ ઢળે તો મહાવરાથી એ યોગી બની શકે છે. પછી, અગ્નિની હાજરીમાં ઘી ઓગળી જાય છે. પણ અહીં તો એથી ઉલટું એ પદાર્થો વિદ્યમાન હોવા છતાં એના મોહમાં એ લપટાતો નથી. મોહ અને અજ્ઞાન જશે એટલે એ સાચી શાંતિને પામશે. પુરાણપ્રસિદ્ધ જનક રાજાનો દાખલો આ વાતની સાક્ષી પૂરે છે.

વિવેકયુકત વૈરાગ્ય યોગનું જ એક ઘટક છે. આગળ આ લેખમાં જ કહ્યું તેમ વૈરાગ્યને નિરાશા કે નિર્વેદના અર્થમાં લેવાનો નથી. નફરતમાંથી આવેલો વૈરાગ્ય અને સાચી સમજણમાંથી આવેલો વૈરાગ્ય આ બે વચ્ચે જમીન, આસમાનનો ફરક છે. પરાણે આવેલો વૈરાગ્ય ટકી શકતો નથી. ભર્તૃહરિ રાણી પિંગલા પાસે ભીખ માગવા જાય છે ત્યારે પિંગલાની આરજુને ધ્યાનમાં લેતા નથી અને ઊલટું વૈરાગ્યમાં ઊંડા ઊતરતા જાય છે, કારણકે એમનો વૈરાગ્ય વિવેક (સદ્ અને અસદ્ વચ્ચેનો ભેદ) ઉપર સ્થાપિત હતો. એવી જ રીતે સ્થૂલભદ્ર કોશાને ત્યાં ચોમાસું ગાળવા જાય છે, છતાં લેપાતા નથી પણ ઊલટું કોશાને પ્રતિબોધ પમાડે છે. સૂરદાસ આંખો ફોડી અંધ બન્યા એ કરતાં છતી આંખે અંધ જેવા બની રહ્યા હોત તો ઉમદા વૈરાગ્યનો દાખલો પૂરો પાડી શકયા હોત. અંતરમાં જે હોય છે તેનું જ બાહ્ય જગતમાં પ્રતિબિંબ પડે છે. બાહ્ય વસ્તુમાં સારા, નરસાનું આરોપણ કરવું એ અભિગમ ખોટો છે એમ વિજ્ઞાન પણ હવે કબૂલ રાખે છે. આમ જો ન હોય તો ઝેરનો કટોરો ગટગટાવી જનાર તરત જ મરી જવો જોઈતો હતો. પણ ઘણા દાખલામાં એવું ન બન્યું એટલે વિજ્ઞાનને મનમાં જ બધું ભર્યું પડયું છે એમ સ્વીકારવું, પડયું જેનો સ્વીકાર આપણા ધર્મગ્રંથોમાં પહેલેથી જ થયો છે. શિવાજી મહારાજ પાસે એક સુંદર સ્ત્રીને ભોગ માટે અમલદારે રજૂ કરી ત્યારે એમાં શિવાજી મહારાજે માતાના દર્શન કર્યા. અહિંયા જેવી દષ્ટિ એવી સૃષ્ટિનો સિદ્ધાંત પુરવાર થાય છે. વિકાર અને વિવેક-બન્નેનું અસ્તિત્વ એક સાથે ન હોઈ શકે. માટે વિકારને દાબવા માટે નહિ પણ એના અસ્તિત્વને નહિવત્ કરી દેવા માટે વિવેકના વિકાસની ખાસ જરૂર છે: 'વિણયા નાણં નાણાઓ દસણં દંસણાઓ ચરણં ચા ચરણેહિતો મોકખો મોકખે સો ખ્ખં ણિરાબાહં' આ ગાથામાં વિનયની—વિવેકની પ્રાણપ્રતિષ્ઠા કરવામાં આવી છે.

શાંતિ એટલે ગમા, અણગમાથી મનની પર અવસ્થા. જયાં સુધી રાગદ્વેષો જીવતા હશે ત્યાં સુધી હિમાલયમાં ચાલ્યા જઈશું તો પણ શાંતિ મળવાની નથી—એ મળશે સાચી સમજમાંથી. જેને જૈન ધર્મ સમ્યગ દર્શન કહે છે. ચિત્તની એકાગ્રતાના રૂઢ અર્થમાં યોગને લઈને ગીતા એથી પણ આગળ જાય છે. જીવનના સર્વોચ્ચ મૂલ્યોમાં સ્થિર ધારણાને પણ ગીતા યોગ જ કહે છે. અને જૈનશાસ્ત્રો સદ્ભાવનાના સિદ્ધાંતને આગળ ધરે છે તે પણ એ જ બતાવે છે. આવી અવસ્થા પ્રાપ્ત કરવામાં કોઈ અન્ય મદદરૂપ નથી થતું. આત્મા જ આત્માનો ઉદ્ધાર કરે અને આત્મા જ આત્માને પાડે.

ચંચળ મનને સ્થિર કરવા સૌથી પહેલો વૈરાગ્ય જરૂરી છે. વૈરાગ્યનો અર્થ આગળ કહેવાઈ ગયો છે. છતાં અહીં બીજી વખત કહેવું હોય તો કહી શકાય કે પદાર્થોમાં લપટાયાં વિના સહજ ભાવે અનુભવેલો ભોગ. પણ એનાથી દૂર ભાગી જવું એ વૈરાગ્ય નહિ. સંસારને ભાંડવાથી શું વળશે? એ દશ જગત રહેવાનું જ છે. પરંતુ મનના વલણને-લઢણને બદલવાના છે, અલબત્ત, વૈરાગ્યને ઉપજાવે કે પોષે એવા સાધનોથી વ્યકિતઓ સજાગ થવાનું રહે છે; મહાવરાની, અભ્યાસની પ્રેકટીસની વાત તો અગાઉ કહેવાઈ જ ગઈ છે.

મારા આગલા અને આ લેખની ફલશ્રુતિ આ છે:-

વર્તમાન યુગમાં મૂલ્યો ઉપર-નીચે થઈ ગયા છે. વર્તમાન યુગ વિજ્ઞાનયુગ છે અને વિજ્ઞાનયુગ ભૌતિકવાદ છે. ભૌતિક પદાર્થોમાંથી સાંપડતું સુખ સાચું સુખ નથી. એ સુખ પાછળની દોટમાંથી અસંતોષની જવાળા પ્રકટે છે અને એનો કોઈ અંત નથી. આત્માની સ્મૃતિ કાયમ રાખવી પડશે. દેહ જ સર્વસ્વ નથી. આમ નહિ કરવામાં આવે તો માનસિક તાણ વધી જશે અને એમાંથી અનેકાનેક આપત્તિઓ સર્જાશે. આ તાણમાંથી બચવા માણસે યોગ કેળવવો પડશે. યોગ અમુક જ આચરી શકે એ માન્યતા ભ્રામક છે. કોઈ પણ કોઈ સમયે એ આચરી શકે છે. પણ એનાં મહાવરાની જરૂર છે. અસંગ ભાવ, નિષ્કામ કર્મ, કર્મફલ ત્યાગ, સદ્ભાવનાયુકત જીવન, સમદષ્ટિ, સમતા—આ બધાં અંતિમ ફળની દષ્ટિએ એક જ છે. બધાં કર્મો કુશળતાપૂર્વક કરવા છતાં એ કર્મનો કર્તા પોતે છે એવી અહંબુદ્ધિનો ત્યાગ કરે એ પણ યોગનો જ એક પ્રકાર છે. સંસારને ઉચ્છેદવાની કોઈ વાત જ નથી. પલાયનવાદ યોગ નથી. વિજ્ઞાનનો લાભ ભોગવતાં છતાં એની ઝેરી અસરમાંથી અભિગમ બદલાશે તો જ બચી શકાશે. આ અભિગમ એટલે સમતા-સમતા એટલે યોગ, આ યોગ સિદ્ધ કરવા પ્રાણાયામાદિની અનિવાર્ય આવશ્યકતા નહિ- અંગ્રેજી પરિભાષામાં જેને Relaxaticn કહે છે. એવા જ અર્થનું કાંઈક યોગ એ યુગની માગ છે. માણસે પ્રયત્ન ઘણા કર્યા પણ એ ફાવ્યો નહિ. છેવટે યોગે આશરો આપ્યો છે. દેશ-પરદેશમાં અનેક અખતરાઓ આ સંબંધમાં થઈ રહ્યા છે. લોસ એન્જેલેસ તો યોગનગરી જ બની ગયું છે. યોગની પ્રક્રિયાનું જ્ઞાન તો ગમે ત્યાંથી મેળવી શકાય એમ છે એટલે એની ચર્ચા અહિં અપ્રસ્તુત છે.

આ બે લેખોમાં કહેવાનું જે છે તે એ છે કે વર્તમાન યુગમાં ઘણી સમસ્યાઓ સાચા સુખની આડે ઊભી થઈ છે અને એ નિવારવા કે ઓછી કરવાની ક્ષમતા યોગમાં છે તથા એ યોગ કોઈથી પણ કોઈ સ્થળે આચરી શકાય એવો છે. ઈત્યલમ.

**અમૃતલાલ ગોપાણી**

## સ્વ. પરમાનંદભાઈની પુણ્યતિથિ નિમિત્તે

રવિવાર તા. ૧૭ મી એપ્રિલ ૧૯૭૭ ના રોજ સવારના ૧૦ થી ૧૨ સ્વ. પરમાનંદભાઈની પૂણ્યતિથિ નિમિત્તે જાણીતા ભજનીક હરિભકતપરાયણ શ્રી. મારૂતિબુઆ બાગડેના ભજનોનો કાર્યક્રમ સંઘના, પરમાનંદ કાપડિયા સભાગૃહમાં રાખવામાં આવ્યો છે.

આ ભજનો સાથે સાથે શ્રી જ્ઞાનેશ્વરીના પરિચય રૂપે થોડીક પસંદ કરેલી 'ઓાળીઓ' (છંદ) નો પણ પાઠ થશે.

સૌ મિત્રોને આ ભકિતયોગમાં સમયસર સહભાગી થવા નિમંત્રણ છે.

**ચીમનલાલ જે. શાહ, * કે. પી. શાહ — મંત્રીઓ**

માલિક: શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, મુદ્રક અને પ્રકાશક: શ્રી ચીમનલાલ જે. શાહ, પ્રકાશન સ્થળ: ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ ૪૦૦ ૦૦૪. ટે. નં. ૩૫૦૨૯૬. મુદ્રણસ્થાન: ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, કોટ, મુંબઈ ૪૦૦ ૦૦૧.

Regd. No. MA. By South 54
Licence No.: 37

# પ્રબુદ્ધ જીવન

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૩૯ : અંક : ૨૪

મુંબઈ, ૧૬ એપ્રિલ ૧૯૭૭, શનિવાર
વાર્ષિક લવાજમ રૂા. ૧૦, પરદેશ માટે શિલિંગ : ૩૦

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ ૦–૫૦ પૈસા

તંત્રી : ચીમનલાલ ચકુભાઈ શાહ

## જનતા સરકારના પહેલા વીસ દિવસ

૩ માર્ચે લોકસભાની ચૂંટણીનાં બધાં પરિણામો આવી ગયાં ત્યારે જનતા પક્ષને માથે અણધારી રીતે સરકાર રચવાની જવાબદારી આવી પડી. ખૂબ ઝડપથી કામ લેવાનું હતું. નેતાની ચૂંટણી અને મંત્રીમંડળની રચનાના વિકટ કામો હતાં, પણ પાંચ દિવસમાં અનેક મુશ્કેલીઓને પાર કરી ૨૮ માર્ચે આ કાર્ય પૂરું થયું. તે દિવસે પાર્લામેન્ટની બેઠક શરૂ થઈ અને નવા મંત્રીમંડળે પોતાના કાર્યના શ્રીગણેશ માંડયાં. મંત્રીમંડળમાં પીઢ, અનુભવી અને કસાયેલા આગેવાનો છે તો કેટલાક તદ્દન નવા છે. નાણાંપ્રધાન અને કાયદાપ્રધાન નવા હોવા છતાં અનુભવી અને પોતાના કાર્યમાં કુશળ છે. જ્યોર્જ ફરનાન્ડીઝ, રાજનારાયણ, રવિન્દ્ર વર્મા, કૌશિક વગેરે તદ્દન નવા અને બિનઅનુભવી છે. પણ પાર્લામેન્ટની દસ દિવસની કામગીરીએ બતાવી આપ્યું કે આ મંત્રીમંડળ એકંદરે નહેરુનું પ્રથમ મંત્રીમંડળ બાદ કરતાં, બીજા કોઈ કરતાં ઊતરતું ન હતું.

દસ દિવસમાં પોતાના ચૂંટણી ઢંઢેરામાં આપેલ કેટલાય અગત્યના વચનોનું પાલન કરી દીધું.

વર્તમાનપત્રોમાં વાંધાજનક લખાણોને નામે વર્તમાનપત્રોની સ્વતંત્રતા ઉપર મોટો કાપ મૂકતો કાયદો રદ કર્યો. પાર્લામેંટની કાર્યવાહી પ્રકટ કરતાં, કોઈની બદનક્ષી થાય તે સામે રક્ષણ આપતો કાયદો, રદ કરવામાં આવ્યો હતો તે સજીવન કર્યો. સેન્સરશિપ તો તુરત રદ કરી હતી. સમાચાર સંસ્થાને અત્યારે મોનોપોલી છે, તે કેવી રીતે દૂર કરવી અને સ્વતંત્ર સમાચાર સંસ્થા રચવી, તે બાબત તપાસ કરી ભલામણો કરવા કમિટી રચવાની જાહેરાત કરી. ભયમુકિત તો થઈ જ છે પણ વાણીસ્વાતંત્ર્યમાં કાયદાના અવરોધો હતા તે બધા સત્વર દૂર કર્યાં. આ પગલાં લેવામાં કોંગ્રેસ, જે વિરોધ પક્ષમાં છે, તેણે સાથ આપ્યો. એક મોટી ફરિયાદ હતી કે આકાશવાણી અને દૂરદર્શન માત્ર સરકારી વાજિંત્રો બની ગયાં છે અને સર્વથા એકપક્ષી સમાચારો આપે છે. આ સરકાર તરફથી ખાતરી આપવામાં આવી છે કે પ્રચારનાં આ બન્ને માધ્યમો હવે પછી તટસ્થતાથી અને સ્વતંત્ર રીતે કામગીરી બજાવશે. આ બન્ને માધ્યમોને સ્વતંત્ર સંસ્થા –Statutory Corporation–બનાવવા બાબત વિચારણામાં છે.

આંતરિક કટોકટી તો ચૂંટણીનાં પરિણામો આવતાં ઈન્દિરા ગાંધીની સરકારે તુરત રદ કરી હતી. આ સરકારે બાહ્ય કટોકટી હતી તે પણ રદ કરી – કટોકટીને કારણે કેટલાક મૂળભૂત અધિકારો –સમાનતા અને સ્વતંત્રતાના – સ્થગિત થાય છે, તે આથી સજીવન થયા. પરિણામે, વ્યકિતસ્વાતંત્ર્ય, સભા, સરઘસના હક્ક વિગેરે અમલી બન્યા.

ટૂંકમાં બધી નાગરિક સ્વતંત્રતાઓ - Civil Liberties - જે લૂંટાઈ ગઈ હતી તે પુન: પ્રાપ્ત થઈ.

કટોકટી દરમ્યાન જે અત્યાચારો થયા છે તેની તપાસ કરવા, તપાસ પંચ નીમવાની જાહેરાત કરી. થોડા દિવસોમાં તપાસ પંચના સભ્યોનાં નામો તથા તેનું કાર્યક્ષેત્ર જાહેર થશે અને ખાતરી આપવામાં આવી છે કે તલસ્પર્શી અને ઝડપી તપાસ થશે અને ગુનેગારો સામે ઘટતાં પગલાં લેવાશે. વેરવૃત્તિ કે અદાવતથી કાંઈ નહિ થાય પણ ન્યાય જરૂર કરવામાં આવશે. ગઈ ગુજરી ભૂલી જવાની વાત નથી. અત્યાચારો જેને સહન કરવા પડયા છે તેઓ ન્યાય માગે છે. સાબિત થયેલ ગુનેગારોને માફી આપવાની હોય નહિ. મુંબઈ જૈન યુવક સંઘની વસંત વ્યાખ્યાન માળામાં પહેલે દિવસે બોલતાં શ્રી ચાગલાએ કહ્યું કે, જે લોકોએ પ્રજા સામે યુદ્ધ જાહેર કર્યું હતું તેમને યુદ્ધગુનેગારો –War Criminals –ગણી સજા થવી જોઈએ. તેમાં Forgive and forget હોય નહિ. જયપ્રકાશ નારાયણ, ક્રિપલાણી વિગેરેનું પણ આ વલણ છે.

બીજા પણ કેટલાક તપાસપંચો નીમવાની જાહેરાત થઈ છે. બંસીલાલનાં દુષ્કૃત્યો, મારુતિનું કૌભાંડ તથા નગરવાલા પ્રકરણ માટે તપાસ પંચો નીમાશે. શ્રી જયપ્રકાશના મૂત્રાશયને કેમ ઈજા થઈ તેની પણ તપાસ થશે.

સામાન્ય અને રેલવે બજેટ રજૂ થયાં પણ તે અગાઉની સરકારે તૈયાર કરેલાં હતાં. આ સરકારની આર્થિક અને સામાજિક નીતિને અનુરૂપ બજેટો મે મહિનામાં પાર્લામેંટની બેઠક થશે ત્યારે રજૂ થશે.

ન્યાયતંત્રની સ્વતંત્રતા પુન: પ્રસ્થાપિત કરવાની ઘોષણા થઈ. જે ન્યાયાધિશોની તેમની મરજી વિરુદ્ધ ફેરબદલી થઈ છે તેમને ફરી સ્વસ્થાને નિયુકત કરવામાં આવશે. કેન્દ્ર સરકારના ઉચ્ચ કક્ષાના સરકારી વકીલોમાં ફેરફાર કર્યા અને સરકારી નીતિને અનુકૂળ હોય તેવા નવા વકીલોની નિમણૂંક થઈ.

વિદેશ નીતિમાં બિનજોડાણની નીતિનો ચુસ્તપણે અમલ થશે. પરિણામે આપણા દેશનું રશિયાપક્ષી વલણ છે એવી છાપ– કે હકીકત – દૂર કરવામાં આવી. અમેરિકા અને પશ્ચિમના દેશોએ આ ઘોષણાને આવકારી છે.

અળખામણા ૪૨મા બંધારણીય ફેરફારોની કેટલીક અત્યંત ખરાબ બાબતો સુધારી લેવા ૪૩મા સુધારાનો ખરડો લોકસભામાં દાખલ થયો છે, પણ તેમાં એક મહત્ત્વની બાબત એ આવી છે કે લોકસભા અને રાજ્ય ધારાસભાઓની મુદત છ વર્ષની કરી છે તે ઘટાડી ફરી પાંચ વર્ષની કરવી. સમજી શકાય એવાં કારણોએ કોંગ્રેસે આ બાબતનો વિરોધ કર્યો અને આ ખરડો હવે આવતી બેઠક ઉપર મુલતવી રહ્યો. તે દરમ્યાન કદાચ વધારે વિસ્તૃત ફેરફારો કરતો બંધારણીય ખરડો તૈયાર થશે અને આવતી બેઠકમાં રજૂ થશે. ખાસ કરી કટોકટીને લગતી જે કલમો હાલ બંધારણમાં છે તેનો ભયંકર દુરુપયોગ થયો

તેમ ફરીથી ન થાય તે માટે પાકો પ્રબંધ કરવામાં આવશે. તે સાથે જરમા સુધારાની ઘણી કલમો જેને કારણે કારોબારીને અમર્યાદ સત્તા મળી છે તેમ જ ન્યાયતંત્રની સ્વતંત્રતા અને કાર્યક્ષેત્ર ઉપર મોટો કાપ મુકાયો છે તે બધાંની પુનર્વિચારણા થશે.

ટૂંકમાં ગુમાવેલી સ્વતંત્રતાઓ અને લોકશાહી ધોરણો પુન: સ્થાપિત થશે એટલું જ નહિ પણ ફરી બંધારણનો આવો દુરુપયોગ ન થાય તેની પૂરેપૂરી તકેદારી રાખવામાં આવશે. યુવક સંઘની વ્યાખ્યાન માળામાં શ્રી ચાગલાએ કહ્યું કે (a constiutional dictatorship is much worse than a naked dictatorship.) ઈન્દિરા ગાંધી વખતોવખત એમ કહેતાં કે તેમણે બધું બંધારણપૂર્વક કર્યું છે. બંધારણનું ખોખું જાળવી રાખી તેનો આત્મા મારી નાખ્યો અને બંધારણીય રીતે સરમુખત્યારી સ્થાપી. તેવું ફરીથી ન બને તે માટે ગંભીર વિચારણા અને ફેરફારો થશે.

રાજકીય ક્ષેત્રે અનિશ્ચિતતા અને પ્રવાહી સ્થિતિ ચાલુ છે. મુખ્યપણે કોંગ્રેસનું ભાવિ શું થાય છે તે જોવાનું રહે છે. આ લખાય છે ત્યારે કોંગ્રેસ કારોબારીની બેઠક મળે છે. કોંગ્રેસ ટકી રહેશે કે તૂટી જશે, તેની પુન: રચના થાય તો કેવી થશે, ઈન્દિરા ગાંધી તેમાં શું ભાગ ભજવશે, કોંગ્રેસ તૂટી જાય તો વિરોધ પક્ષ કેવો હશે વગેરે પ્રશ્નો ઊભા છે. રાજ્યોમાં કોંગ્રેસ સરકારો છે તેનું ભાવિ ડામાડોળ છે. ગુજરાતમાં કોંગ્રેસ સરકારનું પતન થયું અને જનતા મોરચો ફરી સત્તા પર આવ્યો. મહારાષ્ટ્રમાં નેતાગીરી બદલાય છે, પણ કોંગ્રેસ-તંત્ર હાલ રહેશે એમ લાગે છે. ઉત્તર પ્રદેશ, બિહાર, રાજસ્થાન, મધ્ય પ્રદેશ વગેરે રાજ્યોમાં ખળભળાટ છે. જયપ્રકાશે કહ્યું કે રાજ્ય ધારાસભાઓનું વિસર્જન કરી નવી ચૂંટણીઓ થવી જોઈએ. આ સૂચનનો વિરોધ થયો છે. કાયદાથી કરવું હોય તો બંધારણમાં ફેરફાર કરી, છ વર્ષની મુદત ઘટાડી પાંચની કરવી પડે, જે અત્યારે શક્ય જણાતું નથી. મોરારજીભાઈએ કહ્યું છે કે રાજ્ય સરકારો તોડવામાં જનતા પક્ષને રસ નથી, છતાં કેટલીય તૂટશે. કોંગ્રેસમાંથી છૂટા થવાનો પ્રવાહ ચાલુ છે. કોઈ જનતામાં જોડાય છે, કોઈ જગજીવનરામના પક્ષમાં જાય છે, તો કોઈ હાલ અપક્ષ રહે છે. ગુલઝારીલાલ નંદા અને અશોક સેન જેવા કોંગ્રેસમાંથી છૂટા થયા. કોંગ્રેસના નૈતિક પાયાને મોટો લૂણો લાગ્યો છે. તેનું સર્વથા વિસર્જન થાય તે જ યોગ્ય થશે. જગજીવનરામે પોતાનો પક્ષ જુદો રાખ્યો તેનો હેતુ હજી પૂરો સમજાતો નથી. કૉંગ્રેસમાંથી છૂટા થનારાને અનુકૂળતા કરી આપવાનો હોય અથવા પોતાના પક્ષની સારી સંખ્યા કરી સોદાબાજી કરવી હોય! હાલ તો ખાતરી આપે છે કે જનતા પક્ષને સબળ કરવા પગલું લીધું છે. રાષ્ટ્રપતિની ચૂંટણીનો પ્રશ્ન ઊભો છે. હાલ, જનતા પક્ષ પોતાના ઉમેદવારને સફળ બનાવી શકે એવી શક્યતા જણાતી નથી. એવું સૂચન થયું છે કે હરીફાઈ ન કરતાં, સર્વમાન્ય ઉમેદવારની શોધ કરવી. આ સૂચન વિચારવા જેવું છે. મદ્રાસમાં ડી. એમ. કે. ના પ્રમુખ અને મંત્રીએ રાજીનામાં આપ્યાં અને તુરત પાછા ખેંચી લીધા. આ પક્ષ હવે ટકશે નહિ. ક્રાન્તિ થઈ છે. પરિસ્થિતિ થાળે પડતાં સમય લાગશે. છતાં શાન્તિમય માર્ગે દેશ ઝડપથી આગળ વધી રહ્યો છે. જનતા પક્ષ સત્વર વધારે પડતી સત્તા મેળવવાના લોભમાં ન પડતાં, તંદુરસ્ત પરંપરાઓ પાડે તે જરૂરનું છે.

આર્થિક ક્ષેત્રે, મામલો વધારે વિકટ છે. ચીજવસ્તુઓના ભાવો ઝડપથી વધતા જાય છે. મજૂરો અધીરા થયા છે. હડતાળો તથા મોરચાઓ શરૂ થયા છે. કેટલેક સ્થળે હિંસક બનાવો બન્યા છે. મજૂર સંઘો અને આગેવાનો ધીરજ નહિ રાખે તો પરિસ્થિતિ વણસશે. સરકારે મક્કમ પગલાં લેવાં પડશે. નવી સરકાર, ખાસ કરી જનતા સરકાર કહેવાય. તેને માટે કડક પગલાં લેવાં સહેલું નથી. સસ્તી લોકપ્રિયતા મેળવવાના મોહમાં, નવા જેશો કર્યે જાય. રાજનારાયણે જાહેર કર્યું કે બળજબરીથી નસબંધી કરી હોય તેવા દરેકને રૂા. ૫૦૦૦ વળતર અપાશે. કેટલી બિનજવાબદાર જાહેરાત છે? કેબિનેટને પૂછ્યું હતું? કેટલી રકમ જોઈએ વિચાર્યું છે? બળજબરીથી થયું કે સ્વેચ્છાએ કોણ નક્કી કરે? રેલવે હડતાળમાં બરતરફ થયેલ લગભગ ૧૬૮૯૮ કર્મચારીઓને પાછા લેવાશે. તેમને અઢી કરોડ રૂપિયા પગારના ચુકવવા પડશે. છ લાખ રેલ્વે કર્મચારીઓની સર્વીસ બ્રેક થયેલી તેને ચાલુ સર્વીસ ગણવાથી બીજી કરોડોની જવાબદારી વધશે. અન્યાય થયો હોય ત્યાં તેનું નિવારણ થાય તે યોગ્ય છે, પણ શિસ્ત ઉપર અને આર્થિક શું અસર થાય પણ વિચારવાનું છે. હમણાં જ વર્તમાનપત્રોના કર્મચારીઓ - પત્રકારો - બિનપત્રકારો - ને વચગાળાની રાહત તરીકે દરેક રૂા. ૫૦ માંડી રૂા. ૧૩૧ સુધીનો વધારો કરી આપ્યો - વર્તમાનપત્રો ઉપ મોટો બોજો પડયો છે. જે મોટા ભાગના વર્તમાનપત્રો સહન કરી શકે તેમ નથી. આવી રીતે બીજા ઔદ્યોગિક ક્ષેત્રે પગારવધારા આપવામાં આવે તો ફુગાવાનું વિષચક્ર જોરથી વધે. ઈન્દિરા ગાંધીની સરકારે ફુગાવો, મોંઘવારી અટકાવવા અને ઔદ્યોગિક શાન્તિ જાળવી ઉત્પાદન વધારવા કેટલાંક કડક અને અળખામણાં, પણ જરૂરં અને અનિવાર્ય પગલાં લીધાં હતાં તેને ભૂંસી નાંખીશું તો અશાન્તિનો વંટોળ પેદા થશે. બોનસની માગણી ઊભી છે એને કેટલેક દરજ્જે સંતોષવાની વાત સંભળાય છે. જનતા સરકારનું કામ ઘણું વિકટ છે. શરૂઆતમાં ઉત્સાહના મોજામાં તણાઈ જઈ ભાવિ જોખમાય એવું ન થાય તેની પૂરી તકેદારી રાખવી પડશે. પ્રજાએ ધીરજ રાખવી પડશે અને આગેવાનોએ પરિસ્થિતિ પ્રજાને સમજાવી મક્કમતાથી કામ લેવું પડશે. પ્રજાની અને આગેવાનોની પૂરી કસોટી છે.

૧૨-૪-૭૭

—ચીમનલાલ ચકુભાઈ

# ભૂતકાળ ભૂંસાય છે

**[ લંડનના સાપ્તાહિક 'ઈકોનોમિસ્ટ'ના ૨૬મી માર્ચના અંકમાં 'ભારત ભૂતકાળનાં ચીંથરાં ઉડાવે છે' – એવા શિર્ષક હેઠળ તાજેતરની ચૂંટણીઓની એની સમીક્ષા પ્રગટ થઈ છે, જેનો અનુવાદ અત્રે આપ્યો છે. તે લખે છે: ભારતની ચૂંટણીઓએ ૩૦ વર્ષના કોંગ્રેસી શાસનને અને લોકશાહીને સ્થગિત કરવાના પોતાના નિર્ણયને ક્યારે ય વાજબી નહિ ઠરાવી શકનાર એક સંભવિત સરમુખત્યારને ફેંકી દીધાં છે. હવે સંમિશ્ર વિજેતાઓએ ક્ષુબ્ધ ભારતનું શાસન કરવાનું છે ]**

એક વિકાસ પામતા દેશને લોકશાહી અનુકૂળ નથી અથવા નિર્ધન અને ભૂખ્યાંજનોને પોતાના અધિકારોનું મૂલ્ય નથી એવો દાવો હવે ફરી કોઇ કરી શકશે નહિ. આવા સૂફિયાણા ખ્યાલોનો ભારતે આ અઠવાડિયે (માર્ચ – ૨૧) છેદ ઉડાવી દીધો છે. શ્રીમતી ઇન્દિરા ગાંધી અને કોંગ્રેસ પક્ષને એણે સત્તાભ્રષ્ટ કર્યાં છે. કૉંગ્રેસના ત્રીસ વર્ષના શાસનનો – અને શ્રીમતી ગાંધીની 'કટોકટી' હેઠળના એકવીસ મહિનાના દમનનો – અંત લાવનાર ચૂંટણીઓ વાસ્તવમાં તો સ્વાતંત્ર્ય માટેના લોકમતમાં પલટાઈ ગઈ હતી. હા, ભારતીય મતદારોએ જવાબ આપ્યો, કે રાજકીય સ્વાતંત્ર્ય અને વ્યક્તિગત અધિકારોનું એમને મન મહત્ત્વ છે જ અને એને પગ નીચે કચડનાર સરકારે જવું જ જોઈએ, અને મંગળવારે (માર્ચ ૨૨) થોડાક ગૌરવ સાથે એ સરકાર ગઈ, જ્યારે શ્રીમતી ગાંધીએ પોતાનું રાજીનામું આપ્યું અને જાહેર કર્યું કે 'જનતાના સામૂહિક શાણપણને માન આપવું જ જોઈએ.' બે દિવસ બાદ નવી જનતા સરકારનો શપથવિધિ થયો. જગતના આ સૌથી મોટા લોકશાહી દેશનું શાસન ચલાવવાનું જરા ય સહેલું નથી. એ સાથે નવી સરકાર સમક્ષ મુખ્ય સમસ્યા એની પોતાની પાંખી એકતાને ટકાવી રાખવાની છે.

જનતાનું શાણપણ આટલી નિર્ણાયક રીતે વ્યક્ત થયું એ આ ઐતિહાસિક ચૂંટણીઓની એક નોંધપાત્ર વિશેષતા છે. છેક ઉત્તર–પૂર્વના આસામને બાદ કરતાં બાવીસ રાજ્યો પૈકી માત્ર બે જ–

આન્ધ્ર પ્રદેશ અને કર્ણાટક (મહિસૂર) કૉંગ્રેસ પક્ષને લગભગ પૂરી રીતે વફાદાર રહ્યાં. કૉંગ્રેસ પક્ષે જ્યાં પ્રમાણમાં સારો દેખાવ કરેલો તે બીજા પાંચ રાજ્યો સાથે દક્ષિણનાં આ બે રાજ્યોમાં કોઈ સમાન તત્ત્વ હોય તો તે એ કે બાકીના દેશે કટોકટી હેઠળ જે સહન કર્યું હતું તેના કરતાં ઓછો કષ્ટદાયક અનુભવ તેમને થયો હતો. સામૂહિક ધરપકડો, બળપૂર્વકના વંધ્યીકરણ અને પોલીસના પાશવી અત્યાચારો સહિત કટોકટીનો સૌથી ભારે કેર જ્યાં વર્ત્યો તે કૉંગ્રેસના એક વેળાના ગઢ ઉત્તરના હિન્દીભાષી પટ્ટામાં કૉંગ્રેસ પક્ષનો એક રાજકીય બળ તરીકે અસરકારક રીતે છેદ ઊડી ગયો. શ્રીમતી ગાંધી, તેમના પુત્ર સંજય અને તેમના મોટા ભાગના પ્રધાનોએ એક સમયે તેમના અજેય ગણાતા આ વિસ્તારમાં જ પોતાની બેઠકો ગુમાવી અને તે પણ થોડાં સપ્તાહ પૂર્વે ભાગ્યે જ કોઈએ ધાર્યું હશે એવા મતોના ભારે તફાવત સાથે.

નવા કૉંગ્રેસ-વિરોધી ઉત્તર (આસામ સિવાય) અને દક્ષિણ તથા મધ્ય ભારત આમ રાજકીય રીતે ભિન્ન માર્ગે ફંટાયાં છે એ હકીકત કૉંગ્રેસ તથા નવા ચૂંટાયેલા જનતા પક્ષ ઉભયને મહદ્અંશે પ્રાદેશિક સંગઠનો બનાવી દે છે. અસરકારક રીતે કામ કરવા માટે બન્નેએ આ મર્યાદાને પાર કરવાની રહેશે. મતદાનની આ તરાહ ભલે ગમે તેવા વિભાજનની પ્રેરક બનતી હોય, પણ શ્રીમતી ગાંધીના કટોકટીના શાસન સામેના લોકજુવાળમાં ગ્રામજનો અને શહેરીજનો વચ્ચેની એકતાનું જે ઘડતર થયું તેણે, આ ખોટનો સારી રીતે ખાંગ વાળી દીધો છે. ભારતના કિસાનોએ લોકશાહી જગતની પ્રશંસા મેળવી છે પણ એથી ય વધુ મહત્ત્વની વાત એ છે કે મધ્યમ વર્ગના તેમના દેશજનોની માનની લાગણી તેમને પ્રાપ્ત થઈ છે. કારણ આ મધ્યમ વર્ગના દેશજનો જ મુખ્યત્વે એવી માન્યતાના પ્રવર્તક રહ્યા હતા કે ખોરાકી ચીજોના ભાવોની ચિંતા સિવાય ગરીબ લોકોને બીજી કોઈ રાજકીય બાબતોની કંઈ પડી હોતી નથી.

ભારતના ગ્રામીણ મતદારોએ, આજ સુધી તેમના જીવનમાં રૂઢ બની ગયેલી, જ્ઞાતિવાદને ધોરણે જ મતદાન કરવાની ટેવને છોડી દઈને જ નહિ, કૉંગ્રેસ પક્ષ દ્વારા તેમનો જે અનુનય થયો, તેમની જે અઢળક ખુશામત થઈ તેનો પ્રતિકાર કરીને પણ, આ માન્યતાને ખોટી ઠરાવી છે. આ ચૂંટણીઓમાં પહેલી જ વાર નાણાંની તાકાતનો કોઈ ખાસ પ્રભાવ પડયો નહિ. સાડીઓ અને ખેતઓજારોની તેમને ભેટો મળી, મીઠાં વચનો પણ ખૂબ અપાયાં અને અંતકાળનાં દાનોની જેમ કરવેરાની રાહતો અને બીજી છૂટછાટોની જાહેરાત થઈ—પણ એ કોઈની ખાસ અસર થઈ નહિ. નવી સરકારને માથે ઊલટાનો આ કરરાહતોથી ૩૦ કરોડ ડૉલર (આશરે ત્રણ અબજ રૂપિયા) જેટલો બોજો પડે છે. મતદારોએ ભેટો સ્વીકારી ખરી, પણ ભેટ આપનારાઓને જાકારો દીધો.

મતદારોએ, અજ્ઞાન મતદારોએ પણ એક બીજી રીતે પોતાની સૂક્ષ્મ રાજકીય સમજદારી બતાવી આપી. અને તે સરકારનાં લગભગ ઈજારા જેવાં પ્રચારના સાધનોની અસરથી ભોળવાવાનો કરેલો ઈનકાર. શહેરી મતદારોને તો અખબારો વાંચવા મળતાં અને અખબારો પણ સેન્સરશિપ ઊઠાવી લેવાયા પછી દિવસે દિવસે વધુ હિંમત બતાવતાં હતાં, પણ ગામડાંમાં તો સમાચારો મેળવવાનું એકમાત્ર ઘરેલુ સાધન હતું ઓલ ઈન્ડિયા રેડિયો—બીજી રીતે જે ઓલ ઈન્દિરા રેડિયો કહેવાતો હતો, જેનો સરકાર તરફી ઉઘાડો ઝોક ચૂંટણીનાં પરિણામોની જાહેરાત કરવામાં પણ ચાલુ રહ્યો હતો. જનતા પક્ષના આરંભના વિજયોને દબાવી રખાયા હતા, પછી વિજયોનો જે ધરખમ પ્રવાહ વહ્યો ત્યારે એ રીતે દબાવી રાખવાનું મુશ્કેલ બન્યું હતું. આકાશવાણી વિશે દેશભરમાં વ્યાપક રીતે અશ્રદ્ધા પ્રગટી હતી. તેને પરિણામે બી.બી.સી.ના હિન્દી પ્રસારણને અતિ વિશાળ સંખ્યામાં લોકો સાંભળતા થયા અને તેથી જ નવી સરકારે પણ આકાશવાણી અને ટેલિવિઝનને બી.બી.સી.ની ઢબે સ્વાયત્ત કોરપોરેશનો હસ્તક રાખવાનો નિરધાર કર્યો છે.

ભારતની ચૂંટણીઓએ એક બીજી વાત પણ સાબિત કરી. શાસકો અને શાસિતો વચ્ચે સંવાદની કડી તૂટી જાય છે ત્યારે નાગરિકોને થાય છે તે કરતાં વધુ નુકસાન અંતે સરકારને જ થાય છે. સેન્સરશિપથી તેમ જ નીચલા સ્તરના પક્ષીય કાર્યકરો અને સ્થાનિક અધિકારીઓની ધાકધમકીથી સંદેશવ્યવહારની આવી કડી રુંધાઈ જાય છે. કાર્યકરો અને અધિકારીઓએ ખરેખર તો લોકોની ફરિયાદોના વહનની નીકો તરીકે સેવા આપવી જોઈએ. શ્રીમતી ગાંધીની બાબતમાં બન્યું છે એવું કે તેમનાં માહિતીનાં સાધનો સુકાઈ ગયાં ત્યારે તેમનું મુખ્ય રાજકીય બુદ્ધિકૌશલ કટાઈ ગયું. આ બુદ્ધિકૌશલ એટલે મતદારોના મિજાજને પારખવાની શક્તિ. એ શક્તિ તેઓ ખોઈ બેઠાં. એટલે જ કટોકટીના પોતાના શાસન સામેના દેશના પ્રત્યાઘાતોને સમજવામાં તેઓ જબરદસ્ત થાપ ખાઈ ગયાં અને પરિણામે ચૂંટણીમાં ધબડકો થયો.

જનતા પક્ષની સફળતા એ ખરેખર તો શ્રીમતી ગાંધીની નિષ્ફળતાનું પ્રતિબિમ્બ છે. કટોકટી સામેના સામૂહિક અસંતોષને પારખી જઈને, તેને સંગઠિત કરીને એ જુવાળ પર સવાર થઈને જનતા પક્ષ સત્તા પર આવ્યો છે. અલબત્ત, તેણે વ્યાપક સ્વરૂપની મૂળભૂત રીતે બિનવિવાદી એવી આર્થિક—સામાજિક નીતિની રૂપરેખા આપતો ચૂંટણીઢંઢેરો પ્રગટ કર્યો છે, પણ લોકશાહીની રાબેતા મુજબની પ્રક્રિયાઓની પુન: સ્થાપના કરવાની તેની પ્રતિજ્ઞા એ માત્ર એક મુદ્દા પરની આ ચૂંટણીઓમાં એને વિજયી બનાવ્યો છે. લોકશાહીનાં મૂળ રોપ્યાં અંગ્રેજોએ અને નજીવી વાત પર ચર્ચાબાજી અને દલીલોમાં ઊતરી પડવાનો શોખ ધરાવતા દરેક ભારતીય જનની વાચાળ પ્રકૃતિથી એ પોષાયાં છે. એ મૂળિયાં બળકટ રીતે જીવંત ટકી રહ્યાં છે.

વિદાય લેતી સરકારે સોમવારે (માર્ચ ૨૧) કટોકટીની ઘોષણા પાછી ખેંચી લેતાં કટોકટીનું માળખું ઉખેળવાની પ્રક્રિયા રીતસર આરંભાઈ. કેદીઓને મુક્ત કરાયા. સેન્સરશિપ નાબૂદ થઈ. પણ હજી ઓછા સરળ પ્રશ્નોમાં વિજેતા મિશ્ર સરકારની થોડાં સપ્તાહોમાં કસોટી થવાની છે. એક વાત એ કે સરકારની સત્તા વિસ્તારવા માટેનાં શ્રીમતી ગાંધીનાં કેટલાંક પગલાં બંધારણમાં સુધારા દ્વારા પ્રતિષ્ઠિત કરાયાં છે. તેમને સૂલટાવવા બંધારણમાં પુન: સુધારા કરવા પડે અને બંધારણમાં સુધારા કરવા માટે સંસદના બન્ને ગૃહોમાં બે તૃતિયાંશ બહુમતી જરૂરી છે તેમ જ રાજ્યોનાં વિધાનગૃહોની સંમતિ પણ જોઈએ—રાજ્યોમાં કોંગ્રેસ પક્ષ હજી મજબૂત સ્થિતિમાં છે.

નવી સરકારે ગુરુવારે (માર્ચ ૨૪) તેનો પહેલો અવરોધ પાર કર્યો, જ્યારે જનતા પક્ષના અધ્યક્ષ ૮૧ની વયના શ્રી મોરારજી દેસાઈને તેણે નેતાપદે સ્થાપ્યા. વડા પ્રધાનના પદ માટેનો તેમનો દાવો નિર્વિવાદપણે સ્પષ્ટ હતો, પણ ભારતના અછૂતોના નેતા શ્રી જગજીવનરામે તેમની સામે ગંભીર પડકાર ફેંક્યો હતો. ચૂંટણીની જાહેરાત પછી તરતમાં તેઓ શ્રીમતી ગાંધીના પક્ષથી છૂટા પડયા હતા. હવે નવી સરકાર માટે બીજી કસોટી અંદાજપત્ર વખતે હશે. નવા પક્ષમાં તદ્દન ડાબેરીથી માંડી રૂઢિચુસ્ત જમણેરી સુધીનાં ઘટકો ભેગાં થયાં છે. ચૂંટણીની તાકીદ હેઠળ ઝડપી તડજોડ જેવો ઢંઢેરો તૈયાર થયો, પણ તેમાં ઘણી અધ્યાહાર બાબતો હજી સ્પષ્ટ કરવાની રહેશે તથા દેખીતા વિરોધાભાસોનું નિરાકરણ સાધવાનું રહેશે, અને એટલામાં તો એક બંધ તૂટે અને જળનાં પૂર ધસે એવા વેગથી ઔદ્યોગિક કામદારોનો અસંતોષ અનિવાર્ય રીતે પ્રગટ થશે. કટોકટીના એકવીસ મહિના સુધી તેમણે રુંધામણ અનુભવી છે. કારણ બોનસ, ભથ્થાવધારો અને હડતાળ પાડવાના અધિકારથી તેમને વંચિત રખાયા છે. કટોકટી પછીનાં ગાળામાં ઉત્સાહનો જુવાળ હજી જ્યારે ટકેલો છે ત્યારે આ પ્રકારના પડકારને પહોંચી વળવા સરકાર શક્તિમાન હોવી જોઈએ. પણ કટોકટીની પહેલાંની ઢબે તે જો ઉદાર હાથે જાણે દાનો આપવાની સ્થિતિમાં પોતાની જાતને મૂકાવા દેશે તો સૌ પ્રથમ તેનું ગૌરવ ખંડિત થશે અને પછી પતન દૂર નહિ હોય.

અનુ. હિંમતલાલ મહેતા

# જનતાનો ચૂકાદો : તેનાં કારણો અને પરિણામો

(વસંત વ્યાખ્યાનમાળાના આઠમા વર્ષે ૧૯૭૭માં "જનતાનો ચુકાદો : તેનાં કારણો અને પરિણામો" એ વિષય ઉપર ચાર વકતાઓએ જે પ્રેરક પ્રવચનો આપ્યાં હતાં એમાંથી શ્રી એમ. સી. ચાગલા અને ડૉ. આલુ દસ્તુરનાં પ્રવચનોનો સાર અહીં આપ્યો છે. શ્રી પુરુષોત્તમ માવલંકર અને શ્રી વર્ગીઝનાં પ્રવચનોનો સાર આવતા અંકમાં પ્રગટ થશે.]

[૧]

## ☐ શ્રી એમ. સી. ચાગલા

[મુંબઈના ભૂતપૂર્વ ચીફ જસ્ટીસ]

રાત ખૂબ અંધારી હોય છે ત્યાર પછીના પરોઢનો પ્રકાશ પણ એટલો જ તેજોમય હોય છે. ભારતને એ પ્રકાશનો તેજપુંજ પાછો મળ્યો છે. દેશમાં લોકશાહી પાછી ફરી છે. જનતાએ ચૂંટણીમાં પ્રચંડ અવાજથી સ્પષ્ટ, અસંદિગ્ધ અને અચૂક ચુકાદો આપી દીધો છે. જનતાએ કોઈ એક વ્યકિતમાં નહિ કે પક્ષમાં નહિ પણ લોકશાહીમાં પૂરો વિશ્વાસ પ્રગટ કર્યો છે. જૂના સમયમાં ભારતના નકશાને જુદા જુદા રંગથી રંગવામાં આવતો હતો. રજવાડાને પીળો રંગ અને બ્રિટિશરોના પ્રદેશને લાલ રંગથી રંગવામાં આવતા હતા. હવે ભારતના નકશામાં જો કોઈ રંગ પૂરાય તો ઉત્તર ભારતમાં જનતાનો રંગ અને દક્ષિણમાં કૉંગ્રેસનો રંગ પૂરવો પડે તેવો ઘાટ ઘડાયો છે! જનતાના પૂરમાં મોટા મોટા માંધાતા તણાઈ ગયા છે. તેમાં શ્રીમતી ઈન્દિરા ગાંધીનો મિનારો પણ ઢળી ચૂકયો છે.

આવી સખત શિકસ્તનું કારણ શું? કારણો બહુ દેખીતાં છે. સત્તાનું કેન્દ્રીકરણ દિલ્હીમાં થઈ ગયું. બધા જ નિર્ણયો દિલ્હીમાં લેવાતા હતા. ભારતનું બંધારણ સમવાયી (ફેડરલ) કક્ષાનું નહિ અર્ધ સમવાયી (સેમી ફેડરલ) કક્ષાનું છે. છતાં રાજયોના પ્રધાનો દરેક નિર્ણય માટે વિમાનો દ્વારા દિલ્હી દોડતા હતા. એ પ્રક્રિયામાં ઈન્ડિયન એર લાઈન્સની કમાણી વધી ગઈ હોય તો કોઈ નવાઈ નથી. લોકોની લાગણીઓને દાબી દેવામાં આવી હતી. વર્તમાનપત્રો ઉપર સેન્સરશિપ લદાઈ. બ્રિટિશ શાસન હેઠળ આટલી કડક સેન્સરશિપ નહોતી. વિરોધ પક્ષના કોઈ પણ નેતા બોલે તેને વર્તમાનપત્રો કે રેડિયો ઉપર સ્થાન નહોતું. શ્રીમતી ગાંધીએ એક નવો અસ્પૃશ્ય વર્ગ ઊભો કર્યો જેથી આવા અસ્પૃશ્ય વર્ગને ટેલિવિઝન, રેડિયો કે વર્તમાનપત્રમાં કયાંય સ્થાન ન રહ્યું. ગાંધીજીએ "ભારત છોડો"ની ચળવળ શરૂ કરી ત્યારે પણ આટલી જોહુકમી નહોતી.

આવી સ્થિતિમાં પણ લોકો ચૂપ રહ્યા. તે ચુપકીદી અને ઉપરછલી આર્થિક "પ્રગતિ" અને સારા ચોમાસાથી પ્રોત્સાહિત થઈને શ્રીમતી ગાંધીએ ચૂંટણી યોજવાની જાહેરાત કરી. એમાં તેમની તમામ ગણતરીઓ ખોટી હતી. વર્તમાનપત્રો ઉપર સેન્સરશિપ હતી એટલે દેશમાં શું બની રહ્યું છે તેની જાણ શ્રીમતી ગાંધીને ન થઈ અને જેવી કટોકટી હળવી કરાઈ તેવો લોકોનો રોષ ભભૂકી ઊઠયો. વિરાટ જાણે આળસ મરડીને ઊભો થયો. જેલમાંથી છૂટા કરાયેલા નેતા પાસે સંગઠન નહોતું, પૈસા નહોતા અને કૉંગ્રેસ સરકાર જેવું તંત્ર નહોતું. સામી બાજુએ શ્રીમતી ગાંધી પાસે લાખ્ખો કરોડો રૂપિયા હતા. આખું સરકારી તંત્ર ખડે પગે હાજર હતું. અને દેખીતી રીતની આર્થિક આબાદીની ભ્રમણા હતી. આ બધું છતાંય જગતની લોકશાહીમાં ન બન્યું હોય તેવું બન્યું. ઈંગ્લાંડમાં પણ શાસક પક્ષ ચૂંટણીમાં હાર્યો છે. પણ ભારતમાં કૉંગ્રેસની જે વલે થઈ તેવી વલેનો જગતમાં કયાંય જોટો જડતો નથી. આમાં કોઈ પક્ષ કે વ્યકિતની હાર નથી પણ સરમુખત્યારશાહીની હાર છે, એક પદ્ધતિની હાર છે અને જીવન પ્રત્યેના એક ખોટા અભિગમની હાર છે. આપણે લોકશાહીને જીતાડી તેથી ભારતીય તરીકે આપણું મસ્તક ઉન્નત રહે છે.

જનતાનો ચુકાદો આપણે જોયો, કારણો જોયાં અને તેનાં પરિણામ શું છે તે પણ જોઈએ. સૌથી મહત્ત્વનું પરિણામ એ આવ્યું કે ૩૦ વર્ષમાં વિરોધપક્ષ કદી સંગઠિત નહોતો થતો તે થયો છે. જેલમાં જ નેતાઓની આ એકતા સ્થપાઈ છે અને હવે હું પ્રજાતાંત્રિક કૉંગ્રેસના નેતા શ્રી. જગજીવનરામને અનુરોધ કરું છું કે તેઓ જનતા-પક્ષમાં જોડાઈ જાય. બીજું પરિણામ એ આવ્યું કે સતત સત્તા ઉપર ચીટકેલી કૉંગ્રેસ એક વિરોધ પક્ષ બની ગઈ. એ પણ સારું છે. ભારતના શાસક પક્ષને સબળ અને કામ લઈ શકાય તેવો એક વિરોધ પક્ષ મળ્યો છે.

જનતા સરકારે ટૂંક સમયમાં અદ્‌ભુત પરિણામો આપ્યાં છે. વર્તમાનપત્રોને સેન્સરશિપની જંજીરમાંથી મુકત કર્યાં છે. કટોકટી વખતે જે છાપાં વાચતાં હતાં તે જ છાપાં હવે આવું લખી શકે છે તે જોઈને તમને નવાઈ લાગતી હશે. ઈન્દિરા અને તેના પાટવીપુત્રના ગુણગાન ગાનારાં છાપાં હવે તે સરકારના દુરાચારની વાતો બેધડક છાપે છે! તમામ રાજકીય અટકાયતીઓ મુકત થયા છે. પહેલાં તો કોઈ પણ નાગરીકને ઊંચકીને મિસા હેઠળ જેલમાં મૂકી દેવાતો હતો. ક્ષુલ્લક કારણો માટે અટકાયત થતી હતી. કોઈ રાજ્ય-પ્રધાનને તમારા નાકનો આકાર ન ગમે તો પણ જેલમાં ધકેલી દેવાય તેવો ઘાટ બનતો હતો. હું પ્રધાન હતો ત્યારે પણ મેં કહેલું કે અટકાયત અંગેનો કાનૂન કૉંગ્રેસ સરકાર ઉપર કાળા ધાબા જેવો છે. અટકાયત પછી હેબિયસ કોરપસ હેઠળ અટકાયતીઓનું કોર્ટમાં કામ ચલાવવું જ જોઈએ. આ હક્ક જનતા સરકારે પાછો આપ્યો છે. કટોકટી દરમિયાન બંધારણના મૂળભૂત હક્કો ઝૂંટવાયા અને જાણે ભારતના નાગરિકને કોઈ પણ સમયે અટકમાં જવાનો મૂળભૂત હક્ક હોય તેવી નફટાઈ કોંગ્રેસ સરકારે કરી હતી. ન્યાયતંત્રને પાંગળું બનાવી દેવાયું હતું. કોંગ્રેસ સરકારને ન ગમે તેવા ચુકાદા જે ન્યાયધીશો આપે તેમની ફેરબદલી થવા માંડી. ભારતના કાયદાપ્રધાને ઘણા વર્ષ પહેલાં કોલ આપેલો કે ન્યાયાધીશની મરજી વિરુદ્ધ બદલી નહીં થાય. તે પવિત્ર કોલનો પણ ભંગ થયો. હવે જનતા સરકાર બદલી થયેલા ન્યાયાધીશોને યથાસ્થાને સ્થાપી રહી છે.

ઈન્દિરાની સરકારે સૌથી ખરાબ કૃત્ય કર્યું હોય તો તે બંધારણને મારી મચડીને તેનું સ્વરૂપ બદલવાનું કર્યું છે. ઈન્દિરાજી અને તેની ટોળકીએ બંધારણની ઓથ લઈને સરમુખત્યારશાહી લાદી છે. એ પ્રકારની બંધારણની ઓથ કરતાં નગ્ન કક્ષાની સરમુખત્યારશાહી વધુ સારી છે. કારણકે તેવા ઉઘાડી સરમુખત્યારશાહીનાં બંધારણ રદબાતલ કરાય છે, કોર્ટો વિખેરી નખાય છે અને તમામ હક્કો છીનવી લેવાય છે, પણ બંધારણને લંગડું બનાવીને પછી તેની ઢાલ રાખીને જે સરમુખત્યારશાહી આવે છે તેમાં લોકોને તેની નગ્નતાનો ખ્યાલ આવતો નથી. હિટલરે પણ આવી રીતે સરમુખત્યારીની નગ્નતાને બંધારણરૂપી ઢાલથી ઢાંકી હતી. વળી ભારતમાં કટોકટી લદાઈ તે પણ ગેરબંધારણીય હતી, તે હવે આપણને માલૂમ પડે છે. રાષ્ટ્રપતિની સહી લીધા પછી કટોકટી અંગેનો નિર્ણય પ્રધાન-મંડળ સમક્ષ રખાયો હતો.

આવાં બધાં પાપ ઈન્દિરાજી અને ટોળકીએ કર્યાં છે અને હવે આપણને કહેવામાં આવે છે કે "ફરગેટ એન્ડ ફરગીવ"! આવા અભિગમનો હું સખત વિરોધ કરું છું. હું કેમ ભૂલી શકું? લોકોની કરૂણ દશા કરાઈ, કેટલાક જેલમાં મરી ગયા, કેટલાકના અવાજ રૂંધી નંખાયા અને ઘણાને શારીરિક અને માનસિક ત્રાસ

આપાયો—આ બધું લોકો કેમ ભૂલી શકે. હું તો કહું છું કે તાજેતરની ચૂંટણી, એ તો લોકશાહી અને ઈન્દિરાજીની સરમુખત્યારી વચ્ચેનું યુદ્ધ હતું. યુદ્ધમાં હારેલાઓને યુદ્ધકેદી બનાવીને અને યુદ્ધના ગુનેગારો તરીકે કામ ચલાવાય છે. તે રીતે ૨૦ મહિનાની કટોકટી માટે જવાબદાર હોય તેમના ઉપર કામ ચલાવવું જોઈએ. ગરીબ લોકો નાનો સરખો આર્થિક ગુનો કરે તેને માફી બક્ષી શકાય પણ જે માંધાતાઓએ જાણીજોઈને આખા દેશની જનતા સામે તાનાશાહીનું યુદ્ધ આદર્યું હોય તેને કેમ માફ કરી શકાય? અહીં મને એમ થાય છે કે જો ચૂંટણીમાં જનતા હારી હોત તો આપણી શી દશા થાત. આ કલ્પનાથી જ હું થરથરું છું. આપણે વેર લેવું નથી કે જેને તેને પકડીને હેરાન કરવા નથી, પણ જર્મનીનો ન્યુરેમ્બર્ગનો ખટલો થયેલે તેવો ખટલો જરૂર થવો જોઈએ અને જે સત્તાધારીઓ બંધારણ સામે થયા હોય તેને સજા થવી જોઈએ. બ્રિટિશ સરકાર સામે લડવાનું તો સહેલું હતું, પણ શ્રીમતી ગાંધી જેમણે તમામ નૈતિકતાને અને સિદ્ધાંતોને નેવે મૂકેલા તેની સાથે કામ લેવું કપરું હતું. બ્રિટિશરોમાં તો કોઈ પણ નૈતિકતાનો અંશ હતો, ઈન્દિરામાં તો એનો છાંટો પણ નથી. જે વ્યક્તિએ આ ચૂંટણીઓ યોજવાની ઈન્દિરાને સલાહ આપી તેનો ખરેખર આભાર માનવો જોઈએ. નહિતર સરમુખત્યારી હેઠળની સંસદ લાંબા ગાળા સુધી ચાલ્યા કરત. મારી દષ્ટિએ આપણને આ બીજી વખતની આઝાદી મળી છે.

એ બીજી વખતની આઝાદી મેળવીને આપણે જનતા સરકાર સ્થાપી છે તેનું કામ ઘણું કપરું છે. તેમના પ્રત્યે મારી તમામ સહાનુભૂતિ છે. શ્રીમતી ઈંદિરા ગાંધીએ પહેલી ચૂંટણીમાં ગરીબી હટાવવાનું સૂત્ર ઉચ્ચાર્યું, પછી આ વખતની ચૂંટણીમાં જાણે ગરીબી હટી ગઈ હોય તેમ સ્થિરતા અને સમૃદ્ધિનાં સૂત્રો આવ્યાં. પણ ગરીબી હટી નથી. ઉદ્યોગો એવા હોવા જોઈશે જેમાં રોજગારીની તક વધુ હોય. અહીં ગાંધીજીને યાદ કરવા જોઈએ. ગાંધીજી કહેતા હતા કે, " મારે દરેક ગરીબની આંખનાં આંસુ લૂછવાં છે." આ આંસુ લૂછવાનું કામ જનતા સરકારે કરવાનું છે.

" સમાચાર" નામની સમાચાર સંસ્થાની મોનોપોલી તોડીને અગાઉની માફક યુ.એન.આઈ. અને પી.ટી.આઈ એમ બે સ્પર્ધાત્મક સમાચાર સંસ્થાઓ ઊભી કરવી જોઈએ. રેડિયો અને ટેલિવિઝનને બી.બી.સી.ની માફક સ્વાયત્ત સંસ્થાઓ બનાવવી જોઈશે.

અહીં મને પૂછવામાં આવે છે કે પક્ષાંતરની ઉપર પ્રતિબંધ મૂકવો જોઈએ કે નહિ? આ પ્રશ્ન બહુ જ ગંભીર છે અને ભારત જેવા ગરીબ અને વિશાળ દેશમાં પક્ષાંતર કરનારને ફરીથી ચૂંટણી લડવાનું કહેવું તે અવ્યવહારુ છે. સિદ્ધાંતની દષ્ટિએ બરાબર હશે. બીજી પણ એક વાત છે. કૉંગ્રેસ પક્ષવાળા નાણાં, ધાક અને ધમકીથી પક્ષાંતર કરાવતા હતા ત્યારે જનતા પક્ષમાં આવનારા કૉંગ્રેસની તાનાશાહીથી ત્રાસીને આવતા હોય છે. એટલે પક્ષાંતર શું કામ થાય છે તે પણ જોવું જોઈએ. ચર્ચિલ જેવા વિચક્ષણ રાજપુરુષે પણ ત્રણ વખત પક્ષપલટો કર્યો હતો.

અંતમાં મારે ખરેખર આ દેશના ખરીબ ખેડૂતો અને ગામડાના અભણ લોકોને અભિનંદન આપવાં જોઈએ આ લોકો રાજકારણમાં સમજતા નથી તેવો આક્ષેપ આપણે કરીએ છીએ. પણ આ વખતની ચૂંટણીમાં જ્ઞાતિ, ધર્મ કે પ્રાંતના ભેદ સમજ્યા વગર આ ગરીબ કિસાનોએ રાજકારણની રગ પારખી છે, શોષણ અને લોકશાહી વચ્ચેનો ફરક પારખ્યો છે. તેમને મારી હાર્દિક વધાઈ આપું છું.

## [૨]

## ☐ ડૉ. મિસ આલુ દસ્તુર

**( નાગરિકશાસ્ત્ર અને રાજશાસ્ત્રના પ્રોફેસર, મુંબઈ યુનિવર્સિટી )**

ચૂંટણીમાં જનતાએ કૉંગ્રેસને રોકડું પરખાવી દીધું છે કે અમને માત્ર રોટી જ નહીં પણ સ્વાતંત્ર્ય પણ ખપે છે. કૉંગ્રેસે 'બ્રેડ ઓર ફ્રીડમ"નો વિકલ્પ જનતા સામે મૂકયો હતો ત્યારે જનતા પક્ષે રોટી અને સાથે સ્વાતંત્ર્ય એવું સૂત્ર આપ્યું હતું અને જનતાએ જનતા પક્ષનું એ સૂત્ર હૈયે લગાવ્યું છે.

સરકારે કટોકટી લાદી ત્યારે ત્રણ સપ્તાહની અંદર જ અમે વિરોધ વ્યક્ત કર્યો હતો. જનતા થોડી દબાઈ ગયેલી, પણ ચૂંટણી જાહેર થઈ કે દબાયેલો જ્વાળામુખી ફાટયો હતો. ચૂંટણીદ્વારા જનતાએ આપેલા ચુકાદા અને તેમાં થયેલી કોંગ્રેસની હારના કારણોમાં હું બહુ ઊંડી ઊતરવા માગતી નથી; પરંતુ ચૂંટણી યોજાઈ ત્યારે કેટલાક જુઠાણા વહેતા કરાયા તે બાબતને હું સ્પષ્ટ કરી દેવા માગું છું. સૌ પ્રથમ તો ઈંદિરાજીના ટેકેદારો દાવો કરતા હતા કે સોળ મહિના વહેલી ચૂંટણી યોજાઈ છે. હકીકતમાં તો ઈંદિરાજીની ટોળકીએ મળીને લોકસભાની મુદત લંબાવેલી. કટોકટીને કારણે સંસદની મુદત લંબાવાઈ ન હોત તો ૧૬મી માર્ચને બદલે તેનાથી ૧૬ મહિના પહેલાં જ ચૂંટણી યોજાઈ હોત. બીજું જુઠાણું એ હતુ કે શ્રીમતી ગાંધીને લોકશાહી વહાલી હતી, એટલે તેમણે ચૂંટણી યોજી. આ સદંતર જૂઠ છે. તેમણે લાદેલી કટોકટીની દેશમાં અને દેશ બહાર ટીકા થતી હતી. જો કે આફ્રિકા અને મધ્યપૂર્વના દેશો જેમને સરમુખત્યારશાહી પ્રિય હતી તેઓ ભારતની કટોકટી હેઠળ થયેલી કહેવાતી આર્થિક પ્રગતિ અને શિસ્તના ગુણગાન ગાતા હતા; પરંતુ પશ્ચિમના વર્તમાનપત્રો તેમ જ નેતાઓ ઈન્દિરા ગાંધીની સખત ટીકા કરતા હતા. તે ટીકાથી શ્રીમતી ગાંધી ભડકતા હતા. એ લોકોને ચૂપ કરવા અને પોતે લીધેલા ગેરકાયદે પગલાંને વાજબી ઠરાવવા અને પોતાની સરમુખત્યારશાહીને કાયદેસરની દેખાડવા જ તેમણે ચૂંટણી યોજી- નહીં કે તેમને લોકશાહી પ્રત્યે કોઈ પ્રેમ ફાટી નીકળ્યો હતો.

અહીં મારે કટોકટી દરમિયાન વર્તમાનપત્રોએ લીધેલા વલણ અંગે પણ કંઈક કહેવું છે. બ્રિટિશરોના વખતમાં પ્રેસ ઉપર કડકાઈ આવેલી ત્યારે તેનો વિરોધ કરીને ફ્રી-પ્રેસ જર્નલવાળા શ્રી. સદાનંદે પ્રેસ ઉપર સીલ મરાય ત્યાં સુધી જોખમ વહોર્યું હતું. આ વખતે ભારતના વર્તમાનપત્રોએ પાણી દેખાડયું નહીં. ઈન્ડિયન એકસ્પ્રેસ અને દિલ્હીના સ્ટેટ્સમેનને બાદ કરતાં બાકીના વર્તમાનપત્રોએ કટોકટીના તાપમાં પોતાની કલમોની શાહીને સૂકવી નાખી અને જયારે ચૂંટણી જાહેર થઈ ત્યારે મોંના તાળા તોડયાં. અમુક મુંબઈના અંગ્રેજી છાપાઓએ તો ૨૧મી માર્ચ સુધી રાહ જોઈ. જયારે જનતાનો જુવાળ બરોબર પારખ્યો પછી જ ડર છોડયો હતો.

ચૂંટણીએ જે ચમત્કારિક પરિણામ આપ્યુ અને જનતા સરકાર સત્તા ઉપર આવી છે તેના પરિણામો પણ તપાસવા જેવા છે. કૉંગ્રેસે છેલ્લા ૩૦ વર્ષથી જનતાને તેની સત્તાનો સ્વાદ ચખાડયો છે. પણ હવે જનતાપક્ષની સરકારની સત્તાનો સ્વાદ આપણે ચાખવાનો છે. અત્યારે કૉંગ્રેસ તેની હારનાં કારણો તપાસી રહી છે ત્યારે એમ કહેવાનું મન થાય છે કે જનતા પક્ષ શું કામ જીત્યો તેનાં કારણો પણ તપાસવા જોઈએ. એક રીતે હું કૉંગ્રેસ અને જનતા પક્ષમાં જાજો ફરક જોતી નથી. બંને પક્ષ અનેક ભાષીઓના અને જુદા જુદા તડના બનેલા છે. જનતા પક્ષને ઈંદિરાજીએ ખીચડી પક્ષ કહેલો પણ કોંગ્રેસ એ પણ એક ખીચડી જ છે. કોંગ્રેસમાં શું કે જનતા પક્ષમાં શું- બન્નેમાં લાઈક માઈન્ડેડ અર્થાત સરખી વિચારશ્રેણીવાળા માણસો નથી. ચૂંટણી દરમિયાન અને ચૂંટણી પછી જનતા પક્ષના કેટલા નેતા કેમ વર્ત્યા તે આપણે જાણીએ છીએ. જનતા પક્ષના ઘટકો વચ્ચે કેટલું અસામ્ય છે તે જુઓ.

અગાઉના જનસંઘના ચૂંટણી ઢંઢેરામાં અખંડ ભારત, અણુબોંબની તૈયારી અને ઈઝરાયલ પ્રત્યેની સહાનુભૂતિ દેખાય છે ત્યારે હવે જનસંઘી વિદેશપ્રધાન શ્રી. વાજપેયી રાતોરાત આરબો પ્રત્યે સહાનુભૂતિ દર્શાવે છે. શ્રી મોરારજીને અણુબોંબ ખપતો નથી. મોરારજીભાઈ હિન્દીપ્રેમી છે, ખાદીધારી છે અને દારૂબંધીના પ્રખર હિમાયતી છે. સમાજવાદીઓની મોકળે મને અને સ્વચ્છંદથી વર્તવાની ટેવ આપણે કેમ ભૂલી શકીએ. સંસદમાં જેને અવારનવાર માર્શલદ્વારા બહાર લઈ જવાતા હતા તે શ્રી. લોહીઆના અનુયાયી શ્રી. રાજનારાયણ જનતા પક્ષમાં છે.

આ પ્રકારની જનતા પક્ષની ખીચડી અલગ છે ત્યાં સુધી સારું છે. એ ખીચડી રંધાઈ જશે પછી દાળ ચોખા છૂટા પાડી શકાશે નહીં. કલ્પના કરો કે આ જનતા સરકાર ભાંગી પડશે તો આપણો દેશ કયાં જશે?

બાકી રહેલા સામ્યવાદી પક્ષના બે તડને જોઈએ તો એ બન્ને પક્ષો બિનસામ્યવાદી ધોરણે જ કામ કરી રહ્યા હોવાનું જોવા મળ્યું છે. મોસ્કો તરફી સામ્યવાદીઓનો ચૂંટણીમાં કરૂણ રકાસ થયો છે. એ પક્ષનો ઘોડો ચારે દિશામાં હણહણતો હતો, અને તેથી કયાંય જઈ શકયો નહિ. ચૂંટણીમાં તેને માત્ર સાત જ બેઠકો મળી છે. માકર્સવાદીઓએ પશ્ચિમ બંગાળમાં જનતા પક્ષને પોતાનો ખભો આપવાનું કામ કર્યું. જો કે તેણે એક સારું કામ કર્યું છે. જનતાના લોકશાહી હક્કોની ચિંતા કરીને તેણે સરકારમાં નહીં જોડાવાનું પહેલેથી જ કહી દીધું છે. આમ આ ચૂંટણીએ ભારતના તમામ પક્ષોના મુખડાં ખુલ્લાં કરી દીધા છે. આ ચૂંટણીનું બીજું પરિણામ એ આવ્યું કે ઉત્તર અને દક્ષિણ ભારતમાં સ્પષ્ટ પ્રકારના બે વિભિન્ન તારણો જોવા મળ્યાં. તેમાં એક સુખદ અને આશ્ચર્યકારક વાત જાણવા મળી કે કેરળમાં લોકોએ સ્થિરતાને મત આપ્યો. સ્વતંત્રતા પછી ત્યાં ડઝનબંધ સરકારો પડી પણ અચ્યુતમેનનની નેતાગીરી હેઠળની કોંગ્રેસ અને સામ્યવાદીઓની સંયુકત સરકારે સ્થિરતા આપી. આ સ્થિરતાને જનતાએ નવાજી. તામિલનાડુમાં ડી.એમ.કે.નો કરૂણ રકાસ થયો. એમ.જી. રામચંદ્રન જેવા ફિલ્મી અભિનેતાને કારણે ડી.એમ.કે.એ સહન કરવું પડયું—ઉપરાંત ડી.એમ.કે.ની ભૂતપૂર્વ સરકાર ઉપરના ભ્રષ્ટાચારના આક્ષેપોએ પણ તેનું કામ કર્યું.

આ ચૂંટણીની જે મહત્ત્વની અસર છે તે એ છે કે તેણે જગતને એક ઐતિહાસિક સત્ય પૂરું પાડયું છે. નાનો મતદાર ગમે તેવી જુલ્મી સરકારને મત વડે પાડી શકે છે. ભારતે જગતના સ્વાતંત્ર્ય-ઈતિહાસમાં બ્રિટિશરો સામે ચળવળ ચલાવીને દેશને આઝાદ કર્યો. સ્વાતંત્ર્ય માટેની આ લડતે બીજા ગુલામ દેશોને પ્રેરણા આપી. તાજેતરની ચૂંટણીઓ હવે જગતના કચડાયેલા રાષ્ટ્રો માટે ફરીથી દીવાદાંડીરૂપ બનશે. એશિયા કે આફ્રિકાના જે દેશોએ વિદેશી ધૂંસરી સામે નહિ પણ પોતાના જ નેતાની સરમુખત્યારી સામે લડવાનું છે. તેમને માટે ભારતની લોકશાહી એક દીવાદાંડીરૂપ બને તેમ છે. આ માટે આપણે ભારતના નાનકડા મતદારોને ખરેખર સલામ ભરવી જોઈએ.

ભારતને સ્વતંત્ર કરવા બ્રિટિશરો સામે મહાત્મા ગાંધીજીની નેતાગીરી ભારતને મળી તે રીતે આ બીજી વખતની સરમુખત્યારશાહીમાંથી આઝાદી મેળવવા આપણને જયપ્રકાશજી જેવા નેતા મળ્યા છે. એ બન્ને સમયમાં એક દષ્ટિએ ઘણું સામ્ય જોવા મળ્યું. ભારતમાં જ્યારે ૧૫મી ઓગસ્ટના દિવસની આઝાદી ઉજવાતી હતી અને જવાહરલાલ વગેરે સત્તા ધારણ કરતા હતા ત્યારે તેમને સત્તા સ્થાને આરૂઢ કરનારા ગાંધીજી નોઆખલીના કોઈ પલંગમાં પડયા હતા. અત્યારે પણ એમ થયું છે. જનતાની સરકાર સોગંદવિધિ કરતી હતી ત્યારે સત્તાથી અલિપ્ત રહીને જયપ્રકાશજી મુંબઈની એક હોસ્પિટલમાં પડયા હતા. અત્યારે આપણને એટલી આશા રહે છે કે જયપ્રકાશજીના આશિષ મેળવેલી જનતા સરકાર કંઈક સારું કરી બતાવશે જ.

સંકલન : કાન્તિ ભટ્ટ

# મદુરામાં વિશ્વધર્મ પરિષદ

આંતરરાષ્ટ્રીય અવરજવર સુલભ થવાને કારણે આંતરરાષ્ટ્રીય ધોરણે વિવિધ વિષયોનાં સંમેલનો યોજવાનું હવે સરળ થવા લાગ્યું છે. ભારતમાં આર્થિક, રાજદ્વારી કે વૈજ્ઞાનિક વિષયોની જેમ સાહિત્ય અને ધર્મના વિષયે પણ વિશ્વપરિષદો યોજાવા લાગી છે. વિશ્વ તામિલ પરિષદ, વિશ્વ હિંદી પરિષદ, વિશ્વ હિંદુ પરષિદ જેવી પરિષદોની જેમ હમણાં મદુરામાં વિશ્વધર્મ પરિષદ યોજાઈ ગઈ.

છએક મહિના પહેલાં આ પરિષદ વિષે છાપાઓમાં થોડી જાહેરાત આવી હતી. પરંતુ દક્ષિણનાં છાપાંઓમાં એના કાર્યક્રમની જેટલી જાહેરાત થઈ હતી તેટલી ઉત્તરનાં છાપાઓમાં થઈ નથી. પરિણામે આવી મોટી પરિષદ ભરાઈ હોવા છતાં તે વિષયના ઘણા માણસો એનાથી અજાણ છે.

દક્ષિણમાં કાંચી કામકોટિ પીઠના શંકરાચાર્ય શ્રી જયેન્દ્ર સરસ્વતીની પ્રેરણાથી અને એમના આશ્રયે આ પરિષદ યોજવામાં આવી હતી અને એનું મુખ્ય સંચાલન મદ્રાસ યુનિવર્સિટીના ફિલોસોફીના પ્રોફેસર ડૉ. મહાદેવનને સોંપવામાં આવ્યું હતું. મદ્રાસ યુનિવર્સિટીમાં ડૉ. રાધાકૃષ્ણનના નામથી ચેર સ્થાપવામાં આવી છે અને એના પ્રોફેસર તે ડૉ. મહાદેવન છે.

તા. ૩૦મી માર્ચથી ૬ઠ્ઠી એપ્રિલ સુધી આ પરિષદ યોજવામાં આવી. એમાં જુદા જુદા મળી એંસી જેટલા પ્રતિનિધિઓએ ભાગ લીધો હતો અને જુદા જુદા ધર્મ અને ધાર્મિક વિષયો પર અંગ્રેજીમાં પ્રવચનો થયાં હતાં અથવા પેપરો વંચાયા હતા. બ્રિટન, ફ્રાન્સ, અમેરિકા, આફ્રિકા, ઓસ્ટ્રેલિયા વગેરે દેશોમાંથી પ્રતિનિધિઓ આવ્યા હતા. અલબત્ત, એ પ્રતિનિધિઓની સંખ્યા બહુ મોટી હતી એમ ન કહી શકાય. બીજી બાજુ દક્ષિણની જુદી જુદી યુનિવર્સિટીઓના પ્રાધ્યાપકો અને ઈતર ક્ષેત્રના પ્રતિનિધિઓની સંખ્યા ઘણી મોટી હતી. અંગ્રેજી ઉપરાંત તામિલ ભાષામાં પણ બોલવાની છૂટ આપવામાં આવી હતી એટલે પણ દક્ષિણના પ્રતિનિધિઓની સંખ્યા ઠીક ઠીક રહે એ સ્વાભાવિક છે.

વિશ્વધર્મ પરિષદનું ઉદ્ઘાટન નેપાલના મહારાજાએ કર્યું હતું. તેઓ પોતાની સાથે નેપાલના પ્રકાંડ પંડિતોને પણ લાવ્યા હતા. નેપાલના મુખ્ય પંડિતે હિંદુ ધર્મ વિશે અને ખાસ કરીને આદ્ય શંકરાચાર્યે નેપાલમાં કરેલા કાર્ય તથા પશુપતિનાથના મંદિર વિષે સંસ્કૃતમાં પ્રવચન કર્યું હતું. મદ્રાસ યુનિવર્સિટીના સંસ્કૃત વિષયના નિવૃત્ત પ્રાધ્યાપક સુવિખ્યાત વિદ્વાન ડૉ. રાઘવને એમના પ્રવચનનો અંગ્રેજીમાં તરજુમો કરી સંભળાવ્યો હતો.

ગાંધીજી સાથે સેવાગ્રામમાં જેમણે કામ કર્યું હતું તે રેવરન્ડ કેથાને યહૂદી ધર્મ વિશે પ્રવચન કર્યું હતું. શ્રી પ્રેમઆચાર્ય શાસ્ત્રીએ વેદધર્મ વિશે વ્યાખ્યાન આપ્યું હતું. પ્રો. અલ્લાદીને કુરાન વિશે પેપર વાંચ્યો હતો. ફ્રાન્સના શ્રીમતી તારા માઈકલે હિંદુ મંદિરોના ક્રિયાકાંડની વિગતો અને એના પ્રયોજન તથા રહસ્ય વિશે સરસ પેપર વાંચ્યો હતો. એક આફ્રિકન પ્રતિનિધિએ નાઈજિરિયાના આદિવાસીઓના પ્રાચીન ધર્મ 'ઝોરુબા' વિશે સુંદર સમજણ આપી હતી, તથા એમની પ્રાર્થના ગાઈ સંભળાવી હતી. જુદા જુદા ધર્મોના મુખ્ય સિદ્ધાંતો, કેટલાક ધાર્મિક વિષયો, શ્રી અરવિંદ, વિવેકાનંદ, રમણ મહર્ષિ, વગેરે મહાપુરુષોની ફિલસૂફી વિશે પણ વિદ્વતાપૂર્ણ પેપરો વંચાયા હતા. પ. પૂ. શંકરાચાર્યજી વખતોવખત તામિલમાં જુદા જુદા વિષયો પર પ્રવચન આપતા અને રોજ સવારે પ્રાર્થના કરાવતા.

પરિષદમાં સ્થાનિક લોકોની હાજરી પણ સારી રહેતી, કારણ કે દરેક બેઠકમાં પ. પૂ. શંકરાચાર્યજી પોતે હાજર રહેતા. મદુરાના ગાંધી મ્યુઝિયમના કંપાઉન્ડમાં ઓપન-એર-થિયેટરમાં આ પરિષદ યોજવામાં આવી હતી. એમાં વિદ્વાનો હતા અને સ્વામીજીઓ, પાદરીઓ, મુલ્લાંઓ અને પંડિતો પણ હતા. થિયોસોફિકલ સોસાયટીના પ્રમુખ શ્રી જહોન કોટ્સ પણ હતા અને શ્રીમતી રુકમિણીદેવી પણ હતાં. પ. પૂ. શંકરાચાર્યની હાજરીથી વાતાવરણ અત્યંત પ્રસન્ન અને પ્રેરક રહેતું.

આ વિશ્વધર્મપરિષદમાં જૈન ધર્મ વિશે અંગ્રેજીમાં બોલનાર વ્યકિત મેળવી આપવાની જવાબદારી મદ્રાસના જૈન આગેવાન બાપાલાલ એન્ડ કું. વાળા શ્રી સુરેન્દ્રભાઈ મહેતાને સોંપવામાં આવી હતી. એમણે મુંબઈમાં મુ. શ્રી ચીમનલાલ ચકુભાઈને એ કામ સોંપ્યું અને મુ. શ્રી ચીમનભાઈએ જવાબદારી મને સોંપી.

મારા સદ્ભાગ્યે, તા. ૨જી એપ્રિલે ભગવાન મહાવીરની જન્મજયંતી હતી એટલે એ દિવસે બપોરની બેઠકમાં ભગવાન મહાવીર અને જૈનધર્મ વિશે બોલવાનું નક્કી થયું. પરિષદના મુખ્ય સંચાલક અને પ.પૂ. શંકરાચાર્યજી બંનેની ઈચ્છા એવી હતી કે પરિષદના સાતે દિવસમાં ધાર્મિક તહેવાર ફકત 'મહાવીર જયંતી'નો જ આવતો હતો, એટલે એ દિવસે જ ભગવાન મહાવીર અને જૈન ધર્મ વિશે વ્યાખ્યાન ગોઠવાય. આમ, મને અનાયાસે લાભ મળ્યો અને મારા વ્યાખ્યાનથી પ. પૂ. શંકરાચાર્યજીને જે પ્રસન્નતા થઈ તેનો પણ લાભ મળ્યો.

મદુરાની વિશ્વધર્મ પરિષદમાં ઉપસ્થિત રહેવાનો અને તેમાં સક્રિય ભાગ લેવાનો જે અવિસ્મરણીય અનુભવ મને થયો તે માટે તો શ્રી ચીમનભાઈનો તથા શ્રી સુરેન્દ્રભાઈ મહેતાનો હું આભારી છું.

—રમણલાલ ચી. શાહ

# એક અભિનવ પ્રયોગ

લગભગ ૭૩ વર્ષ પહેલાં મુંબઈમાં ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભાની સ્થાપના થઈ. તે સમયે મોટા ભાગનાં ઝાલાવાડી સ્થાનકવાસી કુટુંબો ભીંડી બજાર અને આસપાસનાં વિસ્તારમાં રહેતાં. સંઘભાવના અને જ્ઞાતિભાવના પ્રબળ હતાં. પ્રારંભમાં જુદા જુદા ઘરે પર્યુષણ પર્વ દરમ્યાન પ્રતિક્રમણ માટે સૌ મળતાં ને લહાણું થતું. પર્વ પૂરાં થયે સ્વામી વાત્સલ્યનું જમણ થતું. શિક્ષણ માટે લોન, સ્વધર્મી સહાય વિ. પ્રવૃત્તિ નાના પ્રમાણમાં થતી. તપસ્યા જેને ત્યાં હોય ત્યાં શાતા પૂછવાં જતા ને સાકર ને થાળ ભેટ આપતા. આજે પણ તે પ્રથા ચાલુ છે. ધીમે ધીમે પ્રવૃત્તિ એ જ રહી પણ પ્રમાણ મોટું થયું. ઝાલાવાડનગર રચાયું. અનેક જ્ઞાતિઓને પ્રેરણારૂપ વસતિપત્રકો પ્રસિદ્ધ થયાં. તબીબી રાહત અપાય છે. પાણી પરબો બંધાય છે. સાડા ત્રણ વર્ષ પહેલાં પ્લેટિનમ જ્યુબિલીની ઉજવણી થઈ. ત્રણ દિવસ સુધી ચાર ચાર હજાર ભાઈબહેનોએ એ ઉત્સવને માણ્યો. એ નોંધવા જેવું છે કે ઝાલાવાડ સભાનું સભ્યપદ વ્યકિતનું નહીં, કુટુંબનું ગણાય. જે કુટુંબનો વડો સભ્ય હોય તેનું આખું કુટુંબ સભ્ય ગણાય છે. જો કે મતાધિકાર તો જેનાં નામે સભ્યપદ હોય તેને જ મળે છે.

પ્લેટિનમ જ્યુબિલી દરમ્યાન એક નવી વિચારસરણીએ આકાર લીધો. સભાની આટલી ને આવી વિશાળ અને વિસ્તૃત પ્રવૃત્તિ છતા સમાજનો બુદ્ધિશાળી ઉચ્ચ શિક્ષણ પામેલો વર્ગ તેમાં રસ લેતો ન હતો. આમ છતાં સમાજની આ 'જૂનવાણી' પદ્ધતિઓ અને કાર્યવાહીઓ પ્રત્યે તેમને આકર્ષણ ન હતું. એટલે આ વર્ગને રસ લેતા કેવી રીતે કરી શકાય તેની વિચારણા થઈ. વસતિપત્રકનું પુસ્તક જોયું તો જણાયું કે સમાજમાં લગભગ ૧૨૦૦–૧૫૦૦ સ્નાતકો છે, જ્યારે ૭૦૦ જેટલાં ડબલ ગ્રેજ્યુએટો ઉચ્ચતમ શૈક્ષણિક પદવી ધરાવનારા હતા. તેમાં વકીલો, દાકતરો, એન્જિનિયરો, પ્રોફેસરો, પત્રકારો, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટો, બિઝનેસ એકિઝકયુટિવો હતા. સમાજનો આ મોટો બુદ્ધિશાળી વર્ગ–Ceram તેને જો કોઈ પ્રવૃત્તિ બતાવી શકાય તો તેઓ જરૂર રસ લે એમ લાગ્યું. એમાંથી 'પ્રોફેશનલ ફોરમ'નો જન્મ થયો. પ્લેટીનમ જ્યુબિલી વખતે આવા ૨૫૦ બુદ્ધિશાળીઓની મિટિંગ મળી ને પ્રોફેશનલ ફોરમ રચવાના વિચારને અનુમતી મળી. તે પછી વિખ્યાત ચેસ્ટ સ્પેશિયાલિસ્ટ ડૉ૦ જે આર. શાહના પ્રમુખપદે વેસ્ટ એન્ડ હોટેલનાં ટેરેસમાં પ્રોફેશનલ ફોરમની વિધિસરની રચના થઈ.

આ ફોરમમાં માત્ર સ્નાતકોને સભ્યો બનાવ્યા નથી. ડબલ ગ્રેજ્યુએટ અથવા તબીબો, ઈજનેરો, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટો, ઉચ્ચ ડિગ્રીધારી પ્રોફેસરોને જ સભ્ય બનાવ્યા છે. તેમાંની ભારતની વિદ્યાપીઠની એસ.ડી.ની ડિગ્રી ધરાવનારા ઉપરાંત ઈંગ્લેન્ડ-અમેરિકાની ડિગ્રી ધરાવનારા પણ છે. તે પછવાડે વિચારસરણી એ છે કે જેમ Ministry of best talents હોય તેમ સમાજને ઉચ્ચતમ બુદ્ધિશાળી વર્ગને એક સંગઠનમાં નથી તેમને પડકાર અપાયો કે તમને 'જૂનવાણી' પદ્ધતિઓમાં રસ નથી તો હવે તમે તમારા શ્રમ, બુદ્ધિ ને આવડત સમાજનાં શ્રેય માટે વાપરો. ફોરમ તમને એ તક આપે છે.

ચાર તબીબો મળે તો કલાકો સુધી વાતો ને ચર્ચા કરી શકે તેવી જ રીતે ઈજનેરો, એકાઉન્ટન્ટો. પ્રોફેસરો, વકીલો પોતપોતાના ધંધાબંધુઓ સાથે કલાકો વિતાવી શકે, પણ એક ઈજનેર, એક વકીલ, એક દાકતર, એક ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ, એક પ્રોફેસર સાથે બેસે તો શું વાતો કરે ? શેની ચર્ચા કરે? કદાચ મૌન લાંબો સમય ચાલે. પણ તેમને માટે વાતો ને ચર્ચા કરવાના એક શ્રેષ્ઠ વિષય છે ને તે છે સમાજ અને સમાજનો માનવી. તેઓ સૌ સમાજનાં સભ્યો છે, તેમનું કુટુંબ સમાજ સાથે ઓતપ્રોત છે ને તે કુટુંબ 'જૂનવાણી' રીતરસમોમાં રસ લે છે તે જાણે છે પણ તેમને સમાજ માટે, સમાજનાં રીતરિવાજો માટે પોતાનાં વિચારો હશે ને પોતાની વિશિષ્ટ તાલીમ ને તેજસ્વી બુદ્ધિને કારણે સમાજનાં પ્રશ્નો વિષે પોતાનાં વિચારો હશે. તેઓ આ ચર્ચી શકે ને પોતાની ધંધાકીય આવડત ને દક્ષતાનો લાભ સમાજને આપી શકે એ ભૂમિકાએ આ વસ્તુની રજૂઆત થઈ ને પ્રોફેશનલ ફોરમમાં સૌ જોડાયા. હોંશથી, ઉત્સાહથી ને સમાજ સેવાની ભાવનાથી.

આવા વિવિધ ને એક બીજાથી ભિન્ન એવા પ્રોફેશનલોની સંસ્થા કાર્ય કેવી રીતે કરી શકે ? તે માટે એક સરળ માર્ગ શોધાયો. દરેક ફેકલ્ટીનો 'પ્રોફેશનલની પેનલો રચવામાં આવી છે. દાકતરોની એક પેનલ છે. તેના ત્રણ વિભાગ પાડયા : પૂર્વનાં પરાં, પશ્ચિમનાં પરાં ને મુંબઈ વકીલોની પેનલ રચાઈ. ઈજનેરોની પેનલ, શૈક્ષણિક પેનલ, ચાર્ટર્ડ એકાન્ટન્ટોની પેનલો રચવામાં આવી. દરેક પેનલ માટે પોતાની આગવી શકિતને આવડતથી સમાજને કેવી રીતે ઉપયોગ થઈ શકે તેનો વિચાર કરે.

વકીલોની પેનલે જુદા જુદા કાનૂનોના નિષ્ણાત વકીલો પોતાનાં વિષયની મફત કાનૂની સલાહ આપશે એમ ઠરાવ્યું છે: શૈક્ષણિક પેનલે પરીક્ષાઓમાં બે મહિના દરમિયાન જુદા જુદા વિસ્તારોમાં શિક્ષણ વર્ગો ચલાવવવાનું, મોટી વયની બહેનો માટે અક્ષર જ્ઞાનના વર્ગો ચલાવવાનું, શિક્ષણ વિષે લેખો લખવાનું ને શિક્ષણની પદ્ધતિના નવા ફેરફારોથી માબાપોને માહિતગાર રાખવાનું વિચાર્યું છે. તે ઉપરાંત કુમારો તથા કુમારિકાઓને રસ પડે તેવા કાર્યક્રમો ગોઠવવાનું નક્કી કર્યું છે. ઈજનેરો ને એકાઉન્ટન્ટોની પેનલ મળશે ને પોતાનો કાર્યક્રમ ઘડશે.

પરંતુ પ્રોફેશનલ ફોરમની તબીબી પેનલે સમાજને તત્કાળ ઉપકારક થઈ પડે તેવી પ્રવૃત્તિ શરૂ કરી છે. પ્રથમ રકતદાન શિબિર બોરીવલીમાં કરીને ૮૦ બાટલા લોહી કૂપર હોસ્પિટલને ભેટ આપ્યું. તે પછી બોરીવલીમાં એક બાળચિકિત્સા શિબિર કરવામાં આવી. આ સભામાં જોગેશ્વરીથી વિરાર સુધી વસતા સભ્યોનાં ૧૨ વર્ષની ઉમ્મર સુધીનાં બાળકોની શારીરિક તપાસની એક શિબિર બોરીવલીમાં જૈન કલિનિકના સહકારથી તેના સર્વોદય હોલમાં યોજવામાં આવી. તે પહેલાં આ વિસ્તારમાં દરેક સભ્યને આ શિબિરની માહિતી આપી બાળકોનાં નામો નોંધાવવા જણાવ્યું. તત્કાલ ૩૨૩ બાળકો આવ્યાં. બોરીવલીમાં આ વિસ્તારનાં લગભગ પંદર તબીબો તથા ૪ બાળનિષ્ણાતો સવારના ૯ થી ૪ સુધી હાજર રહ્યાં ને આ બાળકોની શારીરિક તપાસ કરી.

સૌથી પ્રથમ, બાળકના નામ, સરનામા ને બીજી વિગતો સાથેનું ફોર્મ ભરવામાં આવ્યું. પછી બાળકનું વજન, તેની ઊંચાઈની માહિતી તે પછી દાંત આંખ, કાન વિ. ની તપાસ થતી તે બધાની ફોર્મમાં નોંધ થતી, તે પછી જનરલ પ્રેકટિશનર્સ બાળકની સંપૂર્ણ શારીરિક તપાસ કરતાં. તે પછી તેને બાળનિષ્ણાત તપાસતા. બધી તપાસ પૂરી થયાં પછી બાળકને તેની તપાસનું પરિણામ જણાવતી લિખિતની નોંધ અપાઈ તેમાં બાળક કયા રોગથી પીડાય છે અથવા કઈ કઈ ખામી છે તે લખીને અપાયું. સાથે ચૌદ દાકતરોનાં નામ સરનામાંની યાદી આપવામાં આવી ને બાળક વધુ સારવાર માટે આ કોઈ પણ દાકતરને ત્યાં જઈ શકે ને તે તેની મફત સારવાર કરશે તેમ જણાવાયું. આ શિબિરમાં કેટલાં કેટલાં બાળકો કયા કયા રોગથી પીડાતાં હતાં તેનું વિસ્તૃત વર્ગીકરણ પણ કરવામાં આવ્યું.

મોટા ભાગના બાળકોને ક્ષય રોગ, કૃમિ રોગ, ચામડીનો રોગ જણાયો, ગંભીર રોગનાં કિસ્સા થોડા હતા.

બોરીવલી પછી તા. ૨૭-૩-૭૭ ના રોજ ઘાટકોપરનાં હિન્દુ સભાના હોલમાં બીજી શિબિર થઈ. ઘાટકોપરથી કલ્યાણ સુધીનાં સભાનાં સભ્યોનાં ૧૨ વર્ષ સુધીનાં બાળકોને તપાસવામાં આવ્યાં. લગભગ ૨૩૮ બાળકો આવ્યાં. બોરીવલીના અનુભવને આધારે ઘાટકોપરમાં થોડો સુધારો કરવામાં આવ્યો. જુદા જુદા પરાંનાં બાળકોને જુદા જુદા સમયે બોલાવ્યાં. ફોર્મમાં બાળક વિષે વધુ માહિતી લખાઈ, તપાસ માટે ખાસ વોલ ને કપડાંની ખાસ રૂમો બાંધી હતી તે ઉપરાંત જે બાળકનાં પેશાબ કે લોહીની તપાસ જરૂરી લાગે તે તપાસવા માટે હિન્દુસભાની હોસ્પિટલમાં ગોઠવણ રાખી હતી તે તપાસનો રિપોર્ટ તુરત જ મળે એવી વ્યવસ્થા હતી. લગભગ ૧૨ તબીબો જ બાળ નિષ્ણાતો હતા. તે ઉપરાંત ઝાલાવાડ સભા મહિલા મંડળનાં ઘાટકોપર કેન્દ્રનાં ૧ થી ૧૬ બહેનોએ સ્વયંસેવિકાઓ તરીકે સેવા આપી શિબિરનું કામકાજ ૧૦ થી ૪ વાગ્યા સુધી ચાલ્યું. અહીં પણ બોરીવલીની માફક બાળકને તેની તપાસનું પરિણામ જણાવતી નોંધ તથા વધુ સારવારની સૂચના અપાઈ. હવે પછી બીજા કેન્દ્રોમાં શિબિરો ઉપરાંત વૃદ્ધને મોટી ઉમ્મરની વ્યકિતઓની શારીરિક તપાસનું આયોજન વિચાર્યું છે.

આ પ્રોફેશનલ ફોરમને મુ. શ્રી. ચીમનભાઈની સતત પ્રેરણા મળતી રહી છે. ફોરમનાં પ્રમુખ તરીકે ભારતભરના વિખ્યાત ને નામાંકિત રેડિયોલોજિસ્ટ ડૉ. કે. એન. કામદાર છે, ને તેઓ ખૂબ જ ઉત્સાહથી ફોરમની પ્રવૃત્તિને વેગ આપી રહ્યા છે. સભામાં તબીબ દાક્તરો ફોરમની પ્રવૃતિમાં ખૂબ જ ધગશ અને ઉત્સાહ દાખવી રહ્યા છે. પ્રોફેશનલ ફોરમ એ સામાજિક સંસ્થાઓને અનુસરવા જેવો એક અભિનવ પ્રયોગ છે.

— કેશવલાલ શાહ

# ત્યારે હું હાજર હતો

ચાલ જીવ, દિલ્હીનું આકાશ જોઈએ, કેવુંક પલટાયું છે તો!
આવતી કાલ જોઈએ, ભાવિનો Preview જોઈએ.
ત્યાંનો માનવ જોઈએ, એનો રોષ જોઈએ, પ્રેમ જોઈએ,
રાગ જોઈએ. અનુરાગ જોઈએ, પુણ્ય અને પ્રકોપ જોઈએ.

ને અમે દિલ્હી પહોંચ્યા (તા. ૨૩-૩-૭૭). સીધા વિઠ્ઠલભાઈ પટેલ હાઉસ ઉપર. ત્યાં લોકસભાના સભ્યોના નિવાસસ્થાન છે. ગરીબ પાર્ટીઓની ઓફિસ કોઈક સભ્યના નિવાસસ્થાનમાં જ આવેલી છે. જનતા પાર્ટીના સેક્રેટરી સુરેન્દ્ર મોહન કોઈક લોકસભાના સભ્યની સાથે જ રહે છે. સુરેન્દ્ર મોહન સાવ પાતળા દુબળા, ખખડી ગયેલા શરીરવાળા પણ એકદમ સજાગ, કુશાગ્ર બુદ્ધિમત્તાવાળા જુવાન છે. એમણે ચૂંટણી દરમિયાન બહાર પાડેલાં સતર્ક, જોરદાર, વિગતભરપુર, કોંગ્રેસના કરતૂકોને બુદ્ધિગમ્ય રીતે ખુલ્લાં પાડતા નિવેદનોથી અમે ખૂબ પ્રભાવિત હતા. એમણે અમારા અભિનંદન સ્વીકારતાં નમ્રતાથી કહ્યું કે એ આખું કાર્ય એમનું એકલાનું ન હતું. એ આખુંય 'ટીમવર્ક' ને લીધે જ શક્ય હતું. દરેક વસ્તુને વિગતવાર પણ ત્વરિત રીતે જોવી, તપાસવી અને સાચી લાગે તો જ એને નિવેદનોમાં સ્થાન આપવું, એ પારાશીશી રાખી હતી. ચાર પાંચ જણાની સમિતિ હતી. એક બીજાને અત્યંત સંપૂર્ણતાથી સમજતી આ સમિતિ કામ કર્યે જતી. એક જણે લખેલું હોય તે પણ એમ લાગે કે એમાંનું કોઈ પણ આવું જ લખે. સુરેન્દ્ર મોહન કહે કે એ આખી સમિતિ અભિનંદનની અધિકારી છે. સંજયની ઉપર થયેલા 'કહેવાતા' નાટકીય ગોળીબાર અંગે સત્ય હકીકત મેળવવા માટે એમણે ટ્રંક, ટેલિફોન, તાર વિગેરેનો કેટલો ઝડપી ઉપયોગ કર્યો હતો, તે જાણવા મળ્યું. એક પણ અસત્ય અંદર ઘૂસી ન જાય તેની તકેદારી રખાતી.

દિલ્હીમાં માનવોનાં ટોળેટોળાં ઊતર્યાં હતાં. દરેક રાજ્યમાંથી લોકો આવ્યા હતા. મુઝફ્ફરપુરથી ખાસ્સું એવું ટોળું આવેલું, એમણે એમના ઉમેદવારનું મોઢું પણ જોયું ન હતું—એ તો ડાઈનેમાઈટ કેસમાં જેલમાં હતા—એમની બધી વિનંતીઓ અમાન્ય કરાઈ હતી. જ્યોર્જ ફર્નાન્ડીસને જોયા વગર એને માટે રાતદિવસ કામ કરનારાઓ આવ્યા હતા. બાપની સાથે દિલ્હી જવા પાછળ પડેલા ૭–૮ વરસના છોકરાઓ પણ આવ્યાં હતાં. એમાં, આવી ચૂંટણી-ઝુંબેશ પછીયે શરમાતી એવી મુગ્ધા સ્ત્રીઓ પણ હતી. ફર્નાન્ડીસે એક એક જણની ઓળખાણ કરી. એ સૌનો આભાર માન્યો. એણે કહ્યું કે હું બે – પાંચ હજારને કે બહુ બહુ તો દસેક હજારને ઓળખતો હોઈશ. પણ ત્રણ લાખ ને છન્નુ હજાર વોટ! ખરેખર લોકોએ પ્રેમ આપ્યો છે, લાડ લડાવ્યા છે. કોઈ લુહાર સ્ત્રીએ આપેલી "ચાર આની" ચૂંટણી કાર્યકરે જેલમાં ફર્નાન્ડીસને મોકલી હતી. એવી નોંધ સાથે કે એ સ્ત્રીની એવી ઈચ્છા છે કે ફર્નાન્ડીસ એકવાર એ 'ચાર આની' ને સ્પર્શે પછી જ એને ચૂંટણીમાં ઉપયોગ લેવાની છે. લોકોનો આ અનહદ પ્રેમ એમને ગદ્‌ગદ્ બનાવી દેતો.

આ આનંદ, ઉલ્લાસ અવર્ણનીય હતો, પણ એની સાથે સાથે તીખાશ હતી. એમનું મન પૂછતું હતું કે ચૂંટણીમાં એમને હાર આપી એટલી જ સજા શું પર્યાપ્ત હતી? એ ગુનેગારો સામાન્ય ન હતા. એમના ગુના સામાન્ય ન હતા. એમના પારાવાર જુલમોનો જવાબ શું તેઓ પૂર્ણરૂપે આપી ચૂક્યા હતા? મને "જન્મભૂમિ"ના અગ્રલેખનું મથાળું યાદ આવી ગયું. "મતદારો કદી કોઈને માફ નથી કરતા" એમની પાસે કેટલાંય જુલમોની કથાઓ હતી. ગામડાઓમાં, જિલ્લાઓમાં કસ્બાઓમાં, ગામમાં, શહેરમાં થયેલા જુલમોની પરંપરા સાંભળવા મળતી. 'એમને વ્યાસપીઠ પર લાવો ને જવાબ માગો', 'તપાસ સમિતિ નીમો ને જવાબ માગો," 'કોર્ટમાં ઢસડો ને જવાબ માંગો,' 'ન્યાયાલયમાં એમનો કેસ સૂકી યોગ્ય સજા કરો,' પણ કોઈએ—કોઈ નાના અદના કાર્યકરે પણ એમ નથી કહ્યું કે કોર્ટમાં લઈ ગયા વગર એમને ગોળીથી ઉડાવી દો! આ પણ દેશની એક તાસીર છે. કોઈ એક ગાળ બોલે તો હાથ ઉગામીને મારવા-દોડે એવા આ જુવાનો ગોળીની વાત નથી કરતા. તપાસ સમિતિની કોર્ટ મારફત સજાની વાત કરે છે.

કોઈ પ્રધાન થશે ને કોઈ નહિ, એની કોઈને પડી નથી, તે છતાં કોણ નેતા થશે તે જાણવા સૌ ઉત્સુક છે. જાણે બધાના મનમાં એક નેતા નક્કી થઈ ચૂકેલા છે. કોઈ કહે કે હરિજન નેતા ચૂંટવા જોઈએ તો લોકો એની તરફ દુર્લક્ષ કરે છે. એમના મનમાં જે નેતાની તસવીર બની ચૂકી છે એની સાથે કોઈ હરિજનનો મેળ નથી બેસતો. ગાંધીજીના નામનો કોઈ હવાલો આપવા જાય તો એ એકાંગી વિચાર છે—સમગ્ર રીતે વિચાર કરીએ તો એ બરાબર નથી એમ બોલી ઊઠે છે.

### ગુરુવાર તા. ૨૪–૩–૭૭

સવારના ૭-૦૦ વાગે રાજઘાટ પર શપથવિધિ – લોકનાયક જયપ્રકાશજીને હાથે—

રાશિ રાશિ ફૂલોના ભાર નીચેથી
સમાધિ સળવળી ઊઠી.
કારણ આજ ફૂલોને બદલે
શપથની અંજલિ અપાઈ રહી છે.

વિરાટકાયધારી મહામાનવ આજ
જન્મ લઈ ચૂક્યો છે,
એની ગોદમાં બેઠો છે.
આ માનવ મહેરામણના એક બિંદુ જેવો,
અદનો આદમી.
એના આનંદને આજ કોઈ અવધિ નથી,
એના ગૌરવને આજ કોઈ સીમા નથી.
નેતાગણનાં અભિનંદન ઝીલે છે.
એમનાં પ્રણામ સ્વીકારે છે.
હાથ ઊંચો કરી
મુક્ત આકાશને અડી લે છે,
૧૯ સળિયાના પીંજરમાંથી છૂટેલા
પંખીની પાંખ ઉપર બેસીને
ઊડયા જ કરવાનું એને મન છે!
હમણાં થોડીવાર એને બોલાવતા ના,
રોકશો ના,
ઊડવા દો,
આજ આકાશ ભરીને
માત્ર ગાયા જ કરવાનું એને મન છે!

પોલીસની બંદૂક જતી રહી છે, નહિ તો વ્યવસ્થિત રહેવાની વિનંતી કરવા માટે, બે હાથ જોડી શી રીતે શકે? વિધિ પત્યા પછી લોકનાયક બહાર જવા જાય છે. લોકોને દૂર રાખી શકાતા નથી, લોકોની ભીડ થાય છે. પોલીસ છે પણ પાસે આવી શકતી નથી. આવતી નથી. જનતા પોતે જ સ્વયંસેવકનું કામ કરે છે. લાગે છે કે જનતા પોતે જ પ્રેમથી ભીંસી નાખશે. ભાઈ, સંભાળજો, રખે ને એમનો શ્વાસ પ્રેમભીના ફૂલોથી રૂંધાઈ ન જાય! એમની વિદાય બાદ ગમે તેવા મોટા નેતાને પણ કોઈ પૂછતું નથી, જોતું નથી. બોલાવતું નથી. ફિલ્મી હીરોની અહીં કોઈ વિસાત નથી. એ ય આજનો દિવસ સામાન્ય માનવીની જેમ લોકનાયકનાં દર્શન કરવા દોડે છે.

ને એ પછી લોકોનો હિરો તો એક સામાન્ય માનવી બની ગયો છે. એણે સંજય ગાંધીને ચૂંટણીમાં હાર આપી છે. મોટી મોટી મૂછો ને મોટું મોટું શરીર! લોકો એને ઊંચકે છે, ખભા પર બેસાડે છે અને લાડ કરે છે, બિરદાવે છે, એની જય બોલાવે છે, એને ભેટે છે, એના હસ્તાક્ષર લેવા પડાપડી કરે છે.

રાજનારાયણને મોટી મોટી સભાઓમાં લાડ મળે છે. એ આવે ને લોકોના આનંદની ભરતી ચડે. લોકનાયક પછી આજે તો રાજનારાયણ (ઈન્દિરા વિજેતા) અને પ્રતાપસિંહ (સંજય-વિજેતા) ની માન છે.

સેન્ટ્રલ હોલમાં જનતા પક્ષની નેતાની ચૂંટણી માટે સભા એક પછી એક M.P. અંદર જાય. બહાર ઊભેલા લોકોને કર્મચારીઓ હાથ જોડી વ્યવસ્થિત રહેવા કહે છે. એમને પણ ખૂબ ઉત્સાહ છે. લોકોને આઘા રહેવા કહે છે; પરંતુ તેઓ જ એમની ઓળખાણ લોકોને આપતા હોય છે. હમણાં નેતાનું નામ જાહેર થશે. ખૂબ ઉત્તેજના છે! આ અમારા મુંબઈના સુબ્રહ્મણ્યમ સ્વામી, આ બિહારના મધુ લિમયે, આ યુ. પી. ... ના આ રાજનારાયણ, આ બંગાળના..., આ ફર્નાન્ડીસ, આ સિકંદર બખ્ત—દરેક જણને હાથ જોડી આવકાર આપવામાં આવે. અંદર જવાની મુશ્કેલી! ત્યાં મોરારજીભાઈની સૂચના આવી 'ભલે, બધા અંદર આવે.' કર્મચારીઓ ખુશ, લોકો ખુશ, મોરારજીભાઈ નેતા તરીકે જાહેર થયા—આનંદની લહરી ઊઠી. લોકો નાચી ઊઠયા " આ તો બધું અમારા મનમાં છે તે જ કરે છે, તેમ જ થાય છે.' જાણે પોતે જ નેતાને ચૂંટતા ન હોય! જગજીવનરામ ને બહુગુણા હાજર નથી રહ્યા તેથી રોષની લાગણી ઊઠે છે.

જયપ્રકાશના વક્તવ્યમાં માંદગી ને મૃત્યુનો ઉલ્લેખ થાય છે ને બધાની આંખમાં આંસુ ઊભરાય છે. એમની રાજશક્તિ અને લોકશક્તિના સમન્વયની વાત ત્યાં ને ત્યાં જ એ જ વખતે મોરારજીભાઈએ સ્વીકારી તેથી જયપ્રકાશને ડૂમો ભરાઈ આવ્યો. સૌના હૃદય રડતાં હતાં. આ તે બધા રાજકારણીઓ કે એક પરિવારના કાચા તાંતણે બંધાયેલા સભ્યો? મારા તમારા જેવા જ!

હવે સાંજની રામલીલા મેદાનની સભા તરફ લક્ષ્ય! પણ એ પહેલાં કંઈ આરામ થોડો જ છે! દિલ્હીમાં જ રહેતો એક બંગાળી યુવક મળ્યો—નામ ગાંગુલી! એકદમ જુવાન! જુલમોની વાત કરે છે ને સાંભળે છે, સભામાં હાજર ન રહેનાર પર ખૂબ ખૂબ ફિટકાર વરસાવે છે. કાવાદાવા બંધ કરો! બધું થયું! ને ભીવાનીનો આ જુવાન અવતારસિંગ! બંસીલાલની કથની સંભળાવવામાંથી જ ઊંચો નથી આવતો!

સાંજની સભામાં એની વિશાળતા ઉપરાંત મોરારજીભાઈની નમ્રતા નજરે ચડે. "અમે ભૂલ કરીએ તો કાન પકડજો, તમે ઊંઘતા રહેશો તો અમે પ્રમાદી બની જઈશું - તમે જાગતા રહેજો." આ ભારત! આ લોકશાહી! ૮૨ વરસનો આ નેતા પ્રજાને જાગ્રત રહેવા, નિર્ભય રહેવા આજીજી કરે છે. ઉત્તેજિત કરે છે. છેલ્લા ૧૯ મહિનાની ભયની આત્યંતિકતાની સામે નિર્ભયતાનો નાદ બુલંદ કરે છે. રાજનારાણ ભાષણ નથી કરતા— લોકો સાથે વાત કરે છે. દસ પંદર લાખ લોકો સાથે વાત કરે છે!

**શુક્રવાર તા. ૨૫-૩-૭૭**

આજે સભ્યોને સોગંદવિધિ, પાર્લામેન્ટમાં જવાનું - જોવાનું મન! એક કલાક અંદર બેઠા તે દરમિયાન ગુજરાતના સભ્યોનો સોગંદવિધિ! પેલી જે સૌરાષ્ટ્રની એક સીટ કોંગ્રેસને ગઈ તેની હમણાં હમણાં ખબર પડી. એક અપક્ષ ઉમેદવારનું ચિહ્ન માત્ર હળ હતું અને તેને ૨૦,૦૦૦ મત મળ્યા. સાચું ખોટું કોણ જાણે! પણ સૌરાષ્ટ્ર આવી વાત કરતું હતું.

પ્રધાનમંડળની જાહેરાત ને ધડાકો - જગજીવનરામ, બહુગુણા, રાજનારાયણ અને ફર્નાન્ડીસે જોડાવાની ના પાડી. લોકોમાં રોષની લાગણી! સાંજના મોરચાઓ, આગલે દિવસે હાર પહેરાવનારા સાંજના પથ્થર લઈને હાજર થઈ ગયા. ફર્નાન્ડીસે વચ્ચે આવીને જાહેર કર્યું કે મોરારજીભાઈ અમારા નેતા છે. એમની સરકારને તૂટવા નહિ દેવાય. એ સરકારના આજે જે દુશ્મન છે તે મારા દુશ્મન છે. સરકારમાં જોડાવા કરતાં બહાર, મારે માટે ઘણું કામ છે.

પણ લોકોને આમાં મતભેદ દેખાયા. મનભેદનાં દર્શન થયાં. આવું કંઈ પણ ન કરવાનો જાણે જનતાએ આદેશ આપ્યો ને બીજે દિવસે રાજનારાયણ અને ફર્નાન્ડીસ જોડાઈ ગયા, પછી આવી જયપ્રકાશની અપીલ અને જગુબાબુ ને બહુગુણા પ્રધાનમંડળમાં.

હજુ ય કાનમાં ગૂંજે છે, "જાગતા રહેજો, નહિ તો અમે પ્રમાદી બની જઈશું, ખોટું કરીએ તો કાન પકડજો."

લોકશાહીની સ્થાપના થઈ ચૂકી હતી! ઈતિહાસની સરજતના આ દિવસોમાં હું હાજર હતો એનો મને ખૂબ ખૂબ આનંદ હતો.

—શાંતિ શાહ

# મધુકર રાંદેરિયા

કોઈ પણ વિશિષ્ટ વ્યક્તિનું જ્યારે જાહેર સન્માન થાય છે ત્યારે હું આનંદ અનુભવું છું. કેટલાક દોપ-દેખાઓને આ સન્માન કોનું થાય છે, કોણ કરે છે, શા માટે કરે છે એવો પંચાતિયો રસ હોય છે. હું દઢપણે એમ માનું છું કે જ્યારે વ્યક્તિનું સન્માન થાય છે ત્યારે એક જ વાત વાતાવરણમાં ગૂંજ્યા કરે છે કે આપણી પ્રજા નગુણી નથી.

જે મધુકરભાઈએ આપણને મૌલિક નાટકો આપ્યાં. નાટકોના અનુવાદ આપ્યા, કાવ્યો આપ્યાં, નિબંધો આપ્યા હોય અને જેમણે આમ પોતાના ભાવજગતનો, મનોજગતનો અને કલ્પનાના વિશ્વનો પારદર્શક પરિચય કરાવ્યો હોય તથા જેમણે અનેક નાટકો ભજવી બતાવ્યાં હોય અને અભિનયની ભાષાને પણ ચિરંતન સ્વરૂપ આપ્યું હોય એવી વ્યક્તિ પ્રત્યે આપણે આપણી લાગણી સવેળા પ્રગટ ન કરીએ તો એમાં આપણી મીંઢાઈ અને ખંધાઈ જ કારણભૂત હોય.

મને મધુકર પ્રિય છે. પ્રિય શા માટે છે એનાં કારણો ન આપવાં એવું પણ શાણા કવિઓએ કહ્યું છે, છતાં હું કારણો આપું છું. એમનો સફેદ પહેરવેશ, એમની ખુલ્લી વાણી, જરા પણ સસ્તા થયા વિના બધા સાથે હળીભળી જવાની એમની આવડત, પ્રોફેસર્સ સાથે મોટે ભાગે સંકળાયેલા વેદિયાપણાનો તદ્દન અભાવ, મળે ત્યારે કોઈ રાવ-ફરિયાદ, ગમો-અણગમો કે થાકની વાત નહીં, આપણી ખૂબ જ સાથે હોય છતાં પણ પોતાથી કદિયે વિખૂટા ન પડે એવો કલાકારનો એકાંતપ્રિય સ્વભાવ—આ બધું જ મને સ્પર્શે છે. એ બોલે છે ખરા, પણ બોલ બોલ કરતા નથી. સામા માણસના એકાંતની ઈજ્જત કરે છે. એ સાંભળે છે ખરા, પણ શું સાંભળવું અને શું ન સાંભળવું એનો વિવેક જાળવે છે અને પોતાના એકાંતની ઈજ્જત કરે છે.

વ્યક્તિ મધુકર અને સાહિત્યકાર મધુકર એ બંનેને તમે હંમેશ અલગ નહીં તારવી શકો. એમની ગઝલમાં આદિમતાનો આડંબર વિનાનો સ્વાભાવિક ઉદ્‌ગાર છે.

**આકાશી વાદળને નામે આ વાત તમોને કહી દઉં છું :**
**કાં વરસી લો, કાં વિખરાઓ, આ અમથાં ગાજો શા માટે ?**

**દફનાઈ જવા દો ગૌરવથી એ જ્યાં જન્મે છે ત્યાં ને ત્યાં ,**
**આંસુ ને નિસાસાની કાંધે મ્હોબતનો જનાજો શા માટે ?**

**આ દિલને તમારે માટે તો બચપણથી અનામત રાખ્યું છે,**
**આ સ્હેજ ઉમરમાં આવ્યાં કે આ રોજ તકાજો શા માટે ?**

**આ વાત નથી છાની છપની, ચર્ચાય છે જાહેરમાં સઘળે,**
**શરમાળ કુસુમને કહી દો કે મધુકરનો મલાજો શા માટે ?**

□

**ઊંડે છો ભડકા ઊઠે અગનના ને ભસ્મ સૌ થઈ જતું,**
**હૈયામાં જ ઘટે સદા છુપવવી હૈયા તણી વેદના.**

ભલે લોકો કહે કે મધુકર એકસ્ટ્રોવર્ટ છે. હું કહું છું કે મધુકર કલાકાર છે અને કોઈ પણ કલાકાર અંતરમુખી થયા વિના શબ્દની કે અભિનયની કલા કદિયે પામી જ ન શકે. 'તું અલ્યા કોણ?' એ એકપાત્રી નાટકમાં મધુકરે આપણને પોતાનો જ એક્ષ-રે આપ્યો છે. ફરી ફરીને એમણે પોતાની જાતને તપાસી છે અને ચકાસી છે. મધુકર સાહિત્યકાર તરીકે પણ પોતાને એક પાત્ર તરીકે જ જુએ છે. "ઘર દીવડા" માં નરસિંહથી માંડીને રમણલાલ દેસાઈ અને રાજેન્દ્ર શાહ સુધીના સાહિત્યકારોનું પણ જાણે કે પાત્રનિરૂપણ કરતા હોય એ રીતે આલેખન કર્યું છે. એમાં ઈતિહાસ છે, પણ શુષ્કતા વિનાનો. એમના આલેખનમાં નાટયાત્મકતા છે પણ નાટકીયવેડા નથી, અને એ કર્ણ વિશે લખે કે દુર્યોધન વિશે લખે, હનુમાન વિશે લખે કે રાવણ વિશે લખે, એ બધાં જ પાત્રોના ભીતરને ફંફોસી ફંફોસીને એમની લાગણીને એમણે "એકોક્તિઓ"માં વાચા આપી છે.

બે-ચાર મહિના પહેલાં મારે 'મહાભારત અને ગુજરાતી સાહિત્ય' એ વિષય પર પ્રવચન આપવાનું હતું ત્યારે મેં કહ્યું હતું કે ગુજરાતી સાહિત્યમાં મધુકર રાંદેરિયાએ જે 'એકોક્તિઓ' લખી છે એનો ઉલ્લેખ ન કરીએ તો એમાં કયાંક આપણી સમજણની જ ખામી ગણાશે.

દુર્યોધનના પાત્રની ભીતર મધુકર મશાલ લઈને ઘૂમી વળ્યા છે. ઉમાશંકરે કહ્યું છે કે કાયદો સાચવવો અને અધર્મ આચરવો એ કળામાં દુર્યોધન પાવરધો હતો. મધુકરે દુર્યોધનની એકોક્તિ દ્વારા ફરી ફરીને કહ્યું કે કોઈ પણ માણસ કેવળ દુષ્ટ નથી કે કેવળ સંત નથી. દુર્યોધન સામો પડકાર ફેંકે છે કે મારે પક્ષે અધર્મ હતો તો પાંડવોને પક્ષે શું કેવળ ધર્મ હતો ?

**'ધર્મરાજ જુઠ્ઠું બોલ્યા તે ધર્મ ? જયદ્રથને માર્યો તે ધર્મ ? મારા પ્રિય કર્ણના રથનું પૈડું પૃથ્વી ગળતી હતી ત્યારે જ અર્જુને બાણ છોડયાં તે ધર્મ? હું તો હવે વિદાય લઈશ. એક સંતોષ સાથે વિદાય લઈશ. હું તો હતો તેવો જ જીવનભર દેખાયો છું. મેં મહોરું પહેરીને કોઈને છેતર્યા નથી. મહોરું પહેરીને ચહેરો ઢાંકવાનો ઢોંગ તો પાંડવોએ કર્યો છે. દુનિયા આ રીતે જોશે તો યે મારી તો સદ્‌ગતિ જ છે.'** One can bear the insults but not artificial smiles. એ કાવ્યપંક્તિના અર્થનો જાણે કે મધુકરે દુર્યોધનના પાત્ર દ્વારા ઉઘાડ થાય છે.

મધુકર ઘણું બધું થઈ શકયા હોત, પણ થોડાક વેરાઈ ગયેલા છે. એક બાજુ પ્રોફેસર અને બીજી બાજુ અભિનેતા. એક બાજુ સાહિત્યનો પ્રેમ અને બીજી બાજુ બેન્ક. કદાચ પોતાના નામના અર્થને સાર્થક કરવાની જવાબદારી એમને જણાઈ હશે. એ આટલા અને વહેંચાયેલા ન હોત તો ગુજરાતને એનો પુ. લ. દેશપાંડે મધુકર રાંદેરિયામાં મળત.

આ બધું સાંભળીને મધુકર માત્ર મનોમન એટલું જ કહેશે I am I plus my circumstances.

મધુકર અંતરમુખી છે. એટલે જ કહેશે કે ના, કેવળ પરિસ્થિતિનો દોષ કાઢું એવો માટીનો હું માણસ નથી. એ ફરી ફરીને પોતાને ઝીણી નજરે જુએ છે અને પોતાની પ્રશસ્તિઓ કરનારાઓને કહે છે.

**"મારી પીઠ થાબડવા આવ્યા છો ? મારી સ્તુતિ કરવા ભેગા મળ્યા છો ? હું ગુજરાતનો નટશ્રેષ્ઠ એવા યશનો મુગટ મારે માથે પહેરાવવા આવ્યો છો ? ને સંપૂર્ણતાના છેલ્લા પગથિયા પર હું પહોંચી ગયો છું એવી વાત મારા કાનમાં કહેવા અહીં સુધી આવવાની તસ્દી લીધી છે ?**

**ના, ગઈ કાલ સુધી એ ભ્રમમાં અટવાયેલો રહ્યો હતો —આજે એમાંથી મુક્ત થઈ ગયો છું. ... જાણો છો, ઊંડે ઊંડે તમન્ના તો એ પ્રજળતી હતી—કે એવો એક કળશ ઘડી શકું જેને ખુદ નટરાજ પોતાના દેવાલયની ટોચ પર મૂકવાની જિકર કરે !**

**એ સ્વપ્ન સ્વપ્ન રહી ગયું- છે કદાચ આજ સુધી તમે મને બિરદાવતી વાણી જ બોલ્યા છો એટલે. કોણ ગુનેગાર ? તમે કે હું ?"**

આવી પોતાની પળે પળે જડતી લેનાર વ્યક્તિઓ વિરલ મળે છે અને એટલે જ મધુકરને પ્રણામ કરી અહીં વિરમું છું.

—સુરેશ દલાલ

માલિક : શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, મુદ્રક અને પ્રકાશક : શ્રી ચીમનલાલ જે. શાહ, પ્રકાશન સ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ ૪૦૦ ૦૦૪. ટે. નં. ૩૫૦૨૯૬. મુદ્રણસ્થાન : ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, કોટ, મુંબઈ ૪૦૦ ૦૦૧.